# આફતોની આંધી વચ્ચે સમૃદ્ધિનું શિખર

શ્રી યુ. એન. મહેતાનું જીવનચરિત્ર



વિશાળ ઔદ્યોગિક સામ્રાજ્યના સર્જક શ્રી યુ. એન. મહેતાના જીવન-પુરુષાર્થની અને ઔદ્યોગિક સાહસની આ કથા છે. એમના જીવનમાં આવેલા સંઘર્ષો અને વ્યાપારમાં એમણે ઝીલેલા પડકારોને અહીં શબ્દબદ્ધ કરવામાં આવ્યા છે. આ જીવનકથામાં વિષાદ અને ઉલ્લાસ, ભરતી અને ઓટ, ભવ્ય સફળતા અને ઘોર નિષ્ફળતા – એ બધું જ મળશે અને એમાંથી દૃષ્ટિગોચર થશે શ્રી યુ. એન. મહેતાનું બહુઆયામી વ્યક્તિત્વ. અહીં એમના વ્યક્તિત્વના જુદા જુદા પાસાઓ પ્રગટ કરવામાં આવ્યા છે. કોઈ પણ જીવનચરિત્રનો નાયક સત્ય હોય છે અને એનું ધ્યેય વ્યક્તિના જીવનનો જીવંત ધબકાર ઝીલવાનું હોય છે. પરિણામે સ્વાભાવિક રીતે જ વ્યક્તિની વિશેષતા સાથે એની મર્યાદાઓનું પણ આલેખન જોવા મળે. એ અભિગમને લક્ષમાં રાખીને શ્રી યુ. એન. મહેતાનું ચરિત્ર આલેખ્યું છે.



# આફતોની આંધી વચ્ચે
# સમૃદ્ધિનું શિખર

(શ્રી યુ. એન. મહેતાનું જીવનચરિત્ર)

લેખક
• કુમારપાળ દેસાઈ •

**પ્રકાશક** : ટોરેન્ટ લિમિટેડ, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯

**મુદ્રક** : પ્રગતિ આર્ટ પ્રિન્ટર્સ, હૈદ્રાબાદ.

**કવર ડિઝાઇન અને ઇલસ્ટ્રેશન** : કરિઝ્મા કોમ્યુનિકેશન્સ, અમદાવાદ.

# નિવેદન

## આવા હતા અને
## અમને ખ્યાલ પણ ન આવ્યો

જીવનની રફતારમાં ક્યારેક કોઈ એવી વ્યક્તિની મુલાકાત થાય કે એનું આખુંય વ્યક્તિત્વ જ શોધ-સંશોધનનો વિષય બની જાય છે. ૧૯૮૪માં શ્રી યુ. એન. મહેતાને મળવાનું બન્યું અને એ પછી તેઓ જીવ્યા ત્યાં સુધી એમની સાથે સદૈવ સ્નેહતંતુ બંધાયેલો રહ્યો. અવારનવાર સવારે સાડા નવ વાગ્યે ઘેર આવે. અર્ધો કપ ચા પીએ, થોડી વાતો થાય અને વિદાય લે. બંને વચ્ચે વ્યવસાયનો કોઈ સંબંધ નહીં અને પરસ્પર કશું પ્રાપ્ત કરવાનો ભાવ નહીં. તેથી સતત હૂંફ અને ઉષ્માનો અનુભવ થતો રહ્યો. જુદા જુદા કાર્યક્રમોમાં સાથે જવાનું બને. પ્રેમથી સાથે લઈ જાય અને પાછા છેક ઘર સુધી મૂકી જાય. કોઈ સમારંભ રાખ્યો હોય તો આવવા-જવાની સઘળી વ્યવસ્થાની ચિંતા કરે. વ્યવસાયમાં જેમ જેમ સાફલ્ય અને સમૃદ્ધિ મેળવતા ગયા તેમ તેમ એમના સૌજન્ય અને નમ્રતાનો વિશેષ હૃદયસ્પર્શી અનુભવ થવા લાગ્યો.

નીલપર્ણા સોસાયટીના અલાયદા ખંડમાં કે પછી 'અકલ્પ્ય' બંગલાના આંગણામાં બેસીને એમની સાથે કલાકો સુધી વાતો કરી. એમના મુખે એમની જીવનકથા સાંભળી. એ જીવનકથા કહેતી વખતે ઉત્તમભાઈ ક્યારેક રોમાંચિત થઈ જતા તો ક્યારેક એમની આંખોમાંથી આંસુ સરી પડતાં. સ્વજીવનના અનુભવોને તાટસ્થ્યથી જોવાની એમની રીત અનોખી હતી. ભૂતકાળની

પરિસ્થિતિને નિહાળીને વર્તમાન સાથે એનું અનુસંધાન જોડવાની એમની આગવી ક્ષમતા હતી.

આજે તો એ બધાં સ્મરણો વાગોળવાનાં જ રહ્યાં. એ સ્મરણોમાંથી સર્જાયેલી શ્રી યુ. એન. મહેતાની જીવનકથાનું અહીં આલેખન કર્યું છે. આ આલેખનમાં વ્યક્તિ વિશેના અભિપ્રાયો શ્રી યુ. એન. મહેતાના સ્વાનુભવમાંથી પ્રગટેલા એમના અંગત પ્રતિભાવો છે.

આ સંઘર્ષભરી જીવનકથાના આલેખનની પાછળ કોઈ વ્યક્તિની આત્મશ્લાઘા કે પ્રસિદ્ધિનો લેશમાત્ર આશય નથી. આમાંથી કેટલીક ઘટનાઓ તો એવી છે કે વ્યક્તિ જીવનભર ગુપ્ત રાખે અને એ કદી પ્રગટ ન થાય તેમ ઇચ્છે. આવા પ્રસંગો અને પરિસ્થિતિને અહીં પ્રગટ કરવામાં આવ્યાં છે. આ જીવનકથાના પ્રાગટ્યની પાછળ સ્વ. યુ. એન. મહેતાનો એક જ આશય હતો કે કોઈ આફતોથી ઘેરાઈ ગયું હોય, કોઈ નિરાશાના મહાસાગરમાં ડૂબી ગયું હોય, કોઈ 'ડ્રગ' જેવી આદતના ગુલામ બન્યા હોય કે કોઈને સતત ગંભીર બીમારીઓ સામે જંગ ખેલવો પડતો હોય તો તેને આ જીવનકથામાંથી આશાનું કિરણ મળી રહે. જીવનયુદ્ધ ખેલવાનું બળ મળી રહે. નિરાશ થયા વિના ઝઝૂમતા રહેવાની પ્રેરણા પ્રાપ્ત થાય.

આના લેખન માટે શ્રી ઉત્તમભાઈના પરિવારજનોએ આત્મીયભાવે માહિતી આપી છે. મુંબઈ, અમદાવાદ, પાલનપુર, સિદ્ધપુર, પાટણ, છાપી, વીસનગર, સૂરત, ચંડીસર અને ભાવનગર જેવાં સ્થળોએ વસતાં અને શ્રી યુ. એન. મહેતાના સંપર્કમાં આવેલ ૫૫ જેટલી વ્યક્તિઓની રૂબરૂ મુલાકાત લઈને માહિતી મેળવી છે અને અગાઉ મળેલી માહિતીની પ્રમાણભૂતતા ચકાસી છે. ૧૯૯૮ની ૩૧મી માર્ચે ઉત્તમભાઈએ આપણી વચ્ચેથી વિદાય લીધી. આ ઘટનાને હજી એક વર્ષ પણ પૂરું થયું નથી. સહુની સ્મૃતિમાં તેઓ જીવંત રૂપે રહેલા છે ત્યારે આ ચરિત્ર વાંચતાં જો એવો ભાવ જાગે કે,

"ઓહ ! ઉત્તમભાઈ આવા હતા ! અને એની અમને જાણ પણ ન થઈ ? એનો કશો ખ્યાલ કે અણસાર પણ ન આવ્યો !"

... તો માનીશ કે મારો શ્રમ સાર્થક થયો છે.

તા. ૨૧-૩-'૯૯ **– કુમારપાળ દેસાઈ**

## આરંભે

**આ** જીવનકથા એ અનેકવિધ ક્ષેત્રોમાં સફળતા હાંસલ કરનાર ઉદ્યોગપતિની જીવનકથા નથી.

આ જીવનકથા એ પોતાના વ્યવસાયમાં સફળતાનાં એક પછી એક શિખરો આંબનારા માનવીના પુરુષાર્થની પ્રેરકગાથા નથી.

આ જીવનકથા એ વિપુલ સંપત્તિનું સર્જન કરનાર કોઈ ધનવંતની કથા નથી.

આ જીવનકથા પોતાની આસપાસ સમાજમાં દાનની ગંગા વહેવડાવનાર વ્યક્તિની કથા નથી.

આ જીવનકથા કોઈ વિશાળ ઔદ્યોગિક સામ્રાજ્યનો પાયો નાખનાર મહેનતકશની માત્ર કથા નથી.

**હા**, આ જીવનકથામાં ઉપરોક્ત સઘળી ગુણસમૃદ્ધિ તો છે જ, પરંતુ એ સઘળાંને વટાવી જાય એવું અદ્વિતીય માનવપરાક્રમ પણ દૃષ્ટિગોચર થશે.

કોઈ એકલો મરજીવો વિરાટ સંસારસાગર પાર કરવા તારાવિહોણી કાળી ભમ્મર મધરાતે ભાંગી-તૂટી હોડી સાથે મઝધારમાં આમતેમ ફંગોળાતો હોવા છતાં હૈયાની અદમ્ય હિંમતથી આગળ ધપતો રહેતો હોય તેવા માનવીની કથા છે. એની જીર્ણ-શીર્ણ નાવમાં પાણી ભરાઈ જતાં સાગરસમાધિ પામવાની દહેશત સતત એના માથે ઝળૂંબતી હોય છે. ક્યારેક ભરતીનાં ચંડ-પ્રચંડ મોજાંથી એનું નાવ ઊંચે આકાશમાં ફંગોળાઈ જતું હોય છે. ક્યારેક ચોપાસ અંધકારમય વાતાવરણમાં તનથી દુર્બળ, મનથી મહાત અને ધનથી નિર્બળ નાવિક તોફાની દરિયાની વચ્ચેથી અપાર અને અથાગ પ્રયત્નો કરીને પોતાની નાવને સફળતાના સામે કિનારે પહોંચાડવા

કોશિશ કરતો હોય તેવા માનવીની આ કથા છે.

જીવન એટલે જ ભરતી અને ઓટ. પણ આ એવી ચરિત્રકથા છે કે જેમાં ભરતી પછી ઓટ આવતી નથી, બલ્કે ઓટ પર ઓટ જ આવ્યા કરે છે. આફત પછી આનંદ આવતો નથી, કિંતુ આફતની વણથંભી પરંપરા ચાલ્યા કરે છે. એકાએક આવતી મુશ્કેલીનો અવરોધ એમને ક્ષણભર થોભાવી દેતો નથી, પરંતુ એક પછી એક મુશ્કેલીઓનો કાફલો આવતો રહે છે. બહારના કોઈ સાથ, સહાય કે સધિયારા વિના આ માનવી મુશ્કેલીઓ સામે લડે છે, પડે છે, વળી ઊભા થઈને ઝઝૂમે છે. બસ, ઝઝૂમતા જ રહે છે.

*

આ જીવનકથા એમને પ્રેરક બનશે કે જેઓ મુશ્કેલીઓ આગળ મહાત થઈને એની શરણાગતિ સ્વીકારી બેઠા છે.

આ જીવનકથા એમના હૃદયને જગાડશે કે જેમનું જીવન કોઈ વ્યસનનો ભોગ બનવાને કારણે હતાશ બની ગયું છે અને જેઓ મૃત્યુ આગળ મોંમાં તરણું લઈને બેઠા છે.

આ જીવનકથા એ ચોપાસ મુશ્કેલીઓથી ઘેરાતા માનવીને એની સામે ઝઝૂમવાનું બળ આપશે.

આ જીવનકથા એમનામાં ઉત્સાહ પ્રેરશે કે જેઓ કપરા સંજોગો આગળ હારી-થાકીને નાસીપાસ થઈ બેસી ગયા છે.

આ જીવનકથા છે શૂન્યમાંથી સર્જન કરનાર, મુશ્કેલીઓમાંથી મહાન સિદ્ધિ મેળવનાર અને ચારે બાજુ ફેલાયેલા નિરાશાના કાળા ડિબાંગ અંધકારમાંથી જીવન-સાફલ્યનો ઉજાસ મેળવનાર સ્વ. યુ. એન. મહેતાની.

વ્યક્તિ વિદાય પામે છે કિંતુ એના જીવનસંઘર્ષ સદાય સ્મરણમાં રહે છે. આજે શ્રી યુ. એન. મહેતા આપણી વચ્ચે નથી, પરંતુ એમના માનવીય સંઘર્ષોની સ્મૃતિઓ એટલી જ જીવંત છે.

એમના જીવનનાં સ્મરણોનો ગુલદસ્તો આપીએ છીએ ત્યારે એમાંથી પ્રેરણાની સુવાસ મઘમઘી રહે છે.

ચાલો, એ જીવનકિતાબનાં પૃષ્ઠો ઉખેળીએ. એમાં આંસુ અને અજંપો છે. વ્યથા અને વિષાદ છે. હતાશા અને અવગણના છે. આ સઘળાંને પાર કરી જતું એક ગજવેલ જેવું હૃદય અને પ્રગતિની દૃઢ મનોભાવના છે !

❑

# અનુક્રમ


| | | |
|---|---|---|
| | નિવેદન | |
| | આરંભે | |
| ૧ | તેજસ્વી વિદ્યાર્થી | 9 |
| ૨ | મેમદપુરથી મુંબઈ સુધી | 17 |
| ૩ | વિદ્યાલયનો વિદ્યાર્થીકાળ | 23 |
| ૪ | નથી કિનારો કે નથી દીવાદાંડી | 31 |
| ૫ | નોકરીની શોધમાં | 35 |
| ૬ | એક બાજુ નિષ્ફળતા, બીજી બાજુ હતાશા | 47 |
| ૭ | ગરીબી, યાતના અને ઉપેક્ષા | 53 |
| ૮ | સંઘર્ષની વચ્ચે | 65 |
| ૯ | વ્યસનમુક્તિનું પ્રભાત | 73 |
| ૧૦ | લાખ્ખો નિરાશામાં એક અમર આશા | 83 |
| ૧૧ | પ્રગતિના પગથારે | 89 |
| ૧૨ | ઝળહળતો સિતારો | 97 |
| ૧૩ | માનવતાનો મોટો ગુણ | 103 |
| ૧૪ | પડકાર અને પ્રતિકાર | 109 |
| ૧૫ | નસીબ ! તારો ખેલ અજબ ! | 113 |
| ૧૬ | જીવંત દેવદૂત | 121 |
| ૧૭ | યાતનાભર્યા એ બાર દિવસ | 131 |
| ૧૮ | સત્કર્મોનું ગુલાબ | 143 |
| ૧૯ | સમર્પણની સુવાસ | 151 |
| ૨૦ | પ્રેમભરી પરિવારકથા | 157 |
| ૨૧ | આવતીકાલનું ઉજ્જ્વળ ભારત | 163 |
| ૨૨ | શત્રુ પણ બને મિત્ર | 183 |
| ૨૩ | ઋણમુક્તિનો અવસર | 193 |
| ૨૪ | એ મરદોને રંગ | 209 |
| ૨૫ | અમીટ સ્મૃતિ | 219 |
| ❑ | જીવનરેખા | 227 |
| ❑ | વંશાવળી | 231 |
| ❑ | વ્યક્તિઓની મુલાકાત | 233 |



# તેજસ્વી વિદ્યાર્થી

**આ**જથી સાત દાયકા પહેલાંના પછાત ગણાતા બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના મેમદપુર ગામમાં યુ. એન. મહેતાનો જન્મ થયો. સુલતાન મહેમૂદની ઐતિહાસિક સ્મૃતિ ધરાવતા પાલનપુરના નવાબી રાજના હકૂમત હેઠળના આ ગામની વસ્તી બે હજારની હતી. ગામમાં રજપૂત, બારોટ, ઠાકોર, પટેલ, વણકર, ચમાર, સેંધમા, ઘાંચી, મોચી, બ્રાહ્મણ અને જૈન એમ જુદી જુદી કોમ સંપ અને એખલાસથી વસતી હતી. પાંચેક ઘર રાવણહથ્થા લઈને ઘૂમતા ઢાઢી મુસલમાનનાં હતાં.

આ મેમદપુર ગામ બે ભાગમાં વહેંચાયેલું હતું. એનો એક ભાગ ઑટાવાસ તરીકે ઓળખાતો હતો. આ ઑટાવાસમાં બારોટ, રજપૂત અને જૈનો રહેતા હતા. એના તળપોદના નામે ઓળખાતા બીજા ભાગમાં બ્રાહ્મણ, ઠાકોર અને હરિજનો વસતા હતા.

પંચોતેર વર્ષ પહેલાંના સમયમાં આવા નવાબી રાજના નાનકડા ગામમાં ઉદ્યોગ કે કારખાનાંની તો કલ્પના શી રીતે થાય ? મેમદપુરમાં વસતા જૈનો ધીરધારનો ધંધો કરતા અને ખાધેપીધે સુખી હતા. આ ધીરધારના ધંધામાં દરેકને અમુક આસામીની જરૂર પડતી. આ આસામી એટલે નિયમિત ગ્રાહક. ખેડૂતને અનાજ જોઈતું હોય, એના ઘરમાં લગ્નપ્રસંગ હોય અથવા તો એનો બળદ મરી ગયો હોય તો એવા આસામીને પૈસા ધીરવામાં આવતા હતા.

કેટલાક ખેડૂતો બીજાનાં ખેતરોમાં આંબા ઉગાડતા હતા. એ વાવેલા આંબા એમની પાસે રાખતા અથવા તો આંબા પર થયેલી કેરીને ઉચ્ચક વેચી દેતા. ખેડૂતો રકમ ધીરનારને ક્યારેક પૈસાના બદલે અમુક આંબા આપી દેતા. આંબા પર જે કેરી આવે તેના પર ધીરધાર કરનારનો હક્ક રહેતો. ખેડૂત અને દરજીને પૈસા ધીરવામાં આવતા અને એના બદલામાં તેઓ અનાજ કે કપડાં આપી જતા. આવી “બાર્ટર સિસ્ટમ” (વિનિમય પદ્ધતિ) પ્રમાણે વ્યવહાર ચાલતો હતો.

સમાજરચના એવી હતી કે ખેડૂત ધીરેલા પૈસાના બદલામાં અનાજ આપી જતો હતો. જો વધારે અનાજ પાક્યું હોય, તો આ ખેડૂતો પાલનપુર જઈને વેચતા હતા. મેમદપુરમાં વણકરે વણેલું કાપડ સહુ પહેરતા હતા. દવાની તો વાત જ શી ? લોકજીવન જ એવું હતું કે રોગોનું જ્ઞાન નહીં અને દવાઓ પણ નહીં.

ઘરની સ્ત્રીઓ રોજ વહેલી સવારે ચાર વાગે ઊઠી જતી. પ્રભાતિયાં ગાતાં-ગાતાં ઘરમાં રાખેલી ઘંટી પર લોટ દળતી હતી. વહેલી સવારના છ વાગે ગામની બહાર આવેલા કૂવા પર પાણી ભરવા જતી હતી. એ પછી ઘેર આવી ચૂલો સળગાવીને રસોઈ કરતી હતી. પુરુષો ખેડૂતો પાસે ઉઘરાણી માટે જાય. બે-ચાર કલાક ફરીને પાછા આવી જતા હતા. ચીજવસ્તુની ખરીદી કરવા પુરુષો બહાર

જતા હતા. સાંજે ખાટલા ઢાળવા અને રાત્રે પથારી કરવી એ કામમાં પુરુષો મદદરૂપ બનતા હતા.

ગામના જૈનો ખેડૂતોને આઠ આના કે દસ આના વ્યાજે એટલે કે છ ટકાના દરે પૈસા ધીરતા હતા. વ્યાજમાં કોઈ ગોલમાલ નહીં. ખેડૂતોને છેતરવાના નહીં. ચાંદા-સૂરજની શાખે તને ધીર્યા છે અને તારું મકાન મળ્યું છે એવું કાના-માત્ર વિનાનું લખાણ કરવામાં આવતું.

આજની માફક એ સમયે ગમે તે અજાણી વ્યક્તિને ધીરધાર કરવામાં આવતી નહીં. ધીરધાર કરનાર થોડાંક નક્કી કરેલાં કુટુંબોને જ ધીરધાર કરતા હતા. પરિણામે ધીરધાર કરનાર અને રકમ લેનાર વચ્ચે આત્મીય સંબંધ જળવાઈ રહેતો હતો. આવા ખેડૂતો ધીરધાર કરનારને ત્યાં લગ્નપ્રસંગ હોય તો એમાં ઉમંગભેર સામેલ થતા હતા. એ સમયે જરૂરી ચીજ-વસ્તુઓ લાવી આપતા હતા. એમનાં કોઈ સગાં પાસેથી ચોખ્ખું ઘી મેળવી આપતા હતા. જરૂર પડે છેક પાલનપુર જઈને ગોળ અને ખાંડ લાવી આપતા હતા. બીજી બાજુ આ ધીરધાર કરનારે ખેડૂતને જરૂર પડે ત્યારે અવારનવાર પૈસા આપવા પડતા હતા. લગ્નપ્રસંગ કે અંતિમક્રિયા વખતે સારી રકમ ધીરવી પડતી હતી.

ખેડૂત ફસલ થાય એટલે ધીરધાર કરનારના ઘેર વર્ષનું અનાજ ભરાવી દેતા હતા. બીજી બાજુ આસામીને જાળવવા ધીરધાર કરનાર બીજા પાસેથી ઉધાર લઈને પણ પૈસા આપતા હતા. જો એ ન આપે તો ખેડૂતો અનાજ વેચીને રકમ ઊભી કરી લેતા. એનું લેણું ચૂકવતા નહીં અને આસામી તરીકે બીજા ધીરધાર કરનારને ત્યાં વ્યવહાર શરૂ કરતા હતા. દર વર્ષે અષાઢ સુદ બીજના દિવસે બધા હિસાબ ચોખ્ખા થાય. એ દિવસે ખેડૂતોના, વિઘોટોના, મોચીના, દરજીના બધા પૈસા આપવાના હોય. ગામના બીજા ધંધાઓના મુકાબલે ધીરધારનો ધંધો 'ઠંડો ધંધો' ગણાતો હતો.

મેમદપુરમાં જૈન કોમની આબરૂ સારી. સુખી અને સંપીલી કોમ તરીકે ગામમાં એનું ઘણું મોટું માન હતુ. કોઈ કોમમાં અંદરોઅંદર ઝઘડો થાય ત્યારે જૈન વાણિયા(મહાજન)ને બોલાવતા અને મહાજન આગળ વાત મૂકતા હતા. ગામના પટેલ અને બે-ત્રણ વાણિયા મળીને જે નિર્ણય કરે તે સહુ કોઈ માથે ચડાવતા હતા. મેમદપુરના જૈનોમાં ઊંડી ધર્મભાવના હતી. તેઓ રોજ પૂજા અને સામાયિક કરતા હતા. નાનાં બાળકો માટે પાઠશાળા ચાલતી હતી. પાંચેક વર્ષે એકાદ વર્ષ કોઈ સાધુ-મહારાજનું ગામમાં ચાતુર્માસ થતું. પર્યુષણ પર્વ દરમ્યાન 'સાધર્મિક વાત્સલ્ય' રૂપે ત્રણ જેટલા તો જમણવાર થતા હતા. પહેલું જમણ પર્યુષણના પ્રારંભના આગળના દિવસે, બીજું મહાવીર જન્મકલ્યાણકના આનંદમય દિવસે અને ત્રીજું જમણ સંવત્સરી પછીના પારણાના દિવસે થતું હતું.


મેમદપુરના માઢિયાવાસમાં આવેલું ઉત્તમભાઈના બાળપણનું નિવાસસ્થાન

મેમદપુરના લોકો બંડી, ધોતિયું, લાંબી બાંયનું ખમીસ, લાંબો ડગલો, પગમાં જોડા અને માથે ટોપી પહેરતા હતા. ઉઘાડા માથે ગામમાંથી નીકળાય નહીં, જો કોઈ ટોપી પહેર્યા વિના મેમદપુર ગામની બજારમાંથી નીકળ્યું હોય તો તે વ્યક્તિને લોકો અપશુકનિયાળ ગણતા હતા. બહારગામ મુસાફરીએ જતી વ્યક્તિ કે ઘેરથી મંગલ-શુભ કાર્ય માટે નીકળેલી વ્યક્તિ ઉઘાડું માથું ધરાવતી વ્યક્તિના શુકન લે નહીં. મેમદપુર ગામનો મુખ્ય વ્યવસાય તો ખેતીનો હતો. આ ઉપરાંત કેટલાક લોકો બહારગામથી જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ લાવીને ગામમાં નાની હાટડીમાં વેપાર કરતા હતા.

એ જમાનામાં બહારવટિયાઓનો ઘણો ભય રહેતો હતો. રાત્રે ચોરી-ખાતર પાડનારા પણ આવી ચડતા અને ચોરી કરીને સિફતથી જતા રહેતા. આથી વસવાટની રચના એવી કરવામાં આવતી કે શેરી કે મહોલ્લામાં પ્રવેશવાનો એક મુખ્ય દરવાજો કે ડેલો બંધ કરો એટલે એમાં કોઈ દાખલ થઈ શકે નહીં.

આવા મેમદપુરમાં ઉત્તમભાઈના પૂર્વજો રહેતા હતા તે મહોલ્લાને 'માઢિયા વાસ' કહેવામાં આવતો હતો. જૈનોનાં દસ-પંદર ઘરનો આ નાનકડો માઢ હતો. આ માઢમાં સળંગ હારબંધ આવેલા ઘરની આગળ પરસાળ હતી, તેની આગળ પગથિયાં અને પછી આંગણું હોય. આ આંગણામાં ઢોર-ઢાંખર બાંધવામાં આવતાં. રાત્રે ખાટલો ઢાળીને બધા પરસાળમાં સૂતા હતા.

એ સમયે મેમદપુર ગામમાં એક સરસ દેરાસર હતું, જે આજે પણ વિદ્યમાન છે. આ દેરાસરમાં મૂળનાયક રૂપે જૈન ધર્મના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનની જિનપ્રતિમા છે. એની જમણી બાજુ શ્રી પાર્શ્વનાથ પ્રભુ અને શ્રી ધર્મનાથ પ્રભુ તથા ડાબી બાજુએ શ્રી ચંદ્રપ્રભ પ્રભુ અને શ્રી શાંતિનાથ પ્રભુની પ્રતિમા છે. ગામના જૈનસમાજની ધર્મઆરાધનાના ધામ સમું શ્રી મેમદપુર જૈન દેરાસર ૧૦૫ વર્ષ જેટલું પ્રાચીન છે. વળી આ ગામમાં જ્યારે જ્યારે કોઈ સાધુમહારાજ વિહાર કરતાં આવે ત્યારે લોકો એમનાં દર્શન-વંદન કરતાં હતાં અને ધર્મજાગૃતિનો અનુભવ થતો હતો.

ઉત્તમભાઈના દાદાનું નામ હતું લવજીભાઈ. તેઓ પરંપરાગત ચાલ્યો આવતો ધીરધારનો ધંધો કરતા હતા. ઉત્તમભાઈના પિતા નાથાલાલભાઈને પિતા લવજીભાઈ પાસેથી વારસામાં ધીરધારનો ધંધો મળ્યો. નાથાલાલભાઈ એટલે નમ્રતાની મૂર્તિ ! સરળ સ્વભાવના નાથાલાલભાઈ એટલે ભલમનસાઈનો અવતાર જ જોઈ લો ! જેવું શાંતિભર્યું એમનું જીવન હતું એવું જ સમતાભર્યું એમનું મન હતું.

ધીરધારના ધંધામાં અને મેમદપુર ગામમાં એમની દુનિયા સીમિત હતી. ક્યારેય કશી ખટપટ કરવી નહીં એવો એમનો સ્વભાવ હતો. એમનો બાંધો એકવડિયો હતો. પહેરવેશમાં ધોતિયું અને અંગરખું હોય. માથે ફાળિયું બાંધ્યું હોય. સાડાપાંચ ફૂટની ઊંચાઈ, ધીમી ચાલ ને શાંત સ્વભાવ. અમુક નિશ્ચિત વ્યક્તિને જ ધીરધાર કરવામાં આવતી હોવાથી નાથાલાલભાઈ પાંચ રજપૂત, ચાર પટેલ અને બે તુવર(મુસલમાન ખેડૂત)ને ધીરધાર કરતા હતા. એ બધા એમની પાસેથી જરૂર પડે ત્યારે અવારનવાર પૈસા લઈ જતા હતા. આટલા જ આસામી સાથે કામ પાર પાડવાનું હોવાથી આખો દિવસ બહુ ઓછું કામ રહેતું. પરિણામે આંબાનાં વૃક્ષોથી આચ્છાદિત મેમદપુર ગામના જૈનો આંબા રાખતા અને એમાંથી મળતી કેરીનું વેચાણ કરીને વધારાની કમાણી કરતા હતા.

શાંતિથી જીવન જીવવું અને સંતોષથી રહેવું એ નાથાલાલભાઈનું જીવનધ્યેય હતું. આને કારણે એમનાં પત્ની કંકુબહેન વધુ હોશિયાર લાગતાં હતાં. આતિથ્ય એમના લોહીમાં વહેતું હતું. આવા કુટુંબમાં ૧૯૨૪ની ૧૪મી જાન્યુઆરી(વિ. સં. ૧૯૮૦, પોષ સુદ આઠમ)ને દિવસે ઉત્તમભાઈનો જન્મ થયો.

ઉત્તમભાઈની ઉંમર દોઢ વર્ષની હતી ત્યારે એક હડકાયું કૂતરું એમને અને એમનાં માતા કંકુબહેનને કરડ્યું. દોઢ વર્ષના ઉત્તમભાઈને અમદાવાદ લઈ આવ્યા અને ઇંજેક્શન આપ્યાં, પરંતુ એમની માતા કંકુબહેને ઇંજેક્શન લીધાં નહિ. થોડા દિવસ બાદ એમને હડકવા લાગુ પડ્યો અને એમનું અવસાન થયું. માત્ર દોઢ વર્ષની વયે ઉત્તમભાઈએ માતાની છત્રછાયા ગુમાવી. વય એટલી નાની કે ઉત્તમભાઈના ચિત્ત પર માતાનું કોઈ સ્મરણ કે ઝાંખી છબી પણ અંકિત થયાં નહીં. જીવનભર માતાના વાત્સલ્યનો અભાવ અને લાગણીના શીળા છાંયડાની ઊણપ સાલતાં રહ્યાં.

મેમદપુરમાં પાલનપુરનું નવાબી રાજ ચાલતું હતું. એ સમયે રાજમાં હિંદુ કે મુસલમાન વચ્ચે કોઈ ભેદભાવ રાખવામાં આવતો નહોતો. સહુ સ્વધર્મનું પાલન કરતા અને અન્ય ધર્મીને આદર આપતા હતા, આથી પાલનપુર રાજના ઘણા મોટા મોટા હોદ્દાઓ હિંદુઓ ધરાવતા હતા. આ પાલનપુરના નવાબી રાજમાં ગાયકવાડી રાજ જેવી અને જેટલી કેળવણીની પ્રગતિ જોવા મળતી નહીં. આ વિસ્તારમાં એક એવો ખ્યાલ પ્રચલિત હતો કે ભણીને વળી કરવાનું છે શું ? આખરે તો દુકાને જ બેસવાનું ને ! અંતે તો ધીરધારનો જ ધંધો કરવાનો ને ! આથી કેળવણી મેળવવાની જરૂર લાગતી નહીં. બીજી બાજુ ધીરધારનો ધંધો આજીવિકા માટે પર્યાપ્ત થઈ રહેતો.

આમ લોકો સંતોષી હતા, પરંતુ સાહસિક નહોતા. સુખથી જીવન જીવતા હતા, પરંતુ પોતાના સુખની ચાર દીવાલમાંથી બહાર નીકળીને પડકાર ઝીલવાનું

કૌવત ખોઈ બેઠા હતા. એક તરફ કેળવણી પ્રત્યે રુચિનો અભાવ અને બીજી બાજુ કેળવણીની સગવડનો પણ અભાવ. પરિણામે ગામઠી નિશાળમાં છોકરાઓ થોડું ભણે અને પછી બાપીકા ધંધા પર બેસી જતા હતા. આખા ગામમાં બહારગામ જઈને ભણીને આવ્યો હોય તેવો માણસ શોધ્યોય ન જડે. પરિણામે ભણવાનું વ્યર્થ લાગતું. બ્રિટિશ સરકારના રાજ્યમાં અથવા તો વડોદરાના ગાયકવાડ રાજ્યનાં ગામોમાં કેળવણીનો જે પ્રચાર અને પ્રસાર જોવા મળતો હતો તથા ઠેરઠેર શાળાઓ અને પુસ્તકાલયો નજરે પડતાં હતાં, તેવું કશું પાલનપુર રાજમાં જોવા મળતું નહીં.

પાંચ વર્ષની વયના ઉત્તમભાઈને મેમદપુરના આઁટાવાસમાં આવેલી પ્રાથમિક શાળામાં દાખલ કરવામાં આવ્યા. આ પ્રાથમિક શાળા એમના ઘરની સાવ નજીક ભાડાના મકાનમાં ચાલતી હતી. ઉત્તમભાઈ અને એમના પડોશી ખૂબચંદભાઈ મહેતા બંને એક જ દિવસે નિશાળમાં પ્રવેશ પામ્યા. એ દિવસે બે થાળીમાં કિલો-કિલો ગોળ લઈને તે નિશાળના છોકરાઓને વહેંચવામાં આવ્યો. પહેલા દિવસે ઉત્તમભાઈને નિશાળે મૂકવા માટે નાથાલાલભાઈ ગયા અને ખૂબચંદભાઈની સાથે એમના પિતા હીરાચંદભાઈ ગયા. આ નિશાળ એટલે નીચે એક ઓસરી અને બે વર્ગખંડ અને મેડા ઉપર ઓસરી અને એક વર્ગખંડ હતો.

ઉત્તમભાઈને સૌથી પહેલો એકડો ઘૂંટાવ્યો એમના શિક્ષક ભીખાભાઈ વાલચંદ મહેતાએ. ઊંચો બાંધો અને સ્થૂળ કાયાવાળા ભીખાલાલ માસ્તર એ જમાનાની રસમ પ્રમાણે સોટી રાખતા અને વખત આવે ઉપયોગ પણ કરતા. નિશાળના આચાર્ય તરીકે પાલનપુર રાજના જગોણા ગામના મણિલાલ કાળીદાસ જોશી હતા. તેઓ કોઈ વિદ્યાર્થી તોફાન કરતાં પકડાય તો આંકણી હાથ પર મૂકીને મારતા હતા. એ સમયે ઉત્તમભાઈ અન્ય વિદ્યાર્થીઓની જેમ ચડ્ડી, પહેરણ અને કસબના તારવાળી ટોપી પહેરતા હતા. બધા નિશાળિયા રિસેસ વખતે ભમરડા અને ગિલ્લીદંડાની રમત ખેલતા હતા.

નિશાળના શિક્ષકોની સોટી કે આંકણીનો વિદ્યાર્થીઓને 'સ્વાદ' મળતો હતો, પણ ઉત્તમભાઈ એમાંથી બાકાત રહેતા હતા. એક કારણ તો એ કે ઉત્તમભાઈ ભણવામાં પહેલેથી જ તેજસ્વી હતા અને બીજું એ કે એમનું ઘર ગામમાં માનવંતું ગણાતું હતું. આ સમયે બહારગામથી ભણાવવા આવેલા શિક્ષક ગામમાં એકલા વસતા હોય, તેથી મેમદપુરની નિશાળના વિદ્યાર્થીઓને વારાફરતી શિક્ષકોનાં કપડાં ધોવાનું કે એમના ઘરનાં વાસણ માંજવાનું કામ કરવું પડતું. વળી ક્યારેક એમના ઘરનો કચરો સાફ કરવો પડે તો ક્યારેક માસ્તરના ઘર માટે કોઈ ચીજવસ્તુ લાવવાની હોય.

આ રીતે ઉત્તમભાઈ મેમદપુરની ધૂળિયા નિશાળમાં ચાર ધોરણ સુધી ભણ્યા. એમની આસપાસ અભ્યાસનું કોઈ વાતાવરણ નહોતું. ભણવાની કશી અનુકૂળતા ન હતી. નાની વયે માતાની વિદાયને કારણે ઘરકામની થોડી જવાબદારી પણ બજાવવી પડતી હતી.

બીજુ બાજુ બાપીકો ધીરધારનો ધંધો તૈયાર જ હતો, પરંતુ ઉત્તમભાઈને પહેલેથી જ ભણવાની લગની. આથી બીજાની માફક એમને માટે ચાર ધોરણ સુધીનો મેમદપુરનો અભ્યાસ એ કેળવણીનું પૂર્ણવિરામ નહોતું.

પોતાના પ્રારંભિક કાળની એક સ્મૃતિ ઉત્તમભાઈના મનમાં જીવંત હતી. તેઓ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા હતા ત્યારે દર વર્ષે એક વખત શણગારેલા સગરામમાં બેસીને ડેપ્યુટીસાહેબ આવતા હતા. આ ડેપ્યુટીસાહેબ શાળાની તપાસ કરનારા શિક્ષણાધિકારી હતા. તેઓ આવે ત્યારે શાળાનું વાતાવરણ જીવંત અને રોમાંચક બની જતું હતું. શાળામાં ચોખ્ખાઈ થઈ જતી. વર્ગો સાફ થતા. ઓસરી વળાઈ જતી. વિદ્યાર્થીઓને વર્ગમાં વ્યવસ્થિત રીતે બેસાડવામાં આવતા. શિક્ષકો એમને વારંવાર સૂચનાઓ આપતા હતા.

નાનકડા ઉત્તમભાઈને એ જોઈને આશ્ચર્ય થતું કે સોટી કે આંકણીનો 'ચમત્કાર' બતાવનારા ડરામણા શિક્ષકો ડેપ્યુટીસાહેબને કેમ વારંવાર લળીલળીને નમસ્કાર કરે છે ! આ ડેપ્યુટીસાહેબ વિદ્યાર્થીઓને મૌખિક પ્રશ્નો પૂછતા અને દાખલા લખાવતા હતા. અમુક સમયમાં એ દાખલા ગણવાના હોય. ત્યારબાદ શિક્ષકોએ તૈયાર કરેલાં પત્રકોમાં તેઓ રુઆબથી ગુણ મૂકતા હતા. આ ડેપ્યુટીસાહેબની વિદાય બાદ ત્રણેક દિવસે વિદ્યાર્થીઓનું પરિણામ જાહેર થતું. વળી પરીક્ષાના સમય પૂર્વે, શિક્ષકો વિદ્યાર્થીઓને વાંચવા માટે વહેલા બોલાવતા. ડેપ્યુટીસાહેબ વિદ્યાર્થીઓની પરીક્ષા લઈને સગરામમાં પાછા રવાના થાય, ત્યારે દોડધામ કરતા શિક્ષકોનો જીવ હેઠો બેસતો.

આમ ૧૯૨૯થી ૧૯૩૩ સુધી ઉત્તમભાઈએ મેમદપુરની શાળામાં અભ્યાસ કર્યો. એમને પહેલા ધોરણમાં એકડો ઘૂંટાવનાર શિક્ષક ભીખાલાલ મહેતા આજથી થોડાં વર્ષો પૂર્વે અવસાન પામ્યા. એ પછીના ધોરણમાં ભણાવનારા શિક્ષકો પાલનપુરથી આવતા હતા. ચોથા ધોરણમાં પાસ થવું એટલે ઈડરિયો ગઢ જીત્યા ગણાય. આ માટે શિક્ષકો પણ વિદ્યાર્થીઓને ખૂબ મહેનત કરાવતા હતા. ઉત્તમભાઈ રોજ વહેલી સવારે ચાર વાગે ઊઠીને નિશાળમાં વાંચવા પહોંચી જતા, કારણ કે ચોથા ધોરણનો કોઠો ભેદીએ તો જ આગળ ભણી શકાય. આથી ઉત્તમભાઈ પૂરી લગનથી અભ્યાસ કરતા હતા.

❑



અભ્યાસની લગની અને ભવિષ્યની દૃષ્ટિ

# ૨

# મેમદપુરથી મુંબઈ સુધી

દોઢ વર્ષની નાની વયે ઉત્તમભાઈએ માતાની વાત્સલ્યભરી હૂંફ ગુમાવી. એમની માતાના અણધાર્યા, અકાળ અવસાન પછી એમના પિતા નાથાલાલભાઈએ પુનર્લગ્ન કર્યાં નહીં, બલ્કે સંતાનોના ઉછેર પર વિશેષ ધ્યાન આપવાનું પસંદ કર્યું. નાથાલાલભાઈનાં સંતાનોમાં એમની સૌથી મોટી દીકરી બબુબહેનનાં લગ્ન મેમદપુરમાં થયાં હતાં. નાથાલાલભાઈના સૌથી મોટા પુત્ર અંબાલાલભાઈ હતા. ત્યારબાદ એમના બીજા પુત્ર ચારેક વર્ષની નાની ઉંમરે અવસાન પામ્યા. એ પછી એમનાં બીજા પુત્રી ચંદનબહેનનાં લગ્ન ગઠામણ ગામમાં થયાં હતાં. ચંદનબહેન સાવ નાની વયે વિધવા બન્યાં હતાં. વળી એમનાં શ્વશુરપક્ષના બે-ત્રણ વડીલોનું અવસાન થતાં તેઓ મેમદપુર રહેવા આવ્યાં હતાં. એ પછી જીવનના અંત સુધી તેઓ ઉત્તમભાઈ સાથે જ રહ્યાં. નાથાલાલભાઈના સૌથી નાના પુત્ર તે ઉત્તમભાઈ.

નાથાલાલભાઈના પ્રથમ પુત્ર શ્રી અંબાલાલભાઈએ મેમદપુરમાં ચાર ચોપડી સુધી અભ્યાસ કર્યો. એ પછી પાલનપુરમાં પોતાના માસાને ત્યાં રહીને સાત ચોપડી સુધી ભણ્યા. ભણવા પાછળનો તેમનો આશય એવો હતો કે પાલનપુર સ્ટેટમાં સારી નોકરી મળે. એવી નોકરી મળી ખરી, પણ ફાવી નહીં. તે પછી નસીબ અજમાવવા માટે રંગૂન પણ જઈ આવ્યા. આખરે મેમદપુર પાછા આવ્યા. આવીને આસામી સાથે ધીરધારનું કામ સંભાળવા લાગ્યા. અંબાલાલભાઈને વખતોવખત યતિઓને મળવાનું થતું. તે સમયે યતિઓ જ્યોતિષ અને વૈદકના જાણકાર હતા. આવા યતિને ગોરજી મહારાજ કહેવામાં આવતા. એમની પાસેથી વૈદકનાં પ્રાચીન પુસ્તકો મળ્યાં અને તે વાંચ્યાં. એમાંથી રસ જાગતાં તેમણે વૈદ તરીકે કામ શરૂ કર્યું.

નાથાલાલભાઈના સૌથી મોટા પુત્ર અંબાલાલભાઈ મેમદપુરથી દસ કિલોમીટર દૂર આવેલા છાપી ગામમાં જઈને વસ્યા. આ છાપી ગામમાં રેલવેસ્ટેશન હતું અને રેલવેસ્ટેશનને કારણે દર્દીની અવરજવર પણ સારી રહેતી હતી. અંબાલાલભાઈએ જીવ્યા ત્યાં સુધી વૈદકનો વ્યવસાય કર્યો. બીજી બાજુ ૧૯૪૭ પછી ધીરધારના ધંધામાં ઓટ આવી. દેવું માફ કરવાની સરકારની નીતિને કારણે ધંધો બંધ પડ્યો અને ઘણાખરા આ વિસ્તારમાંથી નીકળીને પોતાનું નસીબ અજમાવવા માટે મુંબઈ અને નવસારી ગયા. આમાંથી મોટાભાગની વ્યક્તિઓએ હીરાઉદ્યોગમાં કામ શરૂ કર્યું. તે સમયે વારસાગત ધંધો છોડીને બીજા ધંધામાં ઝંપલાવવું તે બાબત આફતરૂપ લાગી હતી, જે સમય જતાં આશીર્વાદરૂપ બની રહી.

આ સમયે બનાસકાંઠા જિલ્લામાં કેળવણીનું પ્રમાણ ઘણું ઓછું હતું. પાલનપુર રાજના તાબા હેઠળનાં ૫૫૦ ગામમાં પાંચમા ધોરણ સુધીની ૫૫ પ્રાથમિક શાળાઓ હતી. તાલુકા મથકના શહેરમાં સાત ધોરણ સુધીનો અભ્યાસ

કરાવવાની સગવડ હતી. ડીસામાં માધ્યમિક શાળા હતી, પરંતુ છેક મૅટ્રિક સુધીના અભ્યાસની સગવડ તો માત્ર પાલનપુરમાં જ હતી. સમગ્ર રાજ્યમાં એકલા પાલનપુરમાં જ હાઈસ્કૂલ હોવાથી ઉત્તમભાઈને પાંચમા ધોરણમાં દાખલ થઈને અભ્યાસ ધપાવવા માટે પાલનપુર જવું પડ્યું.

મેમદપુરથી પાલનપુરનું અંતર અઢાર કિલોમીટર હતું. એ સમયે પાલનપુરથી રોજ સાંજે એક બસ મેમદપુર આવતી હતી અને વહેલી સવારે ઊપડતી હતી. એ બસ એના માલિકના નામથી ઓળખાતી હોવાથી તે 'વિનોદભાઈની બસ' કહેવાતી હતી અને મેમદપુરથી પાલનપુર જવાનું ભાડું પાવલી (ચાર આના - ૨૫ પૈસા) હતું. મોટાભાગના લોકો તો મેમદપુરથી પાલનપુર ચાલીને જ જતા હતા. મેમદપુરથી પાલનપુર જવા નીકળે ત્યારે સાથે ખાખરા અને પાપડનો નાસ્તો લઈને જાય. વચ્ચે આવતા ખરોડિયા ગામના વહેળા પાસે બેસીને સહુ નિરાંતે વાતો કરતાં કરતાં નાસ્તો કરે, પછી વહેળાનું પાણી પીએ અને આગળ ચાલે.

પાલનપુરની હાઈસ્કૂલમાં આચાર્યશ્રી મોહનલાલ ગોકુળદાસ ઉદેશી હતા. ઉત્તમભાઈના ઘેરથી હાઈસ્કૂલ ત્રણ-ચાર કિલોમીટરના અંતરે હતી. નિશાળની માસિક ફી આઠ આના હતી. "સોટી વાગે ચમચમ, વિદ્યા આવે ઘમઘમ"નો એ જમાનો હતો. શિક્ષકો વિદ્યાર્થીઓને શિક્ષા કરતા, બેંચ પર લાંબો વખત ઊભા રાખતા. આવી શિક્ષા કરતા હોવા છતાં એમના પ્રત્યે વિદ્યાર્થીઓને સદાય આદરભાવ રહેતો હતો. એ સમયે ઉત્તમભાઈના સહાધ્યાયીઓમાં જેસિંગભાઈ અને શ્રી રસિકલાલ ભણશાળી હતા, જેમની સાથે જીવનના પછીના સમયમાં પણ ગાઢ સંબંધ રહ્યો.

ભાડાના મકાનમાં ચાલતી આ હાઈસ્કૂલમાં ઈંટની લાદી પર બેસવાનું હતું. એ સમયે પરથીભાઈ મૂળજીભાઈ પટેલ, મેઘરાજભાઈ પટેલ, સોમાભાઈ અમૃતલાલ મહેતા, ધરમચંદ મહેતા, કાંતિલાલ મહેતા જેવા ઉત્તમભાઈના સહાધ્યાયીઓ હતા. આખા વર્ગમાં ઉત્તમભાઈ સહુથી નાની વયના વિદ્યાર્થી હતા, તો ત્રિભુવન રાયચંદ અને પરથીભાઈ પટેલ સૌથી મોટી ઉંમરના વિદ્યાર્થીઓ હતા.

ઉત્તમભાઈએ પાલનપુરમાં પોતાની મોટી બહેન ચંદનબહેનને ત્યાં રહીને અભ્યાસ કર્યો. ચંદનબહેને ઉત્તમભાઈની ખૂબ સંભાળ લીધી. ભગિનીપ્રેમનો ઉત્તમભાઈને મધુર અનુભવ થયો. ચંદનબહેને ખુદ મુશ્કેલી વેઠીનેય ઉત્તમભાઈના અભ્યાસમાં કશો અવરોધ આવે નહીં, તેનો ખ્યાલ રાખ્યો. ઉત્તમભાઈ બહેનોનો પ્રેમ અને ઋણ જીવનભર ભૂલ્યા નહોતા. એ વખતે એમના બાળપણના સાથી મેમદપુરના ખૂબચંદભાઈ મહેતા પાલનપુર બોર્ડિંગમાં રહેતા હતા. આ

હાઈસ્કૂલના મંકોડીસાહેબ, જોશીપુરાસાહેબ અને જનાર્દન ભટ્ટસાહેબ – એ ત્રણે શિક્ષકો વધુ જાણીતા હતા. મૅટ્રિકમાં જોશીપુરાસાહેબ ઉત્તમભાઈના વર્ગશિક્ષક હતા. એ વખતે સગરામમાં બેસીને શિક્ષણ વિભાગના ડેપ્યુટીસાહેબ છોટુભાઈ પરીક્ષા લેવા આવતા હતા.

આ સમયે એક નવો પવન ફૂંકાતા વ્યવસાયની વંશપરંપરાગત ચાલી આવતી પરંપરામાં પરિવર્તન આવ્યું. પાલનપુરમાંથી કેટલાય જૈનો મુંબઈમાં હીરાના વ્યવસાય માટે ગયા. પાલનપુરમાં સ્થાનકવાસી અને દેરાવાસી એમ જૈન ધર્મના બે સંપ્રદાયોના અનુયાયીઓ હતા, પણ તેમની વચ્ચે સુમેળભર્યો સંબંધ હતો. પાલનપુરની હાઈસ્કૂલમાં ઉત્તમભાઈ અનેક પ્રકારની રમત ખેલતા હતા. ફૂટબૉલ અને ક્રિકેટનો એમને શોખ હતો તો વળી રજાઓમાં મેમદપુર જાય ત્યારે ગિલ્લીદંડા અને આંબલી-પીપળી ખેલતા હતા. રમતગમતના શોખને કારણે એમનું શરીર કસાયેલું રહ્યું. વિજ્ઞાન વિદ્યાશાખાના સ્નાતક (B.Sc.) થયા ત્યાં સુધી ઉત્તમભાઈએ ક્યારેય કોઈ દવા લીધી નહોતી. ઉત્તમભાઈ જીવનના પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધમાં તંદુરસ્તી કેવી રહી, તેની ક્વચિત્ તુલના કરતા હતા. પૂર્વાર્ધમાં કસાયેલું, નિરોગી શરીર અને ઉત્તરાર્ધમાં બીમારીઓના ચક્રવ્યૂહમાં ફસાયેલું શરીર !

બાળપણથી જ ઉત્તમભાઈમાં અભ્યાસ અંગે સજાગતા હતી. અભ્યાસના સમયની બાબતમાં પૂરતી ચીવટ રાખતા હતા. વળી અભ્યાસ પૂરો ન થાય, ત્યાં સુધી ઊંઘે નહીં ! અભ્યાસની આવી લગનીએ જ એમના વિદ્યાવ્યાસંગને તેજસ્વી બનાવ્યો. બીજા બધા દસ વાગ્યે સૂઈ જાય ત્યારે તેઓ મોડી રાત સુધી અભ્યાસ કરતા હોય. એમણે મનમાં ધાર્યું હોય કે આજે રાતના બે વાગ્યા સુધી વાંચવું છે, તો એટલો સમય વાંચ્યા પછી જ એમને જંપ વળે. બીજી કોઈ બાબતમાં ક્યારેક મિત્રો બાંધછોડ કરે, પણ અભ્યાસની બાબતમાં કોઈ બાંધછોડ નહીં.

પાલનપુર જૈન વિદ્યાલય બોર્ડિંગમાં ઉત્તમભાઈની સાથોસાથ પોપટલાલ લલ્લુરામ મહેતા, કાંતિલાલ ભીખાભાઈ મહેતા, સોભાગચંદ અમૃતલાલ કોઠારી અને જયંતીભાઈ ચેલજીભાઈ મહેતા જેવા વિદ્યાર્થીઓ પણ અભ્યાસ કરતા હતા.

ઉત્તમભાઈ જ્ઞાતિએ દશા શ્રીમાળી જૈન. એમનો બાર ગામનો ગોળ કહેવાતો. એમાં મેમદપુર, છાપી, બસુ, મેસર, ચંડીસર જેવાં બાર ગામનો સમાવેશ થતો. આ બાર ગામ વચ્ચે દીકરા-દીકરી આપવાનો લગ્નસંબંધ હતો. સમાજ પર જ્ઞાતિના પંચનું મજબૂત વર્ચસ્વ હોવાથી આ બાર ગામની બહાર કોઈ પોતાનાં દીકરા-દીકરીને વરાવવાની હિંમત કરી શકતા નહીં.

આ જ્ઞાતિમાંથી ભણવાની ધગશ સાથે બહાર આવેલા ઉત્તમભાઈએ

પાલનપુરમાં સારા પ્રમાણમાં ધાર્મિક અભ્યાસ કર્યો અને ધાર્મિક સૂત્રોનું અધ્યયન કર્યું. આ સમયે પણ વિચારશીલ વિદ્યાર્થી તરીકે ઉત્તમભાઈને મનમાં એમ થતું કે ધર્મગ્રંથોનાં સૂત્રો માત્ર યાદ રાખવાથી શું વળે ? એનો અર્થ જાણ્યો હોય તો વધુ સારું. આમ છતાં અર્થ જાણ્યા વિના માત્ર સૂત્રો ગોખવાં, એ વ્યર્થ માથાકૂટ છે, તેમ તેઓ માનતા નહીં. એને બદલે એમ વિચારતા કે સૂત્રો જાણીએ જ નહીં, એના કરતાં ધાર્મિક સૂત્રો જાણવા એ ઘણું સારું ગણાય. કોઈ બાબતને નકારાત્મક દૃષ્ટિએ જોવી નહીં, બલ્કે એ વિશે વિધેયાત્મક દૃષ્ટિકોણથી વિચારવું. છેક કુમારાવસ્થાથી જ ઉત્તમભાઈનું આવું માનસિક વલણ હતું.

હાઈસ્કૂલ સવારે શરૂ થાય અને અગિયાર વાગ્યે પૂરી થઈ જાય. એ પછી જમવાનું હોય. કોઈને રમવા જવું હોય તો રમવા જાય. સાંજે સાત વાગ્યા પછી પાઠશાળામાં જાય. પાઠશાળામાં રોજ એક કલાક ધાર્મિક શિક્ષણ આપવામાં આવતું હતું. પાંચ-છ વર્ષ સુધી ઉત્તમભાઈનો પાઠશાળામાં ભણવાનો ક્રમ ચાલ્યો. પાઠશાળામાં અમરતભાઈ નામના ધાર્મિક શિક્ષક સૂત્રો શીખવતા હતા. પાઠશાળાના આ સંસ્કારોએ એમનામાં ધાર્મિક ભાવનાઓનું સિંચન કર્યું. યુવાનીમાં ચોતરફના અપાર સંઘર્ષો ખેલવાને કારણે એ ધર્મસંસ્કારોનું પ્રત્યક્ષ પ્રગટીકરણ થયું નહીં, પણ સમૃદ્ધિ સાંપડતાં જ ઉત્તમભાઈની એ ધર્મભાવનાનાં બીજ વૃક્ષરૂપે મહોરી ઊઠ્યાં !

મેમદપુર નાનું ગામ હતું, ત્યારે પાલનપુર શહેરનું વાતાવરણ એનાથી સાવ જુદું હતું. મેમદપુરની દુનિયા સીમિત હતી. પાલનપુરની હાઈસ્કૂલમાં આવવાથી એકબીજાના પરિચયમાં આવવાનું બનતું હતું. એ વખતે છોકરો ઇંગ્લિશ ભણે અને મૅટ્રિક પાસ થાય તે બહુ મોટી સિદ્ધિ ગણાતી હતી. ઉત્તમભાઈનું અંગ્રેજી તો પહેલેથી જ ઘણું સારું હતું. તેઓ મૅટ્રિકમાં આવ્યા.

એ સમયે સમગ્ર ગુજરાતમાં મૅટ્રિકની પરીક્ષાના માત્ર ત્રણ કે ચાર જ કેન્દ્રો હતાં. એ સમયના જૈન વિદ્યાર્થીઓ મૅટ્રિકના કેન્દ્ર તરીકે ભાવનગરને વધુ પસંદ કરતા હતા, કારણ એ કે ભાવનગરમાં બહારગામના વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા માટે રહેવાની સારી સુવિધા મળતી હતી. વળી બીજું કારણ એ પણ ખરું કે પરીક્ષા પૂરી થયા બાદ ધર્મપરાયણ વિદ્યાર્થીઓને સરળતાથી નજીક આવેલા પાલીતાણામાં શ્રી શત્રુંજય મહાતીર્થની યાત્રા કરવાની તક મળતી હતી. વળી આમેય અમદાવાદ કરતાં ભાવનગર આર્થિક રીતે ઘણું સસ્તું હતું. ઉત્તમભાઈ મૅટ્રિકની પરીક્ષા આપવા માટે ભાવનગરની બોર્ડિંગમાં રહ્યા અને આ પરીક્ષામાં ઉત્તમભાઈએ બાસઠ ટકા ગુણ મેળવ્યા.

અભ્યાસની એક મજલ પૂરી થઈ. મેમદપુરની ધૂળિયા નિશાળમાંથી શરૂ

થયેલી વિદ્યાયાત્રાનું એક વધુ શિખર હાંસલ કર્યું. મૅટ્રિક થવાની સાથોસાથ એમની સામે કેટલાય પ્રશ્નો ઊભા થયા. એમના ઘરના વાતાવરણમાં કોઈએ વિશેષ અભ્યાસ નહોતો કર્યો એટલે ઘર અને સમાજની દૃષ્ટિએ તો આ ઘણો અભ્યાસ ગણાય. આવી પરિસ્થિતિમાં વધુ અભ્યાસ કરવાની વાત ક્યાંથી હોય ? પરંતુ ભણવાની પારાવાર ઇચ્છાને કારણે ઉત્તમભાઈએ વિચાર્યું કે હજી આગળ વધવું છે. આટલું ભણવાથી અને ચારે બાજુ આટલી વાહવાહ થવાથી અભ્યાસનું પૂર્ણવિરામ આવી જતું નથી. વિદ્યાની યાત્રાને કોઈ અંત કે સીમા હોતાં નથી.

કઈ વિદ્યાશાખામાં આગળ અભ્યાસ કરવો એ અંગે ઉત્તમભાઈએ મનોમંથન શરૂ કર્યું. એ વિચારવા લાગ્યા કે આર્ટ્સ વિદ્યાશાખામાં ભણીને બી.એ. થઈએ છતાં નોકરી મળતી નથી, આથી વિજ્ઞાનની વિદ્યાશાખામાં જ અભ્યાસ કરવો જોઈએ. એમ પણ થયું કે વિજ્ઞાન અને ટેક્નૉલોજી અત્યારે હરણફાળ ભરી રહ્યાં છે ત્યારે જો વિજ્ઞાન વિદ્યાશાખામાં જઈશું તો કંઈ મહત્ત્વનું કામ કરી શકીશું. નોકરીની વધુ તક અને પ્રગતિની વિશેષ શક્યતા આમાં છે.

ભાવનગરમાં એ સમયે સાયન્સની એક જ કૉલેજ હતી. ઉત્તમભાઈ એમાં દાખલ થયા અને ભાવનગરની શામળદાસ કૉલેજની હોસ્ટેલમાં રહેવાનું નક્કી કર્યું. હવે પૈસાની ખેંચનો બરાબર અનુભવ થવા લાગ્યો. કૉલેજનો ખર્ચ મહિને પચીસ રૂપિયા આવતો હતો. પહેલાં સ્કૂલમાં તો માંડ આઠ-નવ રૂપિયા જ થતા હતા. એમાંય સ્કૂલની ફી તો એક રૂપિયો જ હતી.

ઉત્તમભાઈએ ભાવનગરમાં કૉલેજના અભ્યાસનો પ્રારંભ કર્યો. મહેનતથી માર્ગ શોધ્યો. નિષ્ઠાથી અભ્યાસ કર્યો. જ્યાં હૃદયમાંથી જ બળ સાંપડતું હોય, ત્યાં બાહ્ય પ્રેરણા કે પ્રોત્સાહનની કશી જરૂર હોતી નથી. બીજાને બાહ્ય સાથ કે હૂંફની જરૂર પડે, પણ એકલા ઉત્તમભાઈના જીવનમાં આવો પ્રોત્સાહનનો પ્રશ્ન જ ઊભો ન થયો. 'દીવે દીવો પેટાય' તેમ નહીં, પણ 'તું જ તારો દીવો થા' – એ ભાવના એમના હૃદયમાં હતી. પરિસ્થિતિએ એમને આ દર્શન આપ્યું હતું.

ભાવનગરમાં ઉત્તમભાઈ હોસ્ટેલમાં રહેતા હતા. ભણવામાં તેજસ્વી હોવાથી કૉલેજનું ઍડ્મિશન મેળવવામાં કશી મુશ્કેલી પડી નહીં. બન્યું એવું કે ઉત્તમભાઈના એક મિત્રને કૉલેજ-પ્રવેશ માટે જરૂરી ટકા નહોતા એટલે એમને કૉલેજમાં ઍડ્મિશન મળ્યું નહીં. પરગજુ ઉત્તમભાઈએ આચાર્યશ્રીને જઈને કહ્યું કે અમે ત્રણ જણા સાથે આવ્યા છીએ. જો એમને ઍડ્મિશન મળી જાય તો જ હું અહીં રહીને અભ્યાસ કરી શકું તેમ છું અને તેમનેય ઍડ્મિશન મળી ગયું. આ સમયે ઉત્તમભાઈને એમના ઘેરથી માસિક ખર્ચ માટે ૨૫ રૂપિયા મળતા હતા. જોકે મનમાં તો થતું કે આટલી રકમ પણ ન મંગાવવી પડે તો સારું. એફ. વાય.

સાયન્સમાં ઉત્તમભાઈ બીજા સ્થાને ઉત્તીર્ણ થયા. પરીક્ષાના પરિણામમાં ભાવનગરના વતનીને 'ફર્સ્ટ પ્રેફરન્સ' આપવામાં આવતો હતો, આથી ઉત્તમભાઈને બીજો નંબર મળ્યો અને તેનો એમને અફસોસ થયો. સદાય પહેલા નંબરે જ રહેવાની એમની ઝંખના. એનાથી ઓછું કશું ખપે નહીં. પરિણામે આવી ઘટનાઓ એમના ચિત્ત પર ઊંડી અસર કરી જતી.

કલાપ્રેમી શહેર ભાવનગરમાં વિદ્યાનું વાતાવરણ ઘણું સારું હતું. એ સમયે આચાર્ય તરીકે અત્યંત માયાળુ સાહનીસાહેબ હતા. એમના માટે એમ કહેવાતું કે નવો કોટ હોય તો પણ થીંગડાં મારીને પહેરે. આ કંઈ ડોળ કે ગરીબી બતાવવાના દંભ ખાતર કરતા નહીં, પણ થીંગડાં મારેલું કપડું પહેરવું એ કંઈ ગુનો નથી, શરમ નથી, તેમ સાબિત કરવા માટે. ગરીબાઈ કોઈ શરમની બાબત નથી. એનાથી સહેજે હીનતા અનુભવવાની જરૂર નથી એવો પાઠ પોતાના વર્તનથી પૂરો પાડતા અને આ રીતે ગરીબ વિદ્યાર્થીઓમાં રહેલી લઘુતાગ્રંથિને દૂર કરતા હતા. ૧૯૪૧માં ભાવનગરની શામળદાસ કૉલેજમાં એફ. વાય. સાયન્સની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા. આ સમયે એમને ખ્યાલ આવ્યો કે આચાર્યશ્રી વિજય-વલ્લભસૂરિજીની પ્રેરણાથી સ્થપાયેલા શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં તેઓ લોન-વિદ્યાર્થી તરીકે ભણી શકે તેમ છે અને વિદ્યાલયની મુખ્ય શાખા મુંબઈમાં હોવાથી મુંબઈમાં અભ્યાસની સગવડ ઉપલબ્ધ થાય તેમ છે. ઉત્તમભાઈએ પાલનપુરમાં મૅટ્રિકની પરીક્ષા પસાર કરી પછી જો આ સંસ્થાનો ખ્યાલ હોત તો તેઓએ ભાવનગરને બદલે મુંબઈમાં જ કૉલેજ-કારકિર્દીનો પ્રારંભ કર્યો હોત.

૧૯૪૧ના જૂનમાં મુંબઈના શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં લોન-વિદ્યાર્થી તરીકે દાખલ થયા. લોન-વિદ્યાર્થીનો અર્થ એટલો કે એ વિદ્યાર્થીના અભ્યાસનો, નિવાસનો અને ભોજનનો તમામ ખર્ચ એ સંસ્થા ચૂકવે. જ્યારે એ વિદ્યાર્થી પોતે જાતે કમાય ત્યારે એ ખર્ચ એટલે કે લોન પાછી ચૂકવી આપે. ઉત્તમભાઈનો મુંબઈના શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં રહેવા-જમવાનો વાર્ષિક ૩૦૦ રૂ. ખર્ચ સંસ્થા ચૂકવતી હતી. પરિણામે ઘેરથી રકમ મંગાવવાની જરૂર ન પડી અને ઘરના લોકોને પણ ઓછો ખર્ચ આવતો હોવાથી આમાં કોઈ વાંધો નહોતો. આમ મેમદપુરથી શરૂ થયેલી વિદ્યાયાત્રા આપબળે પાલનપુર થઈને ભાવનગરમાં આગળ ધપી. હવે મુંબઈની નવી દુનિયામાં એમણે પગ મૂક્યો.

❑

# ૩

# વિદ્યાલયનો વિદ્યાકાળ

**સ**મગ્ર દેશમાં નવજાગૃતિનો સંચાર થયો હતો. પરાધીનતાની ઘોર નિદ્રામાંથી જાગ્રત થઈને દેશ પરાધીનતા સામે લડવા થનગની રહ્યો હતો. આઝાદીના એ ઉત્સાહયુક્ત, પ્રેરણાદાયી દિવસો હતા.

મહાત્મા ગાંધીજીએ અંગ્રેજો સામે આઝાદી કાજે અહિંસક આંદોલન શરૂ કર્યું હતું અને દેશભરમાં એના પડઘા ગાજતા અને ગુંજતા હતા. ગાંધીજીની સાદાઈ, સ્વદેશી, ગ્રામોદ્ધાર અને અહિંસાની ભાવનાઓ યુવાનોનાં હૃદયમાં નવો પ્રાણ સંચાર કરતી હતી. આઝાદીના આશક યુવકો સરફરોશીની તમન્ના સાથે વંદેમાતરમ્‌ના નારા પોકારતાં અંગ્રેજોની તકાયેલી બંદૂક સામે ઊભા રહેતા હતા અને વખત આવે હસતે મુખે ફાંસીને માંચડે ચડીને પ્રાણની આહુતિ આપતા હતા.

એક બાજુ ઈ. સ. ૧૯૪૨માં આઝાદી માટે મથામણ ચાલતી હતી ત્યારે બીજી બાજુ અંગ્રેજોની 'ભાગલા પાડો અને રાજ ચલાવો'ની ફૂટ નીતિ અનુસાર હિંદુ અને મુસલમાન વચ્ચે વેર અને વૈમનસ્યનાં બીજ રોપાયાં હતાં. ભાઈચારાથી રહેતી બે કોમ વચ્ચે એટલો વિસંવાદ ભડકી ઊઠ્યો કે બંને કોમ એકબીજાની લોહીતરસી બની ગઈ હતી. કલકત્તા અને મુંબઈ જેવાં મહાનગરોમાં મોટા પાયે કોમી રમખાણ ફાટી નીકળ્યાં હતાં. લૂંટ, અત્યાચાર અને હત્યાનું તાંડવ મચ્યું હતું.

આવી પરિસ્થિતિ વચ્ચે પાલનપુરથી આવેલા ઉત્તમભાઈએ મુંબઈની કોમી રમખાણોથી સળગતી ધરતી પર પગ મૂક્યો. મુંબઈ જેવા મહાનગરમાં કોઈ સગાંસંબંધી નહીં, અરે ! સામાન્ય પરિચિત ગણાય તેવું પણ કોઈ નહોતું. એમાં વળી હુલ્લડના વાતાવરણમાં તો જાતજાતની અફવાઓ આવે. ક્યાંક ખંજર ભોંકાવાના બનાવો બને તો ક્યાંક જીવતા સળગાવી દેવાની અમાનવીય ઘટનાઓ બનતી હતી. માનવ દાનવ બન્યો હતો. માનવતા વીસરાઈ ગઈ હતી.

પોતાના એક સંબંધીના સંગાથે તેઓ પાલનપુરથી મુંબઈ આવ્યા. એક-બે દિવસ સંબંધીને ત્યાં રહીને શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં આવ્યા.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય એટલે જૈન સમાજે રચેલું અજોડ વિદ્યાતીર્થ. શિક્ષણ વિના સમાજમાં અજવાળું ફેલાતું નથી, એવી ભાવના સાથે આજથી પંચ્યાસી વર્ષ પહેલાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની યુગદર્શી આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીએ પ્રેરણા આપી હતી. એ સમયે એમને ધાર્મિક રૂઢિચુસ્તતા અને આર્થિક સંકડામણના અનેક અવરોધો સહન કરવા પડ્યા હતા. પરંતુ અંતે શ્રી મહાવીર જૈન વિદ્યાલય એ મૂર્તિપૂજક જૈન સમાજમાં વિદ્યાનું મહત્ત્વનું કાર્ય કરનારી સંસ્થા બની. આર્થિક રીતે મુશ્કેલી અનુભવતા તેજસ્વી વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ-વિદ્યાકીય કારકિર્દી રચવા માટે આર્થિક સહાય આપી. કેટલાય



નવું વાતાવરણ અને નવી દિશા

દૂરદૂરનાં ગામડાંમાં વસતા, તેજસ્વી જૈન યુવાનોને મુંબઈ, અમદાવાદ, વડોદરા જેવાં નગરોમાં અભ્યાસની સગવડ પૂરી પાડી.

એ સમયના શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મહામાત્ર શ્રી કાંતિલાલ કોરા સર્વત્ર 'કોરાસાહેબ' તરીકે જાણીતા હતા. શાંત વ્યક્તિત્વ, બહુ ઓછું બોલે, કિંતુ શિસ્તના એટલા જ આગ્રહી. વિદ્યાર્થીઓ એમનાથી ડરે પણ ખરા. શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં પ્રવેશ મેળવવા આવેલા શ્રી યુ. એન. મહેતા એમને મળવા ગયા. મુંબઈનું નવું વાતાવરણ અને એમાં આવા કડક મહામાત્ર !

કોરાસાહેબે એમને કહ્યું કે તમે શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ટ્રસ્ટી શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયાનો સહીવાળો કાગળ લાવો તો જ તમને પ્રવેશ આપું. ઉત્તમભાઈ વિચારમાં ડૂબી ગયા. કાગળ તો મળે તેમ હતો, પણ એમના નિવાસસ્થાને જવું કઈ રીતે ? મુંબઈથી સાવ અજાણ્યા અને એમાંય હુલ્લડનું ભયભરેલું વાતાવરણ. વળી વિદ્યાલયમાં મૂકવા આવેલા પેલા સંબંધીને ફરી છેક વિદ્યાલય સુધી બોલાવવાય પણ કેવી રીતે ? તેઓ તો એમને વિદ્યાલયમાં મૂકીને ચાલ્યા ગયા હતા.

યુવાન ઉત્તમભાઈએ ઊંડો વિચાર કર્યો. શિસ્ત અને વ્યવસ્થાના આગ્રહી કોરાસાહેબ કશું ચલાવી લે તેવી વ્યક્તિ નહોતા. શ્રી મોતીચંદભાઈ કાપડિયાના હસ્તાક્ષર વિનાના પત્ર સિવાય પ્રવેશ મેળવવો મુશ્કેલ હતો. વળી અભ્યાસમાં આગળ વધવું એ તો દૃઢ નિશ્ચય હતો. આથી મન મક્કમ કરીને અજાણ્યા મુંબઈમાં એકલા નીકળી પડ્યા. વાતાવરણ ભેંકાર હતું, પણ થાય શું ? તેઓ શ્રી મોતીચંદભાઈ કાપડિયાને મળ્યા અને એમની સહીવાળો કાગળ લઈને આપ્યો ત્યારે એમને શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં પ્રવેશ મળ્યો.

એ સમયે ટેક્નૉલોજીનો અભ્યાસ કરવાનું ઉત્તમભાઈને આકર્ષણ હતું. મનમાં ખ્યાલ પણ એવો કે નવા ક્ષેત્રમાં જઈએ તો કંઈક નવું કરી શકીએ. નોકરી મળવાની શક્યતા પણ ઊજળી રહે. મુંબઈની વિખ્યાત વિલ્સન કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. શ્રી મહાવીર જૈન વિદ્યાલયથી વિલ્સન કૉલેજ માત્ર દોઢેક કિલોમીટરના અંતરે હતી. મુંબઈમાં કૉલેજ તરીકે એની નામના પણ સારી હતી. ઉત્તમભાઈ સવારે ઝડપથી ભોજન પતાવીને કૉલેજમાં જતા હતા અને સાંજે પાછા આવી જતા. અભ્યાસ માટેનાં પુસ્તકો તો શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાંથી મળતાં હતાં. આ સિવાય બીજો છ-સાત રૂપિયાનો મહિને પરચૂરણ ખર્ચ થતો. ઉત્તમભાઈ વિલ્સન કૉલેજમાં હતા ત્યારે ટૅનિસ અને બૅડમિન્ટન જેવી રમતો ખેલતા હતા. એક વાર કૉલેજની ચૂંટણીમાં તેઓ ઊભા રહ્યા હતા અને વિજયી બન્યા હતા. એમના એ સમયના સાથી કે. સી. શાહે થોડા સમય અગાઉ જૈફ ઉંમરે પણ આ ઘટનાનું જીવંત સ્મરણ વર્ણવ્યું હતું.

મુંબઈના શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સામે આવેલું મેદાન આજે ઑગસ્ટ ક્રાંતિ મેદાન તરીકે જાણીતું છે. ગોવાલિયા ટૅન્કનું આ મેદાન રાષ્ટ્રના અગ્રણી નેતાઓના બુલંદ અવાજથી એ જમાનામાં સતત ગુંજતું હતું. 'ભારત છોડો' (ક્વિટ ઇન્ડિયા)ની ઝુંબેશનો શુભારંભ આ મેદાનથી થયો હતો.

એ સમયના ઉત્તમભાઈના મિત્રોમાં સર્વશ્રી વી. વી. શાહ, સી. એન. શાહ, બી. ટી. પરમાર અને એ. એન. શાહ હતા. અભ્યાસ પછી શ્રી વી. વી. શાહે કટલરી અને હોઝિયરીનો વેપાર કર્યો. સી. એન. શાહ ડૉક્ટર થયા અને મુંબઈના સેન્ડહર્સ્ટ રોડ પર દવાખાનું ખોલ્યું તેમજ બી. ટી. પરમાર હિંદીના અધ્યાપક બન્યા. આ મિત્રોની મંડળી સાથે રહેતી, સાથે વાંચતી અને સાથે જુદી જુદી રમતો ખેલતી હતી. મુંબઈના બાહ્ય વાતાવરણની ઉત્તમભાઈ પર કશી અસર થઈ નહીં. એક તો ભણવાની લગની, બીજું વિદ્યાલયનું વાતાવરણ અને ત્રીજું વિદ્યાર્થી તરીકે સાદાઈભર્યું જીવન. એમની પાસે એટલા પૈસા પણ નહોતા કે જેથી એ કોઈ મોજશોખનો વિચાર કરી શકે.

વિદ્યાલયના પ્રવેશ સમયે યુવાન અને ઉત્સાહી ઉત્તમભાઈને કોરાસાહેબનો શિસ્તનો આગ્રહ ક્યારેક અકળાવનારો લાગતો હતો. એમ પણ લાગતું કે તેઓ નવા-સવા વિદ્યાર્થી પ્રત્યે વધુ પડતો કડક અભિગમ ધરાવે છે, પણ એમની અગ્નિપરીક્ષામાં પસાર થયેલો વિદ્યાર્થી જેમ જેમ અભ્યાસમાં આગળ વધતો જાય અને તેજસ્વિતા દાખવતો જાય તેમ તેમ એને તેઓ સ્નેહ અને સુવિધાઓ આપતા હતા. અત્યંત મિતભાષી કોરાસાહેબના હૃદયમાં વિદ્યાર્થીઓ માટે અપાર સ્નેહ હતો.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયને કારણે ઉત્તમભાઈ અભ્યાસમાં આગળ વધી શક્યા. બાકી એ સમયે એમની આર્થિક સ્થિતિ એવી હતી કે ફી અથવા પુસ્તકો માટે પચીસ રૂપિયા કાઢવા પણ મુશ્કેલ બન્યા હોત. આવી પરિસ્થિતિમાં મુંબઈ મહાનગરમાં ત્રણ-ત્રણ વર્ષ સુધી અભ્યાસની અનુકૂળતા સાંપડી, તેનું ઋણ તો કઈ રીતે ફેડી શકાય ? વિદ્યાલય ના હોત તો તેમનો વિદ્યાવિકાસ થયો ન હોત. વળી મુંબઈના વાતાવરણમાં ઉચ્ચ અભ્યાસની તક મળી ન હોત. પછાત ગણાતા બનાસકાંઠાના વિસ્તારમાં એમનો ઉછેર થયો હતો. જ્ઞાતિમાં કે આસપાસના સમાજમાં પણ કોઈ વિશેષ જ્ઞાનપ્રકાશ નહોતો. આવે સમયે ઉત્તમભાઈના મુંબઈના અભ્યાસને કારણે એમનો દૃષ્ટિકોણ વિશાળ બન્યો, એટલું જ નહીં પણ એમણે અંગ્રેજી ભાષા પર પણ પ્રભુત્વ મેળવ્યું.

૧૯૪૧થી જ વિશ્વયુદ્ધને કારણે મુંબઈમાં બ્લૅક-આઉટ ચાલતો હતો. રાત્રે લાઇટના પ્રકાશનું એક નાનુંશું કિરણ પણ ઘરની બહાર દેખાવું ન જોઈએ તેની

ખૂબ સાવધાની રાખવામાં આવતી હતી. રાત્રે લગભગ અંધકાર છવાયેલો રહેતો.

૧૯૪૨માં વળી એક નવી ઘટના અને એક નવું વાવાઝોડું આવ્યું. વિશ્વયુદ્ધની રણભેરી ગાજતી હતી. જાપાન ચડાઈ કરવાની તૈયારી કરી રહ્યું છે એવા સમાચારે મુંબઈ લગભગ ખાલી થઈ ગયું. મુંબઈમાં વ્યવસાય કે ધંધો હોવાથી અનિવાર્યપણે જેમને રહેવું પડે તેમ હતું તેઓ રહ્યા. પણ તેઓય એમનાં સગાંવહાલાં અને સંબંધીઓને પોતાના વતનમાં મૂકી આવ્યા.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં અભ્યાસ કરતા હતા ત્યારે અનેક વિદ્યાર્થીઓ એમના મિત્ર બન્યા. મિલનસાર સ્વભાવ અને મહેનતુ વિદ્યાર્થીની એમની છાપને કારણે એમનો મિત્રવર્ગ વિશાળ હતો. એ વખતે પોતાના સહાધ્યાયી અને પાછળથી નામાંકિત ડૉક્ટર બનેલા સી. એન. શાહનું એમને સ્મરણ છે. એવા એમના બીજા સહાધ્યાયી હતા કે. સી. શાહ. જ્યારે એમના મિત્ર ડૉ. રસિકલાલ મલુકચંદ ભણશાળી સાથે તો ઉત્તમભાઈ દસેક વર્ષ ભણ્યા હતા. યુવાવયના ઉત્તમભાઈની દિનચર્યામાં વ્યાયામ અને રમતગમતને મહત્ત્વનું સ્થાન હતું. પાલનપુરમાં અને એ પછી મુંબઈમાં હતા ત્યારે તેઓ દંડબેઠક કરતા હતા. જુદા જુદા પ્રકારના વ્યાયામમાં તેઓ નિપુણ હતા. પરિણામે એમનો શારીરિક બાંધો ઘણો મજબૂત હતો અને આરોગ્ય અકબંધ જળવાયેલું રહેતું હતું. વિદ્યાલયના અભ્યાસકાળ દરમિયાન તેઓ વિદ્યાલયના રમતગમત મંત્રી હતા. આને કારણે રજિસ્ટ્રાર કોરાસાહેબને અવારનવાર મળવાનું બનતું હતું. એમાં પણ ઉત્તમભાઈ જનરલ સેક્રેટરી થયા ત્યારે વખતોવખત વિદ્યાર્થીઓના પ્રશ્નોની રજૂઆત કરવા પણ જતા હતા. એ જમાનામાં મોટા પગારની નોકરી છોડીને વિદ્યાના સ્નેહથી કોરાસાહેબ વિદ્યાલયનું સંચાલન કરતા હતા. તેઓ ક્યારેક રાત્રે રાઉન્ડ લઈને વિદ્યાર્થીઓની પ્રવૃત્તિની પૂરતી ભાળ રાખતા. એ સમયે એમનું આકરું લાગતું શિસ્તપાલન વિદ્યાર્થીઓના જીવનઘડતરમાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવી ગયું.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં અભ્યાસ કરતી વખતે ઉત્તમભાઈ મનોમન એના પ્રણેતા યુગદર્શી આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની મહાનતાનો વિચાર કરતા હતા. ઈ. સ. ૧૯૧૪માં સમાજના ઘણા મોટા વિરોધ વચ્ચે એમણે હિંમતભેર આ સંસ્થાનો પાયો નાખ્યો અને અગણિત વિદ્યાર્થીઓને વિદ્યાદાન આપ્યું. વળી આર્થિક સંકડામણના કારણે કોઈ વિદ્યાભ્યાસ ન કરી શકે તો તેને આ સંસ્થા ગ્રાન્ટ નહીં, કિંતુ લોન આપતી હતી. એમનો આ વિચાર અનોખો હતો.

ઉત્તમભાઈ એમના જીવનકાળ દરમિયાન એવું સતત અનુભવતા કે મંદિરો બંધાવવામાં, સ્વામીવાત્સલ્ય કરવામાં, યાત્રા યોજવામાં અને સંઘ કાઢવામાં

પહેલેથી જ શ્વેતાંબર જૈનો પુષ્કળ ધન વાપરતા હતા, પણ આવી પરિસ્થિતિમાં શ્વેતાંબર જૈનોમાં આવો વિદ્યાભ્યાસ વિકસે એવી ભાવના સાથેનો આ પ્રયત્ન યુગદર્શી આચાર્યની આવતીકાલ જોવાની શક્તિ અને દૃષ્ટિ બતાવે છે. ઉત્તમભાઈને વિદ્યાલયમાંથી બારસો રૂપિયાની લોન મળતી હતી. તેઓ સંસ્થામાં રહીને ત્રણ વર્ષ સુધી ભણ્યા. ઉત્તમભાઈ કમાતા થયા કે તરત જ એમણે એ લોન પરત કરી દીધી.

વિજ્ઞાન વિદ્યાશાખામાં અભ્યાસ શરૂ કર્યા પછી ઉત્તમભાઈની સમક્ષ એક સવાલ એ આવ્યો કે કયા ક્ષેત્રમાં અભ્યાસ આગળ ધપાવવો ? આ સમયે એમણે પાલનપુરના પોતાના પરિચિત ડૉક્ટરોની સલાહ લીધી હતી. ડૉક્ટરોએ એમને એમ કહ્યું કે મેડિકલ લાઇનમાં હવે વિશેષ વિકાસની કે મોટા આર્થિક લાભની બહુ શક્યતા રહી નથી. વળી તમે સાયન્સનો વિષય લીધો છે, તો ટેક્નૉલોજીના ક્ષેત્રમાં જશો તો ભવિષ્યમાં ઘણી ઊજળી તકો રહેશે. નવાં ક્ષેત્રોનું ખેડાણ કરી શકશો. વ્યવસાયની ઘણી શક્યતાઓ ખોળી શકશો.

૧૯૪૨ની 'ભારત છોડો'ની મુંબઈના ઑગસ્ટ ક્રાંતિમેદાનમાં થયેલી વિરાટ ઐતિહાસિક સભામાં ઉત્તમભાઈએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સમયે મહાત્મા ગાંધીજીની વિચારસરણીનો એમના પર પ્રભાવ પડ્યો હતો. પરિણામે આડંબરને બદલે સાદાઈથી રહેવું, પોતાની જાત પર નિર્ભર રહેવું, બને તેટલી ઓછી અપેક્ષાઓ રાખવી અને કોઈની પાસે બિનજરૂરી માંગણી કરવી નહીં એવી એમની પ્રકૃતિ કેળવાઈ હતી. ગાંધીજીના ગ્રંથોમાંથી માટીના પ્રયોગો અને કુદરતી ઉપચારની પ્રેરણા મેળવી હતી. આ સમયે પંડિત જવાહરલાલ નહેરુ, અબુલ કલામ આઝાદ અને જે. બી. કૃપાલાની જેવા રાષ્ટ્રના મહાન નેતાઓને નજીકથી નિહાળવાનો લહાવો મળ્યો હતો.

નિશાળના અભ્યાસકાળ દરમ્યાન ઉત્તમભાઈ ખમીસ અને લેંઘો પહેરતા, જ્યારે કૉલેજના અભ્યાસ વખતે ખમીસ અને પેન્ટ પહેરતા હતા, તેઓ વિલ્સન કૉલેજમાં હતા ત્યારે ખ્રિસ્તી ધર્મગ્રંથ બાઇબલના અભ્યાસનો દર અઠવાડિયે એક વર્ગ રહેતો અને તેમાં સહુ કોઈને ફરજિયાત અભ્યાસ કરવો પડતો. આની વિરુદ્ધમાં વિદ્યાર્થીઓએ હડતાળ પાડી હતી. ઉત્તમભાઈએ આમાં સક્રિય સાથ આપ્યો. કૉલેજના પ્રિન્સિપાલ મેકેન્ઝે વિદ્યાર્થીઓ તરફ ઉદાર લાગણી ધરાવતા હતા તેથી આ પ્રશ્ન ચગાવવાને બદલે એનું શાંત સમાધાન ખોળવામાં આવ્યું.

ઉત્તમભાઈએ મનમાં વિચાર્યું કે ટેક્નૉલોજીમાં જવું હોય તો બી.એસસી.માં પ્રવેશ મેળવીને સાયન્સ વિદ્યાશાખામાં જવું પડે. ઉત્તમભાઈ પાલનપુર રાજના વતની હતા અને એ સમયે રજવાડાંના વિદ્યાર્થીઓને મેડિકલમાં પ્રવેશ મેળવવા

માટે ઘણી મુશ્કેલી પડતી હતી. એમણે મુખ્ય વિષય તરીકે કેમિસ્ટ્રી અને ગૌણ વિષય તરીકે ફિઝિક્સ રાખ્યું હતું. તેજસ્વી ઉત્તમભાઈએ બી.એસ. સી.માં સારા એવા ટકા મેળવ્યા પરંતુ ટેક્નિકલ વિદ્યાશાખામાં પ્રવેશ મેળવવા માટે તે પૂરતા ન હતા. ઉત્તમભાઈને કેમિસ્ટ્રીમાં સારા માર્ક્સ આવ્યા હતા અને તે વિષયમાં ઊંડો રસ પડતો હતો, પરંતુ એમની સામે મુખ્ય સવાલ તો તત્કાળ નોકરી મેળવીને આજીવિકા માટે આવક ઊભી કરવાનો હતો. ભણવાનું મોંઘું થતું હતું. વળી વિદ્યાલયમાં ગ્રેજ્યુએશનથી આગળ અભ્યાસ કરનારને માટે નિવાસની વ્યવસ્થા નહોતી. વધુ અભ્યાસ માટે પૈસાની પણ વ્યવસ્થા કરવી પડે તેમ હતી.

યુવાનીનાં સ્વપ્નો વાસ્તવિકતાના ધરાતલ પર આવતાં ક્યારેક આથમી જાય છે તો ક્વચિત્ વિલક્ષણ વળાંક લે છે. ઉત્તમભાઈને નોકરી કરવાનો નિર્ણય કરવો પડ્યો. કોઈ નવા ક્ષેત્રમાં ઝંપલાવવાનાં કેટલાંય અરમાન હૃદયમાં હતાં. પ્રગતિ સાધીને આગળ વધવાની કેટલીય મહેચ્છા હતી, પણ સવાલ એ હતો કે પાસે કોઈ આર્થિક પીઠબળ નહોતું કે વારસાગત વ્યવસાય નહોતો, આથી તત્કાળ કમાણી માટે નોકરીની શરણાગતિ સ્વીકારવી પડી.

❑



દાંમ્પત્યના પગથારે

૪

# નથી કિનારો કે નથી દીવાદાંડી

**સં**સારરથનાં બે ચક્રો છે – પતિ અને પત્ની. આ બંને ચક્ર જીવનની ખાડાટેકરાવાળી ખરબચડી કાંટા-ઝાંખરાંની ભરેલી ધરતી પર સંવાદી બનીને ચાલે તો જ જીવનરથ એકધારી ગતિએ આગળ વધતો રહે. રથનું એક ચક્ર બરાબર ન ચાલે તો એ જીવનરથ આગળ ધપવાને બદલે ઊથલી પડે. આમાં સંવાદ હોય તો જ સિદ્ધિ મળે. એમાં વિખવાદ જાગે તો વિફળતા સાંપડે.

ઉત્તમભાઈની જીવનકથા એમનાં પત્ની શારદાબહેનની સમર્પણગાથા વિના અપૂર્ણ જ રહે. પ્રગતિ અને પીઠબળ બંને એકસાથે ચાલે ત્યારે જ વ્યક્તિની મહેચ્છા અને મહત્ત્વાકાંક્ષા સિદ્ધ થાય છે. શારદાબહેનને ગળથૂથીમાં પિતા મણિભાઈ પ્રેમચંદ દેસાઈ અને માતા બબુબહેનના ધાર્મિક સંસ્કાર મળ્યા હતા. મણિલાલભાઈનાં માતા ગંગાબા ધાર્મિક સંસ્કારવાળાં અને દૃઢ મનોબળવાળાં હતાં. શારદાબહેનમાં માતાના ધર્મસંસ્કારનું સિંચન થયું. એમનાં માતા જૈન ધર્મનું ચુસ્તપણે પાલન કરતાં હતાં. આને કારણે રોજ દેવદર્શને જવાનું અને પાઠશાળામાં જવાનું શારદાબહેનના જીવનમાં સાહજિક રીતે જ વણાઈ ગયું.

બબુબહેનના ધર્મસંસ્કાર એટલા દૃઢ હતા કે તેઓ તીર્થંકરની જ ઉપાસના કરતાં હતાં. તારક તીર્થંકર સિવાય બીજા અન્ય દેવને કે કોઈને ક્યારેય નમે નહીં. એ કહે કે નમવું તો જેણે આંતરજગતને જીત્યું છે એવા તીર્થંકરને. એ તીર્થંકરો જ સાચો રસ્તો બતાવી શકે અને મોક્ષ-સુખ આપી શકે. બીજા મિથ્યાત્વી દેવને બબુબહેન નમે નહીં એવા ટેકીલા. એમની ધર્મઆસ્થા જેટલી પ્રબળ હતી એટલા જ દૃઢ એમના ધર્મવિચાર હતા. મણિભાઈ યાત્રાએ જાય ત્યારે ધર્મશાળામાંથી બહાર નીકળતી વખતે દાનમાં સારી એવી રકમ લખાવતા. તેઓ કહેતા કે ધર્મશાળામાં રહેવાનો અને ભોજનશાળાનો લાભ લેવા જેટલો ખર્ચ દાન રૂપે આપીએ એટલું પૂરતું નથી.

એ સમયે મોટેભાગે ધર્મતીર્થોમાં ધર્મશાળામાં રહેવાનો કે ભોજનશાળામાં જમવાનો કોઈ ખર્ચ લેવાતો ન હતો, ત્યારે મણિભાઈ કહેતા કે માત્ર સ્વનો જ વિચાર કરવો જોઈએ નહીં, બલ્કે બીજા દસ યાત્રાળુઓનો વિચાર કરીને આવા ધર્મક્ષેત્રે વિશેષ દાન આપવું જોઈએ.

ગામમાં મણિભાઈની છાપ એવી કે કંઈ મુશ્કેલી પડે એટલે સહુ એમની પાસે દોડી જતા. કોઈના ઘરમાં ઝઘડો જાગ્યો હોય, કુટુંબમાં વિખવાદ થયો હોય કે પછી ગામમાં કોઈ ફૂટ પડી હોય ત્યારે મણિભાઈનો શબ્દ સહુ માથે ચડાવતા. તેઓ સહુના આદરપાત્ર ગણાતા હતા. સવા છ ફૂટ જેટલી એમની ઊંચી-પાતળી કાયામાં અદ્‌ભુત કર્મઠતા હતી. કોઈને પૈસા ધીર્યા હોય અને એ પાછા ન આપે તો ક્યારેય જપ્તી લાવવાનો વિચાર કરતા નહીં. તેઓ વિચારતા કે માણસ



મેમદપુરમાં આવેલું શારદાબહેનના બાલ્યકાળનું નિવાસસ્થાન

સ્વભાવથી ખોટો કે મનથી કપટી નથી. નક્કી એ મુશ્કેલીમાં હશે એટલે જ ગલ્લાંતલ્લાં કરતો હશે. સુખના સારા દિવસો આવશે એટલે જરૂર રકમ ભરપાઈ કરી આપશે.

મણિભાઈએ અભ્યાસ તો માત્ર બે ચોપડી સુધીનો જ કર્યો હતો, પરંતુ હોશિયાર એવા કે બધા એમની સલાહ લેવા આવતા હતા. કામ પડે મદદ માંગવા પણ દોડી આવતા અને મણિભાઈ નિઃસ્વાર્થભાવે ઝઘડાઓ ઉકેલી આપતા હતા. કોઈને લેવડદેવડમાં મુશ્કેલી ઊભી થઈ હોય એને ડહાપણભર્યો ઉકેલ શોધી આપતા. કોઈ પણ વ્યક્તિ આવે તો એમનું આતિથ્ય એવું કે જમ્યા વિના એમના ઘેરથી પાછો જાય નહીં. ગામની કોઈ વ્યક્તિ આવી હોય તો પણ એને આગ્રહ કરી પ્રેમથી ચા પિવડાવે.

મણિભાઈની માતા ગંગાબહેને જીવનમાં અપાર દુઃખો વેઠ્યાં હતાં. મણિભાઈના પિતા પ્રેમચંદભાઈ મણિભાઈ છ મહિનાના હતા ત્યારે અકાળે અવસાન પામ્યા. ગંગાબહેન પર એકાએક આખું આભ તૂટી પડ્યું. એમને માથે ચાર સંતાનોને ઉછેરવાની ઘણી મોટી જવાબદારી આવી પડી. મુશ્કેલીઓથી મહાત થવાનું એમના સ્વભાવમાં નહોતું. ઊંડી કોઠાસૂઝ અને દૃઢ મનોબળથી જીવનનાં આકરાં-કપરાં ચઢાણો પાર કરવાની શાંત શક્તિ હતી. એ જમાનામાં ગંગાબહેન મેમદપુરથી પાલનપુર ગોળ, ખાંડ અને અનાજ લેવા જતાં હતાં. તેર કિલોમીટરનું અંતર ત્રણ કલાકમાં પસાર કરીને પાલનપુર પહોંચે. અહીંથી ગોળનો રવો ખરીદે. રવો માથે લઈને ત્રણેક કલાક ચાલીને પાલનપુરથી મેમદપુર આવે. વહેલી સવારના ચાર વાગે મેમદપુરથી નીકળ્યાં હોય અને અગિયાર વાગે તો પાલનપુરથી ગોળ કે ખાંડ ખરીદીને પાછાં આવી જાય. ગંગાબહેન ગોળ, ખાંડ અને ચાનો વેપાર કરતાં હતાં. ગામના રજપૂતોને નાણાં પણ ધીરતા હતા. પેટે પાટા બાંધીને ગંગાબહેને મણિભાઈ અને બીજાં સંતાનોને જતનથી ઉછેર્યાં.

મણિભાઈને સાત સંતાન હતાં. એમાં શારદાબહેન સૌથી મોટાં હતાં. તેઓ માનતા કે શારદાબહેન આવ્યા પછી પોતાની ઉન્નતિ થઈ છે એટલે પુત્રીનો જન્મ લાભદાયી ગણતા હતા. આમ શારદાબહેન પર માતાની ધાર્મિક વૃત્તિનો અને દાદીની નિર્ભયતાનો ઘણો મોટો પ્રભાવ પડ્યો. શારદાબહેનને ધાર્મિક શિક્ષણ મળ્યું. એ જમાનામાં ગામડામાં છોકરીઓ નિશાળે જતી નહીં. પરિણામે શારદાબહેન જે કંઈ શીખ્યાં તે સ્વપ્રયત્નથી શીખ્યાં અને લગ્ન બાદ ઉત્તમભાઈના સહયોગથી એમાં પ્રગતિ કરી.

પિતાને ત્યાં શારદાબહેન ઘરનો અને વ્યવહારનો ભાર ઉપાડતાં હતાં. એક સમયે ઉત્તમભાઈનાં માસી જમનાબહેને નાનકડા શારદાબહેનને જોયાં. એમને

મનોમન ઇચ્છા જાગી કે ઉત્તમભાઈનું વેવિશાળ આની સાથે થાય તો કેવું સારું ! એમણે મણિભાઈને વાત કરી અને તેઓ ભણેલાગણેલા ઉત્તમભાઈ સમક્ષ વાત કરવા ગયા. ઉત્તમભાઈએ કહ્યું કે છોકરીને જોયા પછી લગ્ન કરું. જમનાબહેને એમની વાતનો સ્વીકાર કર્યો. એમણે ઉત્તમભાઈને કહ્યું કે તમારાં બંનેનાં લગ્ન થાય, પછી મારે સંસારકાર્યમાંથી નિવૃત્તિ લઈને દીક્ષા લેવી છે.

ઉત્તમભાઈ મૅટ્રિકની પરીક્ષા આપી ભાવનગર ભણવા ગયા હતા. આ સમયે વેવિશાળની વાત ચાલી. ૧૯૪૭ની ૨૭મી ફેબ્રુઆરીએ ઉત્તમભાઈનાં લગ્ન શારદાબહેન સાથે થયાં. એમના સસરાનું મૂળ વતન મેમદપુર હોવાથી ગામમાં ને ગામમાં જ જાન આવી. લગ્નમાં એમના અણવર તરીકે એમના સહાધ્યાયી મિત્ર જેસિંગભાઈ હતા. લગ્નમાં ચારેક હજારનો ખર્ચ થયો.

લગ્નસમયે જ્ઞાતિમાં એવો રિવાજ પ્રવર્તતો હતો કે વરપક્ષવાળાને લહાણી કરવી પડે. આ લહાણીમાં સ્થિતિ પ્રમાણે કન્યાપક્ષવાળાને વાસણ કે સાકર આપવામાં આવતી હતી. ઉત્તમભાઈએ સમાજની ચાલી આવતી આ રૂઢિનો વિરોધ કર્યો. આની પાછળ એમનો એવો ખ્યાલ હતો કે જ્ઞાતિના ખોટા ખર્ચા બંધ થવા જોઈએ. એમણે વિચાર્યું કે કોઈ વરપક્ષવાળાની આર્થિક સ્થિતિ સારી ન હોય તો પણ એને લહાણી કરવી પડે તે અયોગ્ય છે, આથી એમણે આ રિવાજને મચક આપી નહીં.

જ્ઞાતિમાં ઉત્તમભાઈ વિદ્યાવાન વ્યક્તિ તરીકે આદરપાત્ર ગણાતા હતા તેથી એમની સામે થોડો વિરોધ થયો ખરો, પણ ઝડપથી શમી ગયો. જ્ઞાતિના રિવાજ ફરજિયાત ન હોવા જોઈએ એવો એમનો વિચાર એમના વિરોધના મૂળમાં હતો. મણિભાઈની ઇચ્છા હતી કે લહાણી કરવામાં આવે, પરંતુ ઉત્તમભાઈની દૃઢતા જોઈને એમણે પોતાનો વિચાર પડતો મૂક્યો.

ઉત્તમભાઈનાં લગ્ન બાદ થોડા સમયમાં એમના મોટાભાઈ અંબાલાલભાઈએ પ્રથમ પત્નીના અવસાન બાદ બીજાં લગ્ન કર્યાં. એ વખતે અંબાલાલભાઈ નડિયાદમાં વૈદકનો અનુભવ લેતા હતા. એમને પ્રથમ લગ્નથી કોઈ સંતાન નહોતું અને પત્ની કૅન્સરની બીમારીથી મૃત્યુ પામ્યાં હતાં. આમ આ બંને લગ્નમાં નાથાલાલભાઈને સારો એવો ખર્ચ થયો.

❑

૫

# નોકરીની શોધમાં

મેમદપુરથી મુંબઈ સુધીની શિક્ષણની યાત્રા પૂરી થઈ. આપસૂઝ અને આપબળે રાત-દિવસ મહેનત કરીને ઉત્તમભાઈ સાયન્સ ગ્રૅજ્યુએટ થયા. ઉત્તમભાઈ એવા સમાજમાંથી આવતા હતા કે જ્યાં ઉચ્ચ શિક્ષણ મેળવનાર વ્યક્તિઓ વિરલ હતી. બાળપણમાં એમની આસપાસના મોટાભાગના માનવીઓની દુનિયા મેમદપુરમાં સમાઈ જતી હતી. કેટલાકની ત્યાંથી આગળ વધીને છાપી સુધી પહોંચતી. વધુમાં વધુ પાલનપુર સુધી જતી હતી. જ્યારે ઉત્તમભાઈએ 'એકલો જાને રે'ની માફક મુંબઈમાં ત્રણ વર્ષ રહીને અભ્યાસ પૂર્ણ કર્યો.

હવે જીવનની બીજી અગ્નિપરીક્ષાનો આરંભ થયો. એમને માટે નોકરી મેળવવી આસાન નહોતી. શૂન્યમાંથી સર્જન કરવાનો એમની સામે મહાન પડકાર હતો. કુટુંબમાં કોઈની પાસે વેપારનો અનુભવ નહીં. નાથાલાલભાઈના મોટાભાઈ ભીખાભાઈને ત્રણ પુત્રો હતા, પરંતુ એ સહુ મેમદપુરમાં જ રહેતા હતા. તેઓ નાનકડી દુકાનમાં ઘરવપરાશની ચીજો રાખીને ધંધો ચલાવતા હતા. આ સમયે સરકાર દ્વારા ધીરધારના ધંધામાં નિયંત્રણ આવ્યું અને એથી નવી પેઢીને માટે આજીવિકા કેવી રીતે રળવી એ મોટો પ્રશ્નાર્થ બની ગયો.

યુવાન ઉત્તમભાઈના મનમાં વેપારના કેટલાય ઘોડા થનગનતા હતા. એમના મનની પાંખ કેટલીયે જુદી જુદી દિશાઓમાં ઊડવા લાગી. ક્યારેક એમ થતું કે કોઈ ટેક્નૉલોજીની લાઇન મળી જાય તો સારું. ક્યારેક વળી એવો વિચાર આવતો કે કોઈ વેપારના ક્ષેત્રમાં ઝંપલાવું અને જ્વલંત સિદ્ધિ મેળવું.

એમની પાસે કોઈ અનુભવ નહીં. વારસામાં કોઈ જ્ઞાન નહીં. કુટુંબનું કશું આર્થિક પીઠબળ નહીં. આવી પરિસ્થિતિમાં મનમાં માત્ર એક જ સ્ફુરણા થયા કરે,

"બસ, મારે આગળ ધપવું છે. મારે મારું કૌવત બતાવવું છે. મારું હીર કસવું છે. આપબળે આગળ વધીને ટોચ પર પહોંચવું છે. બસ, જિંદગીનું એક જ ધ્યેય કે મહેનતથી આગળ વધીને સિદ્ધિના શિખરે પહોંચવું છે."

યુવાન ઉત્તમભાઈને સમૃદ્ધિનાં શિખરો દેખાય, પરંતુ બીજી બાજુ કડવી વાસ્તવિકતા એમને હકીકતથી બાંધી લેતી હતી. મનમાં ગમે તેટલાં ઘોડાં થનગને, પણ જલદી કમાણી કરવી પડે તેવી પરિસ્થિતિ હતી. જે કોઈ નોકરી મળે તે સ્વીકારીને ગુજરાન ચલાવવું પડે તેમ હતું.

એ સમયે દેશમાં રેશનિંગ દાખલ થયું હતું. ઠેર ઠેર રેશનિંગની કચેરીઓ ખૂલી હતી. મુંબઈના ફૉર્ટ વિસ્તારમાં આવી એક કચેરી ખોલવામાં આવી. ઉત્તમભાઈએ વિચાર કર્યો કે પહેલાં તો જે મળે તે નોકરી કરી લેવી, એટલે



સાયકલ-સવારી સૅન્ડોઝની નોકરી

તત્કાળ આવક તો ઊભી થાય. પછી વધુ સારી નોકરીની શોધ ચાલુ રાખવી. પરિણામે ૧૯૪૪માં મુંબઈમાં મહિનાના ૧૨૫ રૂપિયાના પગાર સાથે ઉત્તમભાઈએ રેશનિંગની કચેરીમાં કામ શરૂ કર્યું.

અભ્યાસકાળ દરમિયાન ઉત્તમભાઈના અનેક ધનિક મિત્રો હતા, પરંતુ એમને ક્યારેય એમના ધનની ઈર્ષા થઈ નહીં અથવા તો એમના ધનના સહારે આગળ વધવાનો એમને વિચાર સુધ્ધાં આવ્યો નહીં. એમના મનમાં થતું કે જો થોડુંક ધન હોત તો સારી એવી કમાણી કરી શક્યો હોત. આવો વિચાર આવે, પણ પૈસાના અભાવનો વસવસો ક્યારેય કરે નહીં. તેઓ વિચાર કરે કે આ રીતે દુઃખી થવાને બદલે કે મનમાં કટુતા આણવાને બદલે તો બહેતર છે કે મહેનત કરીને કમાણી કરવી.

ઉત્તમભાઈના એક સ્નેહાળ મિત્રએ એમને પેટ્રોલિયમના ધંધામાં એમની સાથે જોડાવાનું સૂચન કર્યું. ઉત્તમભાઈએ વાસ્તવિકતાની એરણે વિચાર્યું કે આમેય રેશનિંગના કારણે પેટ્રોલના વપરાશ પર અંકુશ છે તેથી આ ધંધામાં સમય જતાં તરક્કી થાય તેવાં એંધાણ નથી. એમના મનમાં એવું હતું કે કેમિકલની લાઇન મળી જાય અથવા તો ફાર્માસ્યૂટિકલનું કામ મળે તો સારું.

એ પછી ઉત્તમભાઈએ ચાર-છ મહિના સુધી મહિને એકસો રૂપિયાના પગારે મુંબઈમાં 'એશો કેમ કંપની'માં નોકરી કરી. એ સમયે આ કંપની માહિમમાં હતી. ભાડાની એક નાનકડી રૂમમાં ઉત્તમભાઈ રહેતા હતા. અભ્યાસકાળમાં તો ભોજન માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સગવડ હતી, પરંતુ હવે કોણ સાથ આપે ? લૉજ એક જ એમનો સહારો હતી. રેશનિંગનો સમય હોવાથી સારું અનાજ મળતું નહીં. કેટલીય વસ્તુઓની તો એવી અછત હતી કે મળે જ નહીં. થોડીઘણી મળે તેના કાળાબજાર ચાલતા હોય. આનું પરિણામ એ આવ્યું કે લૉજનો હલકો ખોરાક ખાવાને કારણે એમનું પાચનતંત્ર ખોરવાઈ ગયું. ઈ. સ. ૧૯૪૪ના અંતભાગમાં એમને મરડો થયો. પાચનની કેટલીયે તકલીફો ઊભી થઈ. બાહ્ય પરિસ્થિતિની માફક આ શારીરિક મુશ્કેલીઓ પણ જીવનભર એમની સાથે રહી.

ઉત્તમભાઈ સારી નોકરીની શોધમાં મુંબઈમાં ઠેરઠેર ફરતા હતા. જુદી જુદી કંપનીઓમાં સામે ચાલીને જતા હતા. કશીય જાનપહેચાન વિના જ સાહજિકતાથી પોતાની નોકરીની ઇચ્છા પ્રગટ કરતા હતા. બે-ચાર યુરોપિયન કંપનીમાં પણ સામે ચાલીને ઇન્ટરવ્યૂ માટે પહોંચી ગયા. કંપનીમાં કામ મેળવવામાં તો એમને સફળતા ન મળી, પરંતુ એ કંપનીની કાર્યપદ્ધતિનો પ્રત્યક્ષ અનુભવ થયો.

એક વાર ફરતાં ફરતાં દવાના ક્ષેત્રની વિખ્યાત સેન્ડોઝ કંપનીમાં પહોંચી

ગયા. ન કોઈની ઓળખ, ન કોઈ પહેચાન ! કંપનીના પટાવાળાએ એમને બહાર બેસાડ્યા. થોડી વારમાં સેન્ડોઝ કંપનીના મૅનેજિંગ ડિરેક્ટર શ્રી સિંઘલ આવ્યા. ઉત્તમભાઈને બોલાવ્યા. શ્રી સિંઘલને આ યુવાનનો ઉત્સાહ, અભ્યાસ અને સૌજન્ય સ્પર્શી ગયાં. એમણે એમની પૂરી ચકાસણી કરવા માટે જાતજાતના સવાલો પૂછ્યા : તમે અંગ્રેજી જાણો છો ? તમે વિવાહિત છો ? તમે અમદાવાદ જોયું છે ? આવા કેટલાય પ્રશ્નો કર્યા. ઉત્તમભાઈએ અમદાવાદ જોયું નહોતું; એના વિસ્તારોની કોઈ જાણ નહોતી. આમ છતાં એમણે અમદાવાદમાં કામ કરવામાં સહેજે તકલીફ નહિ પડે તેવું વિશ્વાસપૂર્વક કહ્યું.

એક એવો પ્રશ્ન પૂછ્યો કે તમને દેશના વિદેશપ્રધાન બનાવવામાં આવે તો તમે શું કરો ? આનો જવાબ આપવામાં પણ તેઓ પાછા પડ્યા નહીં. બે કલાક સુધી ભલભલાનું પાણી ઉતારી નાખે એવો આ ઇન્ટરવ્યૂ ચાલ્યો. નોકરીની શોધ માટે નીકળેલા અને આકસ્મિક રીતે મળેલા ઉત્તમભાઈને મૅનેજિંગ ડિરેક્ટર શ્રી સિંઘલે અંતે સવાલ કર્યો, "મિ. મહેતા ! હવે તમે ક્યારથી અમારી સેન્ડોઝ કંપનીમાં જોડાઈ શકો તેમ છો તે કહો."

ઉત્તમભાઈને પગ નીચેથી ધરતી સરકતી હોય તેમ લાગ્યું. સાચું છે કે સ્વપ્ન ! - એવા વિચારમાં પડી ગયા. જ્યાં નાની નોકરી મેળવવાનાં ફાંફાં હતાં, ત્યાં આવી પ્રતિષ્ઠિત વિદેશી કંપનીમાં નોકરી મળે તેવી તો એમણે કલ્પના જ કરી નહોતી. વાસ્તવિકતાના કેટલાય કડવા ઘૂંટડા હસતે મુખે પી જનાર ઉત્તમભાઈને આશ્ચર્યભર્યા ચમત્કારનો અનુભવ થયો. અભ્યાસકાળની આકરી તપશ્ચર્યા અને મહેનતકશ માનવીની ધગશ ફળીભૂત થતી લાગી.

એ સમયે સેન્ડોઝ કંપનીએ એક ખાસ પ્રકારનું ઇંજેક્શન બનાવ્યું હતું. સામાન્ય રીતે ટી.બી.ના દર્દીને રોજ ટૅબ્લેટ લેવી પડતી હતી, જ્યારે સેન્ડોઝ કંપનીએ એ માટેનું ઇંજેક્શન બજારમાં મૂક્યું હતું. આવી દવા બીજું કોઈ બનાવતું નહોતું. આથી એનો પ્રસાર કરવાનો હતો અને ખપત પણ સારી એવી થાય તેમ હતું. મહિને ૨૨૫ રૂપિયાનો પગાર અને રોજનું અગિયાર રૂપિયા જેવું ભથ્થું નક્કી થયું. કેટલાકે તો એમ માન્યું પણ ખરું કે કોઈ મોટી લાગવગ લગાડી હશે. એવું ન હોય તો આવી નોકરી હાથ લાગે નહીં. પહેલા બે મહિના તો સેન્ડોઝ કંપનીએ એમને મુંબઈમાં તાલીમ આપી અને પછી કામગીરી માટે અમદાવાદ મોકલ્યા.

કંપનીના મૅનેજિંગ ડિરેક્ટરને તો પહેલી મુલાકાતમાં કહ્યું હતું કે પોતે અમદાવાદ શહેરને બરાબર જાણે છે, પરંતુ હકીકતમાં એનાથી અજાણ ઉત્તમભાઈએ અમદાવાદમાં પગ મૂક્યો. શરૂઆતમાં અમદાવાદની નારાયણ

લૉજમાં રહેવા લાગ્યા. રેશનિંગનો કપરો સમય હજી ચાલુ હતો. ઘણી વાર તો લોટ જ ન મળે. લોટ મળે તો ભેળસેળવાળો મળે. બીજી બાજુ સેન્ડોઝ કંપનીની નોકરી એવી કે લાંબા-લાંબા પ્રવાસો ખેડવા પડે. મુંબઈમાં થયેલ મરડાની અસર હજી વરતાતી હતી. પેટના દર્દની પરેશાની ચાલુ જ હતી. એમાં દિવસોના દિવસો સુધીની લાંબી મુસાફરી એમના શરીર પર માઠી અસર પહોંચાડી ગઈ. અપચો, અજંપો અને અકળામણ રહેતાં હતાં, પરંતુ કરે શું ?

કોઈ વાર આખું સૌરાષ્ટ્ર ઘૂમી વળવાનું હોય તો વળી ક્યારેક રાજસ્થાનના એક છેડેથી બીજો છેડો ખૂંદવાનો હોય. આ સમયે મોટે ભાગે ટ્રેનમાં મુસાફરી કરવી પડતી હતી. ટ્રેનમાં ભીડ એટલી બધી હોય કે બેસવાની ભાગ્યે જ જગ્યા મળે. મોટે ભાગે તો ઊભા રહીને જ મુસાફરી કરવી પડે. રીઝર્વેશનની પ્રથા જ અમલમાં નહોતી એટલે બેઠક મળી રહે તેવું ક્યાંથી બને ? એ સમયે વીરમગામ થઈને સૌરાષ્ટ્રમાં જવું પડતું હતું. વીરમગામની લાઇનદોરી પર સામાનની કડક તપાસ થતી હતી.

અમદાવાદથી નીકળેલા ઉત્તમભાઈને રાજકોટ, જામનગર, ભાવનગર, મહુવા, જૂનાગઢ, વેરાવળ, અમરેલી, સુરેન્દ્રનગર, લીંબડી, વાંકાનેર અને છેક મોરબી સુધી મુસાફરી કરવી પડતી હતી. સૌરાષ્ટ્રનો છેડો આવે, કિંતુ મુસાફરીનો અંત ન આવે. મોરબીથી લૉંચમાં બેસીને કચ્છમાં જવાનું રહેતું. આ લૉંચ આમતેમ ખૂબ હાલક-ડોલક થાય. ક્યારેક એવો ડર પણ લાગે કે એ જળસમાધિ ન લે તો સારું.

એ વખતે એટલી સાંત્વના રહેતી કે લૉંચ દરિયાના કાંઠે કાંઠે ચાલે છે એટલે આફત આવે તો પણ ઊગરી જવાની શક્યતા રહે. લૉંચમાંથી ઊતર્યા પછી ભૂજ જવું પડે. આનું કારણ એ કે એ સમયે કચ્છમાં ક્યાંય પણ જવું હોય તો ભૂજથી જ બધી ટ્રેન મળે. રૂપિયાને બદલે કોરીનું ચલણ ચાલતું હતું, આથી લૉંચમાંથી ઊતર્યા બાદ દોડતા જઈને રૂપિયા આપીને કોરી ખરીદવી પડતી અને પછી દોડતા જઈને ટ્રેન પકડવી પડતી હતી.

એ વખતે ભૂજમાંથી માંડવી જવા માટે એક બસ ચાલતી હતી. બસ સાવ જૂની અને ખખડેલી. વળી પ્રવાસીઓનો કોઈ પાર નહીં. બસમાં મુસાફરોને ઘેટાં-બકરાંની માફક પૂરવામાં આવતા અને વધારામાં બસની ઉપર પણ કેટલાય મુસાફરો બેઠા હોય. એકાદ વખત માંડવીથી જામનગરની દરિયાઈ સફર પણ ખેડવી પડી. આમ કચ્છમાં અંજાર, ભૂજ અને માંડવી સુધી જવું પડતું હતું. ગુજરાતમાં પાટણ, પાલનપુર, વીસનગર, ધોળકા, ધંધુકા, હિંમતનગર, ઈડર, નડિયાદ અને વડોદરા જેવાં શહેરોમાં જવાનું બનતું હતું. રાજસ્થાનના જોધપુર અને બીકાનેરની સફર ખેડવી પડતી હતી.



દામ્પત્યજીવનનું સોનેરી પ્રભાત

એક વાર નવેમ્બર મહિનાની કડકડતી ઠંડીમાં બીકાનેર ગયા. સ્ટેશન પર ઊતર્યા ત્યારે હાડ ગાળી નાખે તેવી ઠંડીનો ખ્યાલ આવ્યો. ઉત્તમભાઈ પાસે ગરમ કપડાં નહોતાં. એમની સાથે મુસાફરી કરતાં દિલ્હીના એક મિત્રે કહ્યું કે ગરમ કપડાં વિના તમે આ ઠંડીમાં થીજી જશો. એમણે તેમની પાસેના બે કોટમાંથી એક કોટ કાઢીને ઉત્તમભાઈને આપ્યો. ઠંડી એટલી બધી હતી કે આનાકાની કરવાનો કોઈ અર્થ જ નહોતો. બીજે દિવસે ઉત્તમભાઈએ ગરમ કોટ ખરીદ્યો.

સેન્ડોઝમાં જોડાયા ત્યારે શરૂઆતમાં મહિનાઓની લાંબી-લાંબી મુસાફરી રહેતી હતી. ધીરે ધીરે કંપનીમાં નવા માણસોની ભરતી થતાં મુસાફરીનું પ્રમાણ થોડું ઓછું થયું, પરંતુ સૌરાષ્ટ્રની લાંબી ખેપ તો ચાલુ જ રહી. એકાદ મહિનો અમદાવાદમાં રહે અને દોઢેક મહિના સુધી સૌરાષ્ટ્રમાં જુદાં જુદાં શહેરોમાં ઘૂમવું પડે. ક્યારેક એમ થતું પણ ખરું કે અઠવાડિયા કે પખવાડિયા બાદ ઘેર જવા મળે તો સારું, પરંતુ મોટી કંપનીની નોકરીની જવાબદારી ઘણી મોટી હોય. સેન્ડોઝની નોકરીનો સમય એ ઉત્તમભાઈ માટે પરિશ્રમભર્યો બની રહ્યો, પરંતુ આ પરિશ્રમે એમના ક્ષેત્રમાં એક મહેનતુ અને સૌજન્યશીલ વ્યક્તિ તરીકે ઉત્તમભાઈની આગવી પ્રતિભા ઉજાગર કરી આપી.

આ સમયે જેમને ઉત્તમભાઈની મુલાકાત થઈ એ બધા જ એમને પોતાના વ્યવસાય માટે રાત-દિવસ એક કરનારી વ્યક્તિ તરીકે નિહાળે છે. તેઓ હાથમાં બે મોટી મોટી બૅગ લઈને ઠેર ઠેર ઘૂમતા હતા. ગુજરાતના વિખ્યાત ફિઝિશિયન ડૉ. સુમન શાહને આજે પણ સેન્ડોઝના મેડિકલ રીપ્રેઝન્ટેટિવ તરીકેની એમની મુલાકાતનું સ્મરણ એટલું જ તાજું છે. તેઓના કહેવા મુજબ એમની પ્રથમ મુલાકાત જ પ્રભાવશાળી બની રહી. નમ્રતા એ ઉત્તમભાઈનો મુખ્ય ગુણ. પોતાની દવાની વાત કરવાની એમની ખાસિયત જુદી તરી આવે. તેઓ દવાની વિશેષતા વિશે ડૉક્ટરને પૂરતી માહિતી આપે. એમના ચહેરા પર આકર્ષકતા નહોતી પણ એમના વ્યવહારમાં પ્રગટ થતી એમના સૌજન્યની સુવાસ ખ્યાલ ન આવે તેવી રીતે, સામી વ્યક્તિને વશ કરી લેતી હતી.

ઉત્તમભાઈ વિદેશી કંપનીનું પ્રતિનિધિત્વ કરતા હતા છતાં ક્યારેય એમણે અપ-ટુ-ડેટ થઈને ડૉક્ટર પર છટા અને શિષ્ટાચારથી પ્રભાવ પાડવાનો પ્રયત્ન કર્યો નહોતો. એમના જમાનામાં સેન્ડોઝ જેવી કંપનીના મેડિકલ રીપ્રેઝન્ટેટિવ હોવું એ ઘણી મોભાદાર વાત હતી, પરંતુ એવા મોભા કે દંભથી ઉત્તમભાઈ હંમેશાં અળગા જ રહ્યા. એમણે ડૉક્ટરો સાથે આત્મીયતાનો નાતો બાંધ્યો. એ સમયે એકમાત્ર સેન્ડોઝ કંપનીએ ટી.બી.ના દર્દીઓ માટે ઇંજેક્શન બનાવ્યું હતું. ઉત્તમભાઈ ડૉક્ટરોને એની વિશેષતા ઊંડાણથી સમજાવતા. સામી વ્યક્તિના

મનમાં પોતાની વાત બરાબર ઠસાવતા. વળી એમનો રિપીટ કૉલ પણ મહિને - બે મહિને આવે. ડૉક્ટરે જે સમય આપ્યો હોય એ જ સમયે ત્યાં આવી જાય.

એ સમયે વિલાયતી દવાઓનો વપરાશ ઓછો હતો. છેક ૧૯૪૭ સુધી ભારતમાં વર્ષે દસ કરોડ રૂપિયાથી વધુ કિંમતની વિલાયતી દવાનો વપરાશ નહોતો.

આજની માફક મેડિકલ રીપ્રેઝન્ટેટિવ(એમ.આર.)ની આયોજનબદ્ધ વ્યવસ્થા નહોતી, પરિણામે સૅમ્પલ લઈને ડૉક્ટર પાસે જવાનું, એમને સમજાવવાનું અને એને લગતું સાહિત્ય આપવાનું રહેતું. ૧૯૪૫થી ૧૯૪૭ સુધીનો સમયગાળો એવો હતો કે ગમે તેટલી રકમ આપો, તો પણ સારું અનાજ મળતું નહીં, કેરોસીન કે કાપડની પણ અછત હોય. આવી સ્થિતિમાં નબળું પાચનતંત્ર અને હલકો ખોરાક ભેગાં થતાં ઉત્તમભાઈની તબિયત લથડતી જતી હતી. એમાંથી બચવાનો બીજો કોઈ ઉપાય નહોતો.

તેર-તેર વર્ષ સુધી તબિયતના ભોગે આ રઝળપાટ ચાલુ રહ્યો. પરિણામ એ આવ્યું કે ક્રોનિક ડિસેન્ટરીનું દર્દ ઘર કરી ગયું. ઘણી દવાઓ કરી. મરડાની જે કોઈ નવી દવા શોધાય તેની અજમાયશ પણ કરી. કામ આગળ ધપાવતા હતા, પણ શરીર કથળતું જતું હતું. વિદ્યાલયના એ તરવરાટભર્યા અને અનેક રમતોમાં નિપુણ ઉત્તમભાઈને દર્દો ઘેરી વળવા લાગ્યા.

અમદાવાદના એમના એક દાયકાના વસવાટ પર દૃષ્ટિપાત કરીએ. લગ્ન બાદ માત્ર દસમા દિવસે ઉત્તમભાઈ અને શારદાબહેન અમદાવાદ આવ્યાં. છાપીથી નીકળ્યા ત્યારે સેન્ડોઝ કંપનીએ આપેલી બૅગમાં એમના ઘરનો સઘળો સામાન સમાઈ ગયો હતો. શારદાબહેન ઘણી વાર મજાકમાં એમ કહે છે પણ ખરાં કે એ વખતે બૅગમાં 'આખું ઘર' સમાઈ ગયું હતું ! એક બૅગ કપડાંની અને બીજી ઘરવખરીની. અમદાવાદમાં આવીને ધનાસુથારની પોળમાં એક રૂમ ભાડે રાખીને ઉત્તમભાઈ અને શારદાબહેન રહેવા લાગ્યાં. રેશનિંગના સમયમાં વહેલી સવારે ચાર વાગે ઊઠીને લાઇનમાં ઊભા રહેવું પડે અને એ પછી માંડ કુટુંબ દીઠ પાશેર ઘઉં મળે.

ધનાસુથારની પોળના એ દિવસો ઉત્તમભાઈ અને શારદાબહેનના દાંપત્યજીવનના સોનેરી દિવસો હતા. અંગત જીવનનું જે સુખ ગરીબી કે સામાન્ય સ્થિતિ આપે છે, તે આનંદ ધનવાન થયા પછી ઓછો થઈ જાય છે. સંપત્તિનો કાળ આપત્તિના કાળ જેટલા સુખનો કે અંતરના તાદાત્મ્યનો અનુભવ કરાવી શકતો નથી. આ સમયે ઉત્તમભાઈને ફિલ્મ જોવાનો શોખ હતો. રાજકપૂર અને નરગીસ એમના પ્રિય અદાકારો હતાં. કુંદનલાલ સાયગલ એમનો મનપસંદ

ગાયક હતો. અમદાવાદમાં હોય ત્યારે અવારનવાર ફિલ્મ જોવા જતા હતા. મેડિકલ રીપ્રેઝન્ટેટિવ તરીકે બહારગામ જાય ત્યારે સવાર-સાંજ ડૉક્ટરોને મળવાનું ચાલતું હતું. બાકીના ફાજલ સમયમાં એમના જેવા બીજા મેડિકલ રીપ્રેઝન્ટેટિવ ભેગા મળીને વ્યવસાયની અને અન્ય વાતો કરતા હતા. એમાં જો લાંબી મુસાફરીએ જાય તો સોળ-સત્તર વર્ષની ઉંમરનાં શારદાબહેન છાપી જતાં રહેતાં.

ઉત્તમભાઈને વાચનનો ભારે શોખ. એમની જિંદગીનો એક દિવસ પણ એવો નહીં ગયો હોય કે જ્યારે એમણે પોતાના વિષયનું કે રસનું કોઈ પુસ્તક વાંચ્યું ન હોય. નિશાળના અભ્યાસકાળ દરમિયાન ગાંધીજીનાં તમામ પુસ્તકોનું એમણે વાચન કર્યું હતું. એ પછી વિશેષે અંગ્રેજી પુસ્તકો વાંચવા લાગ્યા. બી.એસ. સી. થયા બાદ મેડિકલ રીપ્રેઝન્ટેટિવ બન્યા અને માત્ર પોતાના કાર્યની ત્રિજ્યામાં સીમિત રહેવાને બદલે મેડિકલનાં પુસ્તકોનો ઊંડો અભ્યાસ કરવા લાગ્યા.

મનમાં એક ધગશ પણ ખરી કે પોતાના વિષય અંગે અદ્યતન જ્ઞાન મેળવવું અને તક મળે નોકરી છોડી ધંધામાં ઝંપલાવવું. ભલે આજે બીજી કંપનીની દવાઓનો પ્રચાર કરવાનું કામ બજાવતા હોય, પણ એક દિવસ એવો તો લાવવો કે જ્યારે પોતાની કંપનીની દવા બજારમાં વેચાતી હોય. આને માટે કઈ દવા બજારમાં મૂકવી જોઈએ અને તેની કેવી માંગ રહે, તે વિશે એમનું મન સતત ગડમથલ કરતું.

ઉત્તમભાઈ સ્વપ્નસેવી અને કર્મનિષ્ઠ હતા. પહેલાં તેઓ જીવનવિકાસનાં સ્વપ્નાં રચતાં અને પછી અદમ્ય કર્મશક્તિથી એને સાકાર કરવા મથતા હતા. કેટલીક વ્યક્તિઓ માત્ર સ્વપ્નસેવી હોય છે, તો કેટલીક માત્ર કર્મનિષ્ઠ હોય છે. સ્વપ્નસેવી માત્ર મનમાં સપનાંઓ સર્જે છે, પણ વાસ્તવમાં કશું કરતા નથી. જ્યારે કાર્યનિષ્ઠ વ્યક્તિ કાર્ય કરે છે, પણ એના કાર્યની પાછળ મૌલિક વિચાર કે ચિંતન હોતાં નથી. માત્ર ચીલાચાલુ ગતિ હોય છે. ઉત્તમભાઈ એમનાં સ્વપ્નોને મનમાં સાચવી રાખવાને બદલે એને સાકાર કરવા માટે અથાગ પ્રયત્નો કરતા અને એ બાબત એમના વ્યક્તિત્વની વિશેષતા બની રહેતી.

૧૯૪૯ની ૨૧મી મેના દિવસે મેમદપુરમાં ઉત્તમભાઈનાં પ્રથમ પુત્રી મીનાબહેનનો જન્મ થયો. એ પછી દોઢેક મહિના બાદ ઉત્તમભાઈએ અમદાવાદના મણિનગર વિસ્તારમાં રહેવાનું શરૂ કર્યું. મણિનગરમાં આવેલ દક્ષિણી સોસાયટી શહેરથી ઘણી દૂર હતી. અહીં માત્ર પચીસ રૂપિયાના ભાડામાં બે રૂમ અને રસોડું ધરાવતું મકાન મળી ગયું. આ સમયે મણિનગરથી અમદાવાદ શહેરમાં આવવા માટે ઉત્તમભાઈ બસમાં બેસીને આવતા-જતા હતા. સેન્ડોઝ

કંપનીના રીપ્રેઝન્ટેટિવ તરીકેની કામગીરીના રઝળપાટને કારણે એમના સ્વાસ્થ્ય પર વિપરીત અસર થઈ હતી. પાચનની તકલીફ વધતી જતી હતી. પરિણામે વિચાર્યું કે મણિનગરની ચોખ્ખી હવા અને કૂવાનું હળવું પાણી મળતાં સ્વાસ્થ્યમાં સુધારો થશે, પરંતુ આ આશા ઠગારી નીવડી.

એ સમયે મણિનગર અમદાવાદ શહેરથી ઘણું દૂર લાગતું હતું. પરિણામે આવવા-જવાની અને વ્યવસાયનું કામ કરવાની ઘણી મુશ્કેલી પડતી હતી. એમને એમ લાગ્યું કે આ તો બાવાના બેય બગડ્યા જેવું થયું. ન તબિયત સુધરી અને કામની પ્રતિકૂળતા તો રહી જ.

પરિણામે ૧૯૫૨માં ઉત્તમભાઈએ અમદાવાદમાં રાયપુર દરવાજા પાસે કોટની રાંગે આવેલી ઝાટકણની પોળમાં મકાન ભાડે રાખ્યું. આ સમયે અમદાવાદના લોકચાહક તબીબ ડૉ. ઓચ્છવલાલ તલાટીએ મકાનમાલિકને ઉત્તમભાઈને મકાન ભાડે આપવા ભલામણ કરી હતી. ઓચ્છવલાલ તલાટી આ કુટુંબના ફૅમિલી ડૉક્ટર હતા. દર મહિને પિસ્તાલીસ રૂપિયાનું ભાડું ઠરાવવામાં આવ્યું. મકાનમાલિક ઠાકોરભાઈ પટેલ મોટેભાગે નાસિક રહેતા હતા. ઠાકોરભાઈનાં પત્ની વિદ્યાબહેન અને શારદાબહેનને સારો સંબંધ હતો. ઝાટકણની પોળમાં છેક ત્રીજે માળે આવેલા આ મકાનમાં નીચે મકાનમાલિક ઠાકોરભાઈ અને વિદ્યાબહેન રહેતાં હતાં. મકાન ઊંચું હોવાથી ઉનાળામાં ત્રીજા માળે અસહ્ય ગરમી સહન કરવી પડતી હતી, અને તેય અમદાવાદની ગરમી !

૧૯૫૨ની ૧૨મી એપ્રિલે ઉત્તમભાઈની બીજી પુત્રી નયનાબહેનનો જન્મ થયો. નયનાબહેનનો જન્મ પાલનપુરના પ્રસૂતિગૃહમાં થયો. ઉત્તમભાઈનાં સંતાનોની જ વાત કરીએ તો ૧૯૫૪ની ૧૦મી એપ્રિલે એમના સૌથી મોટા પુત્ર સુધીરભાઈનો જન્મ થયો. એ સમયે મીનાબહેનની વય પાંચ વર્ષની હતી. વળી મહાવીર જૈન વિદ્યાલયમાં રહીને તેઓ ભણ્યા હતા, તેની લોન પણ ૧૯૪૫થી ૧૯૫૪ સુધીમાં પરત કરી દીધી. આટલો બધો ખર્ચ ઉઠાવ્યા બાદ જે કંઈ થોડી બચત થતી હતી તે એમના મોટાભાઈ અંબાલાલભાઈ છાપીમાં મકાન બનાવતા હતા, તેમાં આપવાની રહેતી હતી.

૧૯૫૨માં નાથાલાલભાઈનું અવસાન થતાં અંબાલાલભાઈ અને ઉત્તમભાઈએ હેત-પ્રીતથી વારસાની વહેંચણી કરી હતી. રોકડ રકમ તો બહુ વહેંચવાની નહોતી. માત્ર મકાનો હતાં. મેમદપુરનું બાપદાદાનું મકાન ઉત્તમભાઈને મળ્યું, જ્યારે અંબાલાલભાઈને છાપીનાં મકાનો ઉપરાંત મેમદપુરની દુકાનો મળી. દાગીનાની વહેંચણી પણ થઈ ગઈ. દેવું પણ ખાસ નહોતું અને લેણું પણ ખાસ નહોતું.

આમ ૧૯૫૪માં દસ-દસ વર્ષની મહેનત કર્યા બાદ પોતે શું મેળવ્યું ? એનો વિચાર કરતાં ઉત્તમભાઈને લાગ્યું કે આ તો દળીદળીને ઢાંકણીમાં ઉઘરાવ્યું. વળી લાંબી થકવનારી મુસાફરીઓને કારણે બીમારીઓ આવતાં મોટી કિંમત ચૂકવવી પડી. કચ્છ અને સૌરાષ્ટ્રનાં કેટલાંક ગામોમાં તો સારી લૉજ મળે નહીં, આથી પાચનની તકલીફમાં તીખા, હલકા પ્રકારના ભોજને ઉમેરો કર્યો. વળી મનમાં એવો વિચાર જાગતો કે હજી ત્રણ-ચાર વર્ષ તકલીફ ભોગવીને પણ થોડી મુસાફરી કરી લઉં. થોડી બચત કરી નાખું. પછી આ મુસાફરીને તો સદાને માટે તિલાંજલી આપવી જ છે.

ઉત્તમભાઈની કામગીરી સતત પ્રશંસાપાત્ર બનતી રહી, તેમ છતાં એમને મનોમન લાગતું કે સેલ્સમેનશીપ એ જ મારી કાર્યશક્તિનું પૂર્ણવિરામ નથી. સ્વાસ્થ્યની દૃષ્ટિએ વિચારતાં પણ એમ થતું કે રખડપટ્ટીને બદલે ટેબલ પર બેસીને સંચાલન કરવાનું હોય તો વધુ અનુકૂળ આવે. પાચનની મુશ્કેલી, આંતરડાંની નબળાઈ અને સંગ્રહણીની તકલીફ એટલી બધી વધી ગઈ કે ધીરે ધીરે શરીરમાં બેચેની, સુસ્તી અને થાક હોય તેમ લાગ્યા કરતું.

એક બાજુ મનમાં સ્વતંત્ર વ્યવસાય કરીને ઉદ્યોગપતિ બનવાનાં સ્વપ્નાંઓ તરવરતાં હતાં તો બીજી બાજુ જીવનની આકરી મહેનતના પરિણામે કથળેલું શરીર આરામ ચાહતું હતું. ૧૯૪૫માં એમના મનમાં અવારનવાર અમેરિકા જવાનો ખ્યાલ પણ આવી જતો હતો. છેક ૧૯૪૭માં પાંચ હજાર રૂપિયા મેળવીને અમેરિકાનો પ્રવાસ ખેડવાનું નક્કી કર્યું હતું, પરંતુ ઉપરાઉપરી ખર્ચા આવતા ગયા અને તેને પરિણામે અમેરિકા જવાનું શક્ય બન્યું નહીં. તેઓ જાણતા હતા કે જો અત્યારે અમેરિકા નહીં જાય તો વેપાર-ઉદ્યોગ માટે તેઓ ક્યારેય પણ અમેરિકા જઈ શકશે નહીં. પણ કરે શું ? જાણકારી અને લાચારી સામસામે હતી.

સંસારના સમુદ્રમાં જીવનનૈયા ઊછળતાં મોજાંઓથી આમતેમ ફંગોળાતી હતી પણ હજી ક્યાંય દૂર દીવાદાંડી દેખાતી નહોતી કે નજીક કોઈ કિનારો નજરે પડતો નહોતો.

❑



સિદ્ધિની શોધમાં, સંઘર્ષના કિનારે

૬

# એક બાજુ નિષ્ફળતા, બીજી બાજુ હતાશા

**બા**હ્ય સપાટીએ સામાન્ય લાગતી ઘટના ક્વચિત્ કાળના પ્રવાહમાં વિકરાળ રૂપ ધારણ કરે છે અને માનવીના જીવનને અકલ્પ્ય અને અણધાર્યો વળાંક આપે છે. કઈ ક્ષણે કેવી ઘટના સર્જાશે એની કોને ખબર હોય છે ? 'ન જાણ્યું જાનકીનાથે, કાલે શું થવાનું છે' એમ એક નગણ્ય લાગતી ઘટના સમય જતાં જીવનમાં વિરાટ ઝંઝાવાત સર્જી જતી હોય છે ! ઈ. સ. ૧૯૫૪માં ઉત્તમભાઈને શરદીની તકલીફ ઊભી થઈ હતી. આ સમયે તેઓ ભાવનગરમાં હતા. અહીંના ડૉક્ટર પાસે ગયા અને શરદીની વાત કરી તો ડૉક્ટરે કહ્યું કે તમારી શરદી અને બેચેની બધું જ તત્કાળ દૂર થાય એવી રામબાણ ઔષધિ જેવી ટૅબ્લેટ તમને આપું છું. તમે તરત સ્ફૂર્તિવાન બની જશો.

ઉત્તમભાઈએ ડૉક્ટરે આપેલી શરદીની ગોળીઓ લીધી અને ખૂબ ઝડપથી સ્વસ્થ થઈ ગયા. એમની શરદી તો મટી ગઈ અને વિશેષમાં આશ્ચર્યજનક રીતે એમને શરીરમાં એકાએક અજબ સ્ફૂર્તિનો અનુભવ થયો. એ પછી ફરીવાર ફરતાં-ફરતાં તેઓ ભાવનગર પહોંચ્યા ત્યારે ડૉક્ટરને મળવા ગયા અને કહ્યું કે તમે આપેલી પેલી ટૅબ્લેટ અત્યંત અસરકારક હતી. મારી શરદી ખૂબ ઝડપથી દૂર થઈ ગઈ હતી. એમણે ડૉક્ટરને એ ટૅબ્લેટનું નામ પૂછ્યું ત્યારે ડૉક્ટરે કહ્યું કે તમને મેં શરદી દૂર કરવા માટે 'એમ્ફેટેમિન ટૅબ્લેટ' આપી હતી.

આ ટૅબ્લેટ એવી હતી કે વ્યક્તિ ગમે તેટલી થાકેલી હોય, તો પણ એ લેવાથી એને તત્કાળ સ્ફૂર્તિનો અનુભવ થતો હતો. એનું મન ઉદાસીન હોય કે સહેજે 'મૂડ' ન હોય, તો એકાએક તે 'મૂડ'માં આવી જાય. દવા રામબાણ ઔષધ જેવી હતી, પરંતુ સમય જતાં એની આડઅસરો ઘણી ભયંકર થાય એવી હતી. એકાદ દિવસ પૂરતો દવાથી તાજગીનો અનુભવ થાય, પરંતુ સમય જતાં એની આડઅસર કેટલીય શારીરિક અને માનસિક મુશ્કેલીઓ સર્જે તેમ હતી.

ઉત્તમભાઈએ વિચાર્યું કે કામનો વધુ પડતો બોજ હોય, સામા પ્રવાહે તરવાનું હોય, એકલે હાથે પુરુષાર્થ ખેડવાનો હોય ત્યારે ક્યારેક આ દવા લેવી સારી ગણાય. થાક ઊતરી જાય, બેચેની જતી રહે અને તત્કાળ સ્ફૂર્તિ આવતાં વળી કામ કરી શકાય. થોડી આળસ વરતાતી હોય કે કામ કરવાનું મન થતું ન હોય ત્યારે આવી ટૅબ્લેટ લેવામાં કશું ખોટું નથી. વળી ક્વચિત્ એનો ઉપયોગ કરવામાં મોટી તકલીફ ઊભી થવાની શક્યતા પણ નથી. મનોમન એમ વિચારતા કે માત્ર પા ટૅબ્લેટ લેવાથી ક્યાં આભ ફાટી પડવાનું છે ? અથાગ પરિશ્રમ એ એમનો જીવનમંત્ર હતો. ખૂબ શ્રમ લીધા બાદ આ ટૅબ્લેટ લઈને ફરી પાછા પૂરા જોશથી કામ કરવા લાગી જતા હતા. બન્યું એવું કે જેમ જેમ પરિશ્રમ વધતો હતો, તેમ તેમ ટૅબ્લેટની આદત પણ વધતી ગઈ. આ ટૅબ્લેટને કારણે અનેક નવી મુશ્કેલીઓ ઊભી થઈ.

ઈ. સ. ૧૯૫૭માં સેન્ડોઝ કંપનીએ એક નવા સુપરવાઇઝરની નિમણૂક કરી. આ ઘટનાથી ઉત્તમભાઈને ઊંડો આઘાત લાગ્યો. સેન્ડોઝ કંપનીને માટે રાત-દિવસ જોયા વિના એકનિષ્ઠાથી કામગીરી બજાવી હતી. એને માટે સ્વાસ્થ્યની પણ સંભાળ લીધી નહીં. કંપનીની મોટી શાખ ઊભી કરી. સૌરાષ્ટ્ર અને કચ્છનાં દૂર-દૂરનાં ગામડાંઓ ખૂંદી વળ્યા હતા. પંદર-પંદર વર્ષ સુધી કરેલી આકરી મહેનતનો આ બદલો ! એમના ઉપરી તરીકે કંપની કોઈકને સુપરવાઇઝર નીમે એ વાત જ ઉત્તમભાઈને સહેજે પસંદ પડી નહીં. બળતામાં ઘી હોમાય એવી ઘટનાઓ બનવા માંડી. આ સુપરવાઇઝર ઉત્તમભાઈને કોઈ પણ સમયે બોલાવે અને તેમને હાજર થવું પડે. વળી તેઓ બોલવામાં વધુ પડતા ઉત્સાહી હતા. શાંત, વ્યવસ્થિત અને વ્યાવહારિક ઉત્તમભાઈને એમનો આ અતિ ઉત્સાહ અનુકૂળ આવતો નહોતો. બીજી બાજુ ઉત્તમભાઈને માટે પ્રત્યેક મુસાફરી એ મહાયાતના બની જતી હતી. એમને સતત બે મહિના બહારગામ રહેવાનું આવ્યું. આટલી લાંબી મુસાફરી એમની નબળી તબિયતને કેવી કથળાવી મૂકશે એનો વિચાર ઉત્તમભાઈને કંપાવતો હતો. એમણે મનોમન નોકરી છોડવાનો વિચાર કર્યો. ઉત્તમભાઈ કોઈની સલાહ લેવા જાય તો સલાહ આપનાર એમની વાતને હસી કાઢે. એ કહે, "તમે કેવી વાત કરો છો ? આવી સારી વિદેશી કંપનીની નોકરી આમ છોડી દેવાય ખરી ? આટલો બધો પગાર અને ભથ્થાં મળતાં હોય ત્યારે કોઈ બીજો વિચાર કરવાનો હોય જ નહીં."

આ સમયે ઉત્તમભાઈ જુદા જુદા ડૉક્ટરો પાસે નિદાન કરાવવા દોડી જતા હતા, પરંતુ અસ્વસ્થ તબિયતનું કોઈ મૂળ કારણ હાથ લાગતું નહોતું.

આ સમયે ઉત્તમભાઈને મુંબઈમાં વસતા એમના સ્નેહાળ મિત્ર અને વિખ્યાત તબીબને મળવાનું બન્યું. ઉત્તમભાઈએ એમને તબિયત બતાવી અને સલાહ માગી. ઉત્તમભાઈએ કહ્યું કે સેન્ડોઝની નોકરી હવે કપરી અને આકરી બની ગઈ છે. સ્વાસ્થ્યનો ઘણો ભોગ આપ્યો છે. હવે વધુ ભોગ આપી શકાય તેમ નથી. વળી સામે પક્ષે કશી કદર તો છે જ નહીં. હવે હું શું કરું ?

એમના સ્નેહાળ ડૉક્ટર મિત્રે સદ્ભાવથી સલાહ આપી કે સેન્ડોઝની નોકરી છોડવી હોય તો પણ રાજીનામું આપવાની જરૂર નથી. એમણે યોગ્ય માર્ગદર્શન આપતાં કહ્યું કે રાજીનામું આપીશ એટલે તારા બધા હક્કો ડૂબી જશે. આમ કરવા જતાં તારે ત્રીસ-ચાલીસ હજારની ખોટ ખમવી પડશે.

ઉત્તમભાઈએ કંપની સાથે પત્રવ્યવહાર કર્યો. પોતાનું રાજીનામું ધરી દેવાને બદલે એમણે પોતાની પ્રતિકૂળતાની રજૂઆત કરી. આવા સંજોગોમાં સંચાલકો કર્મચારીના રાજીનામાનો આગ્રહ સેવાતો હોય છે, કારણ કે છૂટા થનાર

કર્મચારીને વધુ પગાર અને હક્કો આપવા પડે નહીં. મિત્રની સલાહ મુજબ ઉત્તમભાઈએ રાજીનામું આપ્યું નહીં, આથી સેન્ડોઝ કંપનીએ ઉત્તમભાઈની અમદાવાદથી બદલી કરી દીધી. ઉત્તમભાઈને માટે આવા કથળેલા સ્વાસ્થ્યને કારણે ક્યાંય બીજે જવું પાલવે તેમ નહોતું અને અન્યત્ર સ્થાયી થવું શક્ય નહોતું. બીજી બાજુ એમ પણ થયું કે રાજીનામું ધરી દઈ ત્રીસ-ચાલીસ હજાર ગુમાવવા શા માટે ? અંતે સંચાલકોએ એમને ટર્મિનેશનની નોટિસ આપી અને ઉત્તમભાઈએ ઉદાસીન અનુભવો સાથે સેન્ડોઝની નોકરી છોડી.

ઈ. સ. ૧૯૫૮ના ઑગસ્ટ મહિનાનો એ સમય હતો. લાંબી મુસાફરી અને શારીરિક તકલીફને લીધે ઉત્તમભાઈ નોકરીમાંથી નિવૃત્ત થયા, પરંતુ એમની કાર્યશૈલી એમના સહકાર્યકરોના મનમાં જડાઈ ગઈ હતી.

આવી સારી અને પ્રતિષ્ઠિત કંપનીની નોકરી છોડ્યા પછી તેઓ કરશે શું ? આવો સવાલ એમની આસપાસના સહુ કોઈના મુખે હતો. આની પાછળ કેટલાંકને જાણવાની સાચી જિજ્ઞાસા હતી, તો કેટલાંકનાં મનમાં થોડું કૌતુક પણ ખરું.

જીવનના સંબંધોને ગણિતના દાખલાની માફક ગોઠવી શકાતા નથી. લાગણીના ભીના સંબંધો એક એવી બાબત છે કે જ્યાં કોઈ ગણતરી કામ આવતી નથી. મુંબઈના ડૉ. કીર્તિલાલ ભણશાળી એક વિખ્યાત ડૉક્ટર હતા. એમની ખૂબ સરસ પ્રૅક્ટિસ ચાલતી હતી અને એમની ખ્યાતિ પણ ચોતરફ ફેલાયેલી હતી. આ ડૉક્ટરને ઉત્તમભાઈ તરફ એવી અંગત સ્નેહભરી લાગણી હતી કે સતત એમની ચિંતા કરતા હતા. એમનું સ્વાસ્થ્ય તપાસીને ચિકિત્સા પણ કરતા. વળી હિતેચ્છુ મિત્રની જેમ જીવનના પ્રશ્નોનું સહચિંતન કરતા. ડૉ. કીર્તિભાઈ ભણશાળીએ ઉત્તમભાઈને પૂછ્યું, "હવે તમે શું કરવાનો વિચાર રાખો છો ? આજીવિકા માટે હવે કેવી નોકરી કરવી છે ?"

ઉત્તમભાઈએ કહ્યું, "નોકરીનો સ્વાદ તો મેળવી લીધો. હવે એટલું તો નક્કી છે કે મારે નોકરી કરવી નથી. ભલે નાનકડો પણ ધંધો કરીશ. મારા જીવનનાં અરમાન વિશાળ પાયે ધંધો ખેડવાનાં છે, આથી કોઈ નવા ધંધાની શોધમાં છું."

ઉત્તમભાઈના સ્નેહાળ મિત્ર ડૉ. કીર્તિભાઈએ લાગણીવશ થઈને કહ્યું, "હું કોઈની જોડે ભાગીદારી કરતો નથી, પરંતુ જો તમે ધંધાનું ખેડાણ કરતા હો તો તમારી સાથે હું ભાગીદારી કરવા તૈયાર છું."

ડૉક્ટર મિત્રના સૌજન્ય, સજ્જનતા અને સહયોગી થવાની ભાવનાનો ઉત્તમભાઈને પ્રત્યક્ષ અનુભવ હતો. એક ક્ષણે એમ પણ થયું કે આવી વ્યક્તિ સામે

ચાલીને સાથ આપવા તૈયાર થતી હોય તો બીજું જોઈએ શું ? ઉત્તમભાઈ અમદાવાદ છોડીને મુંબઈ ગયા. ઘણી વિચારણા ચાલી પણ ભાગીદારીનો યોગ સધાયો નહીં.

તપોધન નામના સાવ નવા પણ મહેનતુ વકીલ પાસે ગયા. એ વકીલ ઉત્તમભાઈ પ્રત્યે લાગણીવાળા હતા. એમણે ઉત્તમભાઈને ઘરે બોલાવીને હિંમત આપી કે તમે કશી ફિકર કરશો નહીં. હું બધું કરી આપીશ. એ સમયની એમની આર્થિક પરિસ્થિતિ જોઈને વકીલે ફી પણ ઘણી ઓછી લીધી. આમ એક ઇમ્પોર્ટ લાઇસન્સ મળી જાય તો સારો એવો નફો થાય તેમ હતું.

ઉત્તમભાઈના જીવનમાં તો આવી ઘટના ડગલે ને પગલે જોવા મળે છે. લાંબી મહેનતને અંતે કિનારે આવેલું નાવ ડૂબી જતું હતું. ઉત્તમભાઈની પ્રગતિ અને પુરુષાર્થની પરાકાષ્ઠા સાધવામાં જાણે વિધિ એમની અગ્નિપરીક્ષા કરવા વચ્ચે-વચ્ચે કોઈ અવરોધ ન રચતી હોય !

અંતે ઉત્તમભાઈએ જાતે દવા બનાવવાનું નક્કી કર્યું. એમણે પહેલો સિદ્ધાંત એ રાખ્યો કે જો આ ક્ષેત્રમાં વ્યાપારી તરીકે પ્રતિષ્ઠા મેળવવી હોય તો ગુણવત્તાવાળી દવા તૈયાર કરવી જોઈએ. આમ કરવાથી શાખ બંધાય અને ભવિષ્યમાં આસાનીથી વેપાર વધતો રહેશે.

ગડમથલના એ દિવસો હતા. દવાબજારના વેપારીઓને મળીને કઈ દવા વધુ અસરકારક બનશે એનો અભ્યાસ કરતા હતા. વળી પોતાની પાસે મૂડી ઓછી હતી એટલે ઑફિસની જગા મેળવવા માટે મુંબઈમાં ઠેર-ઠેર ફરતા હતા. આખરે તેમણે ટ્રિનિપાયરીન નામની વાની અને ટ્રિનિસ્પાઝમીન નામની પેટના દુઃખાવાનો ઇલાજ કરતી દવા બજારમાં મૂકી. આ સમયે મહિને ચારસો રૂપિયા જેટલો અમદાવાદનો ખર્ચો આવતો હતો. દવાનાં બૉક્સ લાવવાનો અને તેના પર છાપકામનો ખર્ચ થાય. થોડી જાહેરાત પણ કરવી પડે.

આમ સાવ ટૂંકી મૂડીએ બહોળી કામગીરી કરવાની હતી. નસીબમાં હજીયે હોટલનો ખોરાક જ રહ્યો ! વળી એકલા રહેવાનું હતું. કામનો બોજો વધતો જતો હતો. પરિણામે ઊંઘ ઘટતી જતી હતી. મુંબઈમાં બે હજાર રૂપિયા આપીને નાનકડી ઑફિસ પણ રાખી. એમણે ટ્રિનિપાયરીન, ટ્રિનિસ્પાઝમીન અને ટ્રિનેક્ટીન જેવી ટૅબ્લેટો તૈયાર કરી. આના માટે ઘણું મોટું રોકાણ કરવું પડ્યું. બીજી બાજુ મુંબઈમાં હોટલનો ખર્ચ અને વાહનનો ખર્ચ પણ ઘણો થતો હતો. પરિણામ એ આવ્યું કે ઘણી મોટી આશા સાથે મુંબઈમાં દવાઓ વેચાણમાં મૂકી હતી. નાદુરસ્ત તબિયતને કારણે એમાં વળી અવરોધ ઊભો થયો અને સફળતા મળી નહીં.

દવાની ગુણવત્તાની સહુએ પ્રશંસા કરી, પણ દવાના વ્યવસાયમાં એકલે હાથે કામ કરનારી વ્યક્તિ ફાવતી નથી. વ્યક્તિ ગમે તેટલી બાહોશ હોય, પણ એને માટે જુદા જુદા પ્રકારની કામગીરી ધરાવતો સમગ્ર વ્યવસાય સંભાળવો મુશ્કેલ હતો. આમાં એક બાજુ દવાનું ઉત્પાદન કરવું પડે. દવાનાં લેબલ અને એ અંગેના સાહિત્યનું પ્રિન્ટિંગ કરાવવું પડે. એને પૅક કરવા માટે પૅકિંગ મટીરિયલ જોઈએ. આથી ઓછી મૂડી અને એકલો માણસ આમાં સફળતા ન મેળવે. ઉત્તમભાઈને એમ હતું કે એકલે હાથે ધંધામાં કમાણી કરીને આગળ વધીશ, પરંતુ એમની આગેકૂચને તબિયતે પીછેહઠમાં પલટાવી નાખી. મુંબઈના આટલા બધા ખર્ચ ઉપરાંત વિશેષમાં અમદાવાદના મકાનનો અને અમદાવાદમાં રહેતા કુટુંબનો ખર્ચ ઉઠાવવો પડ્યો.

મુંબઈની આ ઘટના, બગડતું સ્વાસ્થ્ય, ચિત્તની વિહ્વળતા અને એમ્ફેટેમિન ટૅબ્લેટની આદતે ઉત્તમભાઈની કાર્યશક્તિ વિશે આસપાસના વર્તુળમાં અવિશ્વાસ જગાડ્યો. એક સમયે દવાઉદ્યોગની પોતાની સૂઝ અને આવડતને કારણે તેઓ આત્મવિશ્વાસથી સહુને કહેતા કે આ ઉદ્યોગ દ્વારા, એ અઢળક કમાણી કરશે, પરંતુ ધીરે ધીરે સહુનો વિશ્વાસ ઓસરવા માંડ્યો. એકાદ-બે વર્ષ તો ઠીક, પરંતુ એ સ્વપ્નસિદ્ધિની સાત-સાત વર્ષ સુધી સહુએ રાહ જોઈ અને છતાં સતત નુકસાની જોતાં એમની વાત પરની શ્રદ્ધા ઓસરી ગઈ. કેટલાંકે તો કહ્યું કે હવે ઉત્તમભાઈની શારીરિક, માનસિક અને આર્થિક ત્રણે પરિસ્થિતિ એવી છે કે તેઓ દવાનો વ્યવસાય તો ઠીક, કિંતુ કોઈ પણ પ્રકારના વ્યવસાય માટે અયોગ્ય છે.

ઊગતા સૂરજને પૂજનારો સમાજ ઉત્તમભાઈની નિષ્ફળતા જોઈને એમ માનવા લાગ્યો કે ભલે તેઓ આટલું બધું 'ભણ્યા' હોય પણ ધંધાની બાબતમાં 'ગણ્યા' નથી. આને કારણે એક વિચિત્ર પરિસ્થિતિનું નિર્માણ થયું.

એક વાર મુંબઈમાં પ્રસિદ્ધ સાઇકિયાટ્રિસ્ટ ડૉ. બગડિયાને એમની તબિયત બતાવી. એમણે 'ડિપ્રેશન' માટે એક નવી દવા બતાવી. એ સમયે એની એક ગોળીની કિંમત આઠ આના હતી. ત્રણ-ચાર અઠવાડિયાં આ દવા લીધી હોત તો એનું પરિણામ જાણવા મળ્યું હોત, પરંતુ માત્ર અડધી બૉટલ જ ખરીદી શક્યા. એને માટે વધુ રકમ નહોતી. વ્યવસાયી જીવનના પ્રારંભમાં જ હતાશાભરી પરિસ્થિતિનો સામનો કરવાનો આવ્યો.

એક બાજુ નિષ્ફળતાની એક પછી એક ઠોકર ખાતા રહ્યા અને બીજી બાજુ એવો સમય આવ્યો કે એમની ધંધાની વાતોને બધા હસી કાઢે અને કોઈ નોકરી આપે નહીં.

મુંબઈના સાહસમાં પચીસ હજાર રૂપિયા વપરાઈ ગયા. કેટલાક એમ માનતા કે ઉત્તમભાઈએ સેન્ડોઝની સારી નોકરી છોડીને અણઆવડતથી રૂપિયા ઉડાવી દીધા. હકીકત એ હતી કે ઉત્તમભાઈએ સફળતા માટે મોટો પુરુષાર્થ ખેડ્યો, પરંતુ નિષ્ફળતા જ હાથ લાગી. વિધિ એમના ખમીરની પરીક્ષા કરતી હતી.

વિધાતા અવરોધો એવા આપતી કે એના એક પ્રહારથી જ માનવી હતપ્રભ બની જાય, પણ જિંદગીના કેટલાક કડવા ઘૂંટડા પી જનાર ઉત્તમભાઈને એકાદ વધુ કડવો ઘૂંટડો પીવામાં હવે પરેશાની થતી નહોતી. અમૃતની ક્યાંય કશી આશા જ ન હોય, ત્યાં ઝેરની અસર ઓછી થઈ જાય છે.

❑

# ૭ ગરીબી, યાતના અને ઉપેક્ષા

**ઘો**ર વિફળતા, કથળતી તબિયત અને આર્થિક દુર્દશાના મહાસાગરમાં ઉત્તમભાઈની જીવનનૈયા આમતેમ ઊછળતી, અથડાતી, ફંગોળાતી હતી. સેન્ડોઝ કંપનીની મોભાદાર નોકરી સમયે મિત્રોનો મધપૂડો જામ્યો હતો. સગાંસંબંધીઓનો 'સ્નેહ' પણ અપાર હતો, પરંતુ મુંબઈના દુઃસાહસને પરિણામે ઉત્તમભાઈ એકલા-અટૂલા થઈ ગયા. ઘોર નિરાશાની અંધકારભરી પરિસ્થિતિમાં કેટલાક નિકટના મિત્રો સાવ મુખ ફેરવી બેઠા અને સંબંધીઓએ સાથ છોડી દીધો, ત્યારે અપરિચિતો પાસેથી તો કઈ આશા રાખી શકાય ?

જીવનમાં અવિરત આવતા આઘાત-પ્રત્યાઘાતોએ ઉત્તમભાઈના ચિત્તને ખળભળાવી મૂક્યું. એક આઘાતની હજી માંડ કળ વળી હોય, ત્યાં બીજી આફત ઉંબરે આવીને ઊભી જ હોય ! આજ સુધી સ્વાસ્થ્યને હોડમાં મૂકી અપાર પરિશ્રમ કરનારા ઉત્તમભાઈએ શારીરિક સ્વાસ્થ્ય તો ખોયું જ, પરંતુ માનસિક મુશ્કેલીય ઉત્તરોત્તર વધવા લાગી.

અમદાવાદની ઝાટકણની પોળમાં રહેતા હતા એ સમયે ઘણી વાર શાંતિથી, કશીય ખલેલ વિના કામ થાય તે માટે આખી રાતનો ઉજાગરો કરતા હતા અને પરિણામે દિવસે એ સૂતા જોવા મળે. એમના મકાનમાલિક ઠાકોરભાઈ પટેલ આજે પણ યાદ કરે છે કે તેઓ આખી રાત સતત પુસ્તકો વાંચતા હોય. એમના મનમાં વિચાર ચાલતો હોય કે કયા પ્રકારની દવા બજારમાં મૂકું કે જેથી તરત જ વેચાય અને ઓછી મૂડીએ બહોળું કામ થાય ! રાતની નીરવ શાંતિ એમને વિચાર અને સંશોધન માટે અનુકૂળ આવતી હતી. આને માટે ઉત્તમભાઈ ટૅબ્લેટનો સહારો લેતા. ટૅબ્લેટ ન મળે ત્યારે એમની અકળામણનો પાર ન રહેતો. ટૅબ્લેટ લે ત્યારે શરીરમાં કૃત્રિમ જોશ જાગ્રત થતું. એ જોશને કારણે પણ ક્વચિત્ હોશ ગુમાવવાનું બનતું હતું.

સેન્ડોઝ કંપનીમાં ઉત્તમભાઈ નોકરી કરતા હતા ત્યારે ડૉ. શાંતિભાઈ શાહે ઘણો સાથ આપ્યો હતો. ડૉ. શાંતિભાઈ શાહને શારદાબહેન પ્રત્યે સગી બહેન જેવી લાગણી હતી. ઉત્તમભાઈના કથળતા સ્વાસ્થ્યની રાત-દિવસની ચિંતાને કારણે શારદાબહેનનું વજન પણ ઓછું થયું હતું. શાંતિભાઈ એમને સતત આશ્વાસન અને સાંત્વના આપતા હતા કે નિરાશાવાદી ન થાવ, આશાવાદી બનો. રાત ગમે તેટલી અંધારી હોય પણ પછી અજવાળતું પ્રભાત આવવાનું જ.

આ સમયે નાનાં બાળકો સાથે શારદાબહેન ગૃહસંસાર ચલાવતાં હતાં. ઠાકોરભાઈનાં પત્ની વિદ્યાબહેન સાથે શારદાબહેનને સારો મેળ હતો. વિદ્યાબહેન મક્કમ અને હિંમતવાન હતાં. શારદાબહેનને એમની હૂંફ રહેતી. આખરે સહુએ વિચાર્યું કે ઉત્તમભાઈનું દર્દ હદ બહાર વધતું જાય છે. અન્ય



આદતના ઓથાર હેઠળ પ્રસન્નતાની ક્ષણો

વ્યક્તિને તો આનો ખ્યાલ પણ ન આવે, પણ ઘરના લોકોની યાતનાનો પાર નહોતો. બીજા લોકોને તો એ સીધા-સાદા કામગરા સજ્જન જ લાગતા હતા. પોળના રહીશો તો ઉત્તમભાઈને સવારે પોળમાંથી બહાર જતા જુએ અને સાંજે પાછા ફરતા જુએ !

ઉત્તમભાઈની 'એમ્ફેટેમિન ટૅબ્લેટ'ની આદતને કારણે ઉત્તમભાઈ અને એમના પરિવારજનોનાં જીવન દસ-દસ વર્ષ સુધી આફતોની આંધીમાં ઘેરાઈ ગયા. ઉત્તમભાઈને આ 'ટૅબ્લેટ' ન મળે તો એમનું શરીર સાવ ઢીલું પડી જતું, એકદમ સૂનમૂન થઈને બેસી રહેતા. કોઈની સાથે કશી વાતચીત કરે નહીં. કોઈપણ બાબતમાં એમને રસ પડે નહીં. 'ટૅબ્લેટ' ન મળવાથી પારાવાર અજંપો અને અકળામણ અનુભવતા હોય. આખું શરીર ખેંચાઈ ગયું હોય એવું લાગે.

આખી 'ટૅબ્લેટ' તો શું, પણ માત્ર એનો સહેજ સ્વાદ લે તો પણ એમનામાં ગજબની સ્ફૂર્તિ આવતી હતી. એ સમયે ત્રણ માણસ એમને પકડી રાખે તો પણ ઝાલી શકાતા નહીં. જાણે 'સુપરમેન'ની શક્તિ પેદા થઈ હોય તેવું લાગે !

એમ્ફેટેમિન 'ટૅબ્લેટ' લીધા પછી એ ખૂબ કામ કરવા લાગી જતા હતા. આનાથી થતી માનસિક બિમારીને પરિણામે ખોટા વિચારો આવતા હતા અને એમાંથી ખોટી શંકા-કુશંકાઓને કારણે પરિવારજનો તરફ અકળાતા અને કામના જરૂરી કાગળો ફાડી નાખતા હતા. આ 'ટૅબ્લેટ'ની અસર ઓછી થાય, ત્યારે એકદમ શાંત થઈ જતા. જો 'ટૅબ્લેટ'ની અસર હેઠળ ગુસ્સે થયા હોય તો માફી માગતા. મનમાં વિચારતા પણ ખરા કે હવે 'ટૅબ્લેટ' નહીં લઉં. ફરી પાછો થોડો સમય જાય અને 'ટૅબ્લેટ' લેવાનો વલોપાત શરૂ થાય. મોટી અને ચકળવકળ થઈ ગયેલી આંખો પરથી જ એનો ખ્યાલ આવી જાય. ગમે તે રીતે પણ 'ટૅબ્લેટ' લઈ આવે. ક્યાંક સંતાડી રાખી હોય અથવા તો કોઈ શક્તિની દવામાં પણ ભેળવી દીધી હોય.

એક દસકા સુધી ઉત્તમભાઈ આ આદતનો ભોગ બન્યા. એમણે પોતે ઘણું સહન કર્યું. ઘણી ભૂલો કરી. એને કારણે શારીરિક બેહાલી, આર્થિક ભીંસ અને સામાજિક મુશ્કેલીઓ અનુભવવી પડી. એમના સમગ્ર પરિવારને પણ આને કારણે  ઘણું સહન કરવું પડ્યું. એમના પુત્ર-પુત્રીઓને ગરીબી અને ઉપેક્ષાના ઓથાર હેઠળ જીવવું પડ્યું. 'ડ્રગ' લેનારના જીવનમાં કેવી તબાહી આવતી હોય છે, તે એ સમયગાળાના ઉત્તમભાઈના જીવનમાં જોવા મળ્યું.

સામાન્ય માનવી આવી આદતોનો ભોગ બની ધીમા, વેદનાજનક મૃત્યુનો શિકાર બને છે. પણ ઉત્તમભાઈ આની સામે ઝઝૂમ્યા અને ઉત્તમભાઈની જીવનકથાના આલેખનનું મુખ્ય ધ્યેય એ છે કે કદાચ કોઈ સંજોગોને આધીન

થઈને આવી 'ડ્રગ'ની આદતના ભોગ બન્યા હોય તો એની સામે ઉત્તમભાઈની માફક પ્રબળ યુદ્ધ કરે તો તે આદત પર વિજય મેળવી શકે છે અને જીવનને પ્રગતિની રાહ પર લઈ જઈ શકે છે !

વ્યવહારકુશળ વ્યક્તિ તરીકે કુટુંબની સમગ્ર પરિસ્થિતિનો વિચાર કરીને એમના સ્નેહાળ કુટુંબી-મિત્ર શાંતિભાઈ શાહે શારદાબહેનને સલાહ આપી કે તમે તમારે ગામ છાપી જાવ. ગામડાનાં હવા-પાણીને લીધે ઉત્તમભાઈનું સ્વાસ્થ્ય સુધરશે. વળી છાપીમાં શારદાબહેનના ભાઈઓ અને કુટુંબની ઓથ હોવાથી શારદાબહેનને રાહત રહેશે અને બાળકોની બરાબર સંભાળ પણ લેવાશે.

અમદાવાદમાં મહિને હજાર રૂપિયાનું ઘરખર્ચ થતું હતું, જ્યારે છાપીમાં આવક ઓછી હોય તો પણ રહી શકાય તેમ હતું. છાપી જવા માટે રાત્રે બાર વાગે ટેમ્પો બોલાવ્યો, પણ છાપી જવાની અનિચ્છાને કારણે ઉત્તમભાઈએ તે પાછો મોકલ્યો.

એ પછી બીજી વાર શારદાબહેને બાળકો સહિત છાપી જવાનું નક્કી કર્યું ત્યારે અમદાવાદના સ્ટેશનને બદલે સાબરમતીથી બેસવાનું આયોજન કર્યું. એક એવી દહેશત સતાવતી હતી કે ઉત્તમભાઈ અમદાવાદના સ્ટેશન પર એમને શોધીને જતાં અટકાવી દે તો ? આથી ઝાટકણની પોળમાંથી સામાન સાબરમતી સ્ટેશન સુધી લઈ ગયા. બાકીનો સામાન મકાનમાલિક ઠાકોરભાઈ પાછળથી મોકલવાના હતા. આખરે મહામુશ્કેલીએ છાપી તો પહોંચ્યા અને એક નવી પરિસ્થિતિનો આરંભ થયો. જીવનની આકરી ઊથલપાથલ પછી શાંતિનો સૂરજ ઊગવાની આશા હતી, પણ અંધકાર એવો જામ્યો હતો કે ઉષાની ઊગવાની દિશા જ દેખાતી નહોતી.

છાપીના એ દિવસો અત્યંત કપરા દિવસો બની રહ્યા. ઉત્તમભાઈની તબિયતના કારણે આખો પરિવાર આર્થિક સંકડામણોમાં સપડાઈ ગયો. સેન્ડોઝ કંપનીની નોકરીમાંથી મળેલી રકમ મુંબઈના નિષ્ફળ સાહસમાં ખર્ચાઈ ગઈ હતી, બીજી બાજુ સંતાનોની ઉંમર નાની હતી અને એમને કેળવણી આપવાની હતી. આવા કપરા સંજોગોમાં શારદાબહેન એક બાબતમાં મક્કમ હતાં કે ગમે તેટલું સહન કરીશ, કિંતુ પુત્ર-પુત્રીની કેળવણીમાં સહેજે કચાશ રાખીશ નહીં.

એમની પુત્રીઓ ભણવામાં ખૂબ હોશિયાર હતી, છતાં એક સમય એવો આવ્યો કે પુત્રીને ફી માફીમાં ભણવું પડ્યું. આવી દોહ્યલી સ્થિતિ હતી ત્યારે પણ શારદાબહેને કોઈની પાસે હાથ લાંબો કર્યો નહીં અથવા તો કોઈ જ્યોતિષીને પોતાનું નસીબ બતાવ્યું નહીં. એમને માત્ર એક જ બાબતમાં શ્રદ્ધા હતી અને તે નવકાર મંત્રમાં. એક સાંધો ને તેર તૂટે એવી પરિસ્થિતિમાં આ શ્રદ્ધાના બળે મોટો

સહારો આપ્યો. ઉત્તમભાઈની સારવારમાં અને દવાઓમાં શારદાબહેનના બધા દાગીના વેચાઈ ગયા હતા.

વિપરીત સંજોગોએ ઉત્તમભાઈને એવા ઘેરી લીધા હતા કે વ્યવસાયના વિકાસ માટે થોડી રકમ જરૂર હતી અને કોઈ એક રાતી પાઈ પણ આપવા તૈયાર નહોતું. એ સમયે સ્ટેટ બૅંક ઑફ ઇંડિયા વ્યવસાય કે ધંધા માટે મોટી રકમ ધીરતી હતી, પરંતુ ઉત્તમભાઈને આ બૅંકો પાસેથી ધંધા માટે મોટી રકમ અપાવે કોણ ? એમને માટે જામીનગીરી આપવા તૈયાર થાય  કોણ ? સહુને દહેશત લાગતી હતી કે ઉત્તમભાઈનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય એટલું બધું નિર્બળ અને અનિશ્ચિત હતું કે એમની ગેરહાજરીમાં ધંધો ખોરવાઈ જાય તો શું કરવું ? આવી નાણાંની વાત થાય ત્યારે કેટલાક તો એમના મુંબઈ સાહસની નિષ્ફળતાને આગળ ધરી દેતા હતા. વધારામાં કહેતા કે ધંધો ખેડવો એ એમને માટે ગજા બહારની વાત છે. એમાં તો દામ અને હામ જોઈએ.

ઉત્તમભાઈ પાસે દામ (પૈસા) નહોતા અને આવી માનસિક પરિસ્થિતિમાં હામ (હિંમત) તો ક્યાંથી રહી હોય ? કોઈ સલાહ આપતું કે ધંધાની ધૂનમાં પૈસા વેડફવાને બદલે નાની-મોટી નોકરી શોધીને કામે લાગી જાવ. આમ ઉત્તમભાઈને ધંધા માટે રકમ મળવાની કોઈ શક્યતા નહોતી. પોતે અંગત રીતે રકમ લઈ શકતા હતા, પરંતુ ડામાડોળ પરિસ્થિતિમાં જોખમ ઉઠાવી શકતા નહીં. આવા કપરા સમયે શારદાબહેને પેટે પાટા બાંધીને સંતાનોને ભણાવ્યાં અને પોતાનાં સંતાનોને ગ્રૅજ્યુએટ કરવાના નિર્ણયમાં મક્કમ રહ્યાં.

શારદા એટલે સરસ્વતી. શારદાબહેનને સરસ્વતી માટે – વિદ્યા કાજે –અપાર પ્રેમ હતો. શારદાબહેન પોતે વધુ અભ્યાસ કરી શક્યાં નહોતાં, પણ પોતાનાં બાળકોના અભ્યાસ અંગે સતત લક્ષ આપતાં રહ્યાં. ઉત્તમભાઈ પણ પોતાનાં સંતાનોના અભ્યાસની બાબતમાં સતત કાળજી સેવતા. જ્યારે સ્વાસ્થ્ય સારું હોય ત્યારે એમને પાસે બેસાડીને પ્રેમથી ગણિત શીખવતા હતા.

ક્યારેક શારદાબહેનના મનમાં એવો વિચાર પણ ઝબકી જતો કે પોતાનાં સંતાનોના જીવનમાં પોતાના જેવી કોઈ મુશ્કેલી આવે તો તેઓ ભણેલાં હોય તો વાંધો ન આવે. ઓછી મુશ્કેલીઓ સહેવાનું આવે. વિદ્યા એ અંધકારમાં પ્રકાશરૂપ છે અને આપત્તિમાં મોટી ઓથ સમાન છે. પરિણામે મનમાં એક મક્કમ નિર્ધાર હતો કે ભલે જીવનમાં ગમે તેટલા અવરોધો અને આપત્તિ આવે, મુશ્કેલીઓ અને મૂંઝવણો આવે તો પણ બાળકોને તનતોડ મહેનત કરીને પણ ભણાવીશ ખરી. પોતાની મુશ્કેલીનાં રોદણાં રડવાને બદલે એમણે હિંમત, ડહાપણ અને કોઠાસૂઝથી કુટુંબને જાળવી રાખ્યું અને સંતાનોની પ્રગતિમાં પૂરો સાથ આપ્યો.



ગૃહસ્થજીવનની એક ઝાંખી

શારદાબહેનનો આ સંકલ્પ એ કોઈ સામાન્ય નિર્ણય કે નિર્ધાર નહોતો. એ સમયે છોકરીઓને પ્રાથમિક શાળાથી વધુ આગળ ભણાવવાનું વલણ નહોતું. એક તો એવી માન્યતા હતી કે છોકરીઓને ભણાવીને કરવાનું શું ? નાની વયે લગ્ન થયાં હોય, પછી ભણતરની જરૂર શી ? વળી ભણીને અંતે તો ઘર-ગૃહસ્થી જ સંભાળવાની ને ! બીજું એ કે પ્રાથમિક શાળાના અભ્યાસથી આગળ અભ્યાસ કરવા માટે બીજા ગામ જવું પડે. એ સમયે માતાપિતા પોતાની છોકરીઓને બીજે ગામ મોકલવા રાજી નહોતાં. શારદાબહેને આવી રૂઢિ કે માન્યતાને સહેજે મચક આપી નહીં. એમને માટે સમાજનાં ચીલાચાલુ બંધનો કરતાં વ્યક્તિનો વિકાસ વિશેષ મહત્ત્વનો હતો.

તેઓ અભ્યાસ માટે પોતાની પુત્રીઓને છાપીની બહાર મોકલવા તૈયાર હતાં. રોજ અભ્યાસ માટે છાપીથી બીજે ગામ જવું પડે, અપ-ડાઉન કરવું પડે તેમ છતાં પોતાની દીકરીઓ ભણે એવો શારદાબહેને સતત આગ્રહ રાખ્યો. કોઈ ટીકા કરે, કોઈ હળવી મજાક કરે, પણ શારદાબહેન એમના વિચારમાં મક્કમ હતાં. ઉત્તમભાઈની અસ્વસ્થ તબિયતને પરિણામે ૧૯૬૮ સુધી બાળકોના ઉછેર અને અભ્યાસની જવાબદારી શારદાબહેને એકલે હાથે સંભાળી લીધી.

આ સમયે કોઈ આવીને શારદાબહેનને કહેતું પણ ખરું કે તમારી સૌથી મોટી પુત્રી મીનાને ભણાવો છો શા માટે ? ત્યારે શારદાબહેન કહેતાં કે "ભણતર એ જરૂરી છે. જીવન માટે ઉપયોગી છે."

એક વખત તો છાપી ગામના એક રહીશ શારદાબહેનને સલાહ આપવા આવ્યા. એમણે કહ્યું કે અમારી છોકરીઓ ચાર ધોરણથી વધુ ભણી નથી, છતાં એમને કેવું સારું ઘર મળ્યું છે ! તમે છોકરીઓને આટલું બધું ભણાવીને શું કરશો ? હકીકતમાં એ સમયે આખા છાપી ગામમાં કોઈ સાત ધોરણથી વધુ ભણેલી છોકરી નહોતી.

છાપીથી વધુ ભણવા માટે પાલનપુર જવું પડતું. છાપીથી લોકલ ટ્રેનમાં પાલનપુર જતાં એક કલાક લાગે. આમ જવાનો એક કલાક અને પાછા ફરવાનો એક કલાક. આવી મુશ્કેલીઓ હોવા છતાં શારદાબહેને મીનાબહેનને ભણવા માટે છાપીથી પાલનપુર મોકલ્યાં. છાપીમાં આઠમા ધોરણમાં મીનાબહેન પ્રથમ નંબરે આવ્યાં. એમને તેજસ્વી વિદ્યાર્થિની તરીકે પુસ્તકો અને ફી મળ્યાં. છેક મૅટ્રિક સુધી મીનાબહેન નિશાળમાં પ્રથમ નંબરે આવ્યાં. એને માટે સખત મહેનત કરતાં, કારણ કે જો પ્રથમ નંબર આવે તો ફી અને પુસ્તકો ફી મળે. કૉલેજકાળ દરમ્યાન પુસ્તકો ખરીદી શકે તેમ ન હોય, તે વખતે અભ્યાસનું આખુંય પુસ્તક

લખી નાખતા. કૉલેજમાં મીનાબહેને પોતાને માટે ઇ.બી.સી. (ઇકોનૉમિકલી બૅકવર્ડ ક્લાસ)નું ફૉર્મ ભર્યું ત્યારે ઉત્તમભાઈની આંખમાંથી આંસુની ધારા વહી હતી.

જિંદગીનો રંગ પણ કેવો પલટાય છે ! એક સમયે વિલાયતી દવાની કંપનીની એમની નોકરીની અને એમના મોટા પગારની સહુ કોઈ ઈર્ષા કરતા હતા. વળી એક વખત એવોય આવ્યો કે અભ્યાસમાં અત્યંત તેજસ્વી એવી પુત્રીને ફી પણ આપી શકતા નહોતા.

મૅટ્રિકમાં ઉત્તીર્ણ થયા પછી કૉલેજના અભ્યાસ માટે મીનાબહેને પાલનપુર આટ્ર્સ ઍન્ડ સાયન્સ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. આ ઘટના કેટલાકને વજ્રાઘાત જેવી લાગી. કોઈએ આવીને શારદાબહેનને ચેતવ્યાં પણ ખરાં કે દીકરીને આ રીતે અપ-ડાઉન કરાવો છો, એમાં કંઈ મુશ્કેલી આવશે તો શું મોઢું બતાવશો ? શારદાબહેન ઘણા મક્કમ હતાં. મીનાબહેન પાલનપુર આટ્ર્સ ઍન્ડ સાયન્સ કૉલેજમાં કૉલેજના પ્રથમ વર્ષમાં દાખલ થયાં. કૉલેજના પ્રથમ વર્ષમાં મીનાબહેનને ઇ.બી.સી. સહાય મળી હતી. એમની તેજસ્વી કારકિર્દીને કારણે થોડા સમયમાં કૉલેજમાંથી સ્કૉલરશીપ મેળવવાને પાત્ર બન્યાં. આ કપરા આર્તિક સંજોગોમાં દોઢસો રૂપિયાની ઇ.બી.સી. રાખી લેવાનું કોઈને પણ મન થાય. પણ દોઢસો રૂપિયાની ફી સ્કોલરશીપની સહાય મળી કે તરત જ પિતા ઉત્તમભાઈને લઈને કૉલેજમાંથી મળેલી ઇ.બી.સી.ની રકમ પાછી આપી આવ્યાં.

ઈ. સ. ૧૯૬૭માં મીનાબહેનનાં લગ્ન થયાં. અઢાર વર્ષની વયે એમનું સગપણ થયું. એ પછી એકાદ વર્ષમાં લગ્ન લેવાયાં. શારદાબહેન પાસે મૂડી રૂપે સોનાની ચાર બંગડી હતી. એમાંથી બે મીનાબહેનનાં લગ્નમાં આપી. પાંચેક હજારનું મોસાળું થયું અને એટલી રકમમાં જ લગ્નનો ખર્ચ કર્યો. ઉત્તમભાઈમાં પહેલેથી જ આતિથ્યની ઉમદા ભાવના હતી, આથી લગ્ન બરાબર સરભરા સાથે થયાં. કારમી આર્થિક સંકડામણનો કોઈનેય ખ્યાલ ન આવે તે રીતે આપસૂઝ અને જાતમહેનતથી શારદાબહેને આ પ્રસંગે ઉકેલ્યો.

છાપીના એ દિવસો ઘણા યાતનાભર્યા દિવસો હતા. ઉત્તમભાઈ 'એમ્ફેટેમિન ટૅબ્લેટ' લે, તે સામે શારદાબહેનનો પ્રબળ વિરોધ હતો. આ 'એમ્ફેટેમિન' નામની ટૅબ્લેટ લશ્કરના સૈનિકોને જોશ જગાડવા માટે અપાતી હતી. વિદ્યાર્થીઓ રાત્રે વધુ જાગીને વાંચવા માટે લેતા હતા. (પાછળથી આ ટૅબ્લેટ પર પ્રતિબંધ મુકાયો.) એક સ્થિતિ તો એવી આવી કે ટૅબ્લેટની બાબતમાં સંતાકૂકડી ખેલાવા લાગી. શારદાબહેન એ લેવાની સ્પષ્ટ ના કહે અને આદતથી મજબૂર ઉત્તમભાઈ એ લીધા વિના રહી શકે નહીં.

ઉત્તમભાઈ દાદરાની સીડી ચડતા હોય અને એમના પગના અવાજ પરથી શારદાબહેન પારખી લેતાં કે એમણે 'ટૅબ્લેટ' લીધી છે કે નહીં. એવોય સમય આવતો કે ઘરમાં કોઈ કમાણી નહીં. ઉત્તમભાઈનું કથળેલું સ્વાસ્થ્ય જે કંઈ વધીઘટી રકમ હોય તે પણ છીનવી લેતું હતું. ઉત્તમભાઈની અસ્વસ્થ તબિયતની સુમતિભાઈએ સતત સંભાળ રાખી. કેટલાંય સગાંઓએ આ પરિસ્થિતિ જોઈને એમના તરફ પીઠ કરી દીધી, પરંતુ આવે વખતે શારદાબહેનના ભાઈ સુમતિભાઈ બંનેની પડખે અડીખમ ઊભા રહ્યા. આવી કપરી પરિસ્થિતિમાં સુમતિભાઈએ સાચા અર્થમાં સાથ આપ્યો.

છાપીમાં હતા ત્યારે ઉત્તમભાઈએ શિક્ષક બનવાનો વિચાર કર્યો. છાપીની નિશાળમાં ટ્રસ્ટી મંડળમાં એમના કેટલાક સ્નેહીઓ જ હતા. ઉત્તમભાઈએ નોકરી મળી જશે એવા આશયથી અરજી કરી. એ વખતની સ્થિતિ એવી કે શિક્ષક તરીકે બસો રૂપિયાનો પગાર મળે તોય ભયો ભયો ! એમને શિક્ષકની નોકરી માટેના ઇન્ટરવ્યૂમાં બોલાવ્યા નહીં. વયમર્યાદાનો વાંધો કાઢવામાં આવ્યો.

એ દિવસોમાં ઉત્તમભાઈના ઘેર ચાર-પાંચ દિવસે એકાદ વખત શાક બનતું. ઘરમાં શાક બને તે એક મોટી ઘટના ગણાતી. સ્ટેશન પર રાજસ્થાનથી મુંબઈ તરફ જતા ભારખાનાના ડબ્બામાં રહેલી ભેંસોને દોહવામાં આવતી. આ દૂધ ઘણું સસ્તું રહેતું. આથી શારદાબહેન કે મીનાબહેન સ્ટેશન પર જાય અને આ સસ્તું દૂધ લઈ આવે. ઘણા દિવસો માત્ર દૂધ અને રોટલી પર ચલાવે. બહુ બહુ તો દૂધમાં ખાંડ અને ચોખા નાખીને ક્યારેક ખીર બનાવતાં. આવા કપરા સમયમાં ઉત્તમભાઈના સહાધ્યાયી-મિત્ર જેસિંગભાઈનો ઘણો સાથ રહ્યો. શારદાબહેનને ઉત્તમભાઈ ક્યાં જશે અને ક્યારે પાછા આવશે તેની ચિંતા રહેતી. તેઓ ક્યારેક અમદાવાદ, પાલનપુર કે સિદ્ધપુર ચાલ્યા જતા.

બીજી બાજુ સતત મળતી નિષ્ફળતાઓ અને મુશ્કેલીઓ ઉત્તમભાઈને મૂંઝવતી ખરી પરંતુ મનમાં એક એવો અહેસાસ ખરો કે એક દિવસ જરૂર સોનાનો સૂરજ ઊગશે. દૃઢપણે એમ માનતા કે એમની ધંધાની સૂઝને કારણે એ આજે નહીં, તો કાલે જરૂર સફળ થશે. હૃદયમાં આવો આત્મવિશ્વાસ હતો. હકીકત એને ખોટો ઠેરવતી હતી. આમ ધારણા અને વાસ્તવિકતા વચ્ચે સતત સંઘર્ષ ખેલાતો રહેતો.

ઉત્તમભાઈએ હવે 'ટૅબ્લેટ'ની આદત સામે ખુદ જંગ શરૂ કર્યો. એક વાર આમાં ડૂબી ગયા પછી તરીને બહાર આવવું એ એવરેસ્ટ ચઢવા જેવું કપરું કામ હતું. વળી સફળતા માટેની અદમ્ય મહત્ત્વાકાંક્ષા એમને સતત સાદ પાડતી હતી. એ સાદ સાંભળીને પૂરા વેગથી દોડતા ઉત્તમભાઈને કાર્યશક્તિ જોઈતી હતી. ફરી એ કાર્યશક્તિ મેળવવા માટે ટૅબ્લેટની શરણાગતિ લેવી પડતી હતી.



છાપીનું નિવાસસ્થાન

એક વાર શારદાબહેને એક શરાફને ત્યાં ત્રણસો રૂપિયા મૂક્યા હતા. એમના જીવનની આટલી જ બચત હતી. દવા બનાવવા માટે ઉત્તમભાઈને ત્રણસો રૂપિયાની જરૂર પડી, આથી તેઓ શરાફને ત્યાં જઈને એ રકમ લઈ આવ્યા અને ટૅબ્લેટમાં ખર્ચાઈ ગયા. શારદાબહેનના જીવનનાં આ કરુણ અને કપરા દિવસોમાં એમના નાના ભાઈ સુમતિભાઈનો સદાય સાથ રહ્યો. અર્ધી રાત્રે તેઓ મદદ કરવા આવતા હતા અને બહેનના કૌટુંબિક જીવનમાં સુખ-શાંતિ રહે, તે માટે પ્રયત્ન કરતા હતા.

જીવનની આ વિદારક પરિસ્થિતિ હતી. સંજોગોનો એવો સકંજો હતો કે એમાંથી બહાર નીકળવા માટે સામાન્ય પ્રયત્નો પૂરતા નહોતા. એને માટે તો અસામાન્ય મહાપ્રયાસની જરૂર હતી. ઉત્તમભાઈના આ મહાપ્રયાસને અવારનવાર નિષ્ફળતા મળતી હતી પરંતુ એ નિષ્ફળતાથી અટકી જવાને બદલે કોઈક અગમ્ય આશાથી સફળતા મેળવવાનું જીવનયુદ્ધ ચાલુ રાખ્યું.

❑



આફતોની વચ્ચે આનંદનું હાસ્ય

# ૮

ઈ. સ. ૧૯૫૯ની ૩૦મી જૂને ઉત્તમભાઈએ 'ટ્રિનિપાયરીન' ટૅબ્લેટનું ઉત્પાદન કરીને તેને વેચાણ માટે બજારમાં મૂકી. લાંબા સમયના અભ્યાસ અને અનુભવને અંતે એમનો આ પ્રયાસ એમની કીર્તિ વધારનારો બન્યો. એક અર્થમાં કહીએ તો દવા-ઉદ્યોગના ક્ષેત્રે આ એમનું પહેલું 'ટ્રમ્પ-કાર્ડ' હતું. આ દવાના વેચાણ માટે ઉત્તમભાઈએ રાત-દિવસ તનતોડ મહેનત કરીને પ્રયત્નો કરવામાં લેશમાત્ર કચાશ રાખી નહીં. બી.એસસી. થયેલા આ સાયન્સ ગ્રૅજ્યુએટ પેન્ટ, શર્ટ અને ટાઈ લગાવીને બનાસકાંઠા અને મહેસાણા જિલ્લાનાં ધૂળિયાં ગામો ખૂંદવા લાગ્યા.

વહેલી સવારે ત્રણ વાગે ઊઠે. બે મોટી-મોટી બૅગમાં મણ - દોઢ મણ વજન લઈને નાસ્તાના ટિફિન સાથે છાપીથી વહેલી સવારે ચાર વાગે ટ્રેનમાં નીકળી જાય. એટલે સાડા છ વાગે મહેસાણા પહોંચી જાય. મહેસાણા એ દૂર-દૂરનાં ગામડાંઓમાં જતી બસોનું વડું મથક. તેથી અહીં આવીને દૂર-દૂરનાં ગામડાંઓમાં જવાની બસ મેળવવી પડે. એ ગામડામાંથી સાંજે પાછા ફરવાની બસ મળે તો એ બસ દ્વારા છેક મોડી રાત્રે ને ક્યારેક મધરાત પછી પાછા આવે. મોટેભાગે બસના અભાવે આ દૂરનાં ગામોમાંથી એ દિવસે સાંજે પાછા ફરવું શક્ય બનતું નહીં, પરિણામે નાના ગામડામાં રાત રોકાઈ જવું પડતું હતું.

ડીસા અને એની આસપાસનાં ગામોમાં જાય, ત્યારે તો ઉત્તમભાઈ બે-ત્રણ દિવસ પછી પાછા ફરતા હતા. એમણે ઉત્પાદિત કરેલી દવામાં સારો એવો નફો હોવાથી થોડુંક વેચાણ થાય, તો પણ ઉત્તમભાઈને પારાવાર આનંદ થતો અને પોતાનો લાંબો પ્રવાસ અને જહેમત સાર્થક લાગતાં હતાં. પ્રારંભના આ તબક્કામાં એમને બનાસકાંઠાના ડૉક્ટરોએ હૂંફાળો સાથ આપ્યો.

એક તો ઉત્તમભાઈની રીતભાત એવી કે ડૉક્ટર એમનું સૌજન્ય જોઈને ખુશ થઈ જાય. બીજું એ કે ઉત્તમભાઈ બનાસકાંઠાના વતની હોવાથી ડૉક્ટરોનો પણ એમના પ્રત્યે સ્વાભાવિક પક્ષપાત હતો. વીસનગરના મોતીભાઈ ચૌધરી સાથે ઉત્તમભાઈને છેક '૬૦-'૬૧થી પરિચય હતો. ડૉ. મોતીભાઈ ચૌધરીને મેડિકલ રીપ્રેઝન્ટેટિવ તરીકે ઉત્તમભાઈ મળવા જતા હતા, માત્ર દોઢેક વર્ષમાં તો એમની સાથે આત્મીય સંબંધ બંધાઈ ગયો. ડૉ. મોતીભાઈ ચૌધરી પણ એવા સૌજન્યશીલ વ્યક્તિ કે કોઈ પણ એમ.આર. આવે તો એને આદર આપે. અવગણનાની તો વાત જ નહીં. વળી એને ચા પિવડાવ્યા વિના તો જવા જ ન દે. છેક ૧૯૬૦થી ૧૯૭૫ સુધી દવાના વેચાણ માટે ઉત્તમભાઈ ડૉ. મોતીભાઈ ચૌધરીને મળવા આવતા હતા.

પાલનપુરના ડૉ. રાજેન્દ્ર શાહના પિતાશ્રી ડૉ. રમણભાઈ શાહ સાથે

ઉત્તમભાઈને શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ફર્સ્ટ ઇયર સાયન્સમાં હતા ત્યારથી પરિચય હતો. ઉત્તમભાઈ સેન્ડોઝ કંપનીમાં કામગીરી બજાવતા હતા ત્યારે એમણે ડૉ. રમણભાઈ શાહને એક વાર કહ્યું હતું કે આ કંપનીની કાર્યશૈલી એમને બહુ પસંદ નથી. એ પછી ટ્રિનિટી કંપનીના નામે દવાઓનું ઉત્પાદન શરૂ કર્યું, ત્યારે તો ઉત્તમભાઈ સાઇકલ પર બેસીને રમણભાઈને મળવા આવતા હતા. રમણભાઈ દર્દીઓને તપાસતા હોય તો થોડો સમય શાંતિથી બહાર બેસતા હતા. બીજા એમ.આર.ની માફક એ સહેજે અકળાય નહીં. આંટા મારે નહીં કે ઉતાવળ કરે નહીં. ઉત્તમભાઈને ખ્યાલ કે એમના આ મિત્રને બગીચાનો ભારે શોખ છે, તેથી એ રમણભાઈ માટે છોડનાં કૂંડાંઓ ઉપાડીને લાવતા હતા. એ સમયે ડૉ. રમણભાઈને ત્યાં દર્દીઓની ભીડ જામતી હતી. એમની પ્રૅક્ટિસ ખૂબ ચાલતી હતી, પણ ક્યારેય ઉત્તમભાઈ તેઓ પોતાની પ્રોડક્ટ લખે તેવો આગ્રહ રાખે નહીં. અંગત સંબંધ તો એટલો થયો કે ઉત્તમભાઈ આવે ત્યારે એમને પોતાને ત્યાં ભોજન કરાવ્યા વિના નીકળવા દે નહીં.

એ સમયની ઉત્તમભાઈની સખત અને અવિરત મહેનતનું સ્મરણ ડૉ. કે. એચ. મહેતાને આજેય એટલું જ તાજું અને તાદૃશ્ય છે. ૧૯૫૯માં ડૉ. કે. એચ. મહેતા પાલનપુરથી એકસો કિલોમીટર દૂર આવેલા બાપલા ગામમાં સરકારી ડૉક્ટર તરીકે કામ કરતા હતા. ઉત્તમભાઈ એમને મળવા આવતા. આ માટે તેઓ પહેલાં તો છાપીથી પાલનપુર આવતા હતા; પછી પાલનપુરથી બસ મારફતે ડીસા જાય. ડીસાથી વળી બસ મેળવીને ખીમત ગામમાં ઊતરે. આ ખીમત ગામથી બાપલા ગામ જવા માટે એ સમયે કોઈ વાહન નહોતું. બાપલા ગામમાં જવા માટે ઊંટ પર બેસીને પહોંચવું પડતું. ઉત્તમભાઈ ખીમતથી બાપલાનું ચૌદ કિલોમીટરનું અંતર ઊંટ પર સવારી કરીને પસાર કરતા હતા.

અહીં આવી તેઓ ડૉ. કે. એચ. મહેતાને પોતાની પ્રોડક્ટની વાત કરતા અને સાથે થોડો ઑર્ડર પણ લઈ જતા. એમની શરૂઆતની દવા ટ્રિનિપાયરીન હતી. એની એક હજાર ગોળીની કિંમત છેંતાલીસ રૂપિયા હતી. ડૉ. કે. એચ. મહેતા એમને એક હજાર ગોળીનો ઑર્ડર આપતા હતા. જો એ વખતે રકમ ન હોય તો એ રકમ એકાદ-બે મહિને મળતી. આ છેંતાલીસ રૂપિયાનું ઉત્તમભાઈને મન ઘણું મૂલ્ય હતું અને તેથી જ સહેજે થાક્યા કે કંટાળ્યા વિના તેઓ એમના ધંધાનો પરિશ્રમપૂર્વક વિકાસ સાધતા રહ્યા.

ડૉ. કે. એચ. મહેતા પાસે બાપલા આવે ત્યારે એમને રાત્રે રોકાણ કરવું પડતું. એ પછી બીજે દિવસે સવારે બાપલાથી નીકળીને પાલનપુર તરફ જતા. છેક બનાસકાંઠાના વાવની સરહદ સુધી નાનાં ગામોમાં જઈને પણ ઑર્ડર લાવતા હતા.

એ સમયના ઉત્તમભાઈમાં ત્રણ વિશેષતા ડૉ. ખૂબચંદભાઈ મહેતાને નજરે પડી. સખત પરિશ્રમ, મક્કમ સંકલ્પબળ અને અને પ્રામાણિકતા. ઉત્તમભાઈ પરિશ્રમથી આગળ વધ્યા. મક્કમ સંકલ્પબળે એમને ટકાવી રાખ્યા અને પ્રામાણિકતાએ એમને પોતાના ક્ષેત્રમાં પ્રતિષ્ઠા અપાવી.

ઉત્તમભાઈ કહેતા પણ ખરા કે બીજાઓ જો સારી રીતે અને સફળતાથી ધંધો કરી શકે છે, તો એટલી સૂઝ અને અભ્યાસ પછી હું કેમ ન કરી શકું ? આ સમયે બીજા એક ડૉક્ટરને મળવા માટે સિદ્ધપુરથી કાકોશી બસમાં જતા. બસ ન મળે, તો ચાલીને પણ જતા. આ પરિસ્થિતિમાં આર્થિક પરિસ્થિતિને કારણે ઉત્તમભાઈને ઘણી મુશ્કેલીઓ સહન કરવી પડતી હતી.

પોતાના વ્યવસાયમાં વિકાસ હાંસલ કરવાની ઉત્તમભાઈમાં અદમ્ય ધગશ જોવા મળતી. પાટણના ડૉ. વી. ડી. રાવળ ૧૯૬૨ના માર્ચથી પાટણમાં પ્રૅક્ટિસ કરતા હતા. પાટણ આવ્યા પછી માત્ર છ મહિના બાદ જ એમને યુ. એન. મહેતાની મુલાકાત થઈ. ડૉ. રાવળનું કન્સલ્ટિંગ રૂમ મોડી રાત સુધી ચાલતું અને છેક રાતના સાડા અગિયાર-બાર સુધી તેઓ કામ કરતા હતા. એ પછી તેઓ ઉત્તમભાઈને મળતા હતા. ઉત્તમભાઈ આટલો લાંબો વખત ધીરજથી બેઠા હોય. ડૉક્ટરનું દર્દીઓ તપાસવાનું પૂર્ણ થાય એટલે તેઓ ઉત્તમભાઈને ઑફિસમાં બોલાવે. આટલું બધું મોડું થયું હોય ત્યારે સ્વાભાવિક રીતે જ બીજા એમ.આર. અકળાઈ જાય. ક્યારેક કોઈના ચહેરા પર આવી અકળામણ ઊપસી આવતી હતી. પરંતુ ઉત્તમભાઈને જ્યારે બોલાવે ત્યારે તેઓ પોતાના લાક્ષણિક સ્મિત સાથે અંદર પ્રવેશતા અને મીઠાશથી કહેતા કે, "ડૉક્ટર, હું તમારી ફક્ત બે જ મિનિટ લઈશ."

ઉત્તમભાઈ એમના બોલાયેલા શબ્દોને ચુસ્તપણે વળગી રહેતા. કહે કંઈ ને કરે કંઈ તેવું નહીં. ધીરે ધીરે ડૉ. વી. ડી. રાવળ સાથે આત્મીયતા બંધાઈ ગઈ. આથી છાપીમાં 'ટ્રિનિટી' લૅબોરેટરી ચલાવતા ઉત્તમભાઈને મજાકમાં ડૉ. રાવળ એમ કહેતા કે તમારી 'ફૅક્ટરી' એટલે 'થ્રી પ્રોડક્ટ ઍન્ડ વન મૅન'. ટ્રિનિહેમીન, ટ્રિનિબિયોન અને ટ્રિનિકામ – એ એમની ત્રણ પ્રોડક્ટ હતી. એના પ્રચાર માટે તેઓ એકલા પંડે જ મહેનત કરતા હતા. એકલવીર યોદ્ધાની માફક સ્વબળે પુરુષાર્થ ખેડતા હતા.

તેઓ જ્યારે ડૉ. વી. ડી. રાવળને સૅમ્પલ આપતા ત્યારે સામાન્ય રીતે એમ.આર. દસ ગોળીનું સૅમ્પલ આપે, બહુ બહુ તો એક સો ગોળીનું સૅમ્પલ આપતા હોય; પરંતુ ઉત્તમભાઈ એમને એક હજાર ગોળીનું સૅમ્પલ આપતા હતા. આ જોઈને ડૉ. રાવળને અત્યંત આશ્ચર્ય થતું. એ વિચારતા પણ ખરા કે આટલી

બધી ગોળીઓનું સૅમ્પલ કેમ આપતા હશે ? આટલી બધી ગોળીઓ આપે એટલે ડૉ. રાવળના દવાના સ્ટોરમાં પણ એમનો માલ દર્દીને ઉપલબ્ધ રહેતો. આ સમયે ઉત્તમભાઈ વજનદાર બૅગ ઊંચકીને બધે ફરતા હતા. ડૉ. રાવળ ક્યારેક એમ કહે કે તમે ઘણી મહેનત કરો છો, ત્યારે ઉત્તમભાઈ એમ કહેતા કે માણસ કામ કરે તો જ ઊંચો આવે છે.

આજે ઉત્તમભાઈની એ વાતનું સ્મરણ કરતાં ગદ્‌ગદિત બનીને ડૉ. રાવળ કહે છે કે ઉત્તમભાઈની જિંદગી એ પરિશ્રમગાથા જેવી હતી. એમણે શૂન્યમાંથી સર્જન કરી બતાવ્યું.

ઉત્તમભાઈના ધૈર્યની વાત તો પાલનપુરના ડૉ. જીવણલાલ શાહ પાસેથી જાણવા મળે. તેઓ કહે કે બીજા એમ.આર. "પહેલાં મને બોલાવો, પછી બીજાને બોલાવજો" એમ આગ્રહપૂર્વક કહેતા હોય. જ્યારે એમ.આર. તરીકે ઉત્તમભાઈ ધીરજથી બેસતા અને ડૉ. જીવણલાલ શાહને કહેતા કે "પહેલાં બીજા બધાનું પતાવો પછી મારું વિચારજો." આથી જરૂર પડે બે કલાક રાહ જોઈને બેસી રહેતા. ક્યારેક તો રાતના સાડા અગિયાર જેવો સમય થઈ જતો. ખૂબ ધીમેથી પણ વિગતવાર રીતે પોતાની દવાની વિશેષતાની વાત કરતા હતા. પછી એમને સૅમ્પલ આપતા. કોઈ ડૉક્ટર એમની દવા લખતા નહીં તો પણ એમને મળવા જતા હતા. એક વાર નહીં, પણ ચાર-પાંચ વાર મળવા જાય.

ઉત્તમભાઈના આ સંઘર્ષકાળના જીવનમાં મેથાણના ડૉ. એમ. આર. શર્મા આગવું સ્થાન ધરાવે છે. ડૉ. શર્માએ એમને આપેલો ઉમળકાભર્યો આવકાર અને સારો એવો ઑર્ડર ઉત્તમભાઈને જીવનભર યાદ રહ્યા હતા. ડૉ. શર્મા એમના ઉત્તમભાઈ સાથેના સંબંધને કૃષ્ણ-સુદામાની દોસ્તી તરીકે ઓળખાવતા હતા, તેઓ હસતા હસતા કહેતા કે "અમે સુદામા રહ્યા અને એ દ્વારકાનાથ થઈ ગયા હતા." જોકે આમ બોલ્યા બાદ એમ પણ કહેતા કે "તેઓ જીવનભર આ સુદામાને સહેજે ભૂલ્યા નહોતા."

એ સમયે છાપી ગામથી મેથાણ ગામ પહોંચવા માટે ચાર ગાઉ ચાલવું પડતું હતું. ઉત્તમભાઈની બૅગમાં દવા, ઇંજેક્શન વગેરેનું સાતેક કિલો વજન હોય. પૅન્ટ, શર્ટ અને બૂટ પહેરીને આટલા વજન સાથે તેઓ મેથાણ પહોંચે ત્યારે બાર વાગ્યા હોય એટલે ડૉ. શર્મા ભોજન માટે નિમંત્રણ આપીને એમની સાથે ઘેર લઈ જતા. બીજા મેડિકલ રીપ્રેઝન્ટેટિવ ખૂબ વાચાળ હોય. જોકે ઉત્તમભાઈ બહુ ઓછું બોલતા હતા. શાંતિથી પોતાની વાત રજૂ કરે. પહેલી વાર ઉત્તમભાઈ એમને મળ્યા ત્યારે એકસો રૂપિયાના ઑર્ડરની ધારણા રાખી હતી, પરંતુ શર્માએ એક હજાર રૂપિયાનો ઑર્ડર આપતાં તેમને પોતાનો આ પહેલો પ્રયાસ જ્વલંત સફળતાભર્યો લાગ્યો હતો.

ક્યારેક ડૉ. શર્મા એમને પરસેવાથી રેબઝેબ થયેલા આવતાં જુએ એટલે કહેતા કે તમે એમ.આર. નથી, પરંતુ કંપનીના માલિક છો. તમારે કોઈ માણસ રાખવો જોઈએ. આમ બે-ત્રણ વર્ષ સુધી ઉત્તમભાઈ મેથાણ ગયા અને ડૉ. શર્માનું આતિથ્ય અને ઑર્ડર બંનેનો સહિયારો આનંદ પામ્યા. ડૉ. શર્માને ત્યાં પહેલી વાર ગયા, ત્યારે એમને પિત્તળની થાળીમાં ભોજન પીરસ્યું હતું. ઉત્તમભાઈને આ પસંદ પડ્યું નહીં તેથી તેઓ ફરી વાર ડૉ. શર્માને મળવા આવ્યા ત્યારે એમના ઘરને માટે સ્ટીલની થાળી, વાટકી અને ગ્લાસના છ સેટ લેતા આવ્યા હતા. ઉત્તમભાઈ કોઈ પણ વ્યક્તિ સાથે માત્ર વ્યવહારનો સંબંધ રાખતા નહીં, કિંતુ એમની આત્મીયતાથી એની સાથેનો સંબંધ સ્નેહબંધન બની જતો ! બુદ્ધિથી બંધાયેલો સંબંધ હૃદયનો બની રહેતો.

આ સમયગાળામાં બનેલી બનાસકાંઠા મેડિકલ ઑફિસર્સ એસોસિએશનની મિટિંગની ઘટના નોંધપાત્ર છે. ઉત્તમભાઈએ વિચાર્યું કે સરકારી મેડિકલ ઑફિસર્સની મિટિંગમાં જઈએ તો ઘણા સંપર્ક થાય. બનાસકાંઠાની આ મિટિંગમાં એમને પ્રવેશ મળવો અશક્ય હતો. કારણ એ હતું કે બનાસકાંઠાના ડિસ્ટ્રિક્ટ હેલ્થ ઑફિસર (ડી.એચ.ઓ.) સ્વભાવના ઘણા કડક હતા. ઉત્તમભાઈએ ડૉ. કે. એચ. મહેતાને કહ્યું કે, "એમાં શું ? આપણે એમને નમ્ર બનાવી દઈશું. માત્ર જરા એમની મુલાકાત ગોઠવી આપો."

સમય લઈને ડૉ. કે. એચ. મહેતા ઉત્તમભાઈને લઈને ડિસ્ટ્રિક્ટ હેલ્થ ઑફિસરને મળવા ગયા. ઉત્તમભાઈના અભિજાત સૌજન્યએ એમનું હૃદય જીતી લીધું. ડિસ્ટ્રિક્ટ હેલ્થ ઑફિસર એમને છેક ઝાંપા સુધી મૂકવા આવ્યા અને વિશેષમાં કહ્યું કે આજે સાંજે બનાસકાંઠા મેડિકલ ઑફિસર્સ એસોસિએશનની એક મિટિંગ છે. અનુકૂળતા હોય તો જરૂર પધારજો. તમે આ વિસ્તારના છો. તમને તમારા વિસ્તારના મેડિકલ અધિકારીઓ સાથે મળીને આનંદ આવશે. ઉત્તમભાઈ મિટિંગમાં ગયા અને બધા મેડિકલ અધિકારીઓને આનંદભેર મળ્યા. સમય જતાં કડક સ્વભાવના ડી.એચ.ઓ. ઉત્તમભાઈના મિત્ર બની ગયા.

આમ છાપીના આ વસવાટ દરમ્યાન ઉત્તમભાઈના જીવનમાં અપાર મુશ્કેલીઓ આવતી હતી, પરંતુ કોઈ દૃઢ મનોબળ ઉત્તમભાઈને ટકાવી રાખતું હતું. ડૉ. એમ. ડી. ચૌધરીના કહેવા પ્રમાણે ઉત્તમભાઈ એમને વારંવાર મળવા આવતા, પરંતુ એમના ચહેરા પર એમને ક્યારેય કોઈ નિરાશા દેખાતી નહીં. 'મારે આમ કરવું છે' એમ કહેતા ત્યારે એમની વાતમાં અભાવ કે અસંતોષ નહીં, બલ્કે સંકલ્પબળ પ્રગટ થતું હતું. ભાવનગરના ડૉ. વાડીભાઈ શાહને તો એ વખતથી જ એમ લાગતું કે ઉત્તમભાઈ બીજા મૅડિકલ રીપ્રેઝન્ટેટિવ જેવા નથી.

એમની આગવી વિશેષતાઓને કારણે એ સમય જતાં જરૂર આગળ વધશે. અત્યારે ભલે એમનું ક્ષેત્ર નાનું અને મર્યાદિત હોય, પરંતુ ભવિષ્યમાં જરૂર 'માસ્ટર' બનશે. આવી જ રીતે ડૉ. ઉમાકાંત પંડ્યાને એમની સચ્ચાઈ અને પ્રમાણિકતા પસંદ પડી. આ વ્યવસાયની એક રીત મુજબ બીજા લોકો 'ગિવ ઍન્ડ ટેઇક'ની વાત કરતા હતા. દવા વેચે તો વધુ 'કટ' આપવાની વાત થતી. ઉત્તમભાઈ ક્યારેય આવી પ્રલોભનયુક્ત વાત કરતા નહીં.

એ સમયે ડૉ. એમ. સી. શાહ તો ઇન્ટર્નશીપ કરતા હતા. સામાન્ય રીતે એમ.આર. હોય તે, ઇન્ટર્નશીપ કરનારા ડૉક્ટરને મળતા નહીં. સામે મળી જાય તો પણ ટાળે. જ્યારે ઉત્તમભાઈ પાલનપુર આવે ત્યારે એમને ખાસ યાદ કરીને મળવા જાય. એ પછી ડૉ. એમ. સી. શાહ પાલનપુરના સિવિલ હૉસ્પિટલમાં આર.એમ.ઓ. થયા ત્યારે એમનો મળવાનો તંતુ ચાલુ રહ્યો. જ્યારે પાલનપુરના ડૉ. એચ. બી. મહેતા એમની આત્મીયતાપૂર્ણ વાત કરવાની છટાથી પહેલી મુલાકાતે જ અભિભૂત થઈ ગયા હતા. બીજા એમ.આર. આગ્રહ કરે, દબાણ કરે, કોઈ 'સ્કીમ' લાવે, જ્યારે ઉત્તમભાઈ તો એવું કશું કરવાને બદલે શાંતિથી પોતાની 'પ્રોડક્ટ'ની વાત કરીને ઊભા થઈને રજા માગતા હતા. ડૉક્ટરનો સમય બિનજરૂરી રીતે ન બગડે તેનો તેઓ પૂરેપૂરો ખ્યાલ રાખતા હતા.

આજે આ બધા બનાવોને ત્રણ દાયકા વીતી ગયા છે, આમ છતાં બધા જ ડૉક્ટરોના ચિત્તમાં ઉત્તમભાઈની આવડતનું સ્મરણ લીલુંછમ છે. એ પછી ઉત્તમભાઈ જીવનમાં પ્રગતિના પથ પર ચાલ્યા, વિકાસની હરણફાળ ભરી, વિશાળ સમૃદ્ધિ મેળવી, તો પણ પોતાનો હાથ પકડનાર એ મિત્રોને કદીયે ભૂલ્યા નહોતા. ડૉ. શર્મા કહે છે કે એમની ઑફિસમાં જઈએ અને આવ્યાની જાણ કરીએ કે તરત જ સામે ચાલીને સ્નેહથી બોલાવી જાય.

ડૉ. જીવણભાઈ શાહ હજી એમની ચીવટને યાદ કરે છે. કોઈ પ્રસંગ હોય અને એમને નિમંત્રણ આપ્યું હોય તો પ્રસંગે એ જરૂર આવે. જો નાદુરસ્ત તબિયતને કારણે આવી શકે નહીં, તો એમનો જવાબ તો જરૂરથી મળે. ડૉ. હીરાભાઈ મહેતા અમદાવાદમાં પોતાની પુત્રીના લગ્નપ્રસંગમાં ઉત્તમભાઈએ કરેલી સહાયને સાદર સ્મરે છે. ઉત્તમભાઈ પોતાના પુત્રોનાં લગ્નના પ્રસંગમાં અથવા તો કોઈ ઉજવણીના પ્રસંગમાં પોતાના આ પુરાણા મિત્રોને યાદ કરી-કરીને નિમંત્રણ પાઠવે, એટલું જ નહીં પણ આવવા માટેનો આગ્રહ પણ કરે. જીવનના અંધારિયા, હતાશાભર્યા દિવસોમાં સાથ અને સથવારો આપનાર અને આર્થિક સધિયારો આપનારને કઈ રીતે ભૂલી શકાય ? આ સંઘર્ષકાળમાં પણ ઉત્તમભાઈનું વ્યક્તિત્વ પ્રગટતું રહ્યું. મુશ્કેલીઓ અને મૂંઝવણો સામે હોય અને વ્યક્તિ પોતાના

સિદ્ધાંતો પર ટકી રહે, તે જ ખરો માનવી. વીસમી સદીના મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇન્સ્ટાઇનનું એ વાક્ય ઉત્તમભાઈના મનમાં સતત ઘોળાતું હતું –

"In the middle of every difficulty lies opportunity."

પોતાની મુશ્કેલીઓને અવરોધરૂપ ગણવાને બદલે એમાં ભવિષ્યની ઊજળી શક્યતાઓ અને તકોનો સંકેત જોતા હતા.

❑



વિદેશની ધરતી પર હમસફર

# ૯

# વ્યસનમુક્તિનું પ્રભાત

ઉત્તમભાઈએ આબાદ કોઠાસૂઝથી એવી દવાઓનું ઉત્પાદન કર્યું કે જેમાંથી સારો એવો નફો થાય અને મોટી આવક મળી રહે. એમની દવાઓની માંગ હોવા છતાં એકલે હાથે આ બધી કામગીરીઓમાં એનો જોઈએ એટલો પ્રચાર થતો નહીં. વળી એ સમયે એમના મનમાં ઊંડે ઊંડે દહેશત રહેતી કે જો માંગને કારણે સઘળી દવાઓ વેચી નાખીશ, તો ફરી એ દવાઓના નિર્માણમાં સમય જશે.

આ બધા કરતાં એમની નિષ્ફળતાનું મુખ્ય કારણ તો એમની લથડેલી તબિયત હતી. છેક હોઠ સુધી આવેલો કોળિયો એકાએક ઝૂંટવાઈ જાય એવી ઘટનાઓ, ઉત્તમભાઈના જીવનમાં ફક્ત એક વાર નથી બની, કિંતુ એનું વારંવાર હૃદયવિદારક પુનરાવર્તન થયું છે. જીવનમાં આવેલ વાવાઝોડાને પરિણામે ક્યારેક વિચારતા પણ ખરા કે કરોડપતિ થવાની કલ્પના કરનારને 'રોડ'પતિ બનીને જીવવાનું આવ્યું ! એમની શારીરિક અને માનસિક મુશ્કેલીઓમાં આર્થિક મુશ્કેલીઓ ઉમેરો કરતી ગઈ. વળી આર્થિક સંકડાશમાંથી બહાર આવવાના અતિ પરિશ્રમ અને 'ટૅબ્લેટ'ની આદતને કારણે નવી-નવી શારીરિક અને માનસિક આપત્તિઓ ઊભી થવા લાગી. ભલભલા મક્કમ માનવીની હામ ભાંગી નાખે તેવું આ વિષચક્ર હતું. એક મુશ્કેલી બીજી મુશ્કેલીને વકરાવી દેતી હતી અને તેને પરિણામે મુશ્કેલીઓમાં વળી નવી આફતનો ઉમેરો થતો હતો.

આવે સમયે ઉત્તમભાઈ કોઈ મનોચિકિત્સકને બતાવવા જતા હતા, ત્યારે એમની આસપાસના સમાજમાં પગ કે પાંખ વિના કેટલીયે અફવાઓ ઊડવા લાગતી અને ચોપાસ ફેલાતી હતી. સમાજનો અભિગમ પણ એવો હતો કે વ્યક્તિને ટી. બી. કે કૅન્સર થાય તો તેને સાહજિક રીતે સ્વીકારી લેતા હતા. એ બાબત ક્યારેય ચર્ચાનો વિષય બનતી નહીં, પણ કોઈ માનસિક બીમારી થઈ હોય તો સમાજમાં સહુ એમ માને કે જરૂર કોઈ મોટી ગરબડ હોવી જોઈએ.

આવી અજંપાયુક્ત માનસિક સ્થિતિમાં સાથ કે સહારો આપવાની વાતથી તો સમાજ દૂર રહેતો હતો, કિંતુ આવી વ્યક્તિને એની પાસેથી માત્ર જાકારો, ઉપહાસ અને ઉપેક્ષા જ મળતાં હોય છે. એના ચિત્તના જખમને જોવા-સમજવાને બદલે એ ઘા વધુ ઊંડો કરવામાં રસ દાખવતા હતા. માનસિક વ્યાધિગ્રસ્તને સમજવાને બદલે હસી કાઢતા હતા. નજીકના સાથીઓ જાકારો આપવા માગતા હતા. કેટલાક એવો ઉપહાસ પણ કરવા લાગ્યા કે, "જુઓ ને ! ગજા બહારની મોટી ફાળ ભરવા ગયા અને કેવા બરાબરના ભોંય પર પછડાયા !"

ઘટનાઓ પણ એવી બનતી કે ઉત્તમભાઈ સંજોગોના સકંજામાંથી બહાર નીકળી શકતા નહીં. એક વાર એવું બન્યું કે એમને લોન લાઇસન્સ પર મુંબઈમાં દવા બનાવવાની પરવાનગી મળી. આ માટે કેમિકલ્સની ખરીદી કરવા મુંબઈ જવું

પડે તેમ હતું. આ સમયે રહેવાનું તો છાપીમાં જ હતું. પરિણામે તેઓ વારંવાર છાપીથી મુંબઈ જતા હતા. આદતે એમને મજબૂર બનાવ્યા હતા. મુંબઈ જેવા મહાનગરમાં 'એમ્ફેટેમિન'ની ગોળી આસાનીથી મળી રહેતી. છાપીમાં એ ગોળી મેળવવાની મુશ્કેલી હતી. ગોળી હોય તો કુટુંબના સભ્યોની હાજરીને કારણે લેવાની મુશ્કેલી હતી. પણ મોહમયી મુંબઈ એમને માટે મોહરૂપ બની.

ધીરે ધીરે સ્થિતિ એવી આવી કે માનસિક અસ્વસ્થતાને કારણે ઉત્તમભાઈની તબિયત બગડી. હવે તો મુંબઈની હાડમારી સહન કરી શકે તેમ ન હતા. આ સમયે પાલનપુરની હાઈસ્કૂલના એમના એક વખતના સહાધ્યાયી જેસિંગભાઈનો મેળાપ થયો. એ બંને મિત્રો દસ ધોરણ સુધી એક જ વર્ગમાં સાથે ભણ્યા હતા, પરંતુ એ પછી કશો ગાઢ સંપર્ક રહ્યો નહોતો. માત્ર અલપઝલપ કોઈ પ્રસંગે મળવાનું બનતું હતું. ઉત્તમભાઈનાં લગ્ન સમયે અણવર તરીકે જેસિંગભાઈ હતા.

જેસિંગભાઈ અત્યંત મહેનતુ માનવી હતા. આસાનીથી રોજના પંદર કલાક મહેનત કરી શકતા હતા. વળી એમના હૃદયમાં ઉત્તમભાઈ અને શારદાબહેન પ્રત્યે કૌટુંબિક લાગણી પણ ખરી. એમની ભાગીદારીમાં ઉત્તમભાઈએ દવાઓના ઉત્પાદનનો ધંધો શરૂ કર્યો. પાલનપુરમાં ઑફિસ રાખી. માલને માટે મુંબઈ જવાની દોડધામ કરવાનું અત્યંત સ્ફૂર્તિવાળા અને પરિશ્રમી જેસિંગભાઈને માટે સહેજે મુશ્કેલ નહોતું. વળી ઉત્તમભાઈને ચિત્ત અસ્વસ્થ થતાં નામું લખવાની તકલીફ પડતી હતી એટલે જેસિંગભાઈ નામું પણ લખી આપતા હતા.

ઉત્તમભાઈની દોડધામ ઓછી થઈ, પરંતુ બે વર્ષના અંતે જેસિંગભાઈએ જોયું કે આ દવાના ઉત્પાદનના વ્યવસાયમાં તો આટલી બધી દોડધામ પછીય લાભને બદલે નુકસાન જ છે. આ અનુભવને કારણે એમણે મનમાં ગાંઠ વાળી કે દવાની લાઇનમાં કોઈ બરકત નથી, અને તેથી એમણે ભાગીદારીમાંથી છૂટા થવાનો વિચાર કર્યો. જેસિંગભાઈ ભાગીદારીમાંથી છૂટા થયા, છતાં અંગત સ્નેહને કારણે એમણે સદાય ઉત્તમભાઈને હૂંફ અને શારદાબહેનને હિંમત આપ્યાં હતાં.

ઉત્તમભાઈએ છાપીમાં એમના સાળાના મકાનમાં 'ટ્રિનિટી' કંપનીની ઑફિસ ખોલી. ૧૯૬૫-૧૯૬૬માં જ્યારે દવાઓના વેચાણનું કામ શરૂ કર્યું, ત્યારે ઉત્તમભાઈ જુદા જુદા ડૉક્ટરોને ત્યાં બુશશર્ટ અને પેન્ટ પહેરીને જતા હતા; આ સમયે સ્થિતિ એવી હતી કે એમણે પેન્ટ પણ સાળા પાસેથી ઉછીનું લીધું હતું. આખો દિવસ જુદાં જુદાં ગામડાંઓમાં ફરવાનું રહેતું. ધૂળિયાં ગામડાંઓમાં પેન્ટ ઘણું મેલું થઈ જતું. રાત્રે શારદાબહેન પેન્ટ ધોઈને સૂકવતા અને સવારે ફરી એ પેન્ટ પહેરીને ઉત્તમભાઈ એમના કામે નીકળી જતા.

એ સમયે દૂરદૂરનાં ગામડાંમાં ભાગ્યે જ કોઈ મેડિકલ રીપ્રેઝન્ટેટિવ જતા

હતા. નાનાં ગામડાંમાં રહેતા ડૉક્ટરોને પણ એમ લાગતું કે એમની ઉપેક્ષા થાય છે. આવી પરિસ્થિતિમાં ટાઈ, શર્ટ અને પેન્ટ પહેરેલા ઉત્તમભાઈ એમને મળવા જાય એટલે સ્વાભાવિકપણે એ ડૉક્ટરોને અપાર આનંદ થતો હતો.

એમની દવાઓનો વ્યાપક પ્રચાર શરૂ થયો હતો અને એમ લાગતું હતું કે ધીરે ધીરે બધું ગોઠવાઈ જશે. 'ટ્રિનિપાયરીન' ગોળી એ પીળા રંગની વિદેશી ગોળીના જેવા રંગની જ હતી, પણ એની કિંમત માત્ર બે આનાની હતી. 'ઇરગાપાયરીન' એ માત્ર ચાર આનામાં વેચતા હતા અને 'ટ્રિનિહૅમીન' એ વિટામિનની ગોળી હતી. ડૉ. બાવીશીના કહેવા મુજબ આ દવાઓની કિંમતમાં દર્દીને પચાસ ટકાનો ફાયદો થતો હતો. વળી દવાની ગુણવત્તા સાથે ઉત્તમભાઈ કદી સમાધાન કરતા નહીં, આથી અમદાવાદના ડૉ. વીરેન્દ્ર દલાલ અને ડૉ. રાજેન્દ્ર દલાલ 'ટ્રિનિટી'ની દવાઓ મોટા જથ્થામાં ખરીદતા હતા. આ બંને પાસેથી ઉત્તમભાઈને ઘણો મોટો ઑર્ડર મળતો હતો.

ઉત્તમભાઈમાં દવાના ક્ષેત્રની કોઈ વિલક્ષણ સૂઝ હતી. ભારતમાં જો છ હજાર કરોડની દવાનું વેચાણ થતું હોય તો પાંચ હજાર કરોડની દવા માત્ર ડૉક્ટરના પ્રિસ્ક્રિપ્શનને આધારે વેચાય છે. બાકીની એક હજાર કરોડની દવા સરકારી હૉસ્પિટલોમાં અને અન્યત્ર ખરીદવામાં આવે છે. આથી જે વ્યક્તિને આ વ્યવસાયમાં પ્રગતિ સાધવી હોય તેણે પ્રિસ્ક્રિપ્શનવાળી દવાઓ બનાવવી જોઈએ. દવાના નિર્માણ વિશેની ઉત્તમભાઈની આ વિચારધારા હતી.

વળી આ ક્ષેત્રનો અનુભવ એમ કહેતો કે આવી પ્રિસ્ક્રિપ્શનવાળી દવામાં બે વસ્તુનો વિશેષ ખ્યાલ રાખવો જોઈએ. એક તો એવી દવા બનાવવી કે જે ડૉક્ટર દર્દીને લખી આપે અને બીજું એ કે દવા એવી બનાવવી કે જે બીજું કોઈ ન બનાવતું હોય.

આવી 'અનકૉમન' દવા બનાવવાનું વલણ ઉત્તમભાઈમાં વિશેષ જોવા મળ્યું. આવી તદ્દન નવી દવા ન બનાવાય, તો વધુમાં વધુ એવી દવા તો બજારમાં મૂકવી જ કે જે વિદેશની બહુરાષ્ટ્રીય કંપની બનાવતી હોય અને ભારતમાં ખૂબ મોંઘા ભાવે વેચાતી હોય. આની પાછળ ઉત્તમભાઈની એક એવી ભાવના પણ ખરી કે આવી દવા સસ્તી કિંમતે બનાવીને તમે દર્દીને માટે આશીર્વાદરૂપ પણ બની શકો. ઉત્તમભાઈએ આવી દવા સસ્તી કેમ બને તેવો પ્રયાસ કર્યો. પરિણામ એ આવ્યું કે પરદેશમાં બનતી દવાઓ અહીં સસ્તામાં મળવા લાગી. એટલું જ નહીં, પણ દવાની ગુણવત્તા જાળવવા માટે પણ ઉત્તમભાઈ સતત જાગ્રત રહેતા.

એમના જીવન પર 'એમ્ફેટેમિન' ગોળીનું વ્યસન ભરડો લઈને બેઠું હતું. એક વાર એની લત લાગે, એટલે માનવી ભાગ્યે જ એમાંથી બહાર નીકળી શકે.

આવી ગોળી લેવાની ભૂલનું ભયાનક પરિણામ એમને ભોગવવું પડ્યું. માત્ર નોંધપાત્ર બાબત એટલી કે એ ગોળીની આદતમુક્તિ એ એમનો સૌથી મોટો પુરુષાર્થ ગણાય. આને માટે અપ્રતિમ નિર્ધાર જોઈએ. અશક્યને શક્ય કરે એવું સંકલ્પબળ જોઈએ. આદતમાંથી છૂટવા માટે એમણે ભગીરથ પ્રયાસ કર્યો અને અંતે એમાંથી મુક્ત થઈ શક્યા. આ આદતમુક્તિ માટે સૌથી વધુ તો દેહની માગણી અને વૃત્તિઓના સળવળાટ પર મજબૂત અંકુશ જોઈએ. એમણે અપાર પ્રયત્નો પછી આવો અંકુશ હાંસલ કર્યો.

'ટૅબ્લેટ'ની ટેવને પરિણામે એમના અંગત જીવનમાં ઘણા વાવંટોળ આવ્યા. વેપારી જીવનમાં આફતોની આંધી ઊઠી. સામાજિક જીવનમાં તિરસ્કાર વેઠવા પડ્યા. એ ટૅબ્લેટના જોશમાં એમણે પોતાના ઘરનાં કુટુંબીજનોને ઘણી વાર મુશ્કેલીમાં મૂક્યાં હતાં. ક્યારેક આવેશમાં આવીને લાંબા લાંબા કાગળો લખી નાખે. ક્યારેક ટૅબ્લેટ લેવા માટે ક્યાંક દૂર-દૂર ચાલ્યા જાય. ક્યારેક પોલીસ સ્ટેશને જઈ ખોટી ફરિયાદ કરે. ટૅબ્લેટ લેતા ત્યારે એમની આંખોની કીકી થોડી ડરામણી બની જતી. પોતાના વર્તનનો એમને ખુદને ખ્યાલ રહેતો નહીં. એમાં પણ આ 'ટૅબ્લેટ'નો સૌથી પ્રબળ વિરોધ શારદાબહેન કરતા હતા એટલે એમને સૌથી વધુ સહન કરવું પડતું હતું. આવા આવેશ કે આવેગના સમયે જો કોઈ શારદાબહેનને ઠપકો, ગુસ્સો કે મારથી બચાવવા જાય તો તેના પર પણ ઊકળી ઊઠતા હતા. ઉત્તમભાઈનાં બહેન ચંદનબહેન વચ્ચે પડીને સમજાવવાની કોશિશ કરે, તો પણ એમનું કશું કાને ધરે નહીં.

મરોલીમાં માનસિક રોગોની હૉસ્પિટલમાં એમને શૉક પણ આપ્યા. વિચિત્રતા તો એ હતી કે બહારની વ્યક્તિઓને એમની આ આદતનો કશો ખ્યાલ ન આવે. સમાજમાં કોઈને અણસાર ન આવે. માત્ર એમના ઘરનાં સભ્યોને – વધુમાં વધુ તો એ મકાનમાં રહેતાં પડોશીઓને આનો અનુભવ થયો હતો. એની અસરમાંથી ઉત્તમભાઈ મુક્ત બને ત્યારે એમના ચિત્તમાં ખૂબ વસવસો પણ થતો હતો. ઘણી વ્યક્તિઓ એમ માનતી કે હવે શારીરિક અને માનસિક રીતે લાચાર ઉત્તમભાઈ વેપારમાં કે જીવનમાં કશું કરી શકે એમ નથી.

આવા કાળમીંઢ અંધકારમાં એક નવી સમસ્યા ઊભી થઈ. સવાલ એ હતો કે હવે છાપીમાં રહેવું કે અમદાવાદ જવું ? છાપીમાં પ્રમાણમાં ખર્ચ ઓછું આવતું હતું. બીજી બાજુ એ સમયે ડિસ્પેન્સિંગની દવાઓમાંથી ૮૦૦-૯૦૦ રૂપિયા મળતા હતા, આથી છાપી જેવા ગામમાં રહેવા-જીવવા માટે આટલી રકમ પૂરતી હતી. એ સમયે અમદાવાદમાં શ્રી રવીન્દ્ર ગાંધી મારફતે એમની દવાઓના વેચાણનું કામ તો ચાલતું હતું. 'એમ્ફેટેમિન'ની આદત પણ છૂટી ગઈ હતી.

જિંદગીના સતત ખળભળતા રહેલાં જળ શાંત થયાં હતાં. હવે એ જિંદગી ઠરીઠામ થાય તેવી ઉત્તમભાઈની ઇચ્છા હતી. એમને એમ હતું કે એકાદ વર્ષ છાપીમાં વધુ રહેવું અને વ્યવસાયમાં સ્થિર થવું. અમદાવાદમાં વસવાટ કરે તો ઓછામાં ઓછો એક હજારનો ખર્ચ વધી જાય. બીજી બાજુ એમનાં સંતાનો મોટાં થતાં હતાં. એમના ભવિષ્યનું શું ? એમની કેળવણીનું શું ?

ઉત્તમભાઈને એમની મહત્ત્વાકાંક્ષાને કારણે જીવનમાં ઘણી મોટી કિંમત ચૂકવવી પડી હતી, આમ છતાં હતાશ કે નિરાશ થવાને બદલે અવિરત મહેનત કરતા રહ્યા. આની પાછળ ઊંડે ઊંડે એક એવી પણ ભાવના હતી કે સ્વપ્ન સિદ્ધ કરવા માટે પોતાને જીવનની આકરી તાપણીમાંથી પસાર થવું પડ્યું, પરંતુ પોતાનાં સંતાનોને આવી કસોટીમાંથી પસાર થવું ન પડે તેવું કરવું. ઉત્તમભાઈના મનમાં ઇચ્છા એવી હતી કે એમના મોટા પુત્ર સુધીર સતત વિદ્યાભ્યાસમાં આગળ વધતા રહે. એની પાછળ એવો ખ્યાલ હતો કે સમય જતાં તે એમની દવાની કંપનીનો સઘળો કારોબાર સંભાળી લે.

ઉત્તમભાઈ છાપીમાં રહે અને સુધીરભાઈ અમદાવાદમાં અભ્યાસ કરતા હોય, એ સરળતાથી સિદ્ધ થયું હોત, પરંતુ શારદાબહેનની ઇચ્છા એવી કે માત્ર પુત્રો જ નહીં પરંતુ પુત્રીઓ પણ પૂરતો અભ્યાસ કરે. એમને કેળવણીની તમામ તક મળવી જોઈએ. સૌથી મોટી પુત્રી મીનાબહેનને એમણે સમાજના વિરોધનો પ્રતિકાર કરીને પણ ભણાવ્યાં હતાં. હવે જો તેઓ છાપીમાં રહે તો ભણવા માટે અમદાવાદ જઈ રહેલી નાની પુત્રી નયનાબહેનને હોસ્ટેલમાં રહેવું પડે. વળી બે વર્ષ પછી નાના પુત્ર સમીરભાઈ પણ કૉલેજમાં જવાને યોગ્ય થતાં એને પણ હોસ્ટેલમાં રહેવું પડે. આથી ૧૯૬૮માં અમદાવાદ આવવાનું નક્કી કર્યું.

દરિયામાં વહેતા જહાજનો સઢ બદલાય અને આખીય દિશા બદલાઈ જાય એ રીતે અમદાવાદથી છાપી આવેલાં ઉત્તમભાઈ અને શારદાબહેને ફરી એક વાર અમદાવાદ જવાનું નક્કી કર્યું. આમાં અપાર મુશ્કેલીઓ અને અનેક પડકારો હતાં. છાપીનાં સગાંઓની ઓથ ગુમાવવાની હતી. આર્થિક ભીંસમાં વધારો થવાનો હતો, પરંતુ બંનેને માટે પોતાનાં સંતાનોનો અભ્યાસ એ સર્વોપરી બાબત હોવાથી ફરી અમદાવાદ આવવાનું નક્કી કર્યું. છાપીની યાતનાનો અંત સુખદ આવ્યો. ઉત્તમભાઈનું સિગારેટ અને ટૅબ્લેટનું વ્યસન છૂટી ગયું. અમદાવાદ જતા અગાઉ શારદાબહેનને શ્રી તારંગા તીર્થની યાત્રા કરીને જવાની સ્ફુરણા થઈ. પરિણામે ઉત્તમભાઈ અને શારદાબહેન તારંગા તીર્થની યાત્રા કરી આવ્યાં. છાપીથી અમદાવાદ જવા માટે સામાન ભરાયો, ત્યારે ટ્રેઇનનું ભાડું બચે તે માટે બધા સામાન સાથે ટ્રકમાં બેસીને અમદાવાદ આવ્યાં.

૧૯૬૮ના જૂન મહિનામાં છાપીથી અમદાવાદ આવ્યાં. અમદાવાદના મણિનગરમાં કમલકુંજ સોસાયટીમાં ઉત્તમભાઈએ મકાન ભાડે લીધું. શરૂઆતની કારમી આર્થિક તંગીને કારણે એ દિવસો ઘણા દોહ્યલા હતા. એ વખતે ઉત્તમભાઈ પાસે દવાના નિર્માણની કોઈ ફૅક્ટરી નહોતી એટલે બીજી જગાએ દવાનું ઉત્પાદન કરે અને પછી પોતે જાતે ફરીને એનું વેચાણ કરે. અમદાવાદમાં ઘરમાં પંખો નહીં. જૂન મહિનાની બળબળતી બપોરે પંખા વિના રહેવાય કેવી રીતે ? બીજી બાજુ પંખો લવાય તેટલા પૈસા નહોતા. ૧૧૪ ડિગ્રી જેટલી સખત ગરમી હોવા છતાં પંખા વિના કેટલાય દિવસો પસાર કર્યા. જોકે પ્રતિકૂળ સંજોગોથી પરેશાન થવાને બદલે શારદાબહેન અને ઘરનાં સહુએ આ પરિસ્થિતિ સામે કશી ફરીયાદ કરી નહીં. આર્થિક સંકડામણને કારણે અભાવને સહન કરવાની આદત પડી ગઈ હતી. ઉનાળાના બળબળતા તાપના કેટલાય દિવસો પસાર કર્યા બાદ અંતે પંખો લાવવાનું નક્કી કર્યું. એ સમયે એક-એક આનાની કિંમત હતી. એક આનો બચાવવા માટે શારદાબહેન બે સ્ટૅન્ડ દૂર આવેલા પુષ્પકુંજના સ્ટૅન્ડ પર ઊતરીને ચાલતાં-ચાલતાં ઘેર આવતાં હતાં.

એ સમયના ઉત્તમભાઈના મિત્રોમાં 'લેડરલી' કંપનીમાં કાર્ય કરતા સુમનભાઈ, 'બાયર'માં કામ કરતા અમૃતલાલભાઈ, 'રેપ્ટેકોસ'માં કામ કરતા શાંતિભાઈ, 'ગાયગી'માં કામ કરતા કામદાર અને ગુજરાત લૅબોરેટરીમાં કામ કરતા રસિકભાઈ – જેવા વ્યવસાયી મિત્રો અવારનવાર ભેગા થતા હતા. અમદાવાદના નગરશેઠના વંડામાં રહેતા સ્વ. સુમનભાઈ મહેતા અને સુશીલાબહેન મહેતા સાથે ઉત્તમભાઈને ગાઢ સંબંધ હતો. આ બધા મિત્રો મળવા આવે તો ઘરમાં બેસાડવા ક્યાં ? આથી બજારમાં જઈને ઉત્તમભાઈ એક સોફો ખરીદી લાવ્યા. જે દિવસે ઘરમાં સોફાનો પ્રવેશ થયો, ત્યારે જાણે કોઈ ઉત્સવનો આનંદ પ્રગટ્યો. કોઈ કીમતી વસ્તુ ઘરમાં આવ્યાનો ઉલ્લાસ છલકાતો હતો.

આ સમયગાળામાં ઉત્તમભાઈનું વાંચન તો સતત ચાલુ હતું. વ્યવસાયના વિકાસની અદમ્ય ઇચ્છા એટલી જ તીવ્ર હતી. એ સમયનું સ્મરણ કરતાં સુમનભાઈનાં પત્ની સુશીલાબહેન કહે છે કે એ વખતે અમને સહુને ઉત્તમભાઈના વ્યક્તિત્વની બે બાબતો હૃદયસ્પર્શી લાગી હતી. એક તો ઉત્તમભાઈ ક્યારેય ગુસ્સે થતા નહીં; અને બીજું એમનામાં ભારોભાર નમ્રતા વસતી હતી.

ઉત્તમભાઈ મણિનગરના કમલકુંજના મકાનમાંથી એ જ વિસ્તારની જલારામ પાર્ક સોસાયટીમાં આવ્યા. અહીં ૧૯૦ રૂ. મકાનભાડું હતું. એ સમયે ઉત્તમભાઈને ચાર હજાર રૂપિયાનું 'ઇમ્પોર્ટ લાઇસન્સ' મળ્યું હતું. એમણે એમના એક સ્નેહીને કહ્યું કે જો દસ હજારનું લાઇસન્સ મળે તો આરામથી અમદાવાદનો ખર્ચો તો

નીકળી જાય. ઉત્તમભાઈએ જાતે એ માટે પ્રયાસ કર્યો અને દસ હજાર રૂપિયાનું લાઇસન્સ મેળવ્યું.

આ સમયે જલારામ સોસાયટીના સોળ નંબરના મકાનમાં ઉત્તમભાઈએ એક રૂમ લીધી. ૧૪ ફૂટ X૧૦ ફૂટની રૂમ એટલે ઉત્તમભાઈની અનેકવિધ કારોબાર ચલાવતી કચેરી. અહીં એમનું ઑફિસનું કામ ચાલતું હોય, માલનું પૅકિંગ થતું હોય અને તૈયાર કરેલો માલ બહાર મોકલવામાં આવતો હોય. આ સમયે શારદાબહેન તેમને સક્રિય સાથ આપતાં હતાં અને ઉત્તમભાઈના વ્યવસાય પર જાતદેખરેખ રાખતા હતા. વીસનગર, પાટણ અને અમદાવાદના ડૉક્ટરો 'ટ્રિનિટી'ની દવાની ભલામણો કરવા લાગ્યા. એ પછી મણિનગરની શાહઆલમ વિસ્તારની પોસ્ટઑફિસ પાસેની એક જગા ફૅક્ટરી માટે લીધી.

આ ફૅક્ટરી ત્રિકોણિયા મકાનમાં હતી. કેટલાકે કહ્યું કે આવા ત્રિકોણિયા મકાનમાં ફૅક્ટરી શરૂ ન કરો તો સારું, કારણ કે ત્રિકોણિયું મકાન ફૅક્ટરી માટે અપશુકનિયાળ મનાય છે. ઉત્તમભાઈ ક્યારેય શુકન-અપશુકનમાં માને નહીં, પણ બન્યું એવું કે જે દિવસે એમણે ફૅક્ટરી શરૂ કરવા માટે આ મકાન લીધું, બરાબર એ જ દિવસે એક નવો, અણધાર્યો ઝંઝાવાત એમના જીવનમાં આવી ચડ્યો. મદ્રાસની એક કંપનીએ ઉત્તમભાઈની 'ટ્રિનિટી' કંપની પર ટ્રેડમાર્ક ભંગ માટે કેસ દાખલ કર્યો.

વિધિની વિચિત્રતા પણ કેવી ? અથાગ પ્રયત્નો બાદ પ્રગતિ કરવાની માંડ સુવર્ણ તક ઊભી થઈ, દવામાંથી કમાણી થાય એવી પરિસ્થિતિ સર્જાઈ, ત્યારે જ ટ્રેડમાર્ક અંગે કેસ શરૂ થયો. પરિણામે મદ્રાસની કોર્ટમાં વારંવાર ધક્કા ખાવા પડ્યા. દર પખવાડિયે કેસ માટે મદ્રાસ જવું પડતું હતું. જે મુસાફરીથી અત્યાર સુધીમાં ખૂબ કંટાળ્યા હતા, એ જ મુસાફરી ફરી સામે આવીને ઊભી રહી !

ઉત્તમભાઈ ટ્રેડમાર્ક બદલવા તૈયાર હતા, પરંતુ સામા પક્ષના વકીલે આ બાબતને પોતાના 'વટ'નો પ્રશ્ન બનાવ્યો. બીજી બાજુ ઉત્તમભાઈને થયું કે એમની દવાઓ વેચાવા લાગી છે, ત્યારે જ જો કોર્ટ મનાઈહુકમ આપે તો કરેલી સઘળી મહેનત પર પાણી ફરી વળે ! સુખનો સૂરજ ઊગવાની તૈયારીમાં હતો અને આફતનાં કાળાં વાદળો ક્યાંકથી એકાએક ધસી આવ્યાં અને એમને ઘેરી વળ્યાં. તેઓ અમદાવાદથી મદ્રાસ જતા, સાથે વકીલને પણ લઈ જતા. મદ્રાસની અદાલતની બેંચ પર કલાકોના કલાકો સુધી બેસી રહેવું પડતું હતું. ક્યારેક તો આખો દિવસ કેસ નીકળશે કે નહીં, એની રાહમાં બેસવું પડે અને સાંજે જાહેર થાય કે કેસ મુલતવી રહ્યો છે.

પરિણામે ઉત્તમભાઈ ખર્ચના ઊંડા ખાડામાં ઊતરતા જતા હતા. વકીલોને

અમદાવાદથી પ્લેનમાં મદ્રાસ લઈ જવા પડતા હતા. એમની સાથે એમને પણ પ્લેનમાં જવું પડતું હતું. બીજી બાજુ મદ્રાસ શહેર પેલી કંપનીનું 'હોમ ગ્રાઉન્ડ' (પોતીકું મેદાન) હતું. એને કશો વાંધો નહોતો. ઘણા લાંબા સમય સુધી કેસ ચાલ્યો. ઉત્તમભાઈ સામે ટ્રેડમાર્ક ભંગનો કેસ કરનાર કંપની પણ આખરે થાકી હતી. અંતે ૧૯૭૫માં બંને વચ્ચે સમાધાન થયું. ઉત્તમભાઈએ 'ટ્રિનિટી' નામને બદલે 'ટોરેન્ટ' નામ રાખ્યું.

જિંદગીનો કેવો અજાયબ ખેલ ! અરમાન સિદ્ધ થવાની ઘડી આવે અને સઘળાં અરમાન રાખમાં મળી જાય ! 'ટ્રિનિટી'ને નામે દવાબજારમાં ખ્યાતિ મળી અને ત્યાં જ એ નામ ઝૂંટવાઈ ગયું ! મહેનતના પાયા પર સમૃદ્ધિની ઇમારત ચણાય અને એ ઇમારતમાં વસવાનો વિચાર કરતા હોઈએ ત્યારે આખી ઇમારત ધરાશાયી થઈ જાય ! વિધિની કેવી તરકીબ ! નસીબ, તારો ખેલ કેવો અજબ ! કિસ્મત, તારી કેવી દગાબાજી !

'ટોરેન્ટ'ના નામે ફરી એકડે એકથી દવા-ઉત્પાદનના વ્યવસાયમાં ઝુકાવવાનો સમય આવ્યો. ઉત્તમભાઈ રાત-દિવસ પુસ્તકોનું વાંચન કરતા હતા. એમાંથી લોકોની માંગ ધરાવતી દવાના ઉત્પાદનનો વિચાર કરતા હતા. વળી એ દવા બીજી કોઈ કંપની બજારમાં મૂકે તે પહેલાં ઉત્તમભાઈ બજારમાં મૂકતા હતા. તેઓ માનતા કે બજારમાં બીજાઓ કરતાં એ પ્રકારની દવા સૌથી પહેલાં મૂકવી એ પદ્ધતિ નવી દવાને અડધી સફળતા અપાવે છે ! પહેલો ઘા રાણાનો ! પહેલો આવે તે ફાવે ! જલારામ સોસાયટીના મકાનમાં તેઓ ત્રણેક વર્ષ રહ્યા. આ સમયે એવું બનતું કે અમદાવાદના ચેક તે છાપીની બૅંકમાં જમા કરાવતા હતા, આથી પૈસા લેવા માટે તેમને ઘણી વાર છાપી જવું પડતું હતું.

મણિનગરના નિવાસ વખતે ઉત્તમભાઈ પોતાની નજીકમાં વસતા પાડોશી બાબુભાઈ સાથે પ્રતિક્રમણ કરવા જતા હતા. આ સમયે બાબુભાઈના બનેવી મૂળ ખેરાળુ ગામના વતની અને અમદાવાદમાં રહેતા ડાહ્યાભાઈ જમનાદાસ શાહ જર્મ્સકટર, બી-ટેક્સ જેવી દવાઓનું વેચાણ કરતા હતા. દિલ્હી અને કલકત્તામાં તેમની ઑફિસ હતી. બંગાળ, દક્ષિણ ભારત, બિહાર, હરિયાણા જેવાં રાજ્યોમાં એમની દવાઓનું વ્યાપકપણે વેચાણ કરતા હતા. ઉત્તમભાઈએ ટોરેન્ટ વતી ભારતનાં જુદાં જુદાં રાજ્યોમાં શ્રી ડાહ્યાભાઈ શાહને વેચાણ કરવાની દરખાસ્ત મૂકી, પરંતુ ડાહ્યાભાઈએ કહ્યું કે એમને આવી ડૉક્ટરના 'પ્રિસ્ક્રિપ્શન' પર વેચાતી દવાઓના વેપારમાં રસ નથી. આ સાંભળી ઉત્તમભાઈ થોડા નારાજ થયા, પરંતુ નાસીપાસ ન થયા અને સતત પ્રયાસો ચાલુ રાખ્યા. છેવટે ડાહ્યાભાઈ શાહે એટલી વાતનો સ્વીકાર કર્યો કે દિલ્હી અને કલકત્તામાં તમારું વેચાણ હું

સંભાળીશ. અને પરિણામે 'ટોરેન્ટ'ની દવાઓ ગુજરાતની બહાર સમગ્ર દેશમાં ફેલાવા લાગી.

ઉત્તમભાઈના મણિનગરના જલારામ સોસાયટીના ઘરમાં પહેલી વાર ફ્રીઝ આવ્યું ત્યારે આનંદ-આનંદ છવાઈ ગયો હતો. એક સમયે અમદાવાદના કાળઝાળ તાપમાં પંખા વિના ચલાવવું પડતું હતું. જ્યારે હવે ઘરમાં ફ્રીઝનું આગમન થયું, તે ઘટના સહુને માટે ઉત્સવરૂપ બની. આ સમયે ઉત્તમભાઈના જીવનમાં પારાવાર આર્થિક વિટંબણા હતી, પરંતુ તેઓ કુટુંબને માટે સારો એવો સમય ફાળવી શક્યા. મહાબળેશ્વર, માથેરાન, આબુ, ગિરનાર, પાલીતાણા જેવાં સ્થળોએ તેઓ કુટુંબને લઈને ફરવા જતા હતા. ક્યારેક આખું કુટુંબ સાથે મળીને સિનેમા જોવા જતું હતું. ધીરે ધીરે દવાના વેપારથી આમદની થતી હતી અને પરિણામે આર્થિક સધ્ધરતા આવતી જતી હતી.

ઉત્તમભાઈ અવનવી દવાઓના ઉત્પાદનમાં ડૂબેલા જ રહેતા હતા. એમની પાસે મૂડી નહીં, આથી મોટી રકમ ખર્ચીને દવા તૈયાર કરવાને બદલે હજાર કે બે હજાર રૂપિયા ખર્ચીને નવી-નવી દવાઓ બજારમાં મૂકતા ગયા. ક્યારેક ઉત્તમભાઈની શારીરિક અસ્વસ્થતા જોઈને એમને શારદાબહેન ના પાડે તો પણ ઉત્તમભાઈ નવી-નવી દવાઓ બનાવતા હતા. એમણે ટ્રાંક્વિલાઇઝરની ટૅબ્લેટ બનાવી અને એમાંથી પણ થોડી કમાણી કરી. એ પછી એમણે બીજી બે ટૅબ્લેટ બજારમાં મૂકી. એક હતી 'ટ્રિનિબિયમ' અને બીજી હતી 'ટ્રિનિસ્પાઝમીન'. આ દવાઓ તૈયાર કરી બજારમાં મૂકવા પાછળ ઉત્તમભાઈનું ભેજું આબાદ રીતે કામ કરતું હતું.

તેઓના વ્યવસાયના મુખ્યત્વે ત્રણ સિદ્ધાંત હતા. પહેલી વાત તો એ કે વ્યાપાર પૂરી નિષ્ઠા અને પ્રામાણિકતાથી કરવો. 'કટ' કે 'કમિશન'નો રિવાજ આ વ્યવસાયમાં સર્વત્ર ફેલાયો હતો, તેમ છતાં તેઓ એનાથી હંમેશાં દૂર રહ્યા. બીજો સિદ્ધાંત એવો હતો કે જે દવાનો ઉપયોગ બહોળા પ્રમાણમાં થતો હોય તેવી દવા તૈયાર કરવી. ત્રીજો સિદ્ધાંત એ કે એ પ્રકારની દવા બનાવવી કે જે દવા માંડ એક-બે કંપની જ બનાવતી હોય. વળી દવાની ગુણવત્તા જાળવવી, પરંતુ એ જ પ્રકારની બીજી કંપનીની દવા કરતાં તેની કિંમત અત્યંત સસ્તી રાખવી.

'ટ્રિનિબિયમ' અને 'ટ્રિનિસ્પાઝમીન' એ ટૅબ્લેટ્સ કિંમતમાં એટલી સસ્તી હતી કે અમદાવાદના એક ડૉક્ટરે એમને બે લાખ ટૅબ્લેટ્સનો ઑર્ડર આપ્યો. ઉત્તમભાઈને માટે આ એક ઘણી મોટી ઘટના હતી, કારણ કે આને પરિણામે એમનો અમદાવાદનો એક વર્ષનો ખર્ચ નીકળી ગયો. આ દવામાં અમદાવાદમાં કોઈ તેમની હરીફાઈ કરે તેમ નહોતું. અનેક ઝંઝાવાતો સહન કર્યા પછી

વિકાસના પગથારે પગ મૂકતા હતા. નસીબે જીવનને એટલી બધી વખત ફંગોળ્યું હતું કે ઉત્તમભાઈને દહેશત તો હતી કે કોઈ નવી આફત ન જાગે તો સારું ! બીજી બાજુ ગમે તેટલી હરકતો આવે, પણ સ્વપ્નસિદ્ધિ મેળવ્યા વગર મેદાનમાંથી હટવું નથી, એવો મક્કમ નિરધાર પણ હતો. તળેટીમાં ઊભા રહીને ઉત્તુંગ શિખરો નિહાળવાથી કે પર્વત પરના માર્ગની ચર્ચાથી તમારું ધ્યેય સિદ્ધ નહીં થાય. આને માટે તો ક્ષણભરનો પ્રમાદ કર્યા વિના આરોહણ શરૂ કરવું જોઈએ. ઉત્તમભાઈ ધ્યેય અને ધૈર્યનું પાથેય લઈને આરોહણ કરી રહ્યા હતા.

❑

## ૧૦

# લાખ્ખો નિરાશામાં એક અમર આશા

**સુ**ખમાં સાથી સહુ કોઈ ! દુઃખમાં મળે ન કોઈ ! સુખમાં બધા આપણા સાથી-સંગાથી બનતા હોય છે. સગાંવહાલાં અને સામાન્ય લટકતી સલામની ઓળખાણ ધરાવનારા પણ સુખના દિવસોમાં સાથ આપતા હોય છે. દુઃખના દિવસો એવા દોહ્યલા હોય છે કે દુઃખી માણસને એનો પોતાનો પડછાયો પણ સાથ આપતો ન હોય તેવું લાગે છે !

આસપાસ-ચોપાસથી હૈયું કોરી નાખે તેવો ઉપહાસ ઉત્તમભાઈને મળતો હતો. અન્યના ઉષ્માભર્યા સાથને બદલે ઘોર ઉપેક્ષા જ હાથ લાગતી હતી. આમ છતાં ઉત્તમભાઈના દિલની ધગશ એવી હતી કે એમના જોશને, એમના ધ્યેયને કોઈ આપત્તિ કે અવરોધ રોકી શકે તેમ નહોતાં.

ઉત્તમભાઈના હૃદયમાં આશાનો અમર દીવો પ્રગટતો હતો. મહાત્મા ગાંધીજીએ કહેલું એક વાક્ય ઉત્તમભાઈના ચિત્તમાં ઘૂમતું હતું કે 'આશા અમર છે, તેની આરાધના કદી નિષ્ફળ નથી જતી.'

એક દૃષ્ટિએ જોઈએ તો જીવનમાં સિદ્ધિનું પ્રભાત ઊગશે એવી હૃદયમાં ઊંડે ઊંડે છુપાયેલી આશાએ જ ઉત્તમભાઈને અહર્નિશ કર્મનિષ્ઠ રાખ્યા. તેઓ એમ માનતા હતા કે એક વાર પોતે જરૂર અગ્રણી ઉદ્યોગપતિ થશે.

૧૯૫૮માં ઉત્તમભાઈએ જ્યારે 'ટ્રિનિપાયરીન' નામની દવા બજારમાં મૂકી, ત્યારે આમાં નસીબે ધાર્યો સાથ આપ્યો નહીં, આમ છતાં તેઓ એટલું તો સાબિત કરી શક્યા કે દવાના વ્યવસાયની એમની પાસે આગવી સૂઝ છે અને દવાના ઉત્પાદનથી તેઓ નફો રળી શકે તેમ છે. એમની અગાઉની નિષ્ફળતાઓ જોઈને એમને સદંતર નિષ્ફળ માનવી ગણનારી વ્યક્તિઓ પોતાના અભિપ્રાય અંગે વિચારમાં પડી ગઈ !

આ સમયે ઉત્તમભાઈ ગોરેગાંવની આઈ.આર.આઈ. કંપનીમાં લોન લાઇસન્સના ધોરણે દવાઓ બનાવતા હતા. આ સમયે શારદાબહેન દવાઓનું પેકિંગ કરતાં હતાં. મુંબઈમાં રહીને એમણે વેપાર ખેડવાનો પ્રયાસ કર્યો, પરંતુ કરોડપતિ થવાની કલ્પના કરતા ઉત્તમભાઈ 'રોડપતિ' થઈ ગયા ! તબિયતને કારણે એમને મુંબઈની દોડધામ પણ ફાવતી નહોતી. મનોમન એમ પણ લાગ્યું કે પોતાને માટે મુંબઈ શહેર ફળદાયી નથી, આથી અમદાવાદમાં દવાઓનું ઉત્પાદન શરૂ કર્યું.

આવે સમયે આર્થિક ભીંસ એમના અંતરમાં ખૂબ અકળામણ જગાવતી હતી. કોઈ વાર ઊંડા વિચારમાં સરી પડતા તો ક્યારેક એમ માનતા કે આ સંજોગો તો મારા પૂર્વભવની લેણદેણ સમાન હોવા જોઈએ. આજે એને ચૂકવી રહ્યો છું. હૃદય પર ઉપેક્ષા, અવગણના અને ઉપહાસથી થયેલા આઘાતને 'લેણું ચૂકવીએ છીએ'



ઉજળી આવતીકાલનો દૃઢ સંકલ્પ

એવો ભાવ રાખીને હળવું કરતા હતા, અને ઊજળી આવતીકાલ માટે ફરી મહેનત કરવા સજ્જ થતા હતા.

પ્રારંભમાં ઉત્તમભાઈ પાસે દવાનું ઉત્પાદન કરવા માટે કોઈ ફૅક્ટરી નહોતી. પહેલાં મુંબઈની ફૅક્ટરીમાં દવા તૈયાર કરાવતા હતા. પછી લોન લાઇસન્સથી અમદાવાદના ઓઢવ વિસ્તારમાં દવાનું નિર્માણ કરવા લાગ્યા ! અમદાવાદથી છાપી ગયા પછી છાપીમાં દવાઓના પાર્સલનું પેકિંગ કરતા. અમદાવાદ આવીને પોતાના પરિચિત ડૉક્ટરોને મળતા હતા !

સમયનું વહેણ બદલાય છે. પરિસ્થિતિનો રંગ પલટાય છે. લાખો નિરાશામાં પણ અમર આશા છુપાઈ છે એમ માનનારા ઉત્તમભાઈના જીવનમાં આશાનું એક કિરણ ફૂટે છે.

૧૯૬૫માં ઉત્તમભાઈએ 'ટ્રિનિકામ' નામની માનસિક રોગની 'ટૅબ્લેટ' બનાવવાનો વિચાર કર્યો. એમને લાગ્યું કે હવે આ દવા બજારમાં મૂકવાનો યોગ્ય સમય આવી ચૂક્યો છે. આ સમયે 'ઍસ્કેએફ' (સ્મિથ ક્લાઇન ઍન્ડ ફ્રેન્ચ ફાર્મા લિમિટેડ) નામની એક બહુરાષ્ટ્રીય કંપની બેંગલોરમાંથી સિઝોફ્રેનિયાના માનસિક રોગ માટે 'ઍસ્કેઝીન' (Eskazine) ટૅબ્લેટ બનાવતી હતી. માનસિક રોગના દર્દીને રોજની આવી ત્રણ ગોળી લેવી પડતી હતી.

સિઝોફ્રેનિયા એક એવો રોગ છે કે જે સંપૂર્ણ મટતો નથી, પરંતુ આ દવાથી દર્દીને અસરકારક રાહત થાય છે. 'ઍસ્કેએફ' કંપનીની આવી એક ટૅબ્લેટ ચોપન પૈસામાં આવતી હતી, એની સામે ઉત્તમભાઈએ માત્ર અઢાર પૈસામાં એક ગોળીના હિસાબે 'ટ્રિનિકામ' ટૅબ્લેટ બજારમાં મૂકી. એની વિશેષતા એ હતી કે એનું ઉત્પાદનખર્ચ ઘણું ઓછું હતું અને તેથી ઓછી હરીફાઈ હોય એવી દવા સસ્તી કિંમતે બજારમાં મૂકવાની ઉત્તમભાઈની પદ્ધતિ આમાં કામયાબ બની.

માનસિક દર્દીઓ માટેની ગોળીની ગુણવત્તા જાળવવી અત્યંત મહત્ત્વની ગણાય છે, કારણ કે માનસિક રોગના દર્દી માટે ડૉક્ટર પચાસ રૂપિયાવાળી દવા લખે કે સો રૂપિયાવાળી દવા લખે, તેમાં બહુ તફાવત હોતો નથી, કિંતુ અસરકારક ગુણવત્તાવાળી દવા હોય તે જરૂરી છે. વળી માનસિક રોગોના નિષ્ણાત ડૉક્ટરો આવી ગુણવત્તાવાળી દવાઓનો આગ્રહ રાખતા હોય છે. આમ કિંમતમાં સસ્તી અને ગુણવત્તાવાળી 'ટ્રિનિકામ' ટૅબ્લેટથી ઉત્તમભાઈએ આ ક્ષેત્રમાં નવો પ્રયોગ કર્યો.

પિતાના અવસાન બાદ ઉત્તમભાઈના ભાગમાં પોતાના ગામ મહેમદપુરાનું મકાન આવ્યું હતું. પોતાના બાપદાદાનું મહેમદપુરાનું આ મકાન એમણે વેચી

નાખ્યું. એમાંથી છ હજાર રૂપિયા આવ્યા અને તે 'ટ્રિનિકામ પ્લસ'ના ઉત્પાદન અને પ્રચારકાર્યમાં નાખ્યા.

પહેલાં ઉત્તમભાઈની દવાઓ એવી હતી કે જેના પ્રચાર માટે એમને ઠેર ઠેર ફરવું પડતું હતું. જુદા જુદા અનેક ડૉક્ટરોને મળવું પડતું હતું, પરંતુ હવે 'ટ્રિનિકામ' જેવી દવા માટે માત્ર માનસિક રોગોના સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટરને જ મળવાનું રહ્યું. પરિણામે ચાર-પાંચ ડૉક્ટરોની મુલાકાત લઈ લે એટલે તેમનું મુલાકાતકાર્ય પૂર્ણ થઈ જતું. ઘણા ડૉક્ટરોને મળવાની જરૂર રહી નહીં. પરિણામે મર્યાદિત ક્ષેત્રમાં સઘન કાર્ય કરવાની અનુકૂળતા સધાઈ ગઈ. ટ્રિનિકામના વેચાણમાં સારો એવો નફો થતો હતો. 'ટ્રિનિકામ' શરૂ કરી એટલે મહિને આસાનીથી દોઢ-બે હજાર મળવા લાગ્યા અને પરિણામે ઉત્તમભાઈને માટે આજીવિકાનો પ્રશ્ન સહેલાઈથી ઊકલી ગયો.

સિઝોફ્રેનિયા માટે 'ટ્રિનિકામ' અસરકારક હતી, પરંતુ એની આડઅસર રૂપે આ ટૅબ્લેટ લેનારને શરીરમાં ધ્રુજારી આવતી હતી. આવી ધ્રુજારી અટકાવવા માટે ડૉક્ટરો ટ્રિનિકામની સાથે 'પેસિટેન' નામની 'ટૅબ્લેટ' આપતા હતા. આમ ડૉક્ટરોને આ દર્દમાં એકસાથે બે 'ટૅબ્લેટ' આપવી પડતી હતી. વળી માનસિક રોગના દર્દીને આટલી બધી 'ટૅબ્લેટ' લેવાની મુશ્કેલી પડતી હતી. દવાઓના અભ્યાસી ઉત્તમભાઈ આ સમસ્યા પર વિચાર કરવા લાગ્યા. કંઈક એવું શોધું કે જેમાં મારી મૌલિકતા હોય અને એના પર મારી સફળતા સર્જાય. તેઓ જાણતા હતા કે દવાનિર્માણના ક્ષેત્રમાં તીવ્ર હરીફાઈ છે. એ હરીફાઈમાં ટકવા માટે ચીલાચાલુ પરંપરાગત પદ્ધતિને બદલે ભિન્ન પદ્ધતિ અપનાવીએ તો જ વિકાસની હરણફાળ ભરાય.

એમણે જોયું કે સિઝોફ્રેનિયાના દર્દીને ડૉક્ટર બે દવા લખી આપે, તેમાં ઘણી વાર એક દવા મળતી હોય છે અને બીજી દવા નથી મળતી. એક કંપની એક દવા બનાવતી હતી અને બીજી કંપની બીજી દવા બનાવતી હતી. વળી આ બે દવા જુદી જુદી હોવાથી દર્દીને કિંમત પણ વધારે ચૂકવવી પડે છે. આને બદલે આ બંને દવાનું 'કૉમ્બિનેશન' કરીએ તો ! બંનેને એક જ ગોળીમાં સમાવીએ તો ! આમ થાય તો બે દવાને બદલે એક દવા પ્રચારમાં આવે અને દર્દીને દરેક રીતે રાહત થાય. એક દવા મળે અને બીજી ન મળે તે મુશ્કેલ પરિસ્થિતિમાંથી ઊગરી જાય. બે ગોળી લેવાની ઝંઝટ રહે નહીં. વળી સૌથી વધુ તો આવું બે ગોળીની અસર એક જ ગોળી રૂપે ઓછા પૈસે દર્દીને મળી રહે.

ઉત્તમભાઈએ આ વિચારને અમલમાં મૂક્યો. ઉત્તમભાઈ પુસ્તકો વાંચવા લાગી ગયા. અદ્યતન સંશોધનોનો અભ્યાસ કર્યો. એમની મૌલિક સૂઝે એમના માનસમાં

એવો વિચાર જગાડ્યો કે એ બંને ટૅબ્લેટનું 'કૉમ્બિનેશન' તૈયાર કરીને એક ગોળી બજારમાં મૂકવી. આથી નવીન પ્રયોગ રૂપે અને પોતાના અભ્યાસ-સંશોધનના પરિપાક રૂપે ઉત્તમભાઈએ 'ટ્રિનિકામ પ્લસ' નામની ટૅબ્લેટનું નિર્માણ કર્યું. આના માટે સારી એવી રકમની જરૂર હતી. હવે એ રકમ લાવવી ક્યાંથી ? વ્યવસાયની નવી દિશા હાથ લાગી હતી, પણ એમાં કાર્ય કરવા અને એમાં પ્રગતિ સાધવા માટે એમની પાસે પૂરતી રકમ નહોતી. આખરે ધંધાના વિકાસને માટે સાહસ કરવાનો વિચાર કર્યો. સાહસિકને જ સિદ્ધિ વરે. લુસા મે એલકોટના એ શબ્દો એમના જીવનમંત્રરૂપ હતા –

'I am not afraid of storms, for I am learning how to sail my ship.'

ઉત્તમભાઈ માનતા હતા કે સમર્થ બુદ્ધિ વિશિષ્ટ કાર્યનો પ્રારંભ કરે છે, પણ પરિશ્રમ જ એને પાર પાડે છે.

કારમી આર્થિક ભીંસ વચ્ચે પણ ઉત્તમભાઈએ સહેજે ડગ્યા વિના પોતાની મહેનત ચાલુ રાખી. કોઈ અજાણ્યા પાસે તો એમણે ક્યારેય માગણી કરી નહોતી. નજીકના પરિચિતો પાસે ક્વચિત્ આશાભરી માગણી કરી, તો કોઈએ મદદ કરવાનો લેશમાત્ર ઉત્સાહ દાખવ્યો નહોતો. હવે અન્યના સાથ કે સહયોગના મૃગજળની પાછળ દોટ મૂકીને સમય વેડફવાને બદલે પોતે જ મૂડી ઊભી કરીને વ્યવસાયમાં પ્રગતિ કરવા લાગ્યા. પારકી આશા પર પરાવલંબી રહેવું શા માટે ?

ઉત્તમભાઈના સફળ વ્યવસાયી જીવનનું આરંભબિંદુ 'ટ્રિનિકામ પ્લસ' નામની ટૅબ્લેટ બની. એમને માટે આર્થિક રીતે 'પ્લસ' આપનારી, સધ્ધર કરનારી 'ટ્રિનિકામ પ્લસ' બની. આ પ્રયત્ન એમની સૂઝ-બૂઝ અને પ્રતિભાનો પૂર્ણ પરિચય આપનારો બની રહ્યો, પણ એમની સૂઝના 'પ્લસ'નો પણ સર્વને ખ્યાલ આવ્યો. આ સમયે એમની ઑફિસ છાપીમાં હતી. છાપીમાં 'ડ્રગ લાઇસન્સ' લઈને ત્યાં માલ મુકાવતા હતા. બે વર્ષ સુધી અમદાવાદમાં કામ કર્યું, પરંતુ ઑફિસના ખર્ચાથી બચવા છાપીમાં ઑફિસ રાખી હતી. ટૂંકી મૂડીએ હરણફાળ ભરનાર પાસે ખર્ચની સાવધાની જોઈએ. કરકસરને સમૃદ્ધિના વૃક્ષનું ખાતર માનતા હતા. ઉત્તમભાઈએ ખર્ચની લક્ષ્મણરેખા જાળવીને વિકાસની મંઝિલ ભણી આગેકૂચ કરવાનો નિર્ધાર કર્યો હતો. તેઓ અમદાવાદમાં રહીને દવાના ઑર્ડર ભેગા કરતા અને પછી છાપી જઈને દવાઓ મોકલતા.

૧૯૬૬-'૬૭માં ઉત્તમભાઈએ પોતે બનાવેલી ૨૦,૦૦૦/- રૂપિયાની દવાઓનું વેચાણ કર્યું. પછીના વર્ષે આ દવાનો વેપાર વધારવા માટે ગામડે ગામડે ફર્યા. પરિણામે ૧૯૬૭-'૬૮માં કુલ ૬૬,૦૦૦/- રૂપિયાની દવાનું વેચાણ થયું.

આમ એક જ વર્ષમાં ત્રણગણું વેચાણ કરવાની સિદ્ધિ મેળવી શક્યા.

'ટ્રિનિકામ પ્લસ' ઉત્તમભાઈની દવા-વેપારની સૂઝને બતાવી ગઈ. ઉત્તમભાઈ એમના જીવનકાળ દરમ્યાન જ્યારે જ્યારે 'ટ્રિનિકામ પ્લસ'ની વાત કરતા ત્યારે એમના ચહેરા પર જુદી જ ચમક તરી આવતી હતી. નિરાશા અને નિષ્ફળતામાંથી બહાર નીકળીને સફળતાની કેડી કંડારનારી આ દવાએ એમના આત્મવિશ્વાસ પર મંજૂરીની મહોર મારી અને એનો જ ઉત્તમભાઈને આનંદ હતો. સફળતાની ચાવી પરિશ્રમ છે, પણ કેટલાક લોકો તે ચાવી વાપરવાને બદલે તાળું તોડી નાખતા હોય છે. ધીરે ધીરે ઉત્તમભાઈની આર્થિક ભીંસ હળવી થઈ હતી, પરંતુ જંગી સાહસ કરાય એવું આર્થિક પીઠબળ હજી એમની પાસે નહોતું. એકલે હાથે વિરાટ મહાસાગરમાં ખેપ કરતા ઝઝૂમતા નાવિક જેવી તેમની સ્થિતિ હતી.

પ્રગતિની રાહ પર તેઓ મક્કમ પગલે આગળ વધી રહ્યા હતા. જેમ જેમ પ્રગતિનો આંક ઊંચે જતો હતો, તેમ તેમ ઉત્તમભાઈના અંતરમાં રહેલો શ્રદ્ધાનો દીવો વધુ પ્રકાશમાન બની રહ્યો.

૧૯૭૨-'૭૩માં 'ટ્રિનિકામ પ્લસ' બજારમાં મૂકી અને પછીના વર્ષે જ એનું ચારગણું વેચાણ થયું. ૪,૪૭,૦૦૦/- રૂપિયાનું વેચાણ થતાં આ એક જ દવાએ ઉત્તમભાઈની સૂઝ, અનુભવ અને દૂરંદેશીનો પુરાવો આપ્યો. પછીનું ૧૯૭૩-'૭૪નું વર્ષ એ યશસ્વી વર્ષ બની રહ્યું. આ વર્ષે ૭,૮૦,૦૦૦/- રૂપિયાનું વેચાણ થયું. ૧૯૭૪-'૭૫માં તો એમની દવાઓના વેચાણનો આંકડો અગિયાર લાખને આંબી ગયો.

ઉત્તમભાઈની આત્મશ્રદ્ધા વધતી હતી. એમના લલાટે નિષ્ફળતાના લેખ લખાયેલા છે એમ માનનારાઓ એમની આ સફળતાને આશ્ચર્યચકિત બનીને નિહાળી રહ્યા !

❑

## ૧૧

# પ્રગતિના પગથારે

**સ**મગ્ર ભારતમાં 'ટ્રિનિકામ પ્લસ'નો ઝડપી પ્રચાર થાય તે માટે ઉત્તમભાઈએ અવિરત પ્રયાસ કર્યો. આ વ્યવસાયની કોઠાસૂઝ ધરાવનારા ઉત્તમભાઈ જાણતા હતા કે ઝડપી પ્રચાર એ એની અર્ધી સફળતા છે, કારણ કે બીજી કંપનીઓ એનું આટલું બધું વેચાણ જોઈને એકાદ વર્ષમાં એના જેવી દવા બજારમાં મૂકે તેવી પૂરી શક્યતા હતી. આ દવાના પ્રચાર માટે ઉત્તમભાઈ મુંબઈ ગયા. આવી નવી અને નાની કંપનીનો માલ લેવા કોણ તૈયાર થાય ? બીજી બાજુ ડૉક્ટરો આ દવાની દર્દીને હિમાયત કરે, પણ તે દવાની દુકાનમાં મળતી ન હોય તો કશો અર્થ ન સરે. આથી બધા મહત્ત્વના વિસ્તારોમાં અને દુકાનોમાં આ દવા ઝડપથી પહોંચી જાય તે જરૂરી હતું.

ઉત્તમભાઈ તરફ સ્નેહ દાખવનાર વિખ્યાત મનોચિકિત્સક ડૉ. વ્રજલાલ એન. બગડિયાને ઉત્તમભાઈ મળવા ગયા. ડૉ. બગડિયાએ એમની દવાનાં વખાણ કર્યાં, કારણ કે તેઓ દર્દીની દૃષ્ટિએ વિચારનારા ડૉક્ટર હતા. આટલી સસ્તી કિંમતની છતાં સારી ગુણવત્તાવાળી દવાનું ઉત્પાદન કરવા માટે એમણે ઉત્તમભાઈને અભિનંદન આપ્યા. ઉત્તમભાઈને એમના પરિશ્રમનું વળતર મળ્યું હોય તેમ લાગ્યું. વર્ષોથી પ્રૅક્ટિસ કરતા આવા અનુભવી અને નામાંકિત ડૉક્ટરની પ્રશંસા એ એમને માટે મોટા પુરસ્કારરૂપ હતી.

વળી ઉત્તમભાઈની વ્યાવસાયિક પ્રમાણિકતા પણ ડૉ. બગડિયાને પસંદ પડી હતી. બીજી બાજુ સિઝોફ્રેનિયા માટે 'ઍસ્કેએફ' નામની બહુરાષ્ટ્રીય કંપનીની દવા જંગી વેચાણ ધરાવતી હતી. એને 'ટ્રિનિકામ પ્લસ'ની ચડતી કઈ રીતે સહન થાય ? આથી એ કંપનીએ એવો પ્રચાર કર્યો કે જો બે દવાઓનું મિશ્રણ થઈ શકતું હોત તો તે અમે ક્યારનુંય કર્યું હોત, આથી આવા સંયોજન(કૉમ્બિનેશન)માં ટકાઉપણું (સ્ટેબિલિટી) નથી. આવો ઘણો પ્રચાર ટોરેન્ટ સામે અને દવા સામે થયો, પરંતુ ઉત્તમભાઈ દવાનું ટકાઉપણું (સ્ટેબિલિટી) અને ગુણવત્તા બંને સાબિત કરી ચૂક્યા હતા.

આ સમયે દવાનો પ્રચાર કરવો મુશ્કેલ હતો. તેઓ ક્યાંક જાંગડ માલ પણ મૂકતા. ક્યારેક તો એમણે દુકાનદારોને પરાણે જાંગડ માલ આપ્યો હતો. આ ક્ષેત્રના પ્રતિષ્ઠિત ડૉક્ટરોએ 'ટ્રિનિકામ પ્લસ'ની ગુણવત્તાનાં વખાણ કરતાં કહ્યું કે આ તો વિદેશી દવાની ગુણવત્તાની બરાબરી કરે તેવી ટૅબ્લેટ છે. કોઈ નિષ્ણાતોએ કહ્યું કે અમે ઘણા સમયથી આવી દવાની રાહ જોતા હતા અને તમે લઈ આવ્યા ! ઍસ્કેએફ કંપનીની બંને ગોળીની કિંમત ૮૮ પૈસા થતી હતી,




સર્જક અને સમર્પણ

જ્યારે ટોરેન્ટે 'ટ્રિનિકામ પ્લસ' કાઢી તે માત્ર ૧૮ પૈસામાં મળતી હતી. આખા ભારતમાં દવાનો પ્રચાર કરવાનું ઉત્તમભાઈનું સ્વપ્ન હતું. 'ટ્રિનિકામ પ્લસ'ના એ વખતે બહુ ઓછા વિકલ્પ હતા, આથી આ ગોળીનો કોઈ વિકલ્પ (સબ્સ્ટિટ્યૂટ) આવી જાય તે પહેલાં એનો બધે પ્રચાર કરવાની અને પહોંચાડવાની જરૂર હતી.

ઉત્તમભાઈ સામે સ્વપ્ન સાકાર થવાની ઘડી આવી. જિંદગીમાં આજ સુધી એમણે અનેક આફતોનો સામનો કર્યો હતો, કેટલીય મથામણો કરી હતી. ચાર્લ્સ બીઅર્ડનાં એ વાક્યો એમના ચિત્તમાં ગુંજતા હતા –

"When it is dark enough, you can see the stars."

આમ અંધકારભર્યા સમયમાં પણ આવતીકાલના સોનેરી સમયની એમની ઝંખના સાકાર થવાની ક્ષણો આવી.

આને માટે શ્રી બી. વી. પટેલ નામના ડ્રગ કમિશનર પાસે લોન લાઇસન્સ લેવા ગયા. ઉત્તમભાઈએ ખાતરી આપી કે બે વર્ષમાં તેઓ ફૅક્ટરી ઊભી કરી દેશે. શ્રી બી. વી. પટેલના નાયબ અધિકારી શ્રી એમ. સી. દેસાઈ હતા અને એમને ઉત્તમભાઈ પ્રત્યે સાહજિક સ્નેહ હતો. પરિણામે ઉત્તમભાઈને લોન લાઇસન્સ મળ્યું અને અમદાવાદમાં ઉત્પાદન શરૂ કર્યું. આ સમયે ઘરે ફોન નહીં. ફૅક્ટરીમાં ફોન હતો, એથી મુંબઈથી જરૂરી કેમિકલ્સ ફોન કરીને મંગાવી લેતા હતા. પરિણામે મુંબઈના આકરા અને યાતનાપૂર્ણ ધક્કા બંધ થયા.

મુશ્કેલીઓના કાળમીંઢ અંધકારમાં પણ કોઈ ને કોઈ પથદર્શક દીવો મળી જાય, એમ મુંબઈમાં 'કાંતિલાલ બ્રધર્સ' પાસેથી કેમિકલ્સ લેવાનું ઉત્તમભાઈને અનુકૂળ આવ્યું. 'કાંતિલાલ બ્રધર્સ' માલ પર થોડો વધુ નફો લેતું, પરંતુ માલના પૈસા બે-ત્રણ મહિને આપે તો પણ ચાલે. પૈસા મેળવવાની કોઈ અધીરાઈ કે ઉતાવળ કરે નહીં. વળી એ માગેલો માલ તરત આપે. બીજી બાજુ ઉત્તમભાઈ પણ નક્કી કરેલી સમયમર્યાદામાં પૈસા ચૂકવી આપતા હતા, આથી બંનેને પરસ્પરનો વ્યવહાર અનુકૂળ આવી ગયો. ઉત્તમભાઈ પોતાની દવાઓ માટે જે કેમિકલ્સ મંગાવે તે પણ સાવ અનોખાં હતાં અને તેથી એવાં કેમિકલ્સ પૂરા પાડવામાં 'કાંતિલાલ બ્રધર્સ'ને પણ આનંદ આવતો હતો.

'ટ્રિનિકામ પ્લસ'ને ભવ્ય સફળતા મળી. મુંબઈમાં સફળતા મેળવવા કોઈ પણ દવાને ઓછામાં ઓછું એક વર્ષ લાગે એના બદલે પહેલા જ મહિને એનું વેચાણ આવવા લાગ્યું. કોઈ ડૉક્ટરે આ દવા માટે ધન્યવાદ આપ્યા, તો કોઈએ એની ટીકા પણ કરી.

ઉત્તમભાઈએ ઘણી આશા સાથે કલકત્તાની એક વ્યક્તિને એજન્સી આપીને 'સ્ટૉકિસ્ટ' બનાવ્યો. એને કલકત્તા માલ મોકલ્યો પણ છોડાવે નહીં. ઉત્તમભાઈએ આની તપાસ કરી તો ખબર પડી કે કલકત્તામાં કાં તો બંગાળી કંપનીની દવાઓ ચાલે અથવા તો વિદેશી કંપનીની દવાઓ વેચાય. આવે સમયે 'ટ્રિનિકામ પ્લસ' જેવી ઉત્તમભાઈએ અમદાવાદમાં બનાવેલી દવા વળી કોણ વેચે ? આથી પેલા સ્ટૉકિસ્ટે દવાઓનો ઑર્ડર આપ્યો ખરો, પણ આવેલી દવા છોડાવીને લાવ્યો નહીં.

હવે કરવું શું ? ઉત્તમભાઈએ સૂઝ અને સાહસભર્યો એક વિચાર કર્યો. એમણે તપાસ કરી કે બંગાળમાં મનોચિકિત્સક તરીકે કોની સૌથી વધુ ખ્યાતિ છે ? એમને જાણ થઈ કે કલકત્તાના ડૉ. દીનાનાથ એન. નાન્દીની મનોચિકિત્સાના ક્ષેત્રમાં વિશાળ ખ્યાતિ હતી. સમગ્ર બંગાળના શ્રેષ્ઠ સાઇકિયાટ્રિસ્ટ તરીકે એમની ગણના થતી હતી. ઉત્તમભાઈએ એમને મળીને પોતાની દવાનો પ્રચાર કરવાનો વિચાર કર્યો. તેઓ મુલાકાત માટેનો સમય લઈને ડૉ. નાન્દીને મળવા ગયા. ડૉ. નાન્દીના નામની નીચે ત્રણથી ચાર લીટી તો ડિગ્રીઓની હારમાળાની જોવા મળે. પણ વ્યવહાર અને સ્વભાવમાં જુઓ તો સાવ સરળ વ્યક્તિ હતા. એમનું હૃદય પણ સંત જેવું ! અત્યંત પ્રેમાળ અને ભાવનાસભર !

ઉત્તમભાઈ એમને મળવા ગયા. ડૉ. નાન્દીએ એમને એમની મુલાકાતનો શો હેતુ છે એમ પૂછ્યું. ઉત્તમભાઈએ કહ્યું કે એમણે 'ટ્રિનિકામ પ્લસ' નામની દવાનું ઉત્પાદન કર્યું છે. એમાં બે દવાનું મિશ્રણ કર્યું છે. આવા સંયોજનવાળી બીજી કોઈ દવા નથી. વળી એની કિંમત પણ અત્યંત સસ્તી રાખી છે ! માત્ર ૧૮ પૈસાની એક ગોળી !

ઉત્તમભાઈએ વધુમાં કહ્યું, "આપ તો આ વિષયના એક અગ્રણી વિદ્વાન છો એટલે આશા રાખું છું કે આપ આ દવાનું મહત્ત્વ સમજી શકશો."

ડૉ. નાન્દી તો આ પ્રકારની દવા જોઈને ખુશખુશાલ થઈ ગયા. એમણે ઉત્તમભાઈને કહ્યું, "ઉત્તમ કામ કર્યું છે, ઉત્તમભાઈ તમે. ઘણા વખતથી હું આવી કોઈ દવાની રાહ જોતો હતો, પણ કોઈ બનાવી શક્યું નહીં. તમે સાહસ કર્યું અને સફળ થયા તેને માટે હાર્દિક અભિનંદન. તમારી આ દવા અહીં મળે છે ને ?"

ઉત્તમભાઈ કઈ રીતે કહી શકે કે છેલ્લા બે મહિનાથી માલ મોકલ્યો છે,

પરંતુ સ્ટૉકિસ્ટ માલ જ છોડાવતો નથી. એમણે અચકાતા અવાજે કહ્યું, "આમ તો બનતાં સુધી અહીં દવા મળે છે, પણ આપ ત્રણેક દિવસ બાદ દર્દીઓને આ દવા લખી આપજો, જેથી તે દવા આસાનીથી બધે સુલભ થઈ શકે."

ડૉ. નાન્દીએ આવતીકાલની રાહ જોવાને બદલે તરત જ આ દવા લખવાનું શરૂ કર્યું. ડેઇઝ મેડિકલ જેવી જાણીતી દુકાનોએ દર્દીઓ આની તપાસ કરવા લાગ્યા. અત્યાર સુધી કલકત્તાની કંપની ઉત્તમભાઈનો માલ ટ્રાન્સપોર્ટમાંથી છોડાવતી નહોતી, એણે તરત જ પાર્સલ છોડાવ્યું. જુદી જુદી દુકાનોમાં ઝડપથી દવા પહોંચાડી અને કલકત્તામાં પહેલે મહિને સાત હજાર રૂપિયાની દવાઓનું વેચાણ થયું.

કલકત્તામાં કોઈ માણસને પોતાના પ્રતિનિધિ તરીકે રાખવાનો ઉત્તમભાઈએ વિચાર કર્યો. આનું કારણ એ કે કલકત્તામાં આવવું હોય તો બે હજારની પ્લેનની ટિકિટ થાય. રહેવાના, હોટલના, ઊતરવાના અને જમવાના બધા મળીને પાંચ હજાર થાય. આમ સાતેક હજાર ખર્ચીને કલકત્તા આવવું કે પછી કોઈ માણસને રાખીને કામ ચલાવવું ? એમણે અખબારમાં આ માટે જાહેરખબર આપી. પોતે ફાઇવસ્ટાર હોટલમાં ઊતર્યા. સહુના ઇન્ટરવ્યૂ લીધા. આશ્ચર્યની હકીકત એ બની કે બંગાળમાં એટલી બધી ગરીબાઈ કે લોકો ૨૦૦-૩૦૦ રૂપિયામાં પણ નોકરી કરવા તૈયાર હતા.

આ જોઈને ઉત્તમભાઈએ વિચાર્યું કે જો એક જ વ્યક્તિ રાખીએ અને તે અયોગ્ય નીવડે તો મહિને ચાર-પાંચ હજારનું નુકસાન થાય. એને બદલે થોડા વધુ લોકોની નિમણૂક કરીએ. વળી કલકત્તાનું સેન્ટર એવું હતું કે જ્યાં એમણે એમનો કિલ્લો મજબૂત કરવાનો હતો. બસો રૂપિયામાં વ્યક્તિ કામ કરવા તૈયાર હોય તો દસ માણસો રાખતાં મહિને ખર્ચ બે હજાર રૂપિયાનો આવે. વળી પોતાની દવાનું ઝડપી વેચાણ જોતાં આટલી રકમ કશી વિસાતમાં નહોતી. આમ એક-બેને બદલે છ વ્યક્તિઓની બસો રૂપિયાના પગારે ઉત્તમભાઈએ નિમણૂક કરી. એવામાં એમ. ચૌધરી નામના એક સજ્જન મળવા આવ્યા. અત્યંત વિવેકી. કોઈ છાપાના તંત્રી પણ રહી ચૂકેલા. સાથે મેયરની ભલામણચિઠ્ઠી હતી.

ઉત્તમભાઈએ કહ્યું, "છ વ્યક્તિઓની પસંદગી કરવાની હતી તે થઈ ચૂકી છે, માટે માફ કરશો."

પેલી સાતમી વ્યક્તિએ કહ્યું, "સાહેબ, તમે મને જે આપશો તે મંજૂર છે, પણ મને આપની કંપનીમાં રાખો." ઉત્તમભાઈને એમનો વિનય સ્પર્શી ગયો. વળી

કપડાં પણ અપ-ટુ-ડેટ પહેરેલાં હતાં. ઉત્તમભાઈએ એમની નિમણૂક કરી. બન્યું એવું કે અગાઉ જે છ વ્યક્તિઓની નિમણૂક કરી હતી, તે થોડો સમય કામ કરીને નોકરી છોડીને અન્યત્ર જતી રહી. જ્યારે સાતમા આવેલા શ્રી ચૌધરીએ એક ભાઈની માફક કલકત્તામાં ઉત્તમભાઈનો કારોબાર સંભાળ્યો. એમણે ખૂબ ઝડપથી ધંધાનો વિકાસ કર્યો અને એક મહિનાનું પાંચ લાખ રૂપિયાનું વેચાણ થવા લાગ્યું. ઉત્તમભાઈ તરફ પ્રેમ અને સન્માનની લાગણી રાખતા ઉત્તમભાઈને તબિયતને કારણે શ્રી ચૌધરી એમને કલકત્તા સુધી ધક્કો ખાવાની હંમેશાં ના પાડતા હતા. માત્ર એટલું જ પૂછે કે તમે આ મહિને કેટલું વેચાણ ઇચ્છો છો ? અને તેઓ તેટલું વેચાણ કરીને વિગત મોકલી આપતા હતા.

કલકત્તાની સફર ઉત્તમભાઈને ફળદાયી નીવડી. એક તો ડૉ. નાન્દી જેવા નિષ્ણાત અને નામાંકિત ડૉક્ટરનો સહયોગ મળ્યો. તેઓ દર્દીને આઠ-દસ દવા લખી આપે અને એથી દર્દી એ દવા એક જગ્યાએ ન મળે તો બીજે લેવા જાય પણ ખરો. એ જ રીતે રીપ્રેઝન્ટેટિવ તરીકે ચૌધરી જેવી નિષ્ઠાવાન અને ડૉક્ટરોમાં પ્રિય એવી વ્યક્તિ મળી ગઈ. ચૌધરીનાં પત્રોનું લખાણ પણ એટલું જ સુંદર, અને તેને કારણે પશ્ચિમ બંગાળ અને પૂર્વ ભારતમાં ઉત્તમભાઈની દવાઓ મોટા પ્રમાણમાં વપરાવા લાગી. વળી સારો એવો નફો હોવાથી કમાણી પણ થવા લાગી. 'ટ્રિનિકામ'માં જમાવેલી આબરૂ 'ટ્રિનિકામ પ્લસ'માં બમણી બની ગઈ. ટોરેન્ટ કંપની 'પ્લસ' થઈ ગઈ. ખૂબ ઝડપથી સમગ્ર દેશમાં દવા પહોંચાડવાની હોવાથી ઉત્તમભાઈ છેક પંજાબ સુધી જઈ આવ્યા.

ક્યારેક તબિયત બરાબર ન હોય તો શારદાબહેન પણ સાથે જાય. અઠવાડિયું કોઈ નજીકના હવા ખાવાના સ્થળે જાય અને બાકીનું અઠવાડિયું કામ કરે. એ પછી પોતે એકલા દિલ્હી જઈ આવ્યા. એ સમયે કોઈ નવી દવા પ્રચારમાં મૂકવાનું નાની કંપનીને માટે ગજા બહારનું ગણાતું હતું, જ્યારે ઉત્તમભાઈએ પ્રથમ મહિને જ આમાં સફળતા હાંસલ કરી.

ઉત્તમભાઈએ વ્યવસાયનો પ્રારંભ ગામડાંઓથી કર્યો હતો, આથી તેઓ ગામડાંને ક્યારેય ભૂલ્યા નહીં. દૂર-દૂરનાં ગામડાંમાં જવા માટે મોટરની જરૂર પડે. બીજી બાજુ એવો પણ વિચાર હતો કે હવે અમદાવાદમાં કોઈ મકાન લેવું, પણ મકાન કરતાં મોટર વધુ જરૂરી લાગી. એમણે ૧૯૭૦માં તેર હજારમાં 'સેકન્ડ હૅન્ડ' એમ્બેસેડર કાર લીધી. આ એમ્બેસેડર એમને ઘણી શુકનિયાળ નીવડી. એમાં ફરીને ખૂબ વેપાર કર્યો. ગાડી ક્યારેય હેરાન કરે નહીં કે બ્રેકડાઉન

થાય નહીં. એ પછી નવા મોડેલની ગાડીઓ આવતાં આખરે એ શુકનિયાળ એમ્બેસેડરને ઉત્તમભાઈએ ભારે હૈયે વિદાય આપી હતી.

ઉત્તમભાઈએ ગાડી લીધી, પણ પછી ગામડાંમાં જવાનું ન બન્યું. શહેરોમાં જ 'ટ્રિનિકામ પ્લસ'નો એટલો બધો પ્રચાર થયો કે ન પૂછો વાત. આથી એ દવા સતત મળતી રહે તે જરૂરી હતું. વળી નાદુરસ્ત તબિયતને કારણે ગામડાંઓ ખૂંદવાનું મોકૂફ રાખવું પડ્યું.

કલકત્તાની સફળતા પછી પૂના ગયા. પહેલાં તો આગ્રહ કરીને વેપારીને એમની દવાઓ આપવી પડતી હતી, પણ 'ટ્રિનિકામ પ્લસે' આખો માહોલ બદલી નાખ્યો. પૂનામાં પણ પહેલા જ દિવસથી નિષ્ણાત સાઇકિયાટ્રિસ્ટ એમના પ્રિસ્ક્રિપ્શનમાં 'ટ્રિનિકામ પ્લસ' લખવા માંડ્યા. દવાની દુનિયામાં લાંબા સંશોધનને અંતે કોઈ અસરકારક દવા શોધાઈ હોય તો જ તે પહેલા દિવસે લખાય. 'ટ્રિનિકામ પ્લસ'ને આવો આવકાર મળ્યો. એ પછી એક વ્યક્તિને ઇન્દોર મોકલી અને ત્યાં પણ આ દવાનો પ્રચાર કર્યો. દરેક શહેરમાં બે મહિના સુધી દવા ચલાવે અને પછી કોઈ માણસની નિમણૂક કરતા હતા. આ રીતે ઉત્તમભાઈ ધંધાની જમાવટ કરવા લાગ્યા.

૧૯૭૦-'૭૧માં અમદાવાદની રૂબી કંપનીમાં લોન લાઇસન્સ ઉપર ઉત્તમભાઈ દવાઓનું નિર્માણ કરતા હતા. આ રૂબી કંપનીને કામની જરૂર હતી અને ઉત્તમભાઈ ખૂબ મોટી સંખ્યામાં ઑર્ડર આપવા માંડ્યા, પરંતુ ધીરે ધીરે રૂબી કંપની સમયસર માલ આપતી નહીં. પરિણામે એમણે વિચાર કર્યો કે શા માટે આપણે પોતાની જ ફૅક્ટરી ન કરીએ ! પરિણામે મણિનગરમાં એક ત્રિકોણિયા મકાનમાં ફૅક્ટરીનો પ્રારંભ કર્યો.

આ સમયે અમદાવાદમાં મનોચિકિત્સક તરીકે ડૉ. હકીમનું નામ જાણીતું હતું. એમણે શ્રી યુ. એન. મહેતાને 'સેન્ડોઝ' કંપનીમાં હતા ત્યારથી એક કુટુંબીજનની માફક હૂંફ અને ઉષ્મા આપી હતી. તેઓ શારદાબહેનને પણ અવારનવાર સલાહ અને સાંત્વના આપતા હતા. ઉત્તમભાઈના કપરા સમયમાં ડૉ. હકીમે ઘણો સાથ આપ્યો. ઉત્તમભાઈને એમના જીવનમાં વિરલ વ્યક્તિઓ પાસેથી ઉષ્મા અને હૂંફનો અનુભવ થયો હતો, આમાંની એક વ્યક્તિ હતા ડૉ. હકીમ.

અમદાવાદના એક ડૉક્ટરે જોયું કે ઉત્તમભાઈની દવાઓ એવી છે કે થોડા મહિનામાં ટંકશાળ પાડશે, આથી તેઓ એમના એક શ્રીમંત મિત્રને લઈને

ઉત્તમભાઈ પાસે આવ્યા. એ ભાઈએ એમની સાથે ભાગીદારીમાં વ્યવસાય કરવાની દરખાસ્ત મૂકતાં કહ્યું કે તેઓ ચાલીસ લાખ રૂપિયા આપવા તૈયાર છે, જેથી ઉત્તમભાઈ એમના ધંધાનો ઝડપથી વિકાસ સાધી શકે. ચાલીસ લાખ આપવા સાથે એમની શરત એટલી હતી કે વ્યવસાય પર એમનું નિયંત્રણ રહે. ઉત્તમભાઈ કોઈ પણ કાર્ય વિશે સાંગોપાંગ વિચાર કરવાનું વલણ ધરાવતા. કોઈ એકાદ બાબત સારી લાગે અને ઝુકાવી દે, તેવી આવેગશીલ એમની પ્રકૃતિ નહોતી. કોઈ પણ નિર્ણય કરતાં પૂર્વે એનાં બધાં પાસાંનો વિચાર કરતા. કોઈને એમનામાં ત્વરિત નિર્ણયશક્તિનો અભાવ લાગે, પણ હકીકતમાં દેખાતા વિલંબનું કારણ એમની દરેક બાબતનાં બધાં પાસાંઓ તપાસવાં અને ભવિષ્યની દીર્ઘદૃષ્ટિએ વિચાર કરવાની સૂઝ હતી. પહેલી વાત તો એ કે ઉત્તમભાઈ પોતાના વ્યવસાય પર પોતાનું જ નિયંત્રણ રાખવા ઇચ્છતા હતા. બીજાના નિયંત્રણ હેઠળ વ્યવસાય ખેડવાની વાત પસંદ નહોતી. બીજો એવો પણ વિચાર આવ્યો કે આટલી બધી રકમ લઈને હું શું કરું ? એકાએક તો વ્યવસાયનો આટલો બધો વિકાસ કરવાનો પણ હાલ અવકાશ નથી. વળી એમ પણ વિચાર્યું કે મારા ઉદ્યોગમાંથી જ આટલી રકમ ઊભી કરી શકું તેમ છું, તેથી પોતાની મેળે લડી લઉં એ જ વધુ સારું. પરિણામે એમણે એ દરખાસ્તનો નમ્રતાથી અસ્વીકાર કર્યો.

❑

## ૧૨

# ઝળહળતો સિતારો

ઉત્તમભાઈને ૧૯૯૬-'૯૭માં ગુજરાતના 'વર્ષના શ્રેષ્ઠ ઉદ્યોગપતિ'નો ચેમ્બર્સ ઑફ કૉમર્સે શરૂ કરેલો સર્વપ્રથમ એવૉર્ડ મળ્યો. માત્ર ઉદ્યોગનો જ અવિરત વિકાસ નહીં, બલકે જીવનશક્તિનો પ્રબળ વિકાસ ઉત્તમભાઈનાં જીવનકાર્યોમાંથી પ્રગટ થાય છે.

એમની સફળતાનું પ્રથમ સોપાન તો એમણે જે દવાઓનું નિર્માણ અને ઉત્પાદન કર્યું, તેની પશ્ચાદ્ભૂમાં એમની ઊંડી સૂઝ અને ગહન વિચારશક્તિ દૃષ્ટિગોચર થાય છે. વ્યવસાયની સૂઝ એક જન્મજાત સાંપડતી પ્રતિભા છે. આ પ્રતિભા પાસે મૌલિકતા અને સર્જનાત્મકતાની મૂડી હોય છે. અન્ય વ્યક્તિઓ એક ઘરેડમાં ચાલતી હોય છે. બીજી દવાઓને જોઈને સ્પર્ધાત્મક બજારમાં પોતાની દવાઓ મૂકતી હોય છે, જ્યારે ઉત્તમભાઈ એ પરંપરાગત ચીલા પર ચાલવાને બદલે નવીન પંથ પસંદ કરતા હતા. આ પસંદગીની પાછળ સૌથી પહેલાં તેઓ માર્કેટનો ઊંડાણથી 'સર્વે' કરતા હતા. એમણે જોયું કે દેશમાં માનસિક રોગોની દવાઓનું ઉત્પાદન થતું નથી. આ દવાઓ વિદેશથી આયાત કરાતી હોવાથી એ અત્યંત મોંઘી હતી.

પાટણના ડૉ. રાવળ એવી કલ્પના કરે છે કે ઉત્તમભાઈએ પોતે અપાર માનસિક મુશ્કેલીઓ અનુભવી હતી, આથી તે સમયે એમને આ પ્રકારની દવાઓનું ઉત્પાદન કરવાનો વિચાર હોય !

આમાં ગમે તે કારણ હોય, પરંતુ ઉત્તમભાઈએ આ દવાઓ દ્વારા બહુરાષ્ટ્રીય (મલ્ટિનૅશનલ) કંપનીઓની માનસિક રોગો માટેની દવાઓની ઇજારાશાહીનો અંત આણ્યો. અત્યાર સુધી વિદેશથી આયાત થતી આવી દવાઓ ક્યારેક બજારમાં ઉપલબ્ધ બનતી નહોતી, ત્યારે દર્દીઓને એની અછતનો વિદારક અનુભવ થતો હતો. બીજી બાજુ ડૉ. ચન્દ્રકાંત વકીલ કહે છે તેમ ઉત્તમભાઈએ ક્યારેય દવાની ગુણવત્તાની બાબતમાં સહેજે સમાધાન કર્યું નહીં. વિદેશથી આયાત થતી દવાની ગુણવત્તાની બરાબરી કરે તેવી દવાઓ તૈયાર કરીને બજારમાં મૂકવા માંડી.

આ પ્રકારની દવાઓના ઉત્પાદનની ભીતરમાં ઉત્તમભાઈની એક વિશેષ દીર્ઘદૃષ્ટિ છુપાયેલી હતી. એમને દવાના ક્ષેત્રમાં એકલે હાથે આગળ વધવાનું અને ઝઝૂમવાનું હતું. વધુમાં વધુ એમને એમનાં સુશીલ, કર્મનિષ્ઠ પત્ની શારદાબહેન અને મહેનતુ પુત્ર સુધીરભાઈનો સાથ હતો. પણ આટલી વ્યક્તિથી ઉત્પાદન અને વેચાણનું બહોળું કામ થાય કઈ રીતે ? જો લોકોમાં વ્યાપકપણે વપરાતી દવાઓનું ઉત્પાદન કરે, તો મેડિકલ રીપ્રેઝન્ટેટિવ તરીકે અનેક ડૉક્ટરોને મળવું પડે. ઠેર



નજર છે નવી ક્ષિતિજો પર

ઠેર ઘૂમવું પડે ! એમાં સમય અને શક્તિ બંનેનો વ્યય થાય. જ્યારે માનસિક રોગોની દવા માટે આખા દેશમાં માંડ હજારેક ડૉક્ટર હતા. બસ, એમની સાથે સંપર્ક સાધો એટલે તમારું કાર્ય સિદ્ધ. આ રીતે ઉત્તમભાઈએ પોતાનાં સાધનોની અલ્પતા, કામ કરનારી વ્યક્તિઓની સંખ્યાની મર્યાદા અને સૌથી વિશેષ તો આર્થિક રોકાણ કરવાની સીમારેખા – આ ત્રણેને લક્ષમાં રાખીને માનસિક રોગોની દવાઓના ઉત્પાદનના નવીન ક્ષેત્રમાં ઝંપલાવ્યું અને એ ક્ષેત્રમાં નવી ક્ષિતિજો ખોલી આપી.

ઉત્તમભાઈના નિકટના સ્વજન ડૉ. રસિકલાલ પરીખે કહ્યું કે જેને અમે 'બ્રેક થ્રૂ' કહીએ છીએ એવી ઘણી દવાઓ યુ. એન. મહેતાએ સમાજને આપી. એમની નવી પહેલ એમને લાભદાયી થઈ, સાથોસાથ સમાજને પણ એટલી જ ઉપયોગી બની. નવો ચીલો પાડનાર પાસે સૂઝ અને સાહસનો સમન્વય હોવો જોઈએ. આ સાહસ અવળું પડે તો નિષ્ફળતાના આકરા આઘાતો સહન કરવાની ક્ષમતા હોવી જોઈએ. આ વિષયમાં ડૉ. અનિલ શાહ કહે છે કે વિશ્વના બજારમાં મુકાતી છેલ્લામાં છેલ્લી અદ્યતન દવાઓને તેઓ ભારતમાં પ્રચલિત કરતા હતા. એથીય વિશેષ એ મોંઘીદાટ દવાઓને અત્યંત સસ્તા ભાવે બજારમાં મૂકતા હતા.

ઉત્તમભાઈની દવાના નિર્માણની સૂઝ અંગે ડૉ. વીરેન્દ્ર દલાલે કહ્યું કે ઉત્તમભાઈની સૌથી વિશિષ્ટ બાબત તે 'ખરે વખતે શું કરવું તેની તેમની પાસે જાણકારી હતી.' વ્યવસાયમાં સમયની સૂઝ મહત્ત્વની બાબત છે. પરિસ્થિતિ પારખીને આવી દવાઓ બજારમાં મૂકવાની હોય છે. કારકિર્દીના પ્રારંભે દવાનો કોઈ મોટો ઑર્ડર હોય તો ઉત્તમભાઈ સ્વયં ઊંચકીને દવા લાવતા હતા. આ રીતે ડૉ. વીરેન્દ્ર દલાલને એમની સખત મહેનત અને ઊંડી સૂઝ એ બે વિશેષતા સ્પર્શી ગઈ.

શ્રી સુરેશભાઈ શાહના કહેવા પ્રમાણે ઉત્તમભાઈનું 'માર્કેટિંગ' ઉદાહરણરૂપ ગણાય. ડૉક્ટરને ક્યારે જાણ કરવી, કેવી રીતે સરક્યુલર મોકલવા, એમને મળતી વખતે પોતાની 'પ્રોડક્ટ'ની વિશેષતા કેમ દર્શાવવી– આ માર્કેટિંગની સઘળી કળામાં તેઓ નિષ્ણાત ગણાય. ઉત્તમભાઈની આ સૂઝને એમના સ્વજન શ્રી કે. સી. મહેતા 'નેચરલ ગિફ્ટ' (કુદરતી બક્ષિસ) તરીકે નવાજે છે. તેઓ કહે છે કે એમનામાં આંતર પ્રેરણાની ઘણી શક્તિ હતી અને એમની વિચારવાની પદ્ધતિ પણ એટલી જ અનોખી હતી. પરિણામે નસીબ યારી આપતું ન હોય છતાં મહેનતથી વ્યક્તિ કેવી રીતે વિકાસ કરી શકે તે ઉત્તમભાઈના જીવનમાં જોવા મળ્યું છે. વાસ્તવમાં પ્રારબ્ધ ઉત્તમભાઈ સાથે સતત સાતતાળી ખેલતું રહ્યું ! એક

કાર્ય સિદ્ધ થાય, ત્યાં વળી નવી મુસીબત આવી પડે ! ક્યારેક તો વિધાતા, એમની આકરી કસોટી કરતી હોય તેવું લાગે. પ્રયત્ન, મહેનત ને પુરુષાર્થ છતાં પરિણામમાં સાવ શૂન્ય, તેવું પણ બનતું હતું.

એ મહેનતનું સ્મરણ કરતા સિદ્ધપુરના ડૉ. અમૃતલાલ મહેતા કહે છે કે ઘણી વાર ઉત્તમભાઈ કોઈ સ્ટેશનના 'વેઇટિંગ રૂમ'માં બેસીને કામ કરતા જોવા મળતા હતા. સિદ્ધપુરના રેલવેસ્ટેશનના વેઇટિંગ રૂમમાં એમણે આ રીતે ઉત્તમભાઈને કાર્ય કરતાં નજરોનજર નિહાળ્યા હતા. વેઇટિંગ રૂમના ખૂણામાં બેસીને કંઈ લખતા હોય, કોઈ યોજના બનાવતા હોય, કોઈ નોંધ કરતા હોય.

એમને દવાના ક્ષેત્રમાં નવું સંશોધન કરવાની ખૂબ દિલચસ્પી હતી. કઈ વનસ્પતિ કે કયા કેમિકલ્સમાંથી ઔષધ તૈયાર થાય તે જ્ઞાનને 'ફાર્મોકોપિયા નૉલેજ' કહેવાય છે. આવું જાણકારીભર્યું જ્ઞાન સંપાદન કરવા માટે ઉત્તમભાઈ સતત પોતાના વિષયના ગ્રંથોના અભ્યાસ અને મનનમાં ડૂબેલા રહેતા હતા. ઉત્તમભાઈનાં વિચાર, વાંચન અને યોજનાઓ ચાલતાં હોય, એનું અમલીકરણ પણ થતું હોય. વિદેશમાંથી આવતી 'બ્લડપ્રેસર' માટેની દવા ઘણી મોંઘી હતી. એ કેમિકલવાળી દવા ઉત્તમભાઈએ બનાવી અને ૧/૧૦ જેટલા ઓછા ભાવે બજારમાં મૂકી. વળી એમની દવાની ગુણવત્તા એવી કે ડૉક્ટરને કોઈ પણ દિવસ સહેજે શંકા થાય નહીં.

દવા તૈયાર કરીને ખૂબ ઝડપથી બજારમાં મૂકવી તે સ્પર્ધાત્મક જગતમાં મહત્ત્વની બાબત ગણાય. એમની આ ઝડપ વિશે શ્રી દિનેશ મોદીએ કહ્યું કે આજે વિચાર કર્યો હોય અને થોડા જ દિવસમાં બજારમાં દવા મળે એવી એમની ત્વરિતતા હતી. સામાન્ય રીતે નવી દવાનું ઉત્પાદન કરવાનું હોય ત્યારે પહેલાં એનો 'સર્વે' કરવામાં આવે, એની માંગ વિશે વ્યાપક રીતે વિચારવામાં આવે, પછી એની સાહિત્ય-સામગ્રી તૈયાર કરાય. ત્યારબાદ કારખાનામાં દવા તૈયાર થાય અને યોગ્ય પેકિંગમાં એ બજારમાં મૂકવામાં આવે. આ વિષયના ડૉક્ટરોને એની જાણકારી અપાય અને દવાની દુકાનોએ એ દવા ઉપલબ્ધ થાય.

આમ ઉત્પાદન કરેલી દવા બજારમાં આવતાં છ મહિનાનો સમય વીતી જતો હતો. ઉત્તમભાઈએ જેમ ત્રણ ટૅબ્લેટને બદલે ત્રણેના 'કૉમ્બિનેશન'થી 'ટ્રિનિકામ ફોર્ટ'ની એક ટૅબ્લેટ તૈયાર કરીને નવી પહેલ કરી, તો એ જ રીતે એમણે અત્યંત ત્વરિતતાથી દવાઓનું ઉત્પાદન કરવા માંડ્યું. દવા બજારની એક રીત એવી કે જે કોઈ નવી દવા બજારમાં પ્રવેશે, કે તરત જ એના જેવી જ દવા બીજી કંપની છ મહિનામાં બનાવીને બજારમાં મૂકતી હોય છે, પરિણામે દવા પ્રચારમાં આવે પછી

ખૂબ ઝડપથી એનો પ્રચાર કરવો પડે તો જ દવાને પૂરતું 'માર્કેટ' મળે. જો દવા થોડા સમયમાં જાણીતી થઈ જાય, તો પછી આવનારી એ પ્રકારની બીજી કંપનીની દવાઓ બહુ ફાવી શકે નહીં.

ઉત્તમભાઈ પાસે ત્વરિત કાર્યશક્તિ હતી. નવી દવા બજારમાં મૂકે, કે તરત પૂરતો પ્રચાર પામે અને બધે પહોંચી જાય, તે માટે અથાગ પરિશ્રમ કરતા હતા. અગાઉ દેશમાં માનસિક રોગોની દવાઓ આયાત થતી હતી. ૧૯૮૨માં આ દવાઓની નિકાસ થઈ શકે તેવો પ્રથમ વિચાર ઉત્તમભાઈને આવ્યો અને એ વિચારને એમણે એટલી જ ત્વરાથી અમલમાં મૂક્યો. પરિણામે કોઈ કંપની ક્રમશઃ વિસ્તાર સાધીને જે સિદ્ધિ બે-ત્રણ પેઢીના પ્રયત્નો બાદ હાંસલ કરે, એ સિદ્ધિઓની હરણફાળ ઉત્તમભાઈએ એમના જીવનકાળમાં હાંસલ કરી. એમના પછી એમના પુત્રો અને સ્વજનોએ સિદ્ધિની આ આગેકૂચ બરાબર જાળવી રાખી.

ઉત્તમભાઈ કોઈ પણ કાર્યક્રમ કે કૉન્ફરન્સનું આયોજન કરે, ત્યારે નાનામાં નાની વ્યવસ્થાનો ઊંડામાં ઊંડો વિચાર કરે. ગાડીના પાર્કિંગ સુધીની સગવડનો તેઓ આગોતરો વિચાર કરી રાખે. શરૂઆતમાં ઑલ ઇન્ડિયા સાઇકિયાટ્રિક કૉન્ફરન્સ યોજાઈ ત્યારે ઉત્તમભાઈ છેક કલકત્તા પણ જઈ આવ્યા. એ પછી ઉત્તમભાઈએ ભારતમાં મેડિકલ કૉન્ફરન્સના આયોજનમાં હંમેશાં મજબૂત સાથ આપ્યો. આને પરિણામે મેડિકલની દુનિયામાં એમની સારી એવી નામના થઈ.

ઉદ્યોગના સંચાલનની ઉત્તમભાઈની દૃષ્ટિ અત્યંત વિલક્ષણ રહી. શ્રી દુષ્યંતભાઈ શાહે કહ્યું કે તેઓ રોજેરોજની બાબતમાં કશી દખલગીરી કરે નહીં. વ્યક્તિએ મેળવેલાં પરિણામો પર જ લક્ષ આપે. વળી તમે કોઈ સિદ્ધિ હાંસલ કરો, તો તમારી એ શક્તિ-સિદ્ધિની પ્રશંસા કરે. એનાથી એમનું હૃદય પુલકિત થતું હોય તેવું લાગે ! આ રીતે આપણા આનંદમાં તેઓ સહભાગી બની જાય.

શ્રી દુષ્યંતભાઈ શાહને એમની માર્કેટિંગની પદ્ધતિમાં જૈનદર્શનનો 'સ્યાદ્‌વાદ'નો સિદ્ધાંત દૃષ્ટિગોચર થાય છે. 'સ્યાદ્‌વાદ' એટલે સત્યને પૂર્ણ રીતે પામવું હોય તો તમારે અન્યની દૃષ્ટિ અને એના અભિગમનો વિચાર કરવો જોઈએ. ઉત્તમભાઈ પાસે બીજાની દૃષ્ટિએ વિચારવાની ક્ષમતા છે. આ સદ્‌ગુણની ગંગોત્રી એમની સાહજિક નમ્રતા છે. ગમે તેટલું કામનું ભારણ હોય, મુશ્કેલી હોય, ટેન્શન હોય, તેમ છતાં એમનામાં ક્યારેય આવેગપૂર્ણ ઉત્તેજના (એક્સાઇટમેન્ટ) જોવા ન મળે. ઉત્તમભાઈ પોતાના સહકાર્યકરોને કામ કરવાની પૂર્ણ મોકળાશ આપે, જેથી એના કામમાં સ્વનિર્ણય કરવાની એને અનુકૂળતા મળી રહે. કોઈ મહત્ત્વની બાબત હોય અને તે વિશે નિર્ણય લેવાનો હોય તો વ્યક્તિને રૂબરૂ બોલાવીને એની સાથે વિચારવિમર્શ કરતા હતા.

આવી રીતે એમનાં પુત્રી નયનાબહેને કહ્યું કે પોતાના વ્યવસાયમાં સાથ આપનાર નાનામાં નાની કે સામાન્યમાં સામાન્ય વ્યક્તિને એ ક્યારેય વીસરતા નહોતા. આ વ્યક્તિ પાસે ભલે કોઈ હોદ્દો રહ્યો ન હોય કે એનું કશું વર્ચસ્વ રહ્યું ન હોય, પણ એમની સાથે વ્યવહાર ઓછો કરવાની કોઈ વૃત્તિ એમનામાં જોવા મળે નહીં. એથીય વિશેષ સામી વ્યક્તિની નાનામાં નાની બાબતનો તેઓ સતત વિચાર કરતા હતા. આ રીતે વ્યવસાયમાં એમને કોઈની સાથે મતભેદ થયા હશે કિંતુ મનભેદ ક્યારેય થયા નહોતા.

કંપનીના ડિરેક્ટરોની બોર્ડની મિટિંગ હોય ત્યારે પણ જે વસ્તુ પૂછવા જેવી હોય તે પૂછતા હતા. પરંતુ ત્યારબાદ અન્ય સહુ જે નિર્ણય કરે તેને તેઓ સ્નેહથી સ્વીકારી લેતા હતા. પોતાનો કક્કો સાચો ઠેરવવાની જીદ એમનામાં સહેજે નહોતી. ક્યાંક કોઈ વ્યક્તિ વ્યાપારમાં-ઉદ્યોગમાં નુકસાની કરે, તો પણ ગુસ્સે થયા વિના શાંતિથી એને યોગ્ય સલાહ આપતા. એને સ્નેહથી સમજાવતા ખરા, કિંતુ એની કાર્ય કરવાની ક્ષમતા ક્યારેય ઝૂંટવી લેતા નહીં.

આવી ગુણસમૃદ્ધિ અને કાર્યદક્ષતાને કારણે શ્રી મોરખિયા ઉત્તમભાઈની પ્રગતિને 'ફેનોમિનલ રાઇઝ' તરીકે ઓળખાવતા હતા. તેઓએ કહ્યું કે 'સેન્ડોઝ' કંપનીમાં હતા ત્યારથી જ ડૉક્ટરોના સમૂહમાં એમ.આર. તરીકે ઉત્તમભાઈ જુદા તરી આવતા હતા. કોઈ પ્રલોભન આપીને કે શોર્ટકટ અપનાવીને વેપાર કરવાને બદલે દવાની ગુણવત્તા પર તેઓ વ્યવસાયનો મદાર રાખતા હતા. એમનું ધ્યેય શ્રેષ્ઠ થવાનું હતું અને તેને માટે અપ્રતિમ પુરુષાર્થ કરતા રહ્યા. એને પરિણામે 'ટોરેન્ટ'ના વિશાળ ઔદ્યોગિક સામ્રાજ્યનું સર્જન થયું. ડૉ. સુધીરભાઈ શાહના શબ્દોમાં કહીએ તો "ટોરેન્ટ એ ગુજરાતના મસ્તક પરનો ગૌરવશાળી શિરતાજ બની રહ્યું."

❑

૧૩

# માનવતાનો મોટો ગુણ

**સા**ગરમાં ઊભરાતી ભરતીના આકાશે પહોંચવા મથતાં મોજાંની વચ્ચે આમતેમ ફંગોળાતી, ઊંચે ઊછળતી અને વળી ઓટના સમયે પાછી પછડાતી ઉત્તમભાઈની જીવનનૌકા જીવનસાગરમાં આગળ ધપતી હતી. વિધિની વિચિત્રતા પણ એવી કે એમના વ્યવસાયની પ્રગતિનો આલેખ સહેજ ઊંચો જતો હોય, ત્યાં જ ક્યાંકથી અણધાર્યું આપત્તિનું વાવાઝોડું એકાએક ત્રાટકે અને સિદ્ધિનાં સ્વપ્નોની સૃષ્ટિ વેરણછેરણ કરી નાખે.

હજી માંડ સિદ્ધિના એક શિખર પર પગ મૂક્યો હોય અને સ્થિર થયા હોય, ત્યાં જ જીવનનું આખું અસ્તિત્વ દોલાયમાન થાય તેવી પરિસ્થિતિ સર્જાય. જીવન કે વ્યવસાયમાં સફળતા સાંપડે અને એમનું મન સિદ્ધિ અને સમૃદ્ધિ પામ્યાનો હજી થોડો શ્વાસ લેતું હોય ત્યાં જ કોઈ અણધારી આફત એમને ઘેરી વળતી હતી.

આપત્તિ વિશે સંસ્કૃત સુભાષિત કહે છે -

*मित्र स्वजन बन्धूनां बुद्धै धैर्यस्य चात्मनः ।*
*आपन्निकष पाषाणे नरो जानाति सारताम् ।।*

"આપત્તિ તો આપણા માટે કસોટીનો પથ્થર છે. મિત્ર, કુટુંબીજન, બંધુ અને પોતાની બુદ્ધિ તેમજ ધૈર્યની પરીક્ષા આપત્તિ સમયે થાય છે."

આપત્તિની વ્યાખ્યા અને પરિસ્થિતિની ઉત્તમભાઈના જીવનમાં નવી તરાહ નજરે પડે છે. જીવનમાં આવતી મુશ્કેલીઓનો સામાન્ય રીતે એક પ્રકાર હોય છે. કોઈને અત્યંત પરિશ્રમ કરવા છતાં ભાગ્ય સતત એની સાથે સંતાકૂકડી ખેલતું હોય છે. કોઈ વિરાટ પુરુષાર્થ ખેડે છે, છતાં એને પ્રાપ્તિ સામાન્ય જ થતી હોય છે, પરન્તુ ઉત્તમભાઈના જીવનમાં કોઈ એક પ્રકારની આપત્તિ આવી નથી.

ક્યારેક વ્યવસાયની મુશ્કેલીઓ એમને ચારે બાજુથી ઘેરી વળી હતી. ક્યારેક અંગત જીવનની ઘટનાઓ એમને ઊંડા વિષાદમાં ડુબાડી દેતી હતી, તો ક્યારેક એકાએક કોઈ એવી બીમારી ઘેરી વળતી કે જેનું નિદાન સરળતાથી ન થાય. કેટલાય ટેસ્ટ થાય, ઘણા નિષ્ણાત ડૉક્ટરોની સલાહ લેવાય, ક્યારેક તો ડૉક્ટરોનો સમૂહ એકઠો કરવો પડે, ત્યારે માંડ બીમારીનું કારણ હાથ લાગે ! આપત્તિ આવે અને તેને પરિણામે ફરી એમના જીવનમાં અનેક પ્રશ્નાર્થો ઊભા થઈ જાય. આવી, ૧૯૭૬માં આવેલી બીમારી સમયે એક વાર ઉત્તમભાઈએ પોતાના એક સ્વજનને કહ્યું હતું, "ભગવાનને હું હંમેશાં એટલી જ પ્રાર્થના કરું છું કે મને થોડાં વર્ષનું વધુ આયુષ્ય આપ, જેથી મારા વ્યવસાયમાં પુત્રોને સ્થિર કરી શકું અને હું પ્રગતિનાં ઊંચાં શિખરો આંબી શકું."

પોતાનાં સ્વપ્નોને સિદ્ધ કરવા માટે આપત્તિઓને ઓગાળી દેતા હતા. અમેરિકાના પ્રમુખ થિયોડોર રૂઝવેલ્ટના એ શબ્દો ઉત્તમભાઈનો જીવનમંત્ર હતા -




અમદાવાદ મૅનેજમૅન્ટ ઍસોસિએશન માટે શ્રી યુ. એન. મહેતાએ આપેલા ઉદાર સહયોગને
બિરદાવતા રાજ્યપાલ શ્રી આર. કે. ત્રિવેદી

"The future belongs to those who believe in the beauty of their dreams."

સ્વપ્નસિદ્ધિના લક્ષને કારણે ઉત્તમભાઈને આફતો અટકાવી શકતી નહીં. મૂંઝવણો હતાશ કરી શકતી નહીં. તેઓ ફરી મેદાને જંગમાં ઝુકાવીને પોતાના વ્યવસાયમાં આગળ વધતા હતા.

વ્યવસાયના ક્ષેત્રે 'ટ્રિનિકામ પ્લસ'ને કારણે ધીરે ધીરે ઉત્તમભાઈને સારી એવી આવક થઈ હતી. ૧૯૭૨માં એનો પ્રારંભ કર્યો પછી બે-ત્રણ મહિનામાં જ આમાં કરેલું રકમનું રોકાણ પાછું મળી ગયું હતું. એ પછી જે કંઈ વેપાર થયો તેમાંથી નફો મળતો રહ્યો. ધીરે ધીરે આર્થિક સ્થિતિ સારી થતી હતી, તેથી ઉત્તમભાઈએ વિચાર કર્યો કે હવે અમદાવાદના પ્રીતમનગર વિસ્તારમાં આવેલો ન્યૂ આશિષનો ફ્લૅટ છોડીને ટેનામેન્ટમાં રહેવા જઈએ. આ સમયે શારદાબહેન વિચારતાં હતાં કે કોઈ જમીન લઈને એના પર સ્વતંત્ર મકાન બનાવીએ, જેથી બધાં નિરાંતે રહી શકે, આખું કુટુંબ એમાં સમાઈ શકે.

૧૯૭૫માં એમણે એક જમીન લીધી, જોકે એ સમયે પણ ઉત્તમભાઈનો વિચાર જમીન લેવાને બદલે ટેનામેન્ટ લઈને વધુ રકમ વ્યવસાયમાં રોકવાનો હતો.

તેઓ આજ સુધી આર્થિક ભીડ અનુભવતા રહ્યા હતા, પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ હતી. એમના પુત્ર સુધીરભાઈએ કારોબાર સંભાળવા માંડ્યો હતો. આથી મનની ભીતરમાં એક પ્રકારની નિરાંતનો અનુભવ થતો હતો. પોતાના જીવનમાં કોઈ અણધારી આફત આવે તો પણ વ્યવસાય સંભાળનાર તૈયાર હતા.

૧૯૭૫ની ૧૨મી ઑક્ટોબરે પાલડીમાં આવેલી નીલપર્ણા સોસાયટીમાં જમીન ખરીદી. ૧૯૭૬ની ૧૪મી ડિસેમ્બરે એનો પાકો દસ્તાવેજ કર્યો. નીલપર્ણામાં ખાતમુહૂર્ત કર્યું ત્યારે માત્ર અંગત સ્વજનોને જ નિમંત્રણ આપ્યું હતું. ખૂબ સાદી રીતે ખાતમુહૂર્ત કર્યું. મકાન તૈયાર થતાં ઉત્તમભાઈ નીલપર્ણા સોસાયટીના મકાનમાં રહેવા આવ્યા.

૧૯૭૭-'૭૮ના અરસામાં ઉત્તમભાઈને કમળાનો રોગ થયો. એ સમયે એક વાર તો લગભગ બેશુદ્ધ થઈ ગયા હતા. ધીરે ધીરે કમળો વધતો ગયો. દવાઓ થતી હતી, પરંતુ કેટલી કારગત નીવડશે તે સવાલ હતો. આ સમયે ડૉ. રસિકલાલ પરીખ એમની સારવાર કરતા હતા. એક સમયે એમની સ્થિતિ એટલી ગંભીર હતી કે બચશે કે નહીં તેનો પણ સવાલ હતો. એનું કારણ એ કે એમના કમળાના ટેસ્ટનો રિપૉર્ટ પણ ઘણો ખરાબ હતો, પરંતુ અનેક આફતો વચ્ચે



નીલપર્ણા સોસાયટીના મકાનના ખાતમુહૂર્ત પ્રસંગે

ઝઝૂમનાર ઉત્તમભાઈ આખરે આ બીમારીને પણ પાર કરી ગયા. ફરી સાજા થયા. સ્વસ્થ બનીને પુનઃ કામ શરૂ કર્યું. સવારે નવ વાગ્યે ઑફિસે પહોંચી જતા. વ્યવસાયના વિકાસ માટે ખૂબ મહેનત કરવા લાગ્યા.

આ સમયે પણ ઉત્તમભાઈના જીવનમાં ઘર્ષણ ચાલતું હતું. એમના હૃદયમાં પ્રગતિની અદમ્ય ઝંખના હતી. એમની શારીરિક સ્થિતિ જોઈને ઘરના સ્વજનો એમને કામ કરતા અટકાવતા હતા. આર્થિક સાહસ કરતાં પૂર્વે સો ગળણે ગાળીને પાણી પીવાની સલાહ આપતા હતા. આવી સલાહ પાછળ વાસ્તવિકતાનું પીઠબળ હતું. ઉત્તમભાઈ વિચારતા કે બહારથી તો મને કોઈ સાથ કે સહયોગ મળતા નથી. એકમાત્ર એમનાં જીવનસંગિની શારદાબહેન એમને સમજતાં હતાં. એ સમયે ઉત્તમભાઈની વાતો એવી કે કોઈને દિવાસ્વપ્ન જ લાગે.

શ્રી દિનેશભાઈ મોદીના કહેવા પ્રમાણે એ સમયે એમનો કામનો ધખારો એવો હતો કે સતત પ્રગતિ કરતા રહેવું. પરંતુ સામાજિક પરિસ્થિતિ અને ચીલાચાલુ વિચારસરણી એવી હતી કે તેઓ ઉત્તમભાઈની આ અદમ્ય ઇચ્છાને સમજી શકતા નહીં, કારણ કે એમની આસપાસના સમાજે આવો કોઈ માનવી જોયો નહોતો કે જે આટલા બધા કથળેલા સ્વાસ્થ્ય સાથે જીવનનાં ઊંચાં શિખરો સર કરવા માટે સતત આરોહણ કરતો હોય.

વિખ્યાત ચિંતક નેપોલિયન હિલ કહે છે કે, "Cherish your visions and your dreams, as they are the children of your soul; the blueprint of your ultimate achievements."

સંઘર્ષનો એ કાળ ઘણો વિલક્ષણ હતો. એક બાજુ તેઓ નવી નવી દવાઓ બજારમાં મૂકવાનો વિચાર કરતા હતા અને એ દ્વારા અગ્રણી ઉદ્યોગપતિ બનવાનું સ્વપ્ન સાકાર કરવા ઇચ્છતા હતા, જ્યારે બીજી બાજુ એમના હિતેચ્છુઓ જ એમને કહેતાં કે આવી કથળેલી તબિયતે તમે નવું સાહસ કરવું રહેવા દો. માત્ર તબિયતને સાચવો તોય ઘણું. જેટલું મળ્યું છે એનાથી આનંદ માનો. હાથ-પગ દોરડાથી બાંધીને કોઈને દોડવાનું કહેવામાં આવે એવી ઉત્તમભાઈની પરિસ્થિતિ હતી.

વ્યવસાય કરનારને ઘણાં પ્રલોભનો હોય છે. ક્યારેક નાનકડી અપ્રમાણિકતાથી મોટી રકમ મેળવવાનું પ્રલોભન જાગતું હોય છે. ઘણી વાર તો કેટલાંક માત્ર અપ્રમાણિકતાથી જ સંપત્તિ એકઠી કરતાં હોય છે. પોતાની આસપાસનો સમાજ ભ્રષ્ટાચારથી ભરેલો હોય, ત્યારે પ્રમાણિકતા જાળવવી એ કપરી અગ્નિપરીક્ષા સમાન ગણાય. 'ઑનેસ્ટી ઇઝ ધ બેસ્ટ પૉલિસી' એ ઉક્તિથી

સાવ અવળી ગંગા ચાલતી હોય, ત્યારે ઉત્તમભાઈએ ક્યારેય અપ્રમાણિકતાથી આવક મેળવવાની કલ્પના સુધ્ધાં કરી નહોતી.

આનું કારણ એ કે બાળપણમાં ઉત્તમભાઈને ધર્મના સંસ્કારો મળ્યા હતા. ભગવાન મહાવીરે પોતાના માર્ગને અનુસરનાર વ્યક્તિઓ માટે ચોત્રીસ ગુણો આવશ્યક હોવાનું જણાવ્યું છે. જૈન શાસ્ત્રો આને 'માર્ગાનુસારીના ચોત્રીસ ગુણો' તરીકે ઓળખાવે છે. આ ગુણોમાં પ્રથમ સ્થાને 'न्याय संपन्नः विभवः' એટલે કે તમારો વૈભવ અર્થાત્ ધન ન્યાયના માર્ગે ઉપાર્જિત કરેલું હોવું જોઈએ. ઉત્તમભાઈએ હંમેશાં નીતિની રોટીનો વિચાર કર્યો હતો. અનીતિથી ક્યારેય કોઈની રોટી છીનવીને ધનવાન થવું નહીં અથવા કશુંય મેળવવું નહીં એવો એમનો નિર્ધાર હતો. ૧૯૭૦માં ઉત્તમભાઈએ મોટર લીધી ત્યારે ઉત્તમભાઈને ડૉ. રસિકલાલ પરીખના એક સ્નેહી મળવા આવ્યા હતા. તેઓ અમેરિકાથી ભારત આવ્યા હતા. એમણે ઉત્તમભાઈને એમની વ્યાવસાયિક સફળતાનું રહસ્ય પૂછ્યું.

આ સમયે ઉત્તમભાઈએ કહ્યું, "વ્યવસાયમાં સફળ થવા માટે સૌથી મુખ્ય બાબત એ છે કે ગમે તેટલા અવરોધો કે મુશ્કેલી આવે તો પણ સહેજે ગભરાયા વિના સતત પ્રયત્ન ચાલુ રાખવો. નિષ્ફળતાથી નિરાશ થવું નહીં. પ્રમાણિકતાથી વર્તવું. જે કંઈ પુરુષાર્થ કરો તે વ્યવસ્થિત અને બુદ્ધિપૂર્વક કરવો. બહુ શૉ-મેનશીપ કે દેખાડો કરવાં નહીં."

ઉત્તમભાઈએ જીવનભર એમના વ્યવસાયની આવી રીત અને ઊજળી પરંપરા જાળવી રાખી હતી.

વિચારક નેપોલિયન હિલની આ ઉક્તિ એમના જીવનમાં પ્રગટ થાય છે:

"Effort only fully releases its reward after a person refuses to quit."

એથીયે વિશેષ તો ઓછી કિંમતે દવાઓ આપીને એમણે સામાન્ય માનવીઓને મહત્ત્વની સહાય કરી છે. અમદાવાદના આનંદી, હસમુખા અને વિખ્યાત સર્જન ડૉ. હરિભક્તિ ઉત્તમભાઈને મળવા આવે ત્યારે હંમેશાં કહેતા,

"મહેતા, તમને આપું એટલા અભિનંદન ઓછા છે. કેવી સારી દવાઓ વ્યાજબી ભાવે આપીને તમે જનસેવા જ કરો છો. મારી દૃષ્ટિએ તો ધંધામાં નીતિ જાળવવી તે પણ માનવતાનો મોટો ગુણ છે."

❑

૧૪

# પડકાર અને પ્રતિકાર

**સ**મયનું વહેણ વહેવા લાગ્યું હતું. સ્વાસ્થ્યની ગંભીર મુશ્કેલીઓ વચ્ચે ઉત્તમભાઈએ પ્રગતિની આગેકૂચ જારી રાખી હતી. આર્થિક અને શારીરિક પ્રશ્નોનો સામનો કરનાર ઉત્તમભાઈ સામે વ્યાવસાયિક સમસ્યાનો વિરાટ પડકાર ઊભો થયો.

ઈ. સ. ૧૯૭૮ની સાલ. આ સમયે અમદાવાદની એમની દવા બનાવવાની ફૅક્ટરીમાં પંદર કામદારો કામ કરતા હતા. આ કામદારોને કેટલાંક બહારનાં પરિબળોએ ઉશ્કેર્યા.

સમાજમાં વ્યક્તિની પ્રગતિ બે પ્રકારના પડકાર ઊભા કરે છે. એક તો વ્યવસાયમાંથી જાગેલા બાહ્ય પડકારો અને બીજો આંતરિક ઈર્ષા-વૃત્તિમાંથી જાગેલો પડકાર. ઉત્તમભાઈની વ્યવસાયની કુનેહને કારણે બીજા લોકો દવાના નિર્માણમાં પા પા પગલી ભરતા હોય, ત્યારે ઉત્તમભાઈએ હરણફાળ ભરી હતી. આથી ઈર્ષાવૃત્તિ જાગી અને કામદારોની આ હડતાળની આગેવાની એક અત્યંત આક્રમક મજૂરનેતાએ લીધી હતી. આવી હડતાળોને કારણે કેટલાય માલિકોએ થાકી-કંટાળીને ઉદ્યોગો બંધ કરી દીધા હતા.

કામદારોની આ હડતાળ અત્યંત સ્ફોટક બની જતી. માલિકવિરોધી બેફામ સૂત્રોચ્ચારથી આનો આરંભ થતો. ધીરે ધીરે કામ ઓછું કરવામાં આવતું. એટલાથી માલિક નમે નહીં તો એને તોફાની કામદારોનો સામનો કરવો પડતો. એને ધમકીઓ આપવામાં આવતી અને બીજા નવા કામદારને કારખાનામાં પગ મૂકવા દેતા નહીં. પરિણામે ઉત્પાદન બંધ થતું. માલિકને કાં તો કામદારોની માગણીને વશ થવું પડતું અથવા એ કારખાનાંને તાળાં લગાવી દેતો હતો.

પરિસ્થિતિ એવી સર્જાતી કે ઉદ્યોગપતિને નમવું પડે અને મજૂરનેતાએ કરેલી દરખાસ્તો સ્વીકારવી પડે. આમેય એ વખતે યુનિયનોની ચળવળો પરાકાષ્ઠાએ હતી અને એમાં સૌથી વધુ આક્રમક આ યુનિયનના સૂત્રધાર મજૂરનેતા હતા !

આ સમયે એક બીજી કંપનીમાં હડતાળ પડી હતી અને તે કંપનીના અધિકારી પર કેટલાક ઉશ્કેરાયેલા મજૂરોએ ઍસિડ ફેંક્યો હતો. એને કારણે એ અધિકારીનું કરુણ મૃત્યુ થયું હતું, પણ એથીયે વિશેષ તો ઉદ્યોગના ક્ષેત્રમાં સંચાલકોનાં મન ભયભીત બની ગયાં હતાં. વળી આ સમયે માલિકો પર તોફાની કામદારો ખોટા કેસ ઊભા કરતા હતા. તોફાન કરીને કારખાનાને નુકસાન પહોંચાડે. ઉત્પાદન ખોરવી નાખે. અધૂરામાં પૂરું ખોટા ઉપજાવી કાઢેલા કેસો દાખલ કરીને ઉદ્યોગપતિને બને તેટલી રીતે હેરાન-પરેશાન કરવાના પ્રયાસો કરતા હતા.

ઉત્તમભાઈ સામે આ વખતે નાજુક તબિયતનો સવાલ તો ઊભો જ હતો. ડૉક્ટરે એમને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે એમણે અધિક શ્રમ કરવો નહીં. ઉત્તમભાઈની તબિયત એમને સાથ આપતી નહોતી, પરંતુ વણસતી પરિસ્થિતિને અટકાવ્યા સિવાય એમની પાસે અન્ય વિકલ્પ પણ નહોતો.




ઉદ્યોગમાં સૂઝ, જીવનમાં સચ્ચાઈ અને પડકારમાં સંકલ્પ

ઉત્તમભાઈની કર્મચારીઓ વિશેની નીતિ એવી હતી કે એમની વાત સાચી હોય તો માલિકીપણાનો ભાવ વચ્ચે લાવ્યા વિના તેને માન્ય રાખવી, કિંતુ જો એમની માગણીઓ ખોટી હોય તો, સહેજે ડગ્યા કે નમ્યા વિના જુસ્સાભેર છેક સુધી લડી લેવામાં પાછી પાની કરવી નહીં. આવો કોઈ પડકાર જાગે એટલે ઉત્તમભાઈમાં એનો સામનો કરવાનું કોઈ નવું જ ખમીર પેદા થતું હતું.

એમ કહેવાય છે કે ઈશ્વર જેટલી મોટી જવાબદારી આપે છે, એટલા તે જવાબદારી ઊંચકવાના સશક્ત ખભા આપે છે. એ પછી બૅન્ક સાથે આર્થિક સમસ્યાનો સવાલ હોય કે કામદાર મંડળનો ભલભલાને ધ્રુજાવતો પડકાર હોય – આ બધી ઘટનાઓના એક સાક્ષી શ્રી દિનેશભાઈ મોદીના કહેવા મુજબ ઉત્તમભાઈ એમ વિચારતા કે Worst come worst, what will happen ? (વધુમાં વધુ ખરાબ શું બની શકે ?)

હડતાળ પર ઊતરેલા કામદાર મંડળે સારો એવો વધારો માંગ્યો હતો. ઉત્તમભાઈએ ફોન પર જ એના નેતાને આ બાબતનો સ્પષ્ટ ઇન્કાર સંભળાવી દીધો. એમને ધમકીઓ મળી કે તમારી ફૅક્ટરી સળગાવી નાખીશું અને તમને તબાહ કરી નાખીશું. ઊકળતા પાણીમાં વ્યક્તિને પોતાનું પ્રતિબિંબ દેખાતું નથી, તેમ ઉશ્કેરાયેલા માનવીને પોતાનું હિત શામાં છે, તેનો કોઈ ખ્યાલ આવતો નથી.

વળી દવાની બાબતમાં તો એવું બને કે બજારમાં જો એ દવા ઉપલબ્ધ ન હોય તો દર્દી ડૉક્ટરને ફરી વાર દવા અંગે પૂછે અને ડૉક્ટર પણ બીજી કંપનીની આવી જ દવા લખી આપે. એક વાર એક કંપનીની દવા હોઠે ચડી જાય પછી તેને બદલાતા વાર લાગે. વળી આ ચળવળમાં એક અન્ય વ્યક્તિ પોતાનો અંગત સ્વાર્થ સાધવા સામેલ થઈ હતી. ઉત્તમભાઈએ પોતાના ઉદ્યોગની આર્થિક પરિસ્થિતિનો વિચાર કર્યો તો ખ્યાલ આવ્યો કે દવાઓમાંથી સારો એવો નફો પ્રાપ્ત થયો છે. વળી વાર્ષિક પચાસ લાખનું વેચાણ થાય છે. મર્યાદિત ખર્ચાઓને કારણે બીજો કોઈ આર્થિક ભય એમને સતાવતો નહોતો. ઉત્તમભાઈ એમ માનતા હતા કે કોઈ પણ પ્રકારની સમસ્યા મોટી કે મૂંઝવનારી હોતી નથી, માત્ર એના ઉકેલની ચાવી તમારે હાથ કરી લેવી જોઈએ.

ઉત્તમભાઈ આના ઉકેલની ખોજમાં લાગી જતા. મેરી કી (Mary Key)એ માર્મિક રીતે જ કહ્યું છે –

"One of the secrets of success is to refuse to let temporary setbacks defeat us."

આમ, મુશ્કેલીને માનસિક વિચારશક્તિની કસોટીરૂપ માનતા હતા. હિંદીના પ્રસિદ્ધ નવલકથાકાર મુન્શી પ્રેમચંદજીએ કહ્યું છે – "મુશ્કેલીથી મોટું અનુભવજ્ઞાન આપનારું બીજું કોઈ વિદ્યાલય નથી." આ મુશ્કેલીના માર્ગની ખોજ પાછળ ઉત્તમભાઈ સતત પ્રવૃત્ત રહેતા હતા.

આ સમયે યુનિયન સામે યુદ્ધે ચડેલા ઉત્તમભાઈના વ્યક્તિત્વનો એક જુદો જ મિજાજ જોવા મળ્યો. તેઓ હિંમતભેર ફૅક્ટરીમાં જતા. કામદારોનાં તોફાનોની નોંધ રાખતા. તેઓ માનતા હતા કે ખોટું કામ કરનારી વ્યક્તિ ખુદ ગભરાતી હોય છે.

शरदी न वर्षति गर्जति, वर्षति वर्षासु निःस्थनो मेघः ।
नीचो वदति न कुरुते न वदति सुजनः करोत्येव ।।

"શરદઋતુમાં વરસાદ ગાજે છે, પણ વરસતો નથી અને વર્ષાઋતુમાં ગાજ્યા વિના વરસે છે. એ પ્રમાણે અધમ માનવી બોલે જ છે અને કંઈ કરતો નથી, અને સજ્જન માનવી વગર બોલ્યે જ બધું કરે છે."

આથી ઉત્તમભાઈએ સીધો પ્રતિકાર કર્યા વિના જ કુનેહપૂર્વક કામદારોને ખામોશ કર્યા. બીજી બાજુ એમણે અખબારમાં જાહેરખબર આપીને હડતાળ તોડવા માટે નવ કામદારોની જગ્યાએ ચાલીસ કામદારો રાખી લીધા. એક કેમિસ્ટની જગ્યાએ છ કેમિસ્ટની નિમણૂક કરી દીધી. પરિણામે ફૅક્ટરી દિવસ ને રાત ચાલુ રહેવા લાગી. અગાઉ કરતાં ચાર ગણું ઉત્પાદન અને ચાર ગણું વેચાણ થવા લાગ્યું. ઉત્પાદન ઓછું કે બંધ કરીને ઉદ્યોગપતિની કરોડરજ્જુ તોડવાનો પેંતરો નિષ્ફળ ગયો. બન્યું એવું કે એક ટેબલ પર હડતાળ પર ઊતરેલો કર્મચારી બેઠો હોય અને બાજુના જ ટેબલ પર બીજો નવો આવેલો કર્મચારી ઝપાટાબંધ કામ કરતો હોય. ધીમે ધીમે હડતાળનું જોર ઘટવા માંડ્યું. ચળવળમાં મુખ્ય ભાગ ભજવનારને સૌપ્રથમ દૂર કર્યો. એ પછી સમાધાન માટે કામદારો તરફથી દરખાસ્ત આવી, પરંતુ ઉત્તમભાઈ સહેજે પીગળ્યા નહીં. એમણે તોફાની કામદારોને રુખસદ આપી. આમ છ મહિના સુધી મજૂર સમસ્યા ચાલી, પરંતુ આ સમસ્યાને કારણે એમની ફૅક્ટરીને એક નવી તાકાત મળી. ચોતરફ ઉદ્યોગોને રૂંધી નાખે તેવા સંજોગો હતા, ત્યારે ઉત્તમભાઈએ ડર્યા વિના આવા કપરા સંજોગો વચ્ચેથી માર્ગ કર્યો.

કામદારોની હડતાળ સમેટાઈ ગઈ, એટલે પરિસ્થિતિનું પૂર્ણવિરામ આવ્યું. પણ ઉત્તમભાઈએ સમસ્યાનાં મૂળ કારણોનો વિચાર કર્યો. એ મૂળ કારણો દૂર થાય તો જ ફરી આવી સમસ્યા સર્જાય નહીં. એ સમયે ઉત્તમભાઈની ફૅક્ટરી અને ઑફિસ એકદમ નજીક હતાં. આને કારણે કેટલાક પ્રશ્નો ઊભા થતા હતા, આથી એમણે ઑફિસ અને ફૅક્ટરી જુદાં જુદાં સ્થળે રાખવાનો નિર્ધાર કર્યો. પોતાની ફૅક્ટરી વટવામાં રાખી અને ઑફિસ અમદાવાદના આશ્રમરોડ પર આવેલી બી. જાદવ ચેમ્બર્સમાં ત્રીજા માળે શરૂ કરી. પરિસ્થિતિના મૂળમાં જવાની આ એમની પારગામી દૃષ્ટિ.

❑

## ૧૫

# નસીબ ! તારો ખેલ અજબ !

વિધાતાની વિચિત્ર લીલા તો જુઓ ! એક આફત હજી માંડ દૂર થાય, ત્યાં બીજી મુશ્કેલી હાજરાહજૂર ! પં. જવાહરલાલ નહેરુએ એક વાર કહ્યું હતું કે આપત્તિ આપણને આત્મજ્ઞાન કરાવે છે. આપણા ખમીરની અગ્નિપરીક્ષા કરીને દર્શાવે છે કે કેવી માટીના બનેલા માનવી છીએ !

એક બાજુ પ્રગતિની અદમ્ય ઝંખના અને બીજી બાજુ પીછેહઠ કરાવે તેવા સંજોગો ! જીવનના પ્રારંભથી ઘેરી વળેલાં આર્થિક મુશ્કેલીનાં વાદળો માંડ વીખરાયાં, ત્યાં એકાએક આકાશની ક્ષિતિજમાંથી શારીરિક મુશ્કેલીનાં કાળાં ભમ્મર વાદળાં ધસી આવ્યાં અને ઉત્તમભાઈના જીવનને ઘેરી વળ્યાં !

૧૯૭૩માં ઉત્તમભાઈ અમદાવાદના પ્રીતમનગર વિસ્તારમાં આવેલા ન્યૂ આશિષ ફ્લૅટમાં રહેવા માટે આવ્યા. પહેલી જ વાર નદીને આ પાર તેઓએ વસવાટ શરૂ કર્યો. અહીં રહેવા આવ્યા બાદ ત્રણેક વર્ષે ઉત્તમભાઈને ઝીણો તાવ રહેવા લાગ્યો. રોજ ૯૯ ડિગ્રી તાવ આવે. પરિણામે મનમાં ચિંતા રહ્યા કરે. દર્દ કળાય નહીં તેથી અનેક વિચારો આવે. એવામાં એમને શરીર પર ગાંઠ નીકળી. એમણે ડૉક્ટરોને બતાવ્યું. અને ફરી પાછી વિચિત્ર મુશ્કેલી આવી. ડૉક્ટરે-ડૉક્ટરે જુદા જુદા અભિપ્રાય મળવા લાગ્યા. એક ડૉક્ટરે ટી.બી. હોવાની દહેશત વ્યક્ત કરી તો બીજા ડૉક્ટરે હોચકિન્સ નામનો રોગ હોવાનું દર્શાવ્યું. ઉત્તમભાઈને આ અનુભવ કોઠે પડી ગયો હતો. એમને જે રોગ થતો તેનું સાચું નિદાન કરવું હંમેશાં મુશ્કેલ બનતું હતું. આને કારણે ચિંતાના બોજ ખડકાય, કેટલાય સવાલો પેદા થાય, કયા પ્રકારની સારવાર લેવી એનું કશું સ્પષ્ટ માર્ગદર્શન મળે નહીં.

અન્ય કોઈ માનવી આવી દિશાહીન પરિસ્થિતિમાં મૂંઝવણમાં મુકાઈ જાય, હતાશ કે નાસીપાસ થાય, કેટલાય તર્ક-વિતર્ક કરે, પણ ઉત્તમભાઈમાં પોતાના રોગને તટસ્થપણે જોવાની એક દૃષ્ટિ હતી. એક ડૉક્ટર જે ચિકિત્સકની મનોવૃત્તિથી દર્દીના રોગનો વિચાર કરે, વિશ્લેષણ કરે, અભ્યાસ કરે, એ રીતે તેઓ પોતાના રોગને જાતે પારખતા હતા. એ માટે ઉપયોગી મેડિકલ સાહિત્ય વાંચી જાય. નિષ્ણાતોનો સંપર્ક સાધી પોતાના રોગ વિશે ચર્ચા કરે. અંતે રોગનું નિદાન મેળવ્યા પછી જ એમને શાંતિ થતી હતી.

ઉત્તમભાઈ પોતાની શારીરિક પ્રકૃતિના પૂરા પારખુ હતા. પોતાને થતા રોગોની વિલક્ષણતા અને વિચિત્રતાનો એમને સાંગોપાંગ ખ્યાલ હતો, તેથી આટલા અભિપ્રાય મેળવીને તેઓ અટક્યા નહિ. એમણે અમદાવાદના એક ડૉક્ટરને સ્લાઇડ આપી અને નિદાન આવ્યું કે ઉત્તમભાઈને 'હોચકિન્સ ડિસીસ' નામનું કૅન્સર થયું છે. ઉત્તમભાઈએ મુંબઈમાં રહેતા અને એમના પ્રત્યે અગાધ

લાગણી રાખતા ડૉ. ભણશાળીને ફોન કર્યો. એમણે ઉત્તમભાઈની પાસેથી એમની તબિયતનો અહેવાલ સાંભળીને કહ્યું કે તમને ટી. બી. હોય કે હોચકિન્સ હોય, પણ એ બંને માટે તમારે બારેક મહિના તો દવા લેવી જ પડશે, આથી પહેલાં મુંબઈ આવો અને અહીં બરાબર નિદાન કરાવો.

બીમારી સાથે ઉત્તમભાઈ મુંબઈ ગયા. મુંબઈના એક નામાંકિત પૅથોલૉજિસ્ટને આ સ્લાઇડ બતાવી અને એણે કહ્યું કે તમને 'હોચકિન્સ ડિસીસ' થયો છે. ઉત્તમભાઈને થયું કે મુંબઈ આવ્યા છીએ તો તાતા હૉસ્પિટલમાં પણ બતાવી દઈએ. સ્લાઇડ લઈને તેઓ તાતા હૉસ્પિટલમાં ગયા. તાતા હૉસ્પિટલમાં તો દર્દીઓની લાંબી લાંબી કતાર હોય. ઉત્તમભાઈને અહીં કોઈ પરિચિત નહીં. પાંચસો દર્દીઓની લાઇનમાં ઉત્તમભાઈ અને શારદાબહેન ઊભાં રહ્યાં. ઉત્તમભાઈએ તાતા હૉસ્પિટલમાં બતાવ્યું તો ડૉક્ટરે કહ્યું કે એમને 'ઍંજિયો ઇમ્યુનો બ્લાસ્ટિક લિમ્ફએડેનોપથી' નામનો રોગ થયો છે. વધુમાં એમને કહેવામાં આવ્યું કે ભારતમાં આ રોગનો આ સર્વપ્રથમ કેસ છે.

ઘરની છત નહીં, પણ આખુંય આકાશ માથા પર તૂટી પડે તો શું થાય ? એવો ભાવ ઉત્તમભાઈએ અનુભવ્યો. એક તો કૅન્સરની વ્યાધિ આમેય ભયાવહ ગણાય. એનું નામ સાંભળતાં જ વ્યક્તિના હોશકોશ ઊડી જાય ! એના કાને મોતનો પગરવ સંભળાવા માંડે ! ઓસરતા જીવનના વાયરાનો અનુભવ થાય ! એમાંય વળી એવું કૅન્સર કે જે કોઈને થયું ન હોય ! ભારતમાં એ રોગની કોઈને ભાળ કે જાણ ન હોય !

ઉત્તમભાઈના હૃદયમાં વલોવી નાખે તેવું મંથન જાગ્યું. જીવનમાં સતત આર્થિક, શારીરિક અને માનસિક વિટંબણાઓનો સામનો કર્યો હતો. સહેજે ડગ્યા કે થાક્યા વિના સઘળા પડકાર ઝીલ્યા હતા, પણ આવા મહારોગની તો મનના કોઈ ખૂણામાંય કલ્પના કરી નહોતી !

રોગથી ક્યારેય ઉત્તમભાઈ બેબાકળા કે ભયભીત થયા નહોતા. રોગ આવે એટલે એનાં રોદણાં રડવાને બદલે એના ઉપાયોનું સંશોધન શરૂ કરી દેતા હતા.

આથી ઉત્તમભાઈએ ડૉક્ટરોને પૂછ્યું કે, "આ રોગમાં દર્દીને શું શું થાય છે ? દર્દીના આયુષ્ય પર આની કોઈ અવળી અસર થાય છે ખરી ?" કોઈ ડૉક્ટર આનો સ્પષ્ટ ઉત્તર આપે નહીં. આ સમયે ઉત્તમભાઈ મુંબઈમાં એમના સાળાના મકાનમાં રહેતા હતા. ડૉક્ટરો અંગેનું મોટા ભાગનું કાર્ય તેઓ જાતે જ પાર પાડતા. બીજાની સહાય ભાગ્યે જ લેતા, કારણ કે અંતે તો સઘળું કામ પોતાને જ કરવાનું છે એમ માનતા હતા.

તાતા હૉસ્પિટલમાં બતાવ્યા પછી એ સાબિત થઈ ચૂક્યું હતું કે ઉત્તમભાઈને એક પ્રકારનું કૅન્સર થયું છે. હજી માંડ ઉદ્યોગમાં સ્થિર થઈને વિકાસ સાધતા હતા, ત્યાં જ નવી અણકલ્પી આફત આવી પડી. અમદાવાદમાં આવીને એમણે ડૉ. દેવેન્દ્ર પટેલને બતાવ્યું. એમના સૂચનથી ઉત્તમભાઈએ એ સ્લાઇડ અમેરિકામાં વસતા ડૉ. જતીનભાઈને મોકલી આપી. આમ તો ઉત્તમભાઈના રોગની સ્લાઇડ જે કોઈ ડૉક્ટર જોતા તે પોતાની પાસે રાખી લેતા હતા, કારણ કે એ સ્લાઇડ ઘણી વિલક્ષણ હતી. એના આધારે આગવું સંશોધન થાય તેવું હતું. 'હોચકિન્સ' થયાનું કહેનારા ડૉક્ટરો પણ એમની પાસેથી લીધેલી સ્લાઇડ એમને પાછી આપતા નહોતા.

એક વાર ઉત્તમભાઈને થયું પણ ખરું કે  આમ કરવા જતાં સ્લાઇડ ખૂટવા માંડશે. તાતા હૉસ્પિટલના ડૉક્ટરોએ જે નિદાન કર્યું હતું, તેમાં ડૉ. જતીનભાઈએ સંમતિ બતાવી હતી. એમ પણ કહ્યું કે તાતાનું નિદાન તદ્દન બરાબર છે. ડૉ. જતીનભાઈએ ઉત્તમભાઈને એમ પણ જણાવ્યું કે તમે ચાર મહિના ન્યૂયૉર્કમાં આવો. તમને નિરીક્ષણ (observation) હેઠળ રાખીને સારવાર કરીએ.

આ સમયે ઉત્તમભાઈને કૅન્સરનાં ઇંજેક્શન લેવા પડતાં હતાં. અત્યંત વેદનાજનક 'કૉપ થેરાપી' પણ ચાલુ કરવી પડી હતી. ક્યારેક વિચારતા કે દેહના રોગો અને શરીરની પીડામાંથી ક્યારે છુટકારો મળશે ! વળી હિંમત અને ધૈર્ય રાખીને સ્વસ્થતાપૂર્વક રોગના નિદાનની દિશામાં આગળ વધતા હતા.

એ સમયગાળામાં એમના પુત્ર સુધીરભાઈ દિલ્હી જતા હતા ત્યારે ઉત્તમભાઈએ પોતાના એક સાઇકિયાટ્રિસ્ટ મિત્ર ડૉ. મોહનની સહાયથી 'ઑલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ રિસર્ચ'માં પોતાની સ્લાઇડ જોવા માટે મોકલાવી હતી. આ જોઈને ત્યાંના પૅથોલૉજિસ્ટોએ પણ કહ્યું કે એ 'ઍંજિયો ઇમ્યુનો બ્લાસ્ટિક લિમ્ફએડેનોપથી' નામનો રોગ છે. ભારતમાં સર્વપ્રથમ કેસ તરીકે ઓળખાયેલા આ રોગથી ઉત્તમભાઈ મૂંઝાયા નહીં. એમના જીવનની આ રફતાર હતી. કોઈનેય ન થતું હોય તેવું એમને થાય ! એની સામે તેઓ બુદ્ધિપૂર્વક પોતાના પ્રયત્નો સતત ચાલુ રાખે ! લાંબી મહેનત, પારાવાર કષ્ટો, દીર્ઘ વિચારવિમર્શ બાદ એમને અંતે સફળતા હાથ લાગતી હતી, આથી આ રોગ અંગે ઉત્તમભાઈએ સ્વયં સંશોધન શરૂ કર્યું. પુસ્તકાલયમાંથી જુદા જુદા ગ્રંથો મંગાવ્યા અને આ રોગ અંગે વિસ્તૃત માહિતી મેળવી.

સામાન્ય રીતે આ રોગમાં વ્યક્તિનું આયુષ્ય ત્રણથી છ મહિનાનું ગણાતું હતું. વળી આ રોગ કઈ રીતે શરીરમાં થાય છે કે પ્રસરે છે એની કોઈ વૈજ્ઞાનિક

માહિતી મળતી નહોતી. એવી જ રીતે એની સારવારની પદ્ધતિઓ પણ વિવાદાસ્પદ હતી. આ રોગ અંગે છેલ્લામાં છેલ્લાં સંશોધનો જાણવા માટે ઉત્તમભાઈએ એક ઉપાય અજમાવ્યો. એમણે વિશ્વભરની કૅન્સર સોસાયટીઓને પત્ર લખ્યા. પોતાના રોગનું વિવરણ લખ્યું અને એને અંગેની ઉપયોગી સામગ્રી હોય, તો મોકલવા વિનંતી કરી. પરિણામે એક એવી પુસ્તિકા મળી ગઈ કે જેમાં વિદેશની કૅન્સર સોસાયટીઓનાં સરનામાં હતાં. આવાં સરનામાંઓ પરથી અઢીસો જેટલા પત્રો લખ્યા અને એમાં આવી કૅન્સર સોસાયટીઓને પુછાવ્યું કે આ રોગની જેમણે શોધ કરી હોય તેમનાં નામ અને સરનામાં હોય તો આપે, તેમજ એની સારવાર માટે કઈ હૉસ્પિટલમાં જવું તે અંગે સૂચન કરશે, તો તેઓ એમના આભારી થશે. ઉત્તમભાઈની આ વિશેષતા હતી. કોઈ પણ બાબત અંગે બને તેટલી માહિતી બધા સ્રોતમાંથી એકત્રિત કરવા પ્રયત્ન કરતા હતા.

આ સમયે વિશ્વના એક અત્યંત આધારભૂત સામયિક 'ન્યૂ ઇંગ્લૅન્ડ જર્નલ ઑફ મેડિસિન' પાસેથી ઉત્તમભાઈને પ્રત્યુત્તર મળ્યો. તેઓએ જણાવ્યું કે આ વિષયમાં કોઈ નિષ્ણાત હોય તો તે રૉબર્ટ લ્યુકસ અને હેન્રી રાપાપોર્ટ છે.

દરમ્યાનમાં ઉત્તમભાઈને પાંચ-પાંચ ડિગ્રી તાવ આવતો હતો. ગાંઠો ઘણી વધી ગઈ હતી અને પુષ્કળ ચળ આવતી હતી.

૧૯૭૭માં નીલપર્ણા સોસાયટીમાં ઉત્તમભાઈએ મકાન બંધાવવાનું શરૂ કર્યું. ૧૯૭૮ના માર્ચ મહિનામાં એનું વાસ્તુ હતું. એવામાં ઉત્તમભાઈને જાણ થઈ કે ડૉ. હેન્રી રાપાપોર્ટ ખુદ પહેલી વાર મુંબઈ આવી રહ્યા છે. જોકે તેઓ મુંબઈમાં માત્ર છ કલાક રોકાવાના હતા. ઉત્તમભાઈએ વિચાર્યું કે આ તો ઘેર બેઠા ગંગા આવી ગણાય ! આવી સામે ચાલીને મળેલી સુવર્ણતક ગુમાવાય ખરી ? ભલે ડૉક્ટર છ કલાક જ રોકાવાના હોય, પણ મળવાની કોશિશ તો કરવી જોઈએ.

કેટલાક લોકો પરિસ્થિતિ પ્રત્યે નકારાત્મક વલણ ધરાવતા હોય છે. કોઈ મનમાં એવુંય વિચારે કે આવા સમર્થ ડૉક્ટર પહેલી જ વાર આવતા હોય અને ફક્ત છ કલાક રોકાવાના હોય, તેમાં આપણો ગજ ક્યાં વાગવાનો ! પણ ઉત્તમભાઈ જુદી માટીના માનવી હતા. સંજોગોને આધીન થવાને બદલે સંજોગોને પડકારનારા હતા. સંજોગો સામે માથું ઊંચું રાખીને આગળ વધવામાં માનનારા હતા. સંજોગો આગળ ઝૂકી જનારા નહોતા. આથી ઉત્તમભાઈએ તાતા હૉસ્પિટલના એમના ડૉક્ટર મિત્રોને કહ્યું કે મારે કોઈ પણ રીતે એમની મુલાકાત લેવી છે. તાતા હૉસ્પિટલના કેટલાક ડૉક્ટરો ઉત્તમભાઈ પ્રત્યે અંગત સ્નેહ ધરાવતા હતા. એમણે ઉત્તમભાઈને કહ્યું કે ગમે તે થશે, પણ તમને રાપાપોર્ટ તપાસે તેવી વ્યવસ્થા જરૂર કરી આપીશું.

નીલપર્ણા સોસાયટીના મકાનના વાસ્તુના પછીના દિવસે જ ડૉ. રાપાપોર્ટ મુંબઈ આવવાના હતા. સવારે આઠ વાગ્યે ઉત્તમભાઈના ઘરના વાસ્તુનું મુહૂર્ત હતું. કૅન્સરની 'કૉપ થેરાપી' પણ ચાલતી હતી. બરાબર એ જ વખતે એક તાર આવ્યો. આ તાર રૉબર્ટ લ્યુકસનો હતો. રૉબર્ટ લ્યુકસ જેવી મહાન વ્યક્તિ ઉત્તમભાઈના એક પત્રના જવાબ રૂપે તાર કરે તેવી તો કલ્પના જ ક્યાંથી થાય ? ગમે તેટલા પૈસા ખર્ચો તો પણ રૉબર્ટ લ્યુકસની એપૉઇન્ટમેન્ટ મેળવવી મુશ્કેલ હતી. એ રૉબર્ટ લ્યુકસે સામે ચાલીને ઉત્તમભાઈને લોસ એન્જલસથી તાર કર્યો કે તમારી સ્લાઇડ મોકલાવો અને તમારા કેસનું યોગ્ય મૂલ્યાંકન કરીને તમને જાણ કરીશું.

ઉત્તમભાઈએ વિચાર્યું કે વાહ રે કિસ્મત ! તારી લીલા અનેરી ! તારી બલિહારી કેવી ! રૂઠે ત્યારે નસીબ એવું રૂઠે કે દેશમાં કોઈને થયો ન હોય તેવો રોગ લાગુ પડે. રીઝે ત્યારે નસીબ એવું મુશળધાર વરસે કે અશક્યને પળવારમાં શક્ય બનાવી દે ! નસીબ, અજબ તેરા ખેલ !

વાસ્તુની સાંજે ગુજરાત મેઇલમાં ઉત્તમભાઈ મુંબઈ ગયા. એમને મનમાં એવો ખ્યાલ હતો કે વયોવૃદ્ધ હેન્રી રાપાપોર્ટ વહેલી સવારે હૉસ્પિટલમાં કઈ રીતે આવી શકશે ? આથી એ સવારે સાડા આઠ વાગ્યે તાતા હૉસ્પિટલ પર પહોંચ્યા ત્યારે જાણવા મળ્યું કે હેન્રી રાપાપોર્ટ તો ક્યારનાય આવી ગયા હતા. એથીય વિશેષ એમણે ક્યારનોય એમની સ્લાઇડનો અભ્યાસ કરી લીધો હતો ! આ વિષયના નિષ્ણાત અને વિશ્વખ્યાત હેન્રી રાપાપોર્ટે ઉત્તમભાઈ સાથે લાગણી અને ઉષ્માભેર અડધો કલાક સુધી વિગતે વાત કરી. એ પછી ઉત્તમભાઈએ તાતા હૉસ્પિટલના ડૉક્ટરોને રૉબર્ટ લ્યુકસના તારની વાત કરી, તો એ સાંભળીને બધા જ સ્તબ્ધ બની ગયા. રૉબર્ટ લ્યુકસ તાર કરે એ કોઈની કલ્પનામાં આવતું નહોતું ! ઉત્તમભાઈએ સ્લાઇડ મોકલવાની વાત કરી.

આમ તો સ્લાઇડ મળે તેમ નહોતી, પરંતુ લ્યુકસનું નામ પડતાં કોણ ના પાડે ? રાપાપોર્ટે 'ઍંજિયો ઇમ્યુનો બ્લાસ્ટિક લિમ્ફએડેનોપથી' હોવાનું નિદાન કર્યું અને લ્યુકસે પણ આ જ રોગ હોવાનું કહ્યું. બીજી બાજુ ઉત્તમભાઈએ 'કૉપ થેરાપી' પૂરી કરી.

થોડા સમય બાદ વળી એક ઘટના બની. ઉત્તમભાઈએ એક પાર્ટીનું આયોજન કર્યું હતું. તે પણ પૂરું થયું. રાત્રે એ એમના ડૉક્ટર મિત્રોને સ્ટેશન પર વળાવવા ગયા. મનમાં અમેરિકા જવાના વિચારો ઘોળાતા હતા. ઉત્તમભાઈના જીવનની વિચિત્રતા એ હતી કે કયા સમયે ક્યાંથી કેવી આપત્તિ આવી પડે તેનો ખ્યાલ પણ ન હોય. વળી એમના જીવનની વિલક્ષણતા એ હતી કે આવા મુશ્કેલીના સમયમાં

કલ્પના પણ ન કરી હોય ત્યાંથી કોઈ મહત્ત્વના વ્યક્તિની અણધારી મદદ કે હૂંફ મળી જાય.

પછીને દિવસે સવારે ઉત્તમભાઈ ઊઠ્યા ત્યારે થોડી બેચેની લાગતી હતી. થોડો તાવ પણ હતો. ડૉક્ટરે કમળાનું નિદાન કર્યું. કૅન્સરની સારવાર માટે અમેરિકા જવાના હતા, પરંતુ એકાએક કમળો અવરોધ બનીને ઊભો રહ્યો. કમળો હોય તો અમેરિકા જઈ શકાય નહીં અને આમેય એવી સ્થિતિમાં અમેરિકા જવાનું સલાહભર્યું નહોતું. બે-ત્રણ દિવસ વધુ તાવ રહ્યો અને પાંચમા દિવસે તો કમળો ખૂબ વધી ગયો. કમળો એટલો બધો હતો કે એમાંથી બચવું મુશ્કેલ હતું.

એ વખતે અમેરિકાથી આ વિષયના નિષ્ણાત ડૉક્ટર શ્રી નવીનભાઈ પરીખ આવ્યા હતા. કૅન્સરના નિષ્ણાત તબીબ ડૉ. પંકજ શાહને પણ બોલાવ્યા હતા, અને અમદાવાદના ખ્યાતનામ ફિઝિશિયન ડૉ. સુમન શાહને તો સતત સાથે રાખતા હતા. આ રીતે અમદાવાદના નિષ્ણાત ડૉક્ટરો દ્વારા ઉત્તમભાઈની સારવાર થતી હતી, પરંતુ સ્વાસ્થ્યમાં કોઈ સુધારો જણાતો નહોતો.

કમળો થયાને નવેક દિવસ થયા હશે અને ઉત્તમભાઈએ શારદાબહેનને કહ્યું, "જીવ ખૂબ ઊંડે જતો હોય એવો મને અનુભવ થાય છે."

શારદાબહેને પૂછ્યું, "આવું તમને શા પરથી લાગે છે ?"

ઉત્તમભાઈએ જવાબ આપ્યો, "આજ સુધી ઘણી વાર તબિયત લથડી છે, બેચેની રહી છે. પણ ક્યારેય આજે થાય છે તેવો અનુભવ થયો નથી."

પડોશમાં રહેતા સ્વજનસમા ડૉ. રસિકભાઈ પરીખને બોલાવવામાં આવ્યા. એમણે આવતાંની સાથે ઉત્તમભાઈની પરિસ્થિતિ જોઈને કહ્યું કે તેઓ તો કોમામાં જઈ રહ્યા છે અને તાત્કાલિક સારવાર કરવામાં નહીં આવે તો વાત વણસી જશે. એમણે શારદાબહેનને સદ્ભાવથી પૂછ્યું,

"મહેતાની જરૂરી કાગળો પર સહી લઈ લીધી છે ને ?"

શારદાબહેને ગંભીર અવાજે કહ્યું, "એમનું કામ ઘણું વ્યવસ્થિત અને ચોક્કસ છે. સહી લેવાની જરૂર નથી."

ડૉક્ટરોની પાસે હાથમાં માત્ર અર્ધો કલાક હતો અને જો ઉત્તમભાઈ 'કોમા'માં જાય તો તેઓ કેટલો સમય બેભાન રહે તેનો અંદાજ મૂકી શકાય તેમ નહોતો. કોમામાં બારેક મહિના પણ નીકળી જાય. વળી મગજને લોહી ન મળે તેથી અને કમળો હોવાથી મગજ અને શરીર બંનેને કેટલું નુકસાન થાય તે કલ્પના બહારની વાત હતી.

પહેલાં ડૉક્ટરોએ વિચાર્યું કે ઉત્તમભાઈને હૉસ્પિટલમાં દાખલ કરીએ, પરંતુ

પ્રત્યેક પળ મહત્ત્વની હોવાથી એમને ઘેર રાખીને સઘળી સારવાર શરૂ કરી દીધી. ડૉ. હર્ષદ જોશી આવ્યા. બીજા ન્યૂરૉલોજિસ્ટ પણ આવ્યા. ઉત્તમભાઈને મોટામાં મોટો ડોઝ આપવામાં આવ્યો અને એમના જીવન પરથી ઘાત ટળી ગઈ.

એ પછી એક મહિનામાં તો ઉત્તમભાઈ પુનઃ સ્વસ્થ થઈ ગયા અને બીજા પખવાડિયામાં આવી જીવલેણ માંદગીમાંથી ઉત્તમભાઈ બહાર આવી ગયા. કોઈને કલ્પના પણ ન થાય તેટલી ઝડપે સાજા થઈ ગયા.

ક્યારેક એ ડૉ. રસિકભાઈ પરીખને એ પછી પૂછતા કે, "ખરેખર એમની સ્થિતિ એટલી બધી ગંભીર હતી કે પછી ડૉક્ટરોની ધારણા ખોટી હતી ?"

ડૉ. રસિકભાઈ પરીખ કહે, "એ તો જેણે જોયું હોય એને જ ખ્યાલ આવે." એમને પોતાને પણ ઉત્તમભાઈ આમાંથી બહાર આવશે એવી અંગત રીતે સહેજે આશા નહોતી.

પુનઃ આરોગ્ય સાંપડતાં ઉત્તમભાઈએ અમેરિકા જવાનો વિચાર કર્યો. તેઓ એમના બ્લડના રિપૉર્ટ પણ લૉસ ઍન્જલસના ડૉ. રૉબર્ટ લ્યુકસને મોકલતા હતા. એમના રિપૉર્ટ જોયા પછી ડૉક્ટરોને પણ આશ્ચર્ય થયું કે દોઢેક મહિનામાં કઈ રીતે આટલી ઝડપથી પુનઃ સ્વાસ્થ્ય મેળવ્યું !

ઉત્તમભાઈ કમળાની ગંભીર બીમારીમાંથી બહાર આવ્યા. જીવનનો એક અત્યંત દુઃખદ અને વ્યથાભર્યો અધ્યાય પૂરો થયો, પણ હજી આફતોનો અંત ક્યાં હતો ? શરીરમાં ગાંઠો હતી. ચળ આવતી હતી અને કૅન્સર તો શરીરમાં બેઠું જ હતું.

❑



જીવન-મૃત્યુ વચ્ચે ઝૂલતી નૈયા

## ૧૬

# જીવંત દેવદૂત

ઉત્તમભાઈ સામે ભવિષ્ય પ્રશ્નાર્થ બનીને ઊભું હતું. આવતીકાલ કેવી નીકળશે અને નીવડશે, એ વિશે કશો અંદાજ એમની પાસે નહોતો. આ રોગની સારવાર કેટલો સમય ચાલશે ? કયાં કયાં શારીરિક પરીક્ષણો (મેડિકલ ટેસ્ટ) કરાવવાં પડશે ? અથવા તો ગાંઠો દૂર કરવા કે વધતું કૅન્સર અટકાવવા કોઈ ગંભીર ઑપરેશન કરાવવું પડશે ખરું ?

જીવન અનિશ્ચિતતાઓથી ઘેરાયેલું હતું. માત્ર નિશ્ચિત એટલું હતું કે સારવાર માટે અમેરિકા જવું પડશે.

અમેરિકાના નિષ્ણાત ડૉક્ટરો પાસે ઉત્તમભાઈ પોતાની ચિકિત્સા કરાવવા ઇચ્છતા હતા. આથી ન્યૂયૉર્કમાં એમના એક દૂરના મિત્ર શ્રી નટુભાઈને કાગળ લખ્યો. ઉત્તમભાઈએ પત્રમાં પોતાના દર્દની વિગત લખી હતી અને એની સારવાર માટે અમેરિકા આવીને ત્રણેક મહિના રહેવું પડે તેમ હોવાથી કોઈ એપાર્ટમેન્ટ ભાડે મળશે કે નહીં એમ પુછાવ્યું હતું.

નટુભાઈનો વળતો પ્રત્યુત્તર આવ્યો, "તમે આવી કોઈ ફિકર કરશો નહીં. અહીં આવો, એટલે પહેલાં તો મારે ત્યાં જ રહેવાનું છે. પછી જરૂર લાગે તો તમે કહેશો ત્યારે એપાર્ટમેન્ટ ભાડેથી લેવાનું વિચારીશું."

એ સમયે પાલનપુરથી ઉત્તમભાઈના ઘેર ડૉ. હીરાભાઈ મહેતા એમના સ્વાસ્થ્ય અંગે ખબર જોવા આવ્યા હતા. એમણે ઉત્તમભાઈના ખબર-અંતર પૂછ્યા અને વાતચીતમાં પૂછ્યું, "અમેરિકામાં ક્યાં જવાના છે ?"

ઉત્તમભાઈએ કહ્યું, "મને જે રોગ થયો છે તેના નિષ્ણાત ડૉ. રૉબર્ટ લ્યુકસ અને ડૉ. હેન્રી રાપાપોર્ટ લૉસ ઍન્જલસમાં વસે છે, આથી મારે તબિયત બતાવવા તેમની પાસે જવાનું છે."

ડૉ. હીરાભાઈ મહેતાએ આનંદભેર કહ્યું, "અરે, મારા નાનાભાઈ મણિભાઈ લૉસ ઍન્જલસમાં જ ડૉક્ટર છે અને એ તમને બધી સગવડ કરી આપશે. ઊતરવાનું પણ એમને ત્યાં જ રાખજો."

ઉત્તમભાઈએ મણિભાઈ મહેતાનો સંપર્ક કર્યો અને તેમને ફોનથી જાણ કરી કે તેઓ લૉસ ઍન્જલસમાં આવવા ઇચ્છે છે. બીમાર છે અને એકાદ એપાર્ટમેન્ટ ભાડે લઈને થોડો વખત લૉસ ઍન્જલસમાં સારવાર માટે રહેવું છે.

ડૉ. મણિભાઈ મહેતાએ લાગણીસભર અવાજે ફોન પર કહ્યું, "તમારે મારે ત્યાં જ ઊતરવાનું હોય અને અમને જ તમારી મહેમાનગતિનો લાભ આપવાનો હોય."

ઉત્તમભાઈએ ડૉ. મણિભાઈને પૂછ્યું, "તમે ક્યારે ભારતમાં આવવાના છો ?"

ઉત્તમભાઈ જવાના હતા તે અગાઉ ડૉ. મણિભાઈ મહેતા ભારતમાં આવવાના હતા એટલે ઉત્તમભાઈએ એમને કહ્યું, "તમારે અમદાવાદમાં મારા ઘરે ઉતારો રાખવાનો છે. અહીંથી જ બધે ફરવાનું રાખજો, જેથી એકબીજાનો પરિચય કેળવી શકાય."

ડૉ. મણિભાઈ મહેતા અમદાવાદ આવીને ઉત્તમભાઈને ત્યાં મહેમાન બન્યા. એમને ત્યાં રહેવાનું રાખ્યું અને અમદાવાદથી જુદાં જુદાં શહેરોમાં ફરવાનું ગોઠવ્યું. દરમિયાન એમના ભાઈ ડૉ. હીરાભાઈ મહેતાની દીકરીનો એક સામાજિક પ્રસંગ અમદાવાદમાં હતો, તે પણ ઉત્તમભાઈએ ઉકેલી આપ્યો. આમ જે લ્યુક્સ અને રાપાપાર્ટના શહેરમાં એમને જવાનું હતું, તે જ શહેરના ડૉ. મણિભાઈ મહેતા અને એમનાં પત્ની સવિતાબહેન એમને મળ્યાં.

ઉત્તમભાઈને લિમ્ફોમા થયો હતો. આ સમયે ડૉ. રાવળ એમને મળવા આવ્યા. ઉત્તમભાઈએ કહ્યું કે હવે લાંબું આયુષ્ય નથી. કેટલા દિવસનું આયુષ્ય બાકી છે એ જ જોવાનું છે. બીમારી સમયે એક ડૉક્ટર તરીકે ડૉ. રાવળને ઉત્તમભાઈની વિશેષતા એ લાગી કે તેઓ ક્યારેય બીમારીમાં સ્થિરતા ગુમાવતા નહોતા. દર્દી તરીકે સહેજે બહિર્મુખ નહિ બલકે અંતર્મુખ જ લાગે. આવી બીમારીને કારણે એમની પ્રભુશ્રદ્ધા બલવતી થતી હોય તેવું લાગતું હતું.

આયુષ્યની કોઈ અવધિ નહોતી, પરંતુ ડૉ. રાવળે કહ્યું કે તેઓ સર્જનોની કૉન્ફરન્સ યોજી રહ્યા છે અને તેમાં ઉત્તમભાઈનો સહયોગ અનિવાર્ય છે ત્યારે એમાં ઉત્તમભાઈએ હસતે મુખે સાથ આપવાની તૈયારી બતાવી. દર્દી તરીકે એમના સ્વજન શ્રી કે. સી. મહેતાને એ બાબત સૌથી આશ્ચર્યજનક લાગી કે ઉત્તમભાઈમાં અદ્ભુત સહનશક્તિ હતી. શરીરશાસ્ત્રની દૃષ્ટિએ માનવીનું જમણું મગજ કામ કરતું હોય છે અને શ્રી કે. સી. મહેતાના કહેવા પ્રમાણે ઉત્તમભાઈ પાસે એ જમણા મગજનો ઉચિત ઉપયોગ કરવાની અદ્વિતીય શક્તિ હતી.

કૅન્સરમાં બોનમેરો ટેસ્ટનાં ઇંજેક્શન આપતી વખતે ગમે તેટલી હિંમતવાન વ્યક્તિ પણ ચીસ પાડી ઊઠે. જ્યારે ઉત્તમભાઈ સ્વસ્થતાથી આ પારાવાર વેદના સહન કરતા હતા. ઉત્તમભાઈની આ સહનશક્તિને પ્રમાણતાં શ્રી કે. સી. મહેતાએ કહ્યું કે આટલી સખત વેદના આપણે સહન કરી શકીએ નહીં. વળી ઉત્તમભાઈ પોતાના વિચિત્ર દર્દને પૂરેપૂરું ચકાસીને નિર્ણય લેતા હતા અને એમના આવા નિર્ણયને ફળીભૂત કરે તેવા માર્ગો પણ મળી રહેતા હતા.

અમેરિકા જતાં અગાઉ ઉત્તમભાઈ જ્યોતિષીને પોતાની કુંડળી બતાવીને પૂછતા, "મારું આયુષ્ય કેટલું છે ?"

ત્યારે જ્યોતિષીઓ એનો ઉત્તર આપવાની ના પાડતા. એનો અર્થ એટલો હતો કે ઉત્તમભાઈનું આયુષ્ય ઘણું ટૂંકું હતું.

આ સમયે ઉત્તમભાઈને અમદાવાદના વિકાસગૃહના વિસ્તારમાં આવેલી ઑપેરા સોસાયટીમાં રહેતા શ્રી છબીલદાસ દેસાઈ ધાર્મિક કાર્યો માટે અવારનવાર મળવા આવતા હતા. ઉત્તમભાઈ સ્વાસ્થ્યને કારણે ક્યારેક જ ઉપાશ્રયમાં જતા હતા, પરંતુ છબીલભાઈ દેસાઈએ કહ્યું, "ઑપેરા ઉપાશ્રય માટે થોડી રકમની જરૂર છે અને એમાં આપે સહાય કરવી પડશે."

ઉત્તમભાઈએ કહ્યું, "સહાય કરવામાં કશો વાંધો નથી, પરંતુ મારા માથે ચિંતાનો મોટો બોજ છે. જીવન અનિશ્ચિતતાથી ઘેરાયેલું છે."

ઉત્તમભાઈને અમેરિકામાં શું થશે એની ફિકર હતી અને જો ત્યાં ઑપરેશન થશે તો પોતે હેમખેમ પાછા આવશે કે કેમ, તે પ્રશ્ન એમના ચિત્તમાં ઘૂમરાતો હતો. વળી ટૂંકા આયુષ્યનો ભય માથા પર ઝળૂંબતો હતો.

શ્રી છબીલભાઈ દેસાઈ એક પરગજુ વ્યક્તિ હતા. તેઓનો સ્વભાવ માણસાઈના દીવા સમાન હતો. બીજાનું કામ કરી છૂટનારા એ પરગજુ માનવીએ કહ્યું,

"આ ઉપાશ્રયમાં પૂજ્ય આચાર્ય કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ બિરાજે છે, તેઓનું ચારિત્ર્યબળ અને તપ પ્રભાવક છે. ધ્યાનના ઊંડા સાધક છે. ચાલો, તેઓના આશીર્વાદ મેળવીએ."

ઉત્તમભાઈ છબીલભાઈની સાથે પૂ. આચાર્યશ્રી કૈલાસસાગરસૂરીશ્વરજીનાં દર્શન કરવા માટે ગયા. એમણે આચાર્યશ્રીને વંદન કર્યાં. અગાઉ ઉત્તમભાઈએ સંઘ કાઢવાનો આદેશ લીધો હતો આથી શ્રી છબીલભાઈએ કહ્યું, "સાહેબજી ! તેઓની સંઘ કાઢવાની ધર્મભાવના છે અને એ માટે મુહૂર્ત જોઈએ છીએ."

આચાર્યશ્રીએ એક મુહૂર્ત કાઢી આપ્યું, પણ ઉત્તમભાઈએ કહ્યું, "સાહેબ ! આપ મુહૂર્ત આપો છો, પરંતુ મારે તો અમેરિકા જવાનું છે. પાછો આવીશ કે નહીં તેની કશી ખબર નથી. રોગ એવો થયો છે કે મારું આયુષ્ય અતિ અલ્પ છે. કદાચ કોઈ મોટું ઑપરેશન પણ કરાવવું પડે. આવા ગંભીર પ્રકારના ઑપરેશન બાદ જીવતો હઈશ કે નહીં તે પણ સવાલ છે, કિંતુ જો પાછો આવીશ તો આપના મુહૂર્ત પ્રમાણે જરૂર સંઘ કાઢીશ."

આચાર્યશ્રી કૈલાસસાગરસૂરીશ્વરજીએ કહ્યું, "તમે જરૂર પાછા આવશો અને તમારી ધર્મભાવના મુજબ સંઘ કાઢશો. આ મુહૂર્ત રહેવાનું જ છે. માણસ જીવતો રહેવાનો હોય તો જ હું મુહૂર્ત કાઢી આપું છું."

એ પછી આચાર્યશ્રીએ એમ પણ કહ્યું, "તમે અમેરિકા જશો પણ તમારે ઑપરેશન નહીં કરાવવું પડે તમારું કામ માત્ર પ્રીક(ઇંજેક્શન)થી પતી જશે."

પંજાબમાં ગ્રૅજ્યુએટ થયેલા, અંગ્રેજીમાં કાવ્યરચના કરનારા આ વિરલ આચાર્યશ્રીએ અંગ્રેજીમાં કહ્યું, "ઍન્ડ યુ વિલ સી અમેરિકા."

આચાર્યશ્રી કૈલાસસાગરસૂરીશ્વરજીની સાધુતાની ગરિમાનો સહુને પરિચય હતો. મહેસાણામાં ભવ્ય તીર્થની રચના કરનાર આચાર્યશ્રીના જીવનમાં આત્મિક સંયમની આરાધના પ્રગટ થતી હતી. એમનાં સાધુવચનોએ ઉત્તમભાઈના નિરાશા અને વિષાદથી ઘેરાયેલા હૃદયમાં આશાનું એક સોનેરી કિરણ જગાવ્યું.

આવી વિભૂતિના સહજપણે ઉચ્ચારાયેલાં વચનોમાં એમને પૂર્ણ શ્રદ્ધા હતી, બીજી બાજુ પરિસ્થિતિ સાવ વિપરીત હતી.

ઉત્તમભાઈએ આચાર્યશ્રીને કહ્યું, "ડૉક્ટરોએ તો વધુમાં વધુ છ મહિનાનું આયુષ્ય કહ્યું છે. જ્યોતિષીઓ તો એટલુંય કહેતા નથી; પણ આપ આ બાબતમાં શું માનો છો ?"

આચાર્યશ્રી કૈલાસસાગરસૂરીશ્વરજીએ ગંભીર અવાજે કહ્યું, "તમારું આયુષ્ય લાંબું છે, પણ હું કહું એટલાં કામ કરજો. પાંચેક દેરાસરનાં ખાતમુહૂર્ત કરાવજો."

ઉત્તમભાઈએ કહ્યું, "સાહેબજી, આપ કહેશો તે કરીશ. જો હું જીવીશ તો જરૂર આવાં ધર્મકાર્યો કરીશ."

એ સમયે ગાંઠોની તપાસ માટે આજની જેમ એમ.આર.આઈ. કે સ્કૅનિંગ જેવાં અદ્યતન સાધનો નહોતાં, આથી લિમ્ફ ઍંજિયોગ્રાફી કરવામાં આવતી હતી. આમાં પગની નસો કાપી નાંખવામાં આવતી હતી. એ સમયે દર્દીને અત્યંત વેદના થતી હતી. છ મહિના સુધી તો પગમાં ચંપલ પણ પહેરી શકાતા નહીં. વેદના સાથે ઉત્તમભાઈનો ગાઢ નાતો હતો, પછી તે જીવનની હોય કે દર્દની !

ઉત્તમભાઈએ એક્સ-રે લેવડાવ્યો તો એમાં ગાંઠો આવતી હતી. ઉત્તમભાઈને એમ કે ઓછામાં ઓછું ગાંઠો દૂર કરવાની આ દારુણ યાતનામાંથી તો પસાર થવું જ પડશે.

અમેરિકા જવા માટે અમદાવાદના હવાઈ મથકેથી વિદાય લેતી વખતે ઉત્તમભાઈની આંખોમાં આંસુ હતાં. ડૉક્ટરોએ માત્ર ચાર મહિનાનું આયુષ્ય ભાખ્યું હતું, તેથી મનોમન એમ થતું હતું કે આ આખરી અલવિદા તો નહીં હોય ને ?

આખરે રૉબર્ટ લ્યુકસ અને હેન્રી રાપાપોર્ટના લૉસ ઍન્જલસ શહેરમાં ઉત્તમભાઈ અને શારદાબહેન આવ્યાં. ભારતથી બધા જ મેડિકલ રિપૉર્ટ ક્રમસર

વ્યવસ્થિત ગોઠવીને લઈ ગયાં હતાં. ડૉ. રૉબર્ટ લ્યુકસે ઉત્તમભાઈ અને શારદાબહેન સાથે આખો દિવસ ગાળ્યો. વિશ્વનો આવો મહાન ડૉક્ટર એક અજાણ્યા માનવીની નિ:સ્પૃહભાવે આવી સારવાર કરે અને આવો આદર આપે એ તેમને એક સ્વપ્ન સમાન લાગતું હતું.

એમણે આ રોગનું કોઈ કારણ હાથ લાગે તે માટે ઉત્તમભાઈ પાસે એમના જન્મથી માંડીને અનેક વિગતો કઢાવી. ઉત્તમભાઈએ પોતાના સમગ્ર જીવનની કિતાબ ખુલ્લી કરી દીધી. 'એમ્ફેટેમિન' ટૅબ્લેટ લીધી હતી તેની પણ ખુલ્લા દિલે વાત કરી.

ડૉક્ટરોએ કહ્યું કે એને આ રોગની સાથે કોઈ સંબંધ નથી. આ રોગ થવાનું કોઈ સ્પષ્ટ કારણ શોધાયું નથી. શરીરની પ્રતિરોધક શક્તિ ઓછી થાય એટલે આવો રોગ થાય છે તેમ કહેવાય છે, પણ હજી સુધી વિશ્વમાં આવા માત્ર ૧૪ થી ૧૫ કેસ જાણવા મળ્યા છે, તેથી આ રોગના મૂળનો કોઈ તાગ મળ્યો નથી.

અત્યાર સુધી એમનો સામાન્ય અનુભવ એવો હતો કે અમદાવાદના બ્લડ રિપૉર્ટ કે એક્સ-રે રિપૉર્ટ મુંબઈમાં ડૉક્ટરો પણ સ્વીકારતા નહોતા. મુંબઈના ડૉક્ટરો દર્દીને ફરી વાર એ આખાય ચક્રમાંથી પસાર થવાનું કહેતા હતા. આવે વખતે અમદાવાદ કે મુંબઈના રિપૉર્ટ અમેરિકામાં કોણ સ્વીકારવાનું હતું ? આથી ઉત્તમભાઈને એવી ખાતરી હતી કે આ ડૉક્ટરો બધા જ મેડિકલ રિપૉર્ટ ફરી કરાવશે.

અમેરિકામાં ડૉ. લ્યુક્સના અનુગામી મહિલા ડૉક્ટર એલેકઝાન્ડર લેવિને ઉત્તમભાઈના બધા રિપૉર્ટ તપાસ્યા અને સ્પષ્ટ અભિપ્રાય આપ્યો કે ફરી વાર બ્લડ-રિપૉર્ટ કે એક્સ-રે રિપૉર્ટ કરાવવાની કશી જરૂર નથી. આ અગાઉ ઉત્તમભાઈએ તાતા હૉસ્પિટલમાં લિમ્ફ ઍંજિયોગ્રાફી કરાવી હતી. આમાં નસ કાપીને ડાઈ મૂકવામાં આવતી હોવાથી ઉત્તમભાઈ ચારેક મહિના સુધી ચંપલ પણ પહેરી શક્યા નહોતા. વળી એ પદ્ધતિ ઉત્તમભાઈને ઑપરેશન કરતાંય વધુ પીડાદાયક લાગી હતી. એની વેદના ભલભલાને ચીસો નાખતા કરી દે તેવી હોય છે. ફરી વાર એ ટેસ્ટ કરાવવો પડશે, તેનો વિચાર ઊંડે ઊંડે ઉત્તમભાઈને મૂંઝવતો હતો.

એમને એમ હતું કે અમેરિકાના ડૉક્ટરો આ ટેસ્ટ તો કરશે જ, જેથી ગાંઠ કયા પ્રકારની છે અને કેટલી ગાંઠો છે એનો એમને ચોક્કસ ખ્યાલ મળી રહે, પરંતુ ઉત્તમભાઈના આશ્ચર્ય વચ્ચે ડૉ. લેવિને કહ્યું, "આવું કશું કરવાની કોઈ જરૂર નથી. વિશ્વમાં અન્યત્ર ક્યાંય થતો નથી એવો એકમાત્ર 'બી ઍન્ડ ટી સેલ ટેસ્ટ' કરવો પડશે અને એ માટે આપને માત્ર એક ઇંજેક્શન આપવું પડશે. બીજી કશી વાઢકાપ કરવાની નથી."

ઉત્તમભાઈને લાગ્યું કે આ તો શૂળીનો ઘા સોયથી ગયો. કેવી કેવી ધારણાઓ કરી હતી ! ગંભીર ઑપરેશન, પીડાકારક સર્જરી, વેદનાજનક ટેસ્ટની હારમાળા – આ બધી મનની ભયજનક કલ્પનાઓ એકાએક આથમી ગઈ !

એમણે આ નિષ્ણાત ડૉક્ટરને પ્રશ્ન કર્યો, "ડૉક્ટરસાહેબ, આ પ્રકારના રોગમાં આયુષ્યનો અંત કઈ રીતે આવે છે ?"

ડૉક્ટરોએ કહ્યું, "આ રોગના દર્દીએ સૌથી વધુ સાવધાની ઇન્ફેક્શનથી રાખવાની હોય છે. કોઈ પણ પ્રકારનું ઇન્ફેક્શન ન લાગે તેનું ખાસ ધ્યાન રાખવાનું હોય છે."

ઉત્તમભાઈએ હસતાં હસતાં કહ્યું, "સાહેબ, મારો આખો દેશ ઇન્ફેક્શનથી ભરેલો છે."

ડૉક્ટરે કહ્યું, "આ રોગમાં દર્દીની પ્રતિરોધકશક્તિ અત્યંત ઓછી હોય છે અને તેથી આવા દર્દીને એક વાર ઇન્ફેક્શન લાગે પછી એના પર કાબૂ મેળવવો મુશ્કેલ હોય છે."

ડૉક્ટરે પોતાની વાતનું વિશ્લેષણ કરતાં સમજાવ્યું કે ઇન્ફેક્શન ચાર પ્રકારનાં હોય છે : (૧) પાણીથી થતું ઇન્ફેક્શન, (૨) ખોરાકથી થતું ઇન્ફેક્શન, (૩) ધૂળથી થતું ઇન્ફેક્શન અને (૪) સેકન્ડરી ઇન્ફેક્શન. આ સેકન્ડરી ઇન્ફેક્શન એટલે કોઈ વ્યક્તિને શરદી કે ટી. બી. થયો હોય અને તમે તેની સાથે વાત કરો તો તમને પણ એનું ઇન્ફેક્શન લાગી જાય. વળી થિયેટર કે સભામાં તમે કોઈની સાથે વાત કરો તો બીજાની શરદી કે અન્ય દર્દનું ઇન્ફેક્શન પણ તમને લાગી જાય."

ઉત્તમભાઈએ પૂછ્યું, "આ રોગના દર્દીના જીવનનો અંત કયા પ્રકારના ઇન્ફેક્શનથી આવે છે ?"

ડૉક્ટરે કહ્યું, "રેસ્પિરેટરી ન્યુમોકોકા ઇન્ફેક્શનથી આ રોગના નેવું ટકા લોકોની જીવનલીલા સંકેલાઈ જાય છે. આ ઇન્ફેક્શન લાગતાં ફરી તાવ આવે, ફરી ગાંઠો નીકળે, ફરી ખંજવાળ આવે અને એ રીતે દર્દી એની જીવનલીલા સંકેલતો જાય છે."

એ સમયે અમેરિકામાં ન્યુમોકોકા ઇન્ફેક્શન સામે એક ઇંજેક્શન શોધાયું હતું. એ ઇંજેક્શન લેવાથી એક વર્ષ સુધી આવું કોઈ ઇન્ફેક્શન થતું નહીં.

પહેલાં તો ડૉક્ટરોએ ઉત્તમભાઈને આ ઇંજેક્શન આપવાનો વિચાર કર્યો, જેથી તત્કાળ તો તેઓ આ પ્રકારના ઇન્ફેક્શનના ભયમાંથી મુક્ત બની જાય. આ

ડૉક્ટરો પાસે વિપુલ સંખ્યામાં દવાઓ હતી, પણ એ દવાના ઉપયોગની બાબતમાં સૂક્ષ્મ વિવેકશક્તિ પણ હતી. દર્દી પર દવાઓનો મારો ચલાવવાને બદલે એના ભૂતકાળની બીમારીનો અભ્યાસ કરીને દર્દીની તાસીર જોઈને સાવધાનીથી સારવાર કરતા હતા.

થોડા સમય અગાઉ કમળાની અતિ ગંભીર અસરમાંથી ઉત્તમભાઈ પુનઃ સ્વસ્થ થયા હતા. જે ઝડપથી તેઓ આટલી ગંભીર પરિસ્થિતિમાંથી બહાર આવ્યા હતા, તે જોઈને ડૉક્ટરોએ વિચાર્યું કે એમની રોગપ્રતિકારક શક્તિ તો ઘણી સારી હોવી જોઈએ, પરિણામે એમને ઇંજેક્શન આપવાનું પણ મોકૂફ રાખ્યું અને અગમચેતી રૂપે કેટલીક આરોગ્યલક્ષી બાબતો વિશે તકેદારી રાખવા કહ્યું.

આ સૂચનોમાં પહેલી તકેદારી એ કરી કે તાવ આવે તો એનો બરાબર ખ્યાલ રાખવો. વધુ પડતું કામ કરવું નહીં. તેમણે બ્લડ, લીવર, કિડનીનો બે-ત્રણ મહિને ટેસ્ટ કરાવી લેવો. આમ મેડિકલ જગતમાં આ વિષયમાં "લિવિંગ લિજેન્ડ" (દંતકથારૂપ) ગણાતા ડૉ. રૉબર્ટ લ્યુકસ અને ડૉ. હેન્રી રાપાપોર્ટ ઉત્તમભાઈને તો જીવંત દેવદૂત જેવા લાગ્યા. એમણે કહ્યું કે સારવારમાં એકમાત્ર નાનું ઇન્જેક્શન એમને લેવું પડશે.

લ્યુકસ અને રાપાપોર્ટનું નામ ભારતના ડૉક્ટરોમાં અતિ પ્રસિદ્ધ હતું. બંને નિષ્ણાત તરીકે વિશ્વવ્યાપી ખ્યાતિ અર્જિત કરી ચૂક્યા હતા. ડૉ. લ્યુકસની એપૉઇન્ટમેન્ટ મેળવવા માટે છ-છ મહિના સુધી રાહ જોવી પડતી હતી, જ્યારે એ જ લ્યુકસ ઉત્તમભાઈને સામે ચાલીને મળતા હતા અને લાંબા સમય સુધી દર્દ અંગે એમની સાથે વિચારવિમર્શ કરતા હતા.

ઉત્તમભાઈ એ સમયે વિચારતા કે માણસની લેણદેણ એને ક્યાં લઈ જાય છે ! જેમની સાથે લોહીની સગાઈ કે સંબંધનું સગપણ હતું તેઓ વિમુખ રહ્યા ! જેની સાથે કોઈ સંબંધ નથી કે સહેજે પરિચય નથી એવી વિશ્વભરમાં નામાંકિત વ્યક્તિ આવો અને આટલો અપાર પ્રેમ વરસાવે ! ડૉ. રૉબર્ટ લ્યુકસની લાગણી જોઈને ઉત્તમભાઈનું હૈયું અનેક વાર ભરાઈ આવતું હતું. ઉત્તમભાઈએ એમને તપાસ-ફી આપવા માંડી ત્યારે ડૉ. રૉબર્ટ લ્યુકસે કહ્યું કે અમે ફી લેવા માટે આપને બોલાવ્યા નથી.

ઉત્તમભાઈ આશ્ચર્યમાં ડૂબી ગયા. એમણે કહ્યું, "અમેરિકામાં તો બિલિંગની પદ્ધતિ હોય છે. દીકરો પણ બાપને બિલ આપતો હોય છે, ત્યારે તમે શા માટે ના પાડો છો ?"

ફી લેવાનો અતિ આગ્રહ કર્યો, પણ રૉબર્ટ લ્યુકસ મક્કમ હતા. એમણે ફી

લીધી નહીં. વળી વધારામાં સ્નેહથી કહ્યું, "જ્યારે જ્યારે કંઈ પણ પૂછવું હોય, તો ભારતથી નિ:સંકોચ ફોન કરીને મને પૂછજો."

એવામાં ઉત્તમભાઈને વિચાર આવ્યો કે આ દર્દના બીજા નિષ્ણાત હેન્રી રાપાપોર્ટ માત્ર સાઠ કિલોમીટર દૂર રહે છે. અહીં સુધી આવ્યો છું તો એમને પણ મળતો જાઉં. પરંતુ તેઓ મળ્યા નહીં, પણ ત્યાં નથવાણી નામના એક ભારતીય ડૉક્ટર મળી ગયા.

એમણે ઉત્તમભાઈને કહ્યું કે, તમારી સ્લાઇડ તો આખા અમેરિકામાં પૅથોલૉજીના જગતમાં જાણીતી થઈ ગઈ છે. અનેક સંશોધકો એના પર વિચારણા કરી રહ્યા છે. ડૉ. નથવાણી પણ રૉબર્ટ લ્યુક્સ અને હેન્રી રાપાપોર્ટ સાથે કામ કરતા હતા. ડૉ. લ્યુકસ પછી એમને સ્થાને ડૉ. ઍલેકઝાન્ડર લેવિન આવ્યાં હતાં.

ઉત્તમભાઈ લૉસ ઍન્જલસમાં હતા ત્યારે ડૉ. મણિભાઈ મહેતા અને તેમનાં પત્ની સવિતાબહેને ઉત્તમભાઈ અને શારદાબહેનની ખૂબ સંભાળ લીધી. જો એમના જેવાં સ્નેહી ન હોત તો ઉત્તમભાઈને આ અજાણ્યા પ્રદેશમાં કોઈ હોટેલ કે મોટેલમાં ઊતરવું પડ્યું હોત. ઉત્તમભાઈએ પોતાની સાથે પોતાના મોટા પુત્ર સુધીરભાઈ આવી શકે તે માટે એમનો પાસપૉર્ટ પણ તૈયાર કરાવ્યો હતો, પરંતુ મણિભાઈએ કહ્યું કે હાલ સુધીરભાઈએ આવવાની જરૂર નથી. તેઓ એમને બરાબર સાચવશે. તેમ છતાં પછી જરૂર પડશે તો સુધીરભાઈને બોલાવી લઈશું. હકીકત એ બની કે ઉત્તમભાઈને સઘળી સુવિધા મળતાં સુધીરભાઈને ભારતથી બોલાવવાની પરિસ્થિતિ જ ઊભી થઈ નહીં.

ડૉ. ઍલેકઝાન્ડર લેવિન એક અત્યંત સમર્પણશીલ મહિલા તબીબ હતાં અને અમેરિકામાં સારી એવી નામના ધરાવતાં હતાં. એઇડ્સના રોગમાં પણ એમનું સંશોધન જાણીતું હતું. ડૉ. લેવિને પણ લાગણીપૂર્વક ઉત્તમભાઈને કહ્યું કે ક્યારેય કોઈ તકલીફ આવે તો નિ:સંકોચ એમને ફોન કરી શકે છે અને વધુ જરૂર લાગે તો રૂબરૂ અહીં મળવા આવી શકે છે. એ પછી તો ડૉ. લેવિન જોડે એટલો બધો લાગણીભર્યો સંબંધ થયો કે એમની 'એપૉઇન્ટમેન્ટ' લીધી હોય અને એમાં ક્યારેય કોઈ ચૂક થઈ જાય તો પણ તેઓ એ જ સ્નેહથી ઉત્તમભાઈને આવકારતાં હતાં. ડૉ. લેવિનને જુદા જુદા ઘણા શોખ હતા અને તેમાંનો એમનો એક શોખ એ ભારતીય કલાનો હતો. તેઓને ભારતીય કલાની રેખાસૃષ્ટિ ખૂબ ગમતી હતી. એ સમયે ઉત્તમભાઈ 'ટોરેન્ટ'નાં કલામય કૅલેન્ડર એમને મોકલતા અને ડૉ. લેવિનને તે ખૂબ પસંદ પડતાં હતાં.

ઉત્તમભાઈના સ્વભાવમાં એવું કે કોઈ પણ વ્યક્તિ મદદ કરે તો એને એનું યોગ્ય વળતર ચૂકવવું જોઈએ. સંબંધના હિસાબે કોઈ સામાન્ય મદદ કરે તો ઠીક,

પણ લાંબો વખત સહયોગ આપે તો તો ઉત્તમભાઈ એને આગ્રહપૂર્વક વળતર લેવાનું કહેતા હતા. અમેરિકામાં ટ્રીટમેન્ટ માટે આવ્યા ત્યારે એમને ખ્યાલ હતો કે અહીંની મેડિકલ ટ્રીટમેન્ટ ખૂબ મોંઘી હોય છે અને ઘણો ખર્ચ થશે, પરંતુ લૉસ ઍન્જલસના લાગણીવાળા ડૉક્ટરોએ કશીયે ફી લેવાની ના પાડી.

ઉત્તમભાઈએ અતિ આગ્રહ કર્યો ત્યારે એમણે કહ્યું કે અમે તમને આ રોગના સંશોધન (રિસર્ચ) અર્થે બોલાવ્યા છે તેમ માનજો. આમ છતાં ઉત્તમભાઈએ એમને ખૂબ આગ્રહ કર્યો ત્યારે ડૉક્ટરોએ કહ્યું કે જો તમારો વિચાર ફી આપવાનો જ હોય તો આ સંસ્થાને એકસો ડૉલર દાન રૂપે આપો. ઉત્તમભાઈને એક અત્યંત વિલક્ષણ અનુભવ થયો. અજાણ્યા પ્રદેશમાં અને સાવ અજાણ્યા લોકો વચ્ચે અને એમાં પણ જ્યાં ધનની બોલબાલા હોય એવા ભૌતિક જગતમાં આવી વ્યક્તિઓ મળે તે એમને માટે કલ્પના બહારની વાત હતી.

લૉસ ઍન્જલસમાં એકવીસ દિવસ રહ્યા. ડૉક્ટરોએ એમને અમેરિકામાં ફરવાની રજા આપી. માત્ર એટલું જ કહ્યું કે વધુ પડતા થાકથી કે ઇન્ફેક્શનથી એમણે સાવધ રહેવું. એ પછી ટોરન્ટો ગયા. ત્યાંથી એમના સ્નેહી શ્રી જનકભાઈ દવે સાથે આવ્યા. તેઓ પણ ભારત આવવાના હોવાથી ઉત્તમભાઈને એમની સાથે ઘણું ફરવાનું બન્યું. એ પછી નાયગ્રાનો ધોધ જોવા ગયા. ત્યારબાદ ન્યૂયૉર્ક, શિકાગો, વૉશિંગ્ટન ગયા અને વળતાં ત્રણ દિવસ લંડન રહીને ભારત પાછા આવ્યા.

ઘણી ભીતિ અને ઘણી તૈયારીઓ સાથે સારવાર માટે અમેરિકા ગયેલા ઉત્તમભાઈને લૉસ ઍન્જલસમાં કોઈ વિશેષ ટ્રીટમેન્ટ લેવી પડી નહીં. વિશેષ તો ભયાનક રોગનો ઓથાર મનમાંથી હળવો થયો. ડૉક્ટરોની સ્નેહભરી કાળજીએ હૃદયમાં નવા આનંદનો સંચાર કર્યો. વગર આશાએ અને કશીય યાચના વિના મળેલો પ્રેમ અમૂલ્ય હોય છે !

આવા સાહજિક પ્રેમનો ઉત્તમભાઈને હૃદયસ્પર્શી અનુભવ થયો. વળી કશાય પરિચય વિનાની અજાણી વ્યક્તિઓ પાસેથી સ્નેહ સાંપડ્યો ત્યારે એ સમયે કવિ કલાપીની આ પંક્તિઓ એમના હૃદયમાં ગુંજતી –

*"સ્નેહના રંગથી જો ના રંગાયું હોત વિશ્વ આ,*
*મૂલ્ય શું હોત જીવ્યાનું માનવી સૃષ્ટિમાં અહા !"*

આ ઘટનાની વાત કરતાં ઉત્તમભાઈ ગળગળા બની જતા હતા. તેઓ આ ડૉક્ટર-ત્રિપુટીનાં સ્મરણોને પોતાના જીવનની અતિ મોંઘેરી મૂડી સમાન ગણતા હતા.

❑



પ્રવાસની પળોમાં

## ૧૭

# યાતનાભર્યા એ બાર દિવસ

અમેરિકાના પ્રવાસે ઉત્તમભાઈના જીવનમાં અણધાર્યો, આનંદદાયક વળાંક સર્જ્યો. આયુષ્યનો અંત સમીપ જોતા હતા, ત્યાં જ જીવનનું નવું ચેતનબળ મળ્યું. એમ લાગ્યું કે જીવનનો આધાર નિર્વ્યાજ અને સરળ સ્નેહ છે. જીવનની લહેજત માનવતાની મીઠી સુગંધ છે અને જીવનની મધુરતા સાચી શ્રદ્ધા છે.

અમેરિકામાં સ્નેહ અને માનવતાનો મધુર અનુભવ થયો, તો આચાર્યશ્રી કૈલાસસાગરજીના વચનોએ જીવનમાં ધર્મશ્રદ્ધાનો હૃદયસ્પર્શી અનુભવ કરાવ્યો. અમેરિકાની સારવાર દરમિયાન આચાર્યશ્રીનાં મધુર વચનો સતત ગુંજતાં રહ્યાં અને જેમ જેમ સમય વહેતો ગયો, તેમ તેમ એની યથાર્થતાની પ્રતીતિ થતી ગઈ. આથી જ ઉત્તમભાઈએ અમેરિકા હતા ત્યારે જ કુટુંબીજનોને જાણ કરી, "પૂજ્ય આચાર્યશ્રીએ જે મુહૂર્ત આપ્યું છે, તે મુહૂર્તે સંઘ કાઢવાની તૈયારી આરંભી દેજો."

ઉત્કૃષ્ટ ધર્મભાવના સાથે એમણે શ્રી શત્રુંજય તીર્થની યાત્રા કરાવતો પાલીતાણાનો સંઘ કાઢ્યો. આમાં મુખ્યત્વે એમની જ્ઞાતિનાં સ્વજનો હતાં. અમદાવાદથી પણ બે બસમાં એમનાં સગાંસ્નેહીઓ આમાં સામેલ થયાં હતાં. આ સંઘમાં સ્વાભાવિક રીતે જ ઉત્તમભાઈને થાક લાગે તમે હતું. વળી ઇન્ફેક્શનનો ભય તો માથા પર સવાર હતો જ. આ એક જ બાબતની ખાસ સાવચેતી લેવાનું અમેરિકાના ડૉક્ટરોએ કહ્યું હતું. એમની કેન્સરની ગાંઠો આશ્ચર્યજનક રીતે ઓગળી ગઈ હતી અને શરીર પર એનાં કોઈ ચિહ્નો પણ દેખાતાં નહોતાં.

સંઘ કાઢવા માટે ઉત્તમભાઈને ખૂબ મહેનત કરવી પડી. મુહૂર્ત સાચવી લેવું હતું, આથી મનમાં એવો ભય હતો કે જો માંદગીમાં પટકાઈશ તો વળી નવી ઉપાધિ આવશે અને ધર્મકાર્યમાં અવરોધ આવશે.

આ સમયે રોગને કારણે ઉત્તમભાઈનો ઈ.એસ.આર. સાઠથી સિત્તેર જેટલો આવતો હતો. લોસ એન્જલસના ડૉક્ટરોએ તો આને મહત્ત્વ આપ્યું નહોતું. સામાન્ય રીતે સ્વસ્થ વ્યક્તિનો ઈ.એસ.આર. સાતથી પંદર જેટલો હોય. સંઘ પૂર્ણ થયા બાદ અમદાવાદ આવીને ઉત્તમભાઈએ ફરી બધા રિપૉર્ટ લેવડાવ્યા. આશ્ચર્યજનક બાબત એ બની કે પાલીતાણાથી આવ્યા બાદ ઉત્તમભાઈનો ઈ.એસ.આર. માત્ર પાંચ જ આવ્યો. આવું તો છેલ્લાં કેટલાંય વર્ષોમાં બન્યું નહોતું. લોસ એન્જલસમાં પણ આટલો ઓછો ઈ.એસ.આર. આવ્યો નહોતો.

ઉત્તમભાઈએ ડૉક્ટરોને આ અંગે પૂછ્યું કે આટલો બધો ધરખમ ફેરફાર કઈ રીતે થયો ? ત્યારે ડૉક્ટરોએ કહ્યું કે, "G.O.K. અર્થાત્ God only knows."

આ ઘટનાએ ઉત્તમભાઈના જીવનમાં નવી રોશની ફેલાવી. બાળપણમાં ધર્મસંસ્કારો સાંપડ્યા હતા. કૉલેજકાળમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના અભ્યાસકાળ દરમ્યાન એનું સુંદર સિંચન થયું હતું. પૂ. આચાર્યશ્રી કૈલાસસાગર-

સૂરીશ્વરજીનાં ધર્મવચનોથી એમાં વિશેષ જાગૃતિ આવી હતી અને આ અનુભવે એમની ધર્મભાવનાને સંકલ્પબળ આપ્યું.

અમેરિકાના પ્રસિદ્ધ ચિંતક હેન્રી લોંગફેલોના વિચારનું ઉત્તમભાઈ સ્વજીવનમાં પ્રતિબિંબ નિહાળતા હતા. હેન્રી લોંગફેલોએ કહ્યું છે,

"મારી દરેક જરૂરિયાત વખતે હું તારા (ઈશ્વર) તરફ આશાની મીટ માંડું છું અને એ મીટ કદી નકામી જતી નથી. હું તારો સ્પર્શ અને શાશ્વત પ્રેમ અનુભવું છું અને ફરી બધું રૂડું-સારું થઈ જાય છે."

પૂ. આચાર્યશ્રીએ અમેરિકાથી પાછા આવીને સંઘ કાઢવાનું કહ્યું હતું. વળી એમ પણ ભાખ્યું હતું કે અમેરિકામાં ઑપરેશન નહીં થાય. માત્ર એકાદ ઇન્જેક્શન જ લેવું પડશે. તેઓ નિરાંતે અમેરિકા જોઈ શકશે અને લાંબું આયુષ્ય ભોગવી શકશે. એ સમયે ઉત્તમભાઈ ખુદ માનતા હતા કે એમનું છ મહિનાથી વધુ લાંબુ આયુષ્ય નથી. અમેરિકા ઑપરેશન કરાવવાના હેતુથી જ ગયા હતા અને એને બદલે માત્ર ઇન્જેક્શન જ લેવું પડ્યું, એટલું જ નહીં, પણ અમેરિકામાં ફરવાનું પણ બન્યું. આમ પૂજ્ય આચાર્યશ્રી કૈલાસસાગર- સૂરીશ્વરજીએ આશીર્વાદ આપતાં કહેલાં પ્રત્યેક વચનો સત્ય પુરવાર થયાં. એ પછી ઉત્તમભાઈએ એમને પૂછ્યું પણ ખરું કે, "આપ ભવિષ્યના જાણકાર છો ?"

પૂ. આચાર્યશ્રી કૈલાસસાગરસૂરીશ્વરજીએ હંમેશ મુજબ નીચી દૃષ્ટિ રાખીને કહ્યું, "ભાઈ, એવું કશુંય નથી."

સામાન્ય રીતે કોઈ સ્પૃહાવાન સાધુ હોય, તો આવી ઘટનાની સ્વમુખે કે અન્ય દ્વારા પ્રસિદ્ધિ કરાવીને પોતાની ચમત્કારી શક્તિની બોલબાલામાં રાચવા માંડે, જ્યારે આ આખીય વાતને બાજુએ મૂકીને પૂ. આ. શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજીએ પોતાની સ્વાભાવિક નમ્રતાથી ઉત્તમભાઈને કહ્યું,

"તમારે આવી વાતનો વિચાર કરવાને બદલે નવકાર મંત્ર ગણવો. એ સિવાય બીજું કાંઈ નથી. કોઈ કાળે વચન બોલાઈ જાય અને એ પ્રમાણે થાય એટલું જ માનવું."

આચાર્યશ્રી કૈલાસસાગરસૂરીશ્વરજીની આ મહાનતા જોઈને ઉત્તમભાઈનું મસ્તક ઝૂકી ગયું.

લ્યુકસ અને રેપાપોર્ટે ઇન્ફેક્શનથી સાવધ રહેવાનું કહ્યું હતું, પરંતુ આ સાવધાની ઉત્તમભાઈને માટે મહાબંધનરૂપ સાબિત થઈ પાણીથી થતું ઇન્ફેક્શન ન થવું જોઈએ. એનો અર્થ જ એ કે એમને બધે ઉકાળેલું પાણી જોઈએ. વળી એ સમયે મિનરલ વૉટરનો પણ એટલો પ્રચાર નહીં, આથી આવું ઉકાળેલું પાણી

મેળવવામાં ખૂબ મુશ્કેલી પડતી હતી. એ જ રીતે ખોરાકથી થતા ઇન્ફેક્શન સામે સાવધ રહેવાનું જરૂરી હોવાથી ઉત્તમભાઈને માટે ભોજન-સમારંભો કે અન્યનાં આતિથ્યો નિરર્થક બની ગયાં. માત્ર ઘરનો જ ખોરાક લેવો પડે અને તે પણ ગરમ ખોરાક લેવાનું જ રાખ્યું. ક્યારેય તળેલી વાનગી લેતા નહીં. સાંજના ભોજનમાં ખાખરા જ હોય.

ધૂળથી થતા ઇન્ફેક્શનથી બચવું કઈ રીતે ? એમણે પહેલો વિચાર કર્યો કે બને ત્યાં સુધી બહાર ઓછું જવું. બીજો વિચાર એરકન્ડિશન ગાડીનો કર્યો. ૧૯૭૮માં બહુ ઓછી ગાડીઓ એરકન્ડિશનવાળી હતી. મોટી રકમ આપવા છતાં પણ આવી વિદેશી ગાડી મેળવવી મુશ્કેલ હતી. આખરે ૧૯૮૦-૮૧માં એમણે ટોયેટો ગાડી લીધી.

ડૉ. લ્યુકસે ગણાવેલું ચોથું ઇન્ફેક્શન હતું સેકન્ડરી ઇન્ફેક્શન, જેમાં બીજા કોઈના રોગના જંતુઓ એમને લાગી જાય. આને પરિણામે એમને માટે વ્યવસાયની મિટિંગો બંધ થઈ ગઈ. ઉપાશ્રયમાં કે થિયેટરમાં પણ જઈ ન શકે. વિડિયો તો એ વખતે પ્રચલિત નહોતા. વળી મુસાફરી પણ બંધ કરવી પડી. કોઈ પણ જગ્યાએ થોડાક લોકો પણ ભેગા થાય તો ઉત્તમભાઈને માટે મૂંઝવણભર્યો સવાલ ઊભો થઈ જતો. કોઈ મુલાકાતે આવે તો પણ મનમાં સતત એવી દહેશત રહેતી કે એને કોઈ રોગ હશે અને એના તેઓ શિકાર તો નહીં બની જાય ને ! જો કે આવા ભયની પરવા કર્યા વિના તેઓ સામાજિક કે ધાર્મિક કાર્યક્રમોમાં થોડા સમય હાજરી આપવા જતા હતા.

વળી શરદી, ન્યુમોનિયા, મેલેરિયા કે ટાઇફૉઇડના જંતુઓ પ્રતિરોધક-શક્તિના અભાવે ઉત્તમભાઈના શરીરમાં ખૂબ જલદીથી ઘર કરે તેમ હતા. આમ એક ભયંકર ઓથાર નીચે ઉત્તમભાઈને બંધિયાર, મર્યાદાયુક્ત જીવન સ્વીકારવું પડ્યું. એક બાજુ વ્યવસાયમાં પ્રગતિની હરણફાળ સધાતી હતી, સમૃદ્ધિ વધતી હતી અને એનાથી જીવનમાં સુખ-સુવિધા ભોગવવાનો સમય નજીક આવતો હતો; આમ છતાં રોગને કારણે જીવનવ્યવહારમાં એમને લક્ષ્મણરેખા દોરવી પડી હતી. રોગ પણ કેવો ? જેની ભારતમાં કોઈને જાણ પણ નહીં. વિશ્વમાં પણ એના નિષ્ણાતો ગણ્યાગાંઠ્યા જ. એ રોગ કેવી રીતે વકરે કે એનાથી શું પરિણામ આવે એની ખોજ પણ આધુનિક વિજ્ઞાનને કરવાની બાકી હતી.

ક્યારેક ઉત્તમભાઈને લાગે કે આ તે કેવું જીવન ? આવા જીવનનો કોઈ અર્થ ખરો ? પરંતુ બીજી બાજુ ધૈર્ય ધારણ કરીને મુશ્કેલીઓનો સામનો કરતા રહેવાનું ગજવેલથી બનેલું એમની પાસે હૃદય હતું. એમના જીવનમાં એવું બનતું કે એકાએક કોઈ અસામાન્ય મુશ્કેલી એમને ઘેરી વળતી. એકાએક આખું જીવન

ભયમાં આવી પડતું હતું. કેટલીયે મહેનત બાદ એ આફતને પાર કરતા હતા. આફતના ડુંગરને ઓળંગીને માત્ર છ મહિનાનો "ઇન્ટરવલ" પડ્યો હોય કે તરત જ કોઈ બીજી આફત અણધારી દિશાએથી સામે આવીને ઊભી રહેતી અને તે પણ એટલી જ અસામાન્ય.

ક્યારેક મજાકમાં તેઓ મને કહેતા પણ ખરા કે આ છ મહિનાના "ઇન્ટરવલ"ને બદલે એકાદ વર્ષનો સુખ-શાંતિભર્યો "ઇન્ટરવલ" કેમ આવતો નથી ? ઇન્ફેક્શનથી બચવા માટે એમણે નક્કી કર્યું કે બને ત્યાં સુધી ભારતમાં ફરવા જવું કે વેપાર ખેડવા જવું નહીં. જો ફરવું જ હોય તો વર્ષે કે બે વર્ષે યુરોપ-અમેરિકા જઈ આવવું. ૧૯૮૨માં ઉત્તમભાઈ વિચારતા હતા કે યુરોપ ફરી આવીએ. ઉત્તમભાઈની સાથે પહેલેથી જ છાયાની માફક શારદાબહેન રહેતાં હતાં. એક તો ઉત્તમભાઈની માંદગી એવી કે સતત એમની સાથે રહેવું પડતું હતું. અગાઉ એક સમય એવો હતો કે ઉત્તમભાઈ એમ્ફેટેમિનની ગોળી ન લે એ માટે પણ એમની સાથે રહેવું પડતું હતું.

ઈ. સ. ૧૯૮૨માં યુરોપના પ્રવાસે નીકળવાના હતા તેના અગાઉના દિવસે જ એમને જાણ થઈ કે એમના એક સાથીએ વેચાણના ઉજળા ભવિષ્યની શક્યતા જોઈને સાઠ લાખનો ઑર્ડર એક કંપનીને આપ્યો છે. જો એમને ખ્યાલ હોત તો તેઓએ આવું થવા દીધું ન હોત. પણ હવે કરવું શું ?

ઉત્તમભાઈના પ્રયાસથી કંપનીએ જંગી નફો મેળવવાની સાથોસાથ મોટી ખોટ ખમવાની શક્તિ પણ મેળવી હતી. ઉત્તમભાઈએ આ ખોટ સહન કરી. એથીયે વિશેષ તો આવો ઑર્ડર મૂકનાર કોઈનાય પર તેઓ સહેજે ગુસ્સે થયા નહિ. માત્ર એટલું જ કહ્યું કે આટલો મોટો ઑર્ડર મૂકતાં પહેલાં તમારે મને પૂછવું જોઈએ. બીજી બાજુ એમના જ એક મિત્રના પુત્રએ વેપારમાં ચાલીસ હજાર રૂપિયા ગુમાવ્યા અને એના પિતાએ બીજા જ દિવસે દીકરાની વ્યવસાયની લાઇન બદલાવી નાખી હતી.

૧૯૮૬ના ડિસેમ્બર મહિનામાં હૃદયની બીમારીને કારણે ઉત્તમભાઈ અમેરિકા ગયા. સૌપ્રથમ લૉસ એન્જલિસ ગયા. અહીં એમણે એન્જિયોગ્રાફી કરાવી, પણ તે બરાબર થઈ નહિ. આ સમયે ઉત્તમભાઈને લૉસ-એન્જલિસમાં થયેલી એન્જિયોગ્રાફીની ચકાસણી કરવાનો સ્વયં વિચાર આવ્યો. પછી હ્યુસ્ટન હાર્ટ સેન્ટરમાં ડૉ. વીરેન્દ્ર માથુરે એન્જિયોગ્રાફી કરી અને ત્રણ આર્ટરી બ્લોક હોવાથી ડૉ. ડેન્ટન કૂલીએ બાય-પાસ સર્જરી કરી.

ડિસેમ્બર મહિનામાં નાતાલની રજાઓ હોવાથી હૉસ્પિટલના વ્યવસ્થાતંત્રમાં

એક વાત ભૂલાઈ ગઈ. બાય-પાસ સર્જરી પછી લેસિક્સના જે ઇંજેક્શનો ઉત્તમભાઈને આપવાના હતા તે ભૂલાઈ ગયું અને એકાએક એમનું શરીર ફૂલી ગયું. એમનું વજન તેર કિલો જેટલું વધી ગયું. શ્વાસ એવો ચડ્યો હતો કે બેસે જ નહિ. હૉસ્પિટલની નર્સને બોલાવીને સમીરભાઈએ ડૉક્ટરનું સરનામું મેળવ્યું અને ડૉક્ટરની સલાહ બાદ લેસિક્સનું ઈંજેક્શન આપ્યું તથા સારવાર શરૂ કરી. પોતાના જીવનમાં ઉત્તમભાઈને મોટા રોગોનો જ સામનો કરવાનો આવ્યો છે એવું નથી બન્યું. એ રોગનું સાચું નિદાન અને યોગ્ય ઉપચાર માટે પણ ઘણી મથામણ કરવી પડી છે, તેનું આ ઉદાહરણ છે.

૧૯૯૦ના જૂન મહિનામાં દિલ્હીમાં ટોરેન્ટની ઑફિસનું ઉદ્‌ઘાટન રાખ્યું હતું. આ સમયે ઉત્તમભાઈ દિલ્હી જવાના હતા, પરંતુ એ દિવસોમાં એમને જીભ આળી થઈ ગઈ હોય તેવું લાગ્યું. આથી એમના પરિચિત ડૉક્ટરને બતાવવા ગયા. ડૉક્ટરે કહ્યું કે દિલ્હીની ટિકિટ કૅન્સલ કરાવી નાખો અને ઘેર જઈને આરામ કરો. ઉત્તમભાઈએ દિલ્હીનો કાર્યક્રમ રદ કર્યો.

તેઓ દવાની પરિભાષા જાણતા હતા તેથી તેમને ખ્યાલ આવ્યો કે પૅરૅલિસિસની અસર થાય એવી ડૉક્ટરને દહેશત હતી. ૧૯૯૦ના સપ્ટેમ્બરમાં તો એવું બન્યું કે તેઓ કશું બોલતા હોય ત્યારે બે સેકંડ, પચાસ સેકંડ કે એક મિનિટ સુધી તેઓ શું બોલે છે એનો ખ્યાલ ગુમાવી બેસતા હતા. ૧૯૯૦ની આઠમી સપ્ટેમ્બરે મુંબઈમાં ડૉક્ટરનો વ્યવસાય કરતા મૂળ બનાસકાંઠા જિલ્લાના ડૉક્ટરોનું એક સંમેલન યોજાયું હતું.

આ સમયે ઉત્તમભાઈએ ફિઝિશિયનને પોતાની તબિયત બતાવી, તો એમણે ઉત્તમભાઈને કહ્યું કે તમે મુંબઈ જવાનું બંધ રાખો, કારણ કે ખુદ ડૉક્ટરો પણ પૅરૅલિસિસમાં કયા સમયે શું થશે તે કળી શકે તેમ ન હતા. વળી સાવચેતી રૂપે ઉત્તમભાઈને કહ્યું હતું કે તમારે બે કલાકથી વધુ સમય પ્લેનમાં મુસાફરી કરવી નહીં. બે-ત્રણ કલાકથી વધુ મોટરમાં સફર કરવી નહીં. ટ્રેનમાં મુસાફરી કરવાની તો વાત જ સદંતર ભૂલી જવી !

આમ તો ઉત્તમભાઈએ ઘણા ગંભીર રોગોનો અનુભવ અને સામનો કર્યો હતો અને એમાંથી પાર પણ ઊતર્યા હતા. એમણે માન્યું કે રોગોની યાદીમાં એકાદ મોટો રોગ બાકી રહી ગયો હોય તેમ લાગે છે !

ઉત્તમભાઈને કૅન્સરની બહુ ફિકર નહોતી, બીજા રોગોની પણ ચિંતા નહોતી, પણ બીજાં બધાં દર્દ કરતાં એમને પૅરૅલિસિસની ભીતિ વધુ રહેતી હતી. આનું કારણ એ કે આમાં દર્દીને લાચાર અને પરવશ જીવન જીવવાનો વારો આવતો.

આપબળે અને આત્મશ્રદ્ધાથી જીવન ઘડનારાને આવું પરાવલંબન ક્યાંથી ગમે ?

ઉત્તમભાઈ પંદરેક દિવસ આરામ લઈને મુંબઈ ગયા. મુંબઈ હૉસ્પિટલના વિખ્યાત ન્યુરૉલોજિસ્ટ ડૉ. સિંગલ અને ડૉ. વાડિયાને પોતાની તબિયત બતાવી. એમણે બ્રેઇનનો એમ.આર.આઈ. કરાવવાની સલાહ આપી. અગાઉના એમ.આર.આઈ.માં પરિવર્તનો આવ્યાં હતાં, પરંતુ એ પરિવર્તનો ડૉક્ટરના કહેવા પ્રમાણે સમય અને ઉંમરને કારણે આવ્યાં હતાં. ઉત્તમભાઈને સ્વાસ્થ્ય અંગે વધુ સાવચેતી રાખવાનું ડૉક્ટરોએ ભારપૂર્વક જણાવ્યું. એ પછી અઢાર મહિના સુધી કશું થયું નહીં.

આમ તો દર છ મહિને મેડિકલ ચેક-અપ માટે મુંબઈ જવાનું હતું, પરંતુ એ શક્ય બનતું નહીં અને તબિયત સારી થઈ ગઈ હતી. વળી બીજી કોઈ ફરિયાદ નહોતી તેથી ચિંતાનો કોઈ સવાલ નહોતો. પરિણામે મુંબઈ બતાવવા જવાનું પાછું ઠેલાતું ગયું.

છેક ૧૯૯૨ની ૨૨મી જાન્યુઆરીએ ઉત્તમભાઈના સાઢુને ત્યાં લગ્ન હોવાથી તેઓ અમદાવાદથી વહેલી સવારની ફ્લાઇટમાં મુંબઈ ગયા. ચોવીસમી તારીખે લગ્નપ્રસંગ હતો. ત્રેવીસમી જાન્યુઆરીએ કોઈ બીજું ખાસ કામ નહોતું, તેથી એમણે અમદાવાદથી જ મુંબઈમાં જરૂરી ટેસ્ટ લેવાય તે માટેની વ્યવસ્થા કરી હતી. એમણે મુંબઈ મેડિકલ સેન્ટરમાં કેરોટીનાનો ટેસ્ટ કરાવ્યો. આ ટેસ્ટનો રિપૉર્ટ મેળવીને ડૉ. સિંગલને મળવાનો એમનો વિચાર હતો. ટેસ્ટ થયો કે તરત જ ડૉક્ટરે કહ્યું કે પૅરેલિસિસની કોઈ શક્યતા નથી, કિંતુ તમારા ટેસ્ટમાં મલ્ટિપલ લિમ્ફનોડ આવે છે.

આ સાંભળતાં જ ઉત્તમભાઈના માથે ધોળે દિવસે વીજળી ત્રાટકી. ચૌદ વર્ષ પહેલાં એમને થયેલા ભયાવહ રોગે ફરી દેખા દીધી હતી. ભારતમાં નામાંકિત ડૉક્ટરોમાં પણ ગણ્યાગાંઠ્યા ડૉક્ટરોને જ આની માહિતી હતી. ઉત્તમભાઈના ચિત્તમાં ૧૯૭૭-'૭૮નો આખોય ભૂતકાળ ઘૂમવા લાગ્યો. આ રોગનું નામ સાંભળતાં જ એમના ઘરમાં સૌને કેટલી બધી ચિંતા થઈ હતી તેની વ્યથાજનક સ્મૃતિઓ મનમાં ઉભરાવા લાગી. એમણે વિચાર કર્યો કે કુટુંબીજનોને કહેવું કે નહીં ? છેવટે નક્કી કર્યું કે આવતીકાલે લગ્નપ્રસંગ છે, તે રંગેચંગે પતી જાય પછી વાત કરીશું.

ચોવીસમી તારીખે એમના સાઢુને ત્યાં યોજાયેલા લગ્નપ્રસંગમાં એમણે હાજરી આપી. પચીસમી તારીખે એમણે પોતાની તબિયત અંગે વધુ ડૉક્ટરી ચકાસણી કરાવવાનું નક્કી કર્યું. એમણે બીચ કૅન્ડી હૉસ્પિટલમાં એમ.આર.આઈ. માટે

સવારના દસ વાગ્યાની એપૉઇન્ટમેન્ટ લીધી હતી. એ મુજબ ત્યાં જઈને ગળાનો અને મગજનો એમ.આર.આઈ. કરાવ્યો.

૧૯૭૭-'૭૮માં તાતા હૉસ્પિટલના ડૉ. અડવાણીએ ઉત્તમભાઈને સારવાર આપી હતી, આથી ઉત્તમભાઈએ ડૉ. અડવાણીને મળવાનું નક્કી કર્યું. તપાસ કરતાં જાણવા મળ્યું કે ડૉ. અડવાણી તો કામસર મદ્રાસ ગયા હતા. ઉત્તમભાઈએ મદ્રાસ ફોન કરીને ડૉ. અડવાણી સાથે વાત કરી. ઘણા લાંબા સમય બાદ ડૉ. અડવાણીને ફોન કરતા હોવા છતાં ડૉ. અડવાણી એમને તરત જ ઓળખી ગયા. ડૉ. અડવાણીએ એમને એબ્ડોમન ચેસ્ટ અને પેલ્વિસનો એમ.આર.આઈ. કરાવવાની સલાહ આપી.

સત્તાવીસમી જાન્યુઆરીએ ઉત્તમભાઈએ બીચ કૅન્ડી હૉસ્પિટલમાં આ ત્રણેયના એમ.આર.આઈ. કરાવ્યા. આ બધામાં મલ્ટિપલ લિમ્ફનોડ મોટા પ્રમાણમાં હોવાનું તારણ આવ્યું, આથી ઉત્તમભાઈની ચિંતા એકદમ વધી ગઈ. અઠ્ઠાવીસમી જાન્યુઆરીએ એમ.આર.આઈ.ના પાંચ રિપૉર્ટ લઈને ઉત્તમભાઈ ડૉ. અડવાણીને બતાવવા માટે સવારે તાતા હૉસ્પિટલમાં ગયા. એમણે ઉત્તમભાઈને જોતાં સ્વાભાવિક રીતે જ કહ્યું, "તમને ઘણાં વર્ષ બાદ જોઉં છું, પણ તમારી તબિયત આમ તો સારી લાગે છે."

એ પછી એમણે ઉત્તમભાઈને તપાસ્યા. મલ્ટિપલ લિમ્ફનોડ અંગે વિચાર કર્યો અને સલાહ આપી કે એમણે રેડિયૉલોજી ડિપાર્ટમેન્ટના ચીફ ડૉ. ઓ. પી. શર્માને બતાવવું જોઈએ. અઠ્ઠાવીસમી જાન્યુઆરીએ ઉત્તમભાઈ ડૉ. ઓ. પી. શર્માને મળ્યા અને તેમણે એ દિવસે સાંજે અભિપ્રાય આપવાનું કહ્યું. એ જ અઠ્ઠાવીસમીની સાંજે એમણે ડૉ. સુનિલ પારેખની એપૉઇન્ટમેન્ટ લીધી હતી. ડૉ. પારેખે ઉત્તમભાઈની વાત સાંભળી અને સલાહ આપી કે ૧૪ વર્ષ બાદ ફરી પેલો મહારોગ દેખા દઈ રહ્યો છે, માટે હવે તમારે પૂરતી સાવચેતી રાખવી જોઈએ.

ઓગણત્રીસમી જાન્યુઆરીએ ઉત્તમભાઈએ તમામ બ્લડ ટેસ્ટ કરાવ્યા. એબ્ડૉમન, પેલ્વિસ, નેક અને ચેસ્ટના સ્કૅન તાતા હૉસ્પિટલમાં ચાર વાગ્યે કરાવી લીધા. દરમિયાનમાં ડૉ. ઓ. પી. શર્માએ અભિપ્રાય આપ્યો કે સ્કૅન અને એમ.આર.આઈ. જોતાં ઉત્તમભાઈમાં મલ્ટિપલ લિમ્ફનોડ મોટા પ્રમાણમાં જોવા મળે છે. આ માટે કયા પ્રકારની સારવાર લેવી તે માટે એમણે ડૉ. અડવાણીની સલાહ લેવી જોઈએ.

મુંબઈમાં એક પછી એક ડૉક્ટરનું ચક્ર ચાલુ થઈ ગયું. મેડિકલ ટેસ્ટ, સ્કૅનિંગ અને એમ.આર.આઈ. થવા લાગ્યાં. ઉત્તમભાઈએ એમના નાના પુત્ર સમીરભાઈને અમદાવાદથી બોલાવ્યા અને બધા જ રિપૉર્ટ આપીને ડૉ. અડવાણીને રૂબરૂ મળી

આવવા કહ્યું. ડૉ. અડવાણીએ તમામ રિપૉર્ટ વિગતે તપાસ્યા પછી કહ્યું કે આમ તો ઉત્તમભાઈની તબિયત સારી લાગે છે. રોગનાં કોઈ બાહ્ય ચિહ્નો જણાતાં નથી, તેમ છતાં તાતા હૉસ્પિટલના ડિરેક્ટર અને સર્જન પાસે બાયોપ્સી કરાવી લેવી હિતાવહ છે. ડૉ. અડવાણીએ બપોરે બે વાગે એ સર્જન પાસે સમય માંગ્યો અને એમણે સાંજના છ વાગ્યાનો સમય આપ્યો. સમીરભાઈ તરત જ ઉત્તમભાઈ રહેતા હતા તે મુંબઈના વૂડલૅન્ડ ફ્લૅટમાં આવ્યા અને છ વાગ્યે એ સર્જનને બતાવવા જવાની વાત કરી.

ઉત્તમભાઈને એમના વ્યવસાય અર્થે અને સ્વાસ્થ્ય અંગે સતત ડૉક્ટરોના સંપર્કમાં રહેવું પડતું. ડૉ. બગડિયા કે ડૉ. ભણશાળી જેવા ખ્યાતનામ ડૉક્ટરો સાથે એમને નિકટનો નાતો બંધાયો હતો. ડૉ. લ્યુકસ કે ડૉ. લેવિન જેવા હજારો માઈલ દૂર વસતા ડૉક્ટરો પાસેથી લાગણી અને સ્નેહ સાંપડ્યાં હતાં. પરંતુ આ બધાંથી એક જુદો જ અનુભવ આ સર્જનનો થયો.

એ સર્જનને માટે એમ કહેવાતું કે તેઓ ખૂબ વ્યસ્ત ડૉક્ટર છે. એમણે માત્ર એક જ મિનિટમાં ઉત્તમભાઈને કહી દીધું કે તમારે બાયોપ્સી કરાવવાની જરૂર નથી. એમણે ઉત્તમભાઈની કોઈ વાત સાંભળી નહીં. એમ.આર.આઈ.ના રિપૉર્ટ જોયા નહીં. એમને ઉતાવળ એટલી બધી હતી કે એમને કહેવાનો કોઈ અર્થ નહોતો, કારણ કે એમની પાસે કશુંય સાંભળવાનો સમય નહોતો.

આમ એક દુઃખદ અનુભવ સાથે ઉત્તમભાઈ પાછા આવ્યા. ફરી એમણે સર્જનને મળવાનો પ્રયાસ કર્યો. માંડ મુલાકાતનો સમય મળ્યો, પણ ત્યારે સર્જનને બદલે એમના મદદનીશ મળ્યા. આ મદદનીશને પહેલાં તો લિમ્ફનોડ જ જડતી નહોતી. એણે પાંચ મિનિટ માટે સર્જનને આવી જવા કહ્યું અને આખરે બાયોપ્સી થઈ.

પાંચમી ફેબ્રુઆરીએ બાયોપ્સી કર્યાને બે દિવસ થઈ ગયા, છતાં ઉત્તમભાઈને થોડો દુખાવો રહેતો હતો. તેઓ ઑર્થોપેડિક સર્જન ડૉ. ભણશાળીને મળવા ગયા અને પછી ડૉ. અડવાણીને મળ્યા. બીજી બાજુ લોસ એન્જલસ ડૉ. મણિભાઈ મહેતાને ફોન કરીને જાણ કરી કે ચૌદ વર્ષ પહેલાં થયેલો લિમ્ફનોડનો પ્રશ્ન ફરી ઊખળ્યો છે તે અંગે શું કરવું તે મુંબઈના ડૉક્ટરોની સલાહ મળ્યા પછી જણાવશે.

સાંજના સાત વાગ્યે ઉત્તમભાઈ ડૉ. સુનિલ પારેખને મળ્યા. એમની પાસેથી અમેરિકામાં ડૉ. રૉબર્ટ લ્યુકસના સ્થાને કામ કરતા ડૉ. નથવાણીનો ફોન નંબર લીધો. અમેરિકાના અગ્રગણ્ય હેમેટો-પૅથૉલૉજિસ્ટ તરીકે ડૉ. નથવાણી નામના ધરાવતા હતા. ઉત્તમભાઈએ એમને મુંબઈથી ફોન કર્યો. ડૉ. નથવાણી એમને

તરત જ ઓળખી ગયા. એમણે કહ્યું કે તમે સ્લાઇડો અને એમ.આર.આઈ.ના રિપૉર્ટ મને મોકલાવો તો હું એ જોઈને તમને અભિપ્રાય આપી શકું.

સાતમી ફેબ્રુઆરીએ તાતા હૉસ્પિટલમાંથી બાયોપ્સીનો રિપૉર્ટ આવી ગયો. ડૉ. અડવાણીનો અભિપ્રાય પણ આવી ગયો. આ બધાથી એમ ફલિત થતું હતું કે ૧૯૭૭-'૭૮માં ઉત્તમભાઈને જે રોગ હતો તેના કરતાં આ રોગ જુદો છે. આ લો-ગ્રેડ લિમ્ફોમા છે. સાતમી તારીખે સ્લાઇડ પણ મળી ગઈ. સાંજે ઉત્તમભાઈ અમદાવાદ આવ્યા અને પછીના દિવસે વહેલી સવારે ડૉ. મણિભાઈ મહેતાને સ્લાઇડ અને એમ.આર.આઈ.ના રિપૉર્ટ મોકલાવ્યાં. ડૉ. નથવાણી અને ડૉ. લેવિનને પણ જરૂરી કાગળો મોકલી આપ્યા.

નવમી ફેબ્રુઆરીએ કૅન્સરના નિષ્ણાત અને ઉત્તમભાઈના મિત્ર ડૉ. પંકજ એમ. શાહ સાથે ઉત્તમભાઈએ ફોન પર વાત કરી તો એમનો પણ એવો અભિપ્રાય થયો કે આ લો-ગ્રેડ લિમ્ફોમા છે. એનાં કોઈ બીજાં ચિહ્નો નથી તેથી ચિંતા કરવાની જરૂર નથી તેમજ હાલ તુરત કોઈ ટ્રીટમેન્ટ લેવાની પણ જરૂર નથી.

લંડનમાં વસતા ઉત્તમભાઈના મિત્ર શ્રી ભાનુભાઈ જે. મહેતાના પુત્ર ડૉ. અતુલભાઈ મહેતા આ રોગના નિષ્ણાત તબીબ તરીકે નામાંકિત હતા. તેઓ હેમેટો-પૅથૉલૉજિસ્ટ હતા. એમણે પણ એવો અભિપ્રાય આપ્યો કે આ અંગે ચિંતા કરવી નહીં, પણ સાથે સાથે એવી તાકીદ પણ કરી કે એમણે આની કોઈ ટ્રીટમેન્ટ લેવાને બદલે હાલ તુરત થોભી જવું.

આઠમી ફેબ્રુઆરીથી અગિયારમી ફેબ્રુઆરી સુધી ઉત્તમભાઈ અમદાવાદમાં રહ્યા, પરંતુ ઓગણીસમી ફેબ્રુઆરીએ ડૉ. સુનિલ પારેખે એમને બોન-મેરો બાયોપ્સી કરાવવાનું કહ્યું હતું. જો કદાચ પેલો જૂનો રોગ હોય અને દવાઓ આપવાની જરૂર પડે તો હૃદયની સ્થિતિ કેવી છે તે જાણી લેવી જોઈએ, આથી કસરત સાથે અને કસરત વિના હૃદયનું સ્કૅનિંગ કરાવવાનું નક્કી કર્યું.

જસલોક હૉસ્પિટલમાં આ 'મૂગા-કેન-ટેસ્ટ' માટે તેઓ ગયા. દરમિયાનમાં ડૉ. લેવિન અને ડૉ. નથવાણીના અમેરિકાથી ફેક્સ મારફત જવાબ મળી ચૂક્યા હતા અને એમણે કહ્યું કે આ લિમ્ફોમાનો જ રોગ છે, પરંતુ સ્લાઇડ પરથી એનું અર્થઘટન કરવું કે એના પરથી કોઈ તારણ કાઢવું મુશ્કેલ છે. એ પછી ફરી પ્રોફેસર ઑફ મેડિસિન ડૉ. લેવિનનો ફેક્સ આવ્યો કે તેઓ એમના રોગ અંગે ચિંતા ન કરે. આમાં વ્યક્તિ દવા ન લે તો પણ દસેક વર્ષ સુધી એના આયુષ્યને કોઈ વાંધો આવતો નથી.

એમણે સલાહ આપી કે ઉત્તમભાઈ કૉપ સી.વી.પી. થેરાપી લે, તે વધુ સલાહ ભરેલું છે. ડૉ. લેવિન ઉત્તમભાઈની ખૂબ કાળજી લેતાં હતા. ઉત્તમભાઈને એમ લાગતું હતું કે એમના પૂર્વજન્મનાં વહાલસોયાં બહેન ન હોય !

ડૉ. અડવાણી અને ડૉ. સુનિલ પારેખે એવી સલાહ આપી કે બાય-પાસ સર્જરી કરાવી હોવાથી ઉત્તમભાઈએ 'મૂગા ટેસ્ટ' કરાવવાની જરૂર છે.

ડૉ. સુનિલ પારેખની સલાહ પ્રમાણે એમણે 'મૂગા ટેસ્ટ' કરાવ્યો. હૃદયની ગતિવિધિ બતાવતો આ ન્યુક્લિયર મેડિસિનનો ટેસ્ટ ઘણો પ્રમાણભૂત ગણાય છે. આ ટેસ્ટનું તારણ એવું ચોંકાવનારું આવ્યું કે હૃદયના ફંક્શનમાં એક મહત્ત્વની બાબત તે "ઇજેક્શન ફૅક્ટર" છે. અને ઉત્તમભાઈનું હૃદય માત્ર બત્રીસ ટકા જ ઇજેક્શન ધરાવે છે. એનો અર્થ એ થયો કે ઉત્તમભાઈનું હૃદય બરાબર કામ કરતું નથી અને આ પરિસ્થિતિમાં તો વ્યક્તિએ માત્ર પથારીમાં જ સૂઈ રહેવું પડે. સંપૂર્ણ આરામ લેવો.

ઉત્તમભાઈને માથે વળી એક મોટી આફત આવી પડી. અત્યાર સુધી તો એમને એમ હતું કે માત્ર ઇમ્યુનિટીનો જ સવાલ છે, લિમ્ફોમાની જ વ્યાધિ છે, પણ એથીયે વધુ ગંભીર ખતરો તો હૃદયની સ્થિતિનો ઊભો થયો. લિમ્ફોમાનું રામાયણ ચાલતું હતું, ત્યાં જ હૃદયની ગંભીર પરિસ્થિતિનું મહાભારત શરૂ થયું. ડૉક્ટરે તરત જ એમને સાવચેત રહેવા કહ્યું.

આમ તો, ઉત્તમભાઈ દર છ મહિને બીજા ટેસ્ટની માફક હૃદયને માટે સ્ટ્રેસ ટેસ્ટ પણ કરાવતા હતા. રોજ પાંચ કિલોમિટર ફરતા હતા અને એમાં એકાએક હૃદયની આવી તકલીફ ક્યાંથી ઊભી થઈ ? અગાઉ ક્યારેય કોઈએ એમના હૃદય અંગે કશું કહ્યું નહોતું. આને પરિણામે એવી આફત આવી ગઈ કે એમની હૃદયની આવી સ્થિતિ હોય તો 'કોપ થેરાપી' પણ લઈ શકાય તેવું નહોતું. આમ લિમ્ફોમાનો એક ભય તો હતો જ. એમાં વળી આ નવી ને મોટી આફત આવી.

એક બાજુ ડૉ. લેવિનની સલાહ હતી કે એમણે કૅન્સર વિરોધી ઇન્જેક્શનની 'કૉપ થેરાપી' લેવી. વળી આ 'કૉપ થેરાપી'માં શ્વેત કણો (વ્હાઇટ બ્લડકાઉન્ટ) ઓછા થાય અને ઇન્ફેક્શન તરત લાગુ પડે તેવું પણ બને. આથી આને માટે અમેરિકામાં એ વખતે શોધાયેલા ન્યૂપોજનનાં એંશીથી સો ઇન્જેક્શનોનો કોર્સ પણ સાથોસાથ કરવો. આ ન્યૂપોજનનો એક બલ્બ એ વખતે આઠેક હજારની કિંમતમાં મળતો હતો. આ રીતે પહેલા દિવસે અને સોળમા દિવસે એન્ડોક્સન, વિનક્રિસ્ટિન ડ્રીપથી લેવાં પડે અને બાકીના દિવસે શ્વેતકણોની પરિસ્થિતિ જોઈને મહિનામાં સત્તરથી અઢાર ન્યૂપોજનના બલ્બ લેવા પડતા હતા. ઉત્તમભાઈને કૉપ

થેરાપી સહેજે પસંદ નહોતી. બીજી બાજુ હૃદય અંગે કરાવેલા ટેસ્ટનું તારણ એવું હતું કે આ થેરાપી લઈ શકાય નહીં.

સવાલ એ હતો કે બાય-પાસ પછી આજ સુધી ક્યારેય હૃદયની કોઈ તકલીફ થઈ નહોતી અને એકાએક આ નવી તકલીફ જાગી કેમ ? આથી એમણે ફરી ટેસ્ટ કરાવવાનો વિચાર કર્યો. એન. એમ. મેડિકલ સેન્ટરમાં થ્રી.ડી. ઇકોનો ટેસ્ટ કરાવ્યો. એવું તારણ આવ્યું કે એમના હૃદયની પરિસ્થિતિ સારી છે અને આ વીસમી સદી સુધી તો કોઈ વાંધો આવે એવું નથી. આથી એમણે ફરી વાર જસલોકમાં હૃદયની સ્થિતિ જાણવા માટેનો એક વધુ પ્રમાણભૂત 'થેલિયમ ટેસ્ટ' કરાવવાનું નક્કી કર્યું. જેથી શંકા પૂરેપૂરી નાબૂદ થાય. વળી આ ટેસ્ટ ન્યુક્લિયર મેડિસિનનો હોવાથી અત્યંત પ્રમાણભૂત અને વિશ્વસનીય ગણાતો હતો. આ ટેસ્ટના પરિણામમાં પણ એવું નિદાન આવ્યું કે એમનું હૃદય તદ્દન સ્વસ્થ છે. બે ટેસ્ટ વચ્ચેનો બાર દિવસનો સમયગાળો ઉત્તમભાઈને માટે તીવ્ર માનસિક પરિતાપનો પુરવાર થયો.

અત્યંત ખ્યાતનામ હૉસ્પિટલના ટેસ્ટ કેટલા વિશ્વસનીય ગણાય એવો સવાલ એમના મનમાં જાગ્યો. એક ટેસ્ટ કહે કે તમે અત્યારે ને અત્યારે અને એ પછી સદાને માટે પથારીમાં પડ્યા રહો તેવી તમારી સ્થિતિ છે. બીજો ટેસ્ટ કહે કે તમે તો પૂર્ણ સ્વસ્થ છો. જેટલું ફરવું હોય તેટલું ફરો અને દોડો તો પણ વાંધો નથી. લોસ એન્જલસના ડૉ. લેવિનને પૂછાવ્યું કે લિમ્ફનોડની સારવાર લેતા હોઈએ, ત્યારે એની દવાથી હૃદયને કોઈ તકલીફ ઊભી થાય ખરી ? એમનો જવાબ મળ્યો કે લિમ્ફનોડની દવાને હૃદય સાથે કોઈ સંબંધ નથી, આમ છતાં પરંપરા મુજબ લોસ-એન્જલસના ડૉક્ટરોએ લખ્યું કે આ અંગે સ્થાનિક ડૉક્ટરોની સલાહ પણ લેવી.

આ સમયે ઉત્તમભાઈને કોઈ તાવ નહોતો. પરંતુ ટેસ્ટનું ખોટું તારણ કેટલા હેરાનપરેશાન કરી નાખે છે એનો દુઃખદ અને કારમો અનુભવ થયો. વળી હૃદયની વ્યાધિને કારણે લિમ્ફનોડની દવા ન લેવાય એવી કેટલાક ડૉક્ટરોની સૂચનાને કારણે ઉત્તમભાઈ વિચારોની આંધીમાં અટવાઈ ગયા હતા. એમણે અમેરિકા પૂછાવ્યું કે મને કદાચ હૃદયની તકલીફ છે તો 'કૉપ થેરાપી' ન લઉં તો ન ચાલે ?

ફરી ડૉ. લેવિનનો માયાળુ જવાબ આવ્યો કે 'કૉપ થેરાપી'ને હૃદય જોડે કોઈ નિસબત નથી, આમ છતાં તમે 'કૉપ થેરાપી' ન લો તો એના અભાવે ઇમ્યુનિટીનો સવાલ ઊભો ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. દર બે મહિને ટેસ્ટ કરાવવા. એમ.આર.આઈ. કરાવવો અને ખાસ તો લોહીમાં શ્વેત કણો ઓછા ન થઈ જાય તેની તકેદારી રાખજો.

ઉત્તમભાઈએ વળી અમેરિકા પૂછાવ્યું કે 'કૉપ થેરાપી'ને અભાવે લિમ્ફનોડ આગળ વધે તો શું થાય ? તરત જ ડૉક્ટરનો જવાબ આવ્યો કે લિમ્ફનોડ આગળ વધે તો તે શરીરના કોઈ મહત્ત્વના અંગ પર આક્રમણ કરે અને આફત ઊભી થાય. જો 'કૉપ થેરાપી' ન જ લેવી હોય તો ડૉ. લેવિને સૂચન કર્યું કે તમે આને માટે લ્યુકેરાન ટૅબ્લેટ લેશો તો પણ ચાલશે.

જિજ્ઞાસાનો કોઈ અંત હોતો નથી. ઉત્તમભાઈએ ફરી ડૉ. લેવિનને પુછાવ્યું કે આ લ્યુકેરાન ન લઈએ તો શું થાય ? ત્યારે ડૉ. લેવિને કહ્યું કે તમારી જિંદગી પર કોઈ ખતરો નથી. દવા ન લો તો કોઈ વાંધો નથી, પરંતુ તમારા દેશમાં ઇન્ફેક્શનની ઘણી શક્યતાઓ હોય છે તેથી લ્યુકેરાન ટૅબ્લેટ લેવાની સલાહ આપી છે. પરંતુ જો મોટી સભાઓમાં જવાનું ઓછું રાખો, ઇન્ફેક્શન થાય નહીં તેનું ધ્યાન રાખો તો કશો વાંધો નહીં આવે. અમદાવાદના ડૉ. પંકજ શાહ ઉત્તમભાઈ પ્રત્યે અંગત સ્વજન જેવો સ્નેહ ધરાવતા હતા. એમના સ્વાસ્થ્યની તેઓ ચીવટભેર સંભાળ લેતા હતા. એમણે પણ એ જ રીતે 'કૉપ થેરાપી' કે 'લ્યુકેરાન'ને બદલે સાવચેતીથી રહેવાની સલાહ આપી.

દરમિયાનમાં ઉત્તમભાઈ તાતા હૉસ્પિટલમાં અત્યંત માયાળુ અને સહાનુભૂતિ ધરાવતા ડૉ. અડવાણીને મળવા ગયા. કેટલાંય ટેસ્ટ, સ્કૅનિંગ, એમ.આર.આઈ. વગેરેનું જે અવિરત ચક્ર ચાલ્યું, એની સઘળી વાત કરી. ડૉ. અડવાણીએ કહ્યું કે, ઉત્તમભાઈના કેસમાં વધુ પડતું (ઓવરડૂઇંગ) થઈ ગયું છે. એમણે સલાહ આપી કે આ જે ચક્ર ચાલે છે એને અટકાવી દો અને આરામ કરો તેમજ હૉસ્પિટલ માત્રથી દૂર રહો.

ઉત્તમભાઈને આ અનુભવી સલાહ સાચી લાગી !

❑

૧૮

# સત્કર્મોનું ગુલાબ

ડૉક્ટરોના ચક્રમાં ફસાયેલા માનવીની વેદના સંસારચક્રમાં ફસાયેલા માનવીથી લગીરેય ઓછી હોતી નથી !

રોગની એક પછી એક શક્યતાઓને તાગવામાં આવે. એની પાછળ પાછળ મેડિકલ ટેસ્ટની હારમાળા ચાલે. નિષ્ણાત ડૉક્ટરોની એપૉઇન્ટમેન્ટ મેળવવાની દોડધામ ચાલે. વળી કોઈ બીજા ડૉક્ટરનું જુદું નિદાન ફરી આવી બીજી હારમાળા સર્જી જાય ! એમાં એકાદ ખોટું નિદાન વ્યક્તિને માટે ગંભીર રોગ કરતાંય આર્થિક અને માનસિક રીતે વધુ ખતરારૂપ બનતું હોય છે.

આવા ડૉક્ટરો, જુદા જુદા ટેસ્ટ અને નિદાનના ચક્રમાંથી મુક્તિ મેળવવા ઉત્તમભાઈએ મહાબળેશ્વર ફરવા જવાનો વિચાર કર્યો. લૉસ ઍન્જલસ અને લંડનના સ્નેહીઓને જાણ કરી કે તેઓ હવે કોઈ સારવાર માટે ત્યાં આવવાના નથી.

ઉત્તમભાઈને ફરવાના સ્થળ તરીકે મહાબળેશ્વર ખૂબ ગમી ગયું. અમેરિકા કે યુરોપ કરતાં તે વધુ અનુકૂળ લાગ્યું. એક તો મહાબળેશ્વરની હરિયાળી એમને ખૂબ પસંદ પડતી હતી. વળી મુંબઈ અને અમદાવાદથી આ મનોરમ સ્થળ પ્રમાણમાં નજીક પણ ખરું, જેથી જરૂર પડે કે કોઈ તાત્કાલિક સારવારની આવશ્યકતા ઊભી થાય તો તરત જ મુંબઈ પહોંચી શકાય. અહીં મુંબઈ કે અમદાવાદના ગુજરાતીઓ પણ ઘણાં મળે, આથી એકલું-અટૂલું ન લાગે. કોડાઈ કેનાલ કે ઊટીમાં બહુ ઓછાં ગુજરાતીઓ નજરે પડે, જ્યારે મહાબળેશ્વરમાં તો આખું વાતાવરણ જ ગુજરાતી લાગે.

યુરોપ, લંડન કે સ્વિટ્ઝર્લૅન્ડમાં કોઈ મિત્ર કે સાથીનો સંગાથ મેળવવો અશક્ય નહીં, તો પણ મુશ્કેલ હોય છે, જ્યારે મહાબળેશ્વરમાં તો તમને કોઈ ને કોઈ મિત્ર જરૂર મળી જાય.

અહીં રોજ સવારે ઊઠીને ઉત્તમભાઈ છ કિલોમીટર ફરવા જતા હતા. બપોરે બજારમાં એકાદ લટાર લગાવતા. અજિતભાઈ ઝવેરી જેવા મિત્રો સાથે હોય તો પત્તાં રમતા હતા. સાંજે સરોવરના કિનારે ચારેક કિલોમીટર ફરી આવતા. વળી રસોઇયો સાથે હોવાથી ભોજનની બધી અનુકૂળતા રહેતી હતી. ઉકાળેલું પાણી પણ મળી રહે અને વિશાળ બંગલો હોવાથી રહેવાની સગવડ પણ સારી હતી. સવા મહિનો મહાબળેશ્વરમાં કેવી રીતે પસાર થઈ ગયો એનો ખુદ ઉત્તમભાઈને પણ ખ્યાલ ન રહ્યો. ઉત્તમભાઈ એમના જીવનકાળમાં યુરોપ-અમેરિકાનાં ઘણાં પર્યટન-સ્થળોએ ગયાં, પણ મહાબળેશ્વર એમનું સૌથી માનીતું બની રહ્યું.

મહાબળેશ્વરથી પાછા આવીને ઉત્તમભાઈએ બ્લડ રિપૉર્ટ કરાવ્યા તો બધું 'નોર્મલ' આવ્યું. આ સમયે ઉત્તમભાઈ સ્કૅન અને એમ.આર.આઈ. બંને કરાવતા હતા. સ્કૅનમાં ડાઇ નાખવી પડતી હતી, પરંતુ વિદેશના ડૉક્ટરોની એવી સલાહ હતી કે એમણે સ્કૅન તો કરાવવું જ જોઈએ.



સેવાની સુવાસ, સંગાથે સંગાથે

ઉત્તમભાઈને એમ થયું કે માત્ર એમ.આર.આઈ. કરાવીએ તો ચાલે કે નહીં ? અમદાવાદના અનુભવી ડૉ. નરેન્દ્ર પટેલ પાસે ૧૯૯૨ના જુલાઈમાં એમ.આર.આઈ. કરાવ્યો એ પછી તરત જ ડૉ. નરેન્દ્ર પટેલનો ફોન આવ્યો કે આપને મારે એક સારા સમાચાર આપવાના છે. તમારી ગાંઠ ઘટતી જાય છે અને તેય કશીય દવા લીધા વિના. ઉત્તમભાઈએ પોતાના આ સુધારાની જાણ લંડનમાં ડૉ. અતુલભાઈને અને લૉસ ઍન્જલસમાં ડૉ. લેવિનને કરી દીધી.

મહાબળેશ્વર અને અમદાવાદ રહેવાનું બન્યું હોવાથી છેલ્લા અઢી મહિનાથી ઉત્તમભાઈ મુંબઈ જઈ શક્યા નહોતા. અમદાવાદમાં જે એમ.આર.આઈ. લીધો હતો તેમાં ઘણો સુધારો જણાયો હતો. મુંબઈના ડૉ. સુનિલ પારેખ પાસે ગયા. એમની પાસે એમ.આર.આઈ. કરાવ્યો અને ડૉ. સુનિલ પારેખે સાનંદ આશ્ચર્ય સાથે મજાકમાં કહ્યું,

"અરે ! કોઈ 'મિરેકલ' થયો લાગે છે. તમારી લિમ્ફોમાની ગાંઠો દેખાતી નથી, તમે કંઈ જાદુ કે જંતરમંતર કર્યા લાગે છે."

ઉત્તમભાઈએ કહ્યું, "ડૉક્ટરસાહેબ, હું જંતરમંતરમાં માનતો નથી."

આ રીતે અમદાવાદના એમ.આર.આઈ.માં જે નિદાન આવ્યું હતું, તે પ્રમાણભૂત પુરવાર થયું. આ પછી સદા આનંદી અને સ્નેહાળ એવા ડૉ. અડવાણીને મળવા ગયા. ડૉ. અડવાણી પોતે વિકલાંગ (હૅન્ડિકૅપ્ડ) હતા, પરંતુ એમનું આઉટડોર ખૂબ ચાલતું હતું. દર્દીને હંમેશાં સાચી વાત કરતા હતા. વળી એવી રીતે વાત કરે કે જેથી દર્દીને આઘાત લાગે નહીં કે ગભરાઈ જાય નહીં. એમણે ઉત્તમભાઈને એટલી સલાહ આપી કે એમણે અછબડા (ચિકનપૉક્સ) કે હરપીઝ ન થાય તેનું ખાસ ધ્યાન રાખવું. ચામડીના ચેપી રોગો થાય નહીં, તેની પૂર્ણ તકેદારી રાખવી.

નસીબ નહીં, પણ કમનસીબ એવું કે ન માંગેલું દોડતું આવે ! ઉત્તમભાઈ અમદાવાદ આવ્યા અને પંદરેક દિવસમાં જ હરપીઝ થયો. સહેજે ન જોઈતું દોડતું આવ્યું. આમાં ભયંકર વેદના થતી હોય છે. જોકે ઉત્તમભાઈને એટલી તીવ્ર વેદના થતી નહોતી, પણ એકવીસ દિવસ પથારીમાં સૂઈ રહેવું પડ્યું. બહાર નીકળવાની પણ મનાઈ હતી. આમ ઑગસ્ટ મહિનો હરપીઝના દર્દ પાછળ પસાર થયો.

૧૯૯૨ની ૧૫મી સપ્ટેમ્બરે ઉત્તમભાઈએ વિચાર્યું કે લિમ્ફનોડમાં જે સુધારો થતો હતો તેનું શું થયું તેની ચકાસણી કરવાનો સમય હવે પાકી ગયો હતો.

અમદાવાદમાં ટેસ્ટ કરાવ્યો અને રોગમાં સુધારો માલૂમ પડ્યો હતો. આને કારણે ઉત્તમભાઈએ થોડી માનસિક રાહત અનુભવી હતી. ૧૯૭૭માં આ દર્દ થયું હતું ત્યારે એમના જીવનમાં આવેલી આફતોની આંધી ભુલાતી નહોતી. હજી માંડ એમાંથી મુક્ત થયા ત્યાં ફરી ૧૯૯૨માં ફરી આ દર્દે ભરડો લીધો હતો.

જીવન અને મૃત્યુ વચ્ચે ઝોલાં ખવડાવતાં કૅન્સર, પૅરેલિસિસ કે હૃદયના દર્દની ઉત્તમભાઈને જાણ થતી, ત્યારે પહેલાં તો મનમાં ભારે હતાશા જાગતી હતી. મનમાં ક્યારેક વિચારતા કે વાહ રે કિસ્મત ! તને રોગપરીક્ષા માટે ઉત્તમભાઈ જ ઉત્તમ લાગે છે ! ક્યારેક એવુંય થતું કે જીવનમાં સદૈવ પ્રામાણિકતા આચરી છે, કોઈ દુષ્કર્મ કર્યાં નથી, છતાં એક પછી એક આવી મોટી-મોટી આફત કેમ આવે છે ? તેઓ આવા રોગની જાણ થતાં અકળાઈ જવાને બદલે કે ગુસ્સે થવાને બદલે શાંત ચિત્તે એના વિશે વિચાર કરતા. શરૂઆતના દિવસોમાં એમનું ધ્યાન ક્યાંય એકાગ્ર ન થાય. ચિત્ત ક્યાંય ચોંટે નહીં. સતત વિચારોમાં ડૂબેલા રહેતા હતા.

ત્રણેક દિવસ આવી અજંપાભરી હાલત ચાલુ રહેતી. એ પછી તેઓ સ્વયં વિચારતા કે અંતે તો મારે જ આ મૂંઝવણમાંથી આપસૂઝ અને આપબળે માર્ગ શોધવાનો છે, આથી એના ઉપાયો શોધવા લાગી જતા અને જેટલા ઉપાયો મળે તેની અજમાયશ કરવાનું શરૂ કરી દેતા.

એમને રોગ પણ એવો થતો કે ઘણી વાર જનરલ પ્રેક્ટિશનર એ રોગને પારખી શકતા નહીં. આવે સમયે પોતાના દર્દની વાત કરીને હૈયું હળવું કરવું કઈ રીતે ? વાત કરે પણ કોની સાથે ? વાત કરવીય કેટલી ? દુ:ખનાં રોદણાં રડવાથી દુ:ખ ઘટતું નથી. આપત્તિનાં લાંબાં-લાંબાં વર્ણનો કરવાથી આપત્તિ ટૂંકી થતી નથી. મુશ્કેલીઓની ગાથા ગાવાથી મુશ્કેલીમાં નામમાત્રનો ઘટાડો થતો નથી. આથી બૅંજામિન ફ્રૅન્કલિનની એક ઉક્તિ તેઓ સતત સ્મરણમાં રાખતા : *"God helps those who help themselves."* (જેઓ પોતાની જાતને મદદ કરે છે, તેને જ ઈશ્વર સહાય કરે છે.) આમ પ્રબળ જિજીવિષાને કારણે ઉત્તમભાઈ મુસીબતો અને મહારોગોને મહાત કરી વિજય મેળવતા હતા.

પોતાના જીવનમાં ઉત્તમભાઈએ બે વખત સાક્ષાત્ મૃત્યુનો અનુભવ કર્યો. ૧૯૭૮માં લિમ્ફનોડ દેખાયો, એ વખતે બધાએ ટૂંકા આયુષ્યની વાત કરી હતી. એમણે અમેરિકા જવાની વાત કરી તો કેટલાક જ્યોતિષીઓએ કહ્યું કે આયુષ્ય નથી છતાં તમે વ્યર્થ ફાંફાં મારો છો. એમના મોટા પુત્ર સુધીરભાઈને કેટલાકે કહ્યું હતું કે ઉત્તમભાઈ હવે અમેરિકાથી પાછા આવવાના નથી.

એ પછી જ્યારે મોટા પ્રમાણમાં કમળો થયો ત્યારે પણ ઉત્તમભાઈએ શારદાબહેનને કહ્યું હતું કે એમનો જીવ ઊંડે ઊંડે જતો હોય તેમ લાગે છે. ખુદ

ડૉક્ટરોએ પણ એમના બચવાની આશા છોડી દીધી હતી. આમ છતાં આશ્ચર્યજનક રીતે આ ઘાતમાંથી ઊગરી ગયા. આ પછી રોગો નહીં, પણ મહારોગો આવતા રહ્યા અને ઉત્તમભાઈ એનો બુદ્ધિપૂર્વક બરાબર સામનો કરતા રહ્યા. ૧૯૯૭માં હાર્ટ હૉસ્પિટલનું ઉદ્ઘાટન કર્યા બાદ ફરી હૃદયરોગનો હુમલો થયો, પણ એને પાર કરીને વળી સ્વાસ્થ્ય પામ્યા.

આમ પ્રબળ જિજીવિષાને કારણે ઉત્તમભાઈએ ઘણી વાર મૃત્યુ પર વિજય મેળવ્યો હતો. જે સમયે જે બનવાનું હોય તે બને તેમાં શું ? એવી ખુમારી એમની પાસે હતી.

વળી જીવનમાં એક ધ્યેય હતું કે ઉદ્યોગના ક્ષેત્રે આગવી સિદ્ધિ હાંસલ કરવી. એક સમયે લોકો એમની આ વાતને દિવાસ્વપ્ન ગણીને હસતા હતા. કેટલાકની તો પાકી ધારણા હતી કે ઉત્તમભાઈથી કશું થઈ શકે એમ છે જ નહીં. પરિણામે ઉત્તમભાઈ સામે પોતાની આવડત પુરવાર કરવાનો મોટો પડકાર હતો. આ પડકાર જ્યાં સુધી સામે હતો, ત્યાં સુધી એમનો પુરુષાર્થ પૂર્ણ જોશથી ચાલતો હતો. એમને વ્યવસાયનું જે સામ્રાજ્ય ઊભું કરવું હતું તે ઊભું કરી શક્યા. પોતાની ઇચ્છા પૂર્ણ થઈ. એમના ઉગ્ર ટીકાકારોને પણ એમની આવડત અને કાબેલિયત સ્વીકારવી પડી.

વળી ખોટી કે મોટી મહત્ત્વાકાંક્ષાઓ રાખીને સતત અસંતોષમાં જીવવાનું ઉત્તમભાઈની વાસ્તવ દૃષ્ટિને મંજૂર નહોતું. ક્યારેક હસતા હસતા કહે પણ ખરા કે આવી ઇચ્છાઓનો કોઈ અંત હોતો નથી. સિકંદર લાખ્ખો પ્રયત્ન બાદ ભારત જીત્યો ખરો, છતાં ચીન જીતવાનું તો બાકી જ રહ્યું હતું ને ! ઉત્તમભાઈ એમ માનતા હતા કે એમણે જે ઇચ્છ્યું હતું તે મેળવ્યું છે. તેનો આનંદ અને સંતોષ બંને અનુભવતા હતા.

વ્યક્તિ ધ્યેયની ધૂનમાં પૂરપાટ દોડતી હોય, ત્યારે જીવનનો હેતુ એની પાસે હોય છે, પરંતુ એ ભાવના કે ધ્યેય સિદ્ધ થયા પછી એ ખાલીપો અનુભવે છે. આથી અંતિમ વર્ષોમાં આટલી બધી સિદ્ધિ અને સમૃદ્ધિ વચ્ચે ઉત્તમભાઈને એકલતા અને શૂન્યતાનો અનુભવ થતો હતો. આથી જે કંઈ વર્ષો રહ્યાં હતાં તેને તેઓ સમાજોપયોગી કાર્યો દ્વારા સાર્થકતાથી ભરી દેવા પ્રયાસ કરવા લાગ્યા.

ઉત્તમભાઈ એમનાં પાછલાં વર્ષોમાં વારંવાર એવું વિચારતા કે જીવનના રંગ પણ કેવા અજાયબ છે ! જ્યારે મુસીબતોમાં ફસાયેલા હતા ત્યારે કોઈ મિત્ર બનવા આવતું નહોતું અને જ્યારે સમૃદ્ધિની ટોચે પહોંચ્યા ત્યારે તેઓ એમના હૃદયની વાત કહી શકે એવો કોઈ મિત્ર મળતો નહોતો. જીવનનો ગ્રાફ જ્યારે નીચો હતો

ત્યારે પણ મિત્રનો અભાવ અને જીવનનો ગ્રાફ જ્યારે ઊંચો ગયો ત્યારે પણ એ જ પરિસ્થિતિ.

શરીરમાં આવાં દર્દો હોવા છતાં ઉત્તમભાઈએ આખી જિંદગી શરીરની સ્વસ્થતાનો ખ્યાલ રાખ્યો હતો. શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં અભ્યાસ કરતા હતા ત્યારે તેઓ જુદાં જુદાં આસનો કરતાં હતાં. યોગનાં લગભગ બધાં જ આસનો તેઓ કરી ચૂક્યાં હતાં. ક્યારેક યોગશિક્ષકની સહાય પણ લેતા હતા. તેઓ નિખાલસપણે કહેતા કે એનાથી એમને કોઈ મહત્ત્વનો શારીરિક કે માનસિક લાભ થયો હોય એમ લાગતું નથી.

યુવાન વયથી જ સ્વાસ્થ્યને જાળવવા માટે કશોક વ્યાયામ તો હોવો જોઈએ જ એવી એમની દૃઢ માન્યતા હતી. છાપીમાં હતા ત્યારે અને તે પછી મણિનગરમાં રહેતા હતા ત્યારે રોજ સવારે નિયમિતપણે ચાલવાનું રાખતા હતા. સામાન્ય રીતે ડૉક્ટરો બાયપાસ સર્જરી કરાવ્યા પછી ચાલવાની સલાહ આપતા હોય છે, પણ ઉત્તમભાઈએ તો સર્જરી પૂર્વે ઘણાં વર્ષો અગાઉથી જ ચાલવાનું રાખ્યું હતું. રોજ પ્રાતઃકાળે સવા છ વાગે ઘેરથી નીકળીને પરિમલ ગાર્ડનમાં પાંચેક કિલોમીટર ચાલવા જતા હતા. સવારનો એક કલાક તો આમ ફરવામાં જ જતો હતો. એ પછી સાંજે ઑફિસથી નીકળ્યા બાદ અટીરા બાજુ જઈને મોટર ઊભી રાખતા હતા અને એક લાંબી લટાર લગાવી આવતા હતા, પણ છેલ્લાં બે વર્ષમાં એમાં મર્યાદા આવી ગઈ હતી. અંતિમ મહિનાઓમાં તો અમદાવાદની બહાર હાઈ-વે પર આવેલા પોતાના પ્રદૂષણરહિત 'અકલ્પ્ય' બંગલામાં લટાર મારીને સંતોષ માનતા હતા.

ઉત્તમભાઈને જૂના મરડાને કારણે પહેલેથી જ પાચનની તકલીફ રહેતી હતી. સતત વધતા જતા 'ટેન્શન'ને કારણે એ તકલીફે કાયમી ધોરણે એમના શરીરમાં ઘર કર્યું. મનમાં અમુક ધ્યેય હાંસલ કરવાની ધગશ હોય, ત્યારે સ્વાભાવિક રીતે જ બીજી ઘણી બાબતોની ઉપેક્ષા થતી હોય છે અથવા કરવી પડે છે. વળી ઉત્તમભાઈને તો અત્યંત વિપરીત અને યાતનાપૂર્ણ સંજોગો વચ્ચે અડગ રહીને આ સિદ્ધિઓ મેળવવાની હતી.

હકીકતમાં દુઃખનાં તોફાનોએ, દરિયાનાં તોફાનોની પેઠે ઉત્તમભાઈની શક્તિઓને જાગ્રત કરી એને સતેજ બનાવી હતી. સુંવાળી સુરક્ષિતતામાં આખું જીવન ગાળનાર જીવનસંગ્રામમાં આવો વિજય પામવાની કદી કલ્પના કરી શકતા નથી. સુખ-સમૃદ્ધિ કરતાંય દુઃખ-સંકટ વધુ મોટા શિક્ષક છે. સુખ-સમૃદ્ધિ મનને પંપાળે છે, જ્યારે આપત્તિ મનને કેળવીને મજબૂત બનાવે છે.

ઉત્તમભાઈની જીવનકિતાબના સંઘર્ષો હતાશ માનવીને હાક મારીને ઊભા

થવાની આશા આપે છે. શાયરીની આ પંક્તિઓ તેમણે જીવનમાં સાર્થક કરી બતાવી –

> ***"ઓ મુસીબત ! એટલી ઝિંદાદિલીને દાદ દે !***
> ***તેં ધરી તલવાર તો હું ધાર પર હસતો રહ્યો."***

વ્યસન કે આદતની શરણાગતિ લઈને અધોગતિએ સંચરતા આદમીને એની સામે દૃઢતાથી ઝઝૂમીને જીવનવિકાસની દીવાદાંડી પૂરી પાડનારું એમનું જીવન છે. સમૃદ્ધિના સર્જનના મહાપ્રયત્નોની ગાથા સાથે એમના જીવનમાં સમાજકલ્યાણ માટે સમૃદ્ધિ-ત્યાગનો આદર્શ જોવા મળે છે. સંપત્તિ મેળવવી મુશ્કેલ છે, એને જાળવી રાખવી એથીય મુશ્કેલ છે, કિંતુ એને યોગ્ય માર્ગે ખર્ચવી તે અતિ મુશ્કેલ છે. ઉત્તમભાઈએ સમાજનાં અનેકવિધ ક્ષેત્રોમાં મુક્તપણે દાનનો પ્રવાહ વહેવડાવ્યો હતો.

આપણો અનુભવ છે કે માનવી જગત પરથી વિદાય લે, ત્યારે સામાન્ય લોકો પૂછે છે, 'તેઓ પાછળ કેટલી સંપત્તિ મૂકી ગયા છે ?'

પરમાત્મા આ માનવીને સાવ જુદો સવાલ પૂછે છે, 'તું અહીં આવ્યો, તે અગાઉ તેં કયાં કયાં સત્કર્મ અહીં મોકલ્યાં છે ?'

ઉત્તમભાઈએ જિંદગીમાં સંગ્રામ ખેલ્યો અને એમાં વિજયી બન્યા પછી સત્કર્મો કર્યાં. ટૂંકા સમયગાળામાં પરમાત્માને ઉત્તમભાઈએ સત્કર્મોનો કેવો સરસ સરવાળો આપી દીધો !

❑



આંસુ પીને જગને અમૃત આપીએ

૧૯

# સમર્પણની સુવાસ

Life is a song – sing it.
Life is a game – play it.
Life is a challange – meet it.
Life is a dream – realize it.
Life is a sacrifice – offer it.
Life is a love – enjoy it.

જીવન વિશેનો કેવો સર્વગ્રાહી વિચાર ! જીવનમાં ગીત અને સંગીત છે, સ્પર્ધા અને પડકાર છે, સ્વપ્ન અને સમર્પણ છે, સ્નેહ અને સૌજન્ય છે. જીવનપ્રવાહમાં માનવીનું નિત નવું નવું સ્વરૂપ પ્રગટ થાય છે. સંજોગોને ઘાટ આપતાં એની જીવનપ્રતિમાના ઘાટ દૃષ્ટિગોચર થાય. પડકારને હસતે મુખે ઝીલતાં કે મૌનની ગરિમાવાળું સમર્પણ કરતાં માનવીનું શીલ પ્રગટ થાય છે.

જીવનના આ સઘળા મેઘધનુષના રંગો ઉત્તમભાઈનાં પત્ની શારદાબહેનના જીવનમાં દૃષ્ટિગોચર થાય છે. એમાં કપરો સંઘર્ષ અને હૃદયવિદારક મથામણ છે. કટુતા વિનાની સમર્પણશીલતા અને બહુજનસમાજ માટેની અપાર કરુણા છે.

ઉત્તમભાઈના જીવનમાં એમનાં પત્ની શ્રીમતી શારદાબહેન સાચા અર્થમાં એમનાં જીવનસંગિની અને સહધર્મચારિણી બની રહ્યાં. જ્યારે બીજી રીતે શારદાબહેનનું જીવન એટલે નારીસંઘર્ષની પરાકાષ્ઠા અને નારીગૌરવનું ઉન્નત શિખર. એમનામાં જેટલી સાહસિકતા છે, એટલી જ ભારોભાર સહનશીલતા છે. જીવનવ્યવહારની જેટલી સૂક્ષ્મ અને ઊંડી સૂઝ છે, એટલી જ વ્યવસાય ચલાવી જાણવાની આગવી ક્ષમતા છે. કારમી આર્થિક સંકડામણ વચ્ચે એમણે નાદુરસ્ત તબિયત ધરાવતા ઉત્તમભાઈને સદૈવ સ્નેહ અને હિંમતથી સાથ આપ્યો હતો. પોતાનાં સંતાનોને પૂરતી કેળવણી આપીને એમને જીવનવ્યવહારમાં અને વ્યવસાયના કારોબારમાં દૈવતવાળાં બનાવ્યાં.

એક સમયે શારદાબહેને પોતાના જીવનમાં ગરીબી અને આર્થિક મૂંઝવણનો સાક્ષાત્ અનુભવ કર્યો હતો. કરુણા એ માનવીના હૃદયમાં ખીલેલું સુગંધિત મનોહર પુષ્પ છે. એ અનુભવે એમના હૃદયમાં કરુણાનો પારાવાર સાગર છલકાવી દીધો. સાધક અને ચિંતક કેદારનાથજીએ કહ્યું છે કે માનવતા એટલે બીજાઓ પ્રત્યે સમભાવ. મેમદપુરથી છેક નવસારી અને મુંબઈ સુધી એમણે દાનનો પ્રવાહ દુ:ખિયારાંઓની આંખનાં આંસુ લૂછવા માટે વહેવડાવ્યો.

દોહ્યલા સમયમાં શારદાબહેને કુટુંબનું ગૌરવ જાળવી રાખ્યું, તો સમૃદ્ધિના સમયમાં સમાજ, આરોગ્ય, શિક્ષણ અને ધર્મના ક્ષેત્રે ધન વહેવડાવીને કેટલાંયને સહાય કરી. 'ટોરેન્ટ'ના વિશાળ ઔદ્યોગિક સામ્રાજ્યના પાયામાં શારદાબહેનની સમર્પણશીલતા રહેલી છે.

ઉત્તમભાઈનું સ્વાસ્થ્ય થોડો સમય તદ્દન નબળું હતું, ત્યારે તો આખોય વેપાર શારદાબહેને સંભાળી લીધો. મનમાં ઉત્તમભાઈના સ્વાસ્થ્યની સતત ચિંતા રહેતી. એક અર્થમાં તો દામ્પત્ય-જીવનનાં પ્રારંભનાં થોડાંક વર્ષો બાદ કરતાં ઉત્તમભાઈના સ્વાસ્થ્યની ચિંતા અને શુશ્રૂષા એ જ એમનો જીવનક્રમ બન્યો. ઉત્તમભાઈના સ્વાસ્થ્યની ઘરમાં પૂરી સંભાળ લેવી પડે, બહાર જાય ત્યારે એમની સાથે રહીને એમનું સતત ધ્યાન રાખવું પડે. એમના ખાસ પ્રકારના ભોજનની અને ભોજનના નિશ્ચિત સમયની જાળવણીની ચીવટ રાખવી પડતી હતી.

ઉત્તમભાઈની અસ્વસ્થ માનસિક સ્થિતિની સાત વર્ષ સુધી તો એમણે કોઈને જાણ થવા દીધી ન હતી. પોતાની અંગત વેદનાનાં રોદણાં રડવાં બીજાને પસંદ હોય, ત્યારે શારદાબહેને વેદનાને હસતે મુખે જીરવી જાણી. દામ્પત્યજીવનનાં પ્રારંભનાં સાત વર્ષ સુધી એમના વહાલસોયા પિતાને પણ પોતાના ગૃહજીવનની સ્થિતિની જાણ થવા દીધી નહોતી.

જીવનની વેદનાના બોજથી એકાંતમાં આંસુ સારી લેવાં ! જગત સાથેના સંબંધમાં તો આંખમાં નૂર અને હોઠ પર હાસ્ય હોય ! કવિવર રવીન્દ્રનાથ ટાગોરે તો કહ્યું છે કે સુશીલ સ્ત્રી ઈશ્વરનો સૌથી ઉત્તમ પ્રકાશ છે અને તેના દ્વારા જ તે સંસારની શોભા વધારે છે.

શ્રીમતી શારદાબહેનને એમની માતા પાસેથી નૈતિક ખમીર મળ્યું હતું. જીવનના અત્યંત કપરા સમયે એમને મદદ કરનાર ઉત્તમભાઈના સ્નેહી-મિત્ર શ્રી જેસિંગભાઈ શાહનું ઋણ હજી આજે પણ શારદાબહેન ભૂલ્યાં નથી. છાપીમાં જેસિંગભાઈ સાથે ભાગીદારી કરી ત્યારે ઉત્તમભાઈ પાસે કોઈ રકમ નહોતી, આ સમયે શારદાબહેનના પિતા શ્રી મણિલાલ દેસાઈએ પંદર હજાર રૂપિયા આપ્યા હતા. ઉત્તમભાઈના આપત્તિકાળમાં જેસિંગભાઈનો મજબૂત સાથ મળ્યો. ઉત્તમભાઈની અસ્વસ્થ તબિયતના કારણે જેસિંગભાઈને કોઈ અર્ધી રાત્રે બોલાવે તો પણ મદદ માટે આવી જતા હતા. આવા સાચા નિસ્પૃહી મિત્ર હતા જેસિંગભાઈ. એક બાજુ ઉત્તમભાઈ મૂડી રોકીને ધંધો વિકસાવવા આતુર હતા, તો બીજી બાજુ એમનું સ્વાસ્થ્ય જોઈને પરિવારના નિકટના સભ્યો એમને અટકાવતા હતા. સેન્ડોઝની નોકરી છોડ્યા પછી ઉત્તમભાઈના જીવનમાં આકરા ઝંઝાવાતો આવ્યા, પરંતુ શારદાબહેને એનો ક્યારેય વસવસો કર્યો નથી.

દરેક બાબતને વિધાયક દૃષ્ટિથી જોવી એ શારદાબહેનની વિશેષતા છે. જીવનમાં વસ્તુઓ કે પરિસ્થિતિ બદલાતી નથી. માત્ર આપણી એના પ્રત્યેની દૃષ્ટિમાં પરિવર્તન હોવું જોઈએ. જીવનમાં આવતું દુઃખ તો અળગું કરી શકાતું નથી. માત્ર એ દુઃખનો આઘાત ઓછો-વત્તો કરી શકાય છે. આથી ભરપૂર

આપત્તિ વચ્ચે પણ શારદાબહેનનું સ્નેહ-પાત્ર સદૈવ છલકાતું રહ્યું !

શારદાબહેને પોતાના સમયની સામાજિક રૂઢિઓને બાજુએ મૂકીને પોતાની પુત્રીઓને કૉલેજના અભ્યાસ માટે શહેરમાં મૂકી હતી. નવો ચીલો પાડવાની હિંમત દાખવી હતી, તો રૂઢિચુસ્તતાને બદલે સચ્ચાઈને અપનાવવાની દૃઢતા બતાવી હતી. ભલે તેઓ પોતે જીવનના સંજોગોને કારણે વિશેષ અભ્યાસ કરી શક્યાં નહીં, પણ પોતાનાં સંતાનોનાં ભણતરમાં સહેજે કચાશ ન રહે તેની પૂરી કોઠાસૂઝ દાખવી. આથી જ વિરોધનો ક્યાંક ગણગણાટ થતો હતો, છતાં તે સહન કરીનેય એમણે સંતાનોને ભણાવ્યાં. આનું કારણ એ કે પોતાનાં સંતાનોનાં જીવનમાં ક્યારેય કોઈ મુશ્કેલી આવી પડે તો એમને કોઈની પાસે ઓશિયાળાં થઈને હાથ લાંબો કરવાનો વારો ન આવે.

આજે પણ શારદાબહેન મેમદપુરના કોઈ નાનકડા ગરીબ માણસના ઘરમાં બેસીને એ ગરીબની વીતકકથા સાંભળતાં જોવા મળે છે. એમણે હંમેશાં નાનામાં નાના માણસની સૌથી વધુ સંભાળ રાખી છે.

અમદાવાદની ઝાટકણની પોળનો એ અનુભવ આજે પણ ડૉ. ઠાકોરભાઈ પટેલની આંખ સામે તરવરે છે. ઘરમાં કામ કરતા નોકર નાનશાનાં લગ્ન હતાં. એ સમયે શારદાબહેન એને ત્યાં જાતે ચાંલ્લો આપવા ગયાં હતાં.

ઉત્તમભાઈ અને 'ટોરેન્ટે' પ્રગતિનાં શિખરો સર કર્યાં તેમાં શારદાબહેનનું પ્રદાન ઘણું મોટું ગણાય. અત્યારે અમદાવાદમાં વસતા ડૉ. કે. એચ. મહેતાના કહેવા પ્રમાણે શરીરમાં જેવું કરોડરજ્જુનું સ્થાન છે, તેવું ઉત્તમભાઈની પ્રગતિમાં શારદાબહેનનું સ્થાન છે. એમના આ સ્વજને કહ્યું કે ખરાબમાં ખરાબ પરિસ્થિતિમાં પણ ખડકની જેમ અડગ રહીને એમણે ઉત્તમભાઈને પૂરેપૂરો સહારો આપ્યો અને એથીય વિશેષ પ્રોત્સાહન આપ્યું. જો એમને સ્થાને આ પરિસ્થિતિમાં કોઈ બીજી નારી મુકાઈ હોત તો ક્યારનીય ભાંગી પડી હોત, નાસીપાસ થઈને નિરાશાના ડુંગર તળે કચડાઈ ગઈ હોત.

શારદાબહેને અત્યંત વિકટ પરિસ્થિતિમાં પણ મનને સહેજે દુઃખી કર્યા સિવાય, અવિરતપણે ઉત્તમભાઈને પ્રોત્સાહિત કર્યા અને જીવનના અઘરા પ્રશ્નોનો શારદાબહેને ઉકેલ શોધી આપ્યો. ભલે ભણતર ઓછું હોય, પણ ગણતર ગજબનું. એમણે આખા કુટુંબને તાર્યું અને વિકસાવ્યું.

એમના સ્નેહી ડૉ. રસિકલાલ પરીખે કહ્યું કે તેમણે વર્ષો સુધી "કૅપેબલ મૅન"ની માફક શારદાબહેનને ઉત્તમભાઈની માંદગીમાં ઊભાં રહેલાં નિહાળ્યા હતા. એમને દવા આપવાની, સમયસર યોગ્ય ભોજન આપવાનું અને સૌથી

વિશેષ તો મનોબળ આપવાનું કામ શારદાબહેને કર્યું. દીકરો બીમાર પડ્યો હોય અને પિતાની પાસેથી જે સાચવણ, સગવડ, હૂંફ અને દૃઢતા મળે એવી દૃઢતા શારદાબહેન પાસેથી ઉત્તમભાઈને જીવનભર મળી હતી.

પોતાના પુત્રોમાં સંસ્કારસિંચન કરવાનું મહત્ત્વનું કાર્ય શારદાબહેને કર્યું. ઉદ્યોગની પ્રગતિ માટે અવિરત પુરુષાર્થ કરનારા ઉત્તમભાઈનું આ કામ શારદાબહેને સંભાળી લીધું હતું. આજે એમના પુત્રોમાં જે સ્વસ્થતા, સૌજન્ય અને આભિજાત્ય જોવા મળે છે, તેમાં વિશેષ કરીને શારદાબહેને સીંચેલા સંસ્કારોનું પ્રતિબિંબ જોઈ શકાય.

આપણે ત્યાં લક્ષ્મી અર્થાત્ સમૃદ્ધિ વિશે એમ કહેવામાં આવ્યું છે કે કેટલીય વ્યક્તિ લક્ષ્મીદાસ હોય છે, જે જીવનભર લક્ષ્મીની ગુલામી કરે છે. લક્ષ્મી મેળવવાનો રાતદિવસ વિચાર કરે છે, પરંતુ લક્ષ્મીનો સદ્‌વ્યય કરવાનું એને સૂઝતું નથી. બીજા પ્રકારના માણસો એ લક્ષ્મીનંદન હોય છે. નંદન એટલે પુત્ર. આવી વ્યક્તિઓ પોતાને મળેલી લક્ષ્મીની માત્ર સંભાળ રાખે છે, જાળવણી કરે છે. બહુ વિરલ વ્યક્તિ લક્ષ્મીપતિ હોય છે, જે લક્ષ્મી પર અર્થાત્ મળેલી સમૃદ્ધિ પર પોતાનું પ્રભુત્વ ધરાવે છે. ધનનો સંગ્રહ કરવો સરળ છે પણ ધનનો સદ્‌વ્યય કરવો અઘરો છે. વિપુલ સમૃદ્ધિ મળ્યા પછી એને પચાવવી અઘરી હોય છે. ધનના અભિમાનમાં ઘણી વાર એનું પૂર્ણવિરામ આવે છે, પરંતુ આ બધા કરતાંય કપરું કામ તો પોતાને મળેલી સમૃદ્ધિનો બીજાના સુખ માટે સદ્‌વ્યય કરવો તે છે.

જીવનની આકરી તાવણી બાદ શારદાબહેનને સમૃદ્ધિ મળી, પણ એ સમૃદ્ધિ એમણે પચાવી જાણી. એરકન્ડિશનમાં રહેનાર અને સોફા પર બેસનારને તમે ગામડામાં ચટાઈ પર બેસીને ભાવપૂર્વક સહુનાં ખબરઅંતર પૂછતાં આજે પણ જોઈ શકો. જ્ઞાતિના પ્રસંગોમાં શારદાબહેને આર્થિક સહાય તો કરી હોય, પરંતુ એથીયે વિશેષ તો જ્ઞાતિના નાનામાં નાના કે સામાન્ય માનવીને સામે ચાલીને મળતાં હોય અને એમનાં ખબરઅંતર પણ પૂછતાં જોવા મળે. આ રીતે ધનનો મદ માટે નહીં પણ માનવતા માટે એમણે ઉપયોગ કર્યો. ઉત્તમભાઈ નાદુરસ્ત તબિયતને કારણે ક્યારેક જ્ઞાતિના પ્રસંગોમાં હાજર રહી શકતા નહોતા, પરંતુ શારદાબહેનની હાજરી એમની જ્ઞાતિજનો પ્રત્યેની મમતાના પ્રત્યક્ષ પુરાવારૂપ ગણાય.

શ્રી મફતભાઈ અને તેમનાં શ્રીમતી મંજુલાબહેન એક ઘટના આજેય ભૂલ્યાં નથી. ૧૯૯૧ની ૭મી ઑગસ્ટની સાંજે સાત વાગે શારદાબહેનનાં જેઠાણી અને મફતભાઈનાં માતુશ્રી રુક્ષ્મણીબહેનનું અવસાન થયું. રાત્રે એમના મૃતદેહ પાસે કોણ સૂઈ રહેશે, એનો વિચાર ચાલ્યો. શારદાબહેન પોતાની જેઠાણીના મૃતદેહ

પાસે ઓશીકા વિના આખી રાત સૂઈ રહ્યાં. બીજાંઓની માફક તેઓ પણ રાતના બાર વાગ્યે ઘેર જઈને સવારે પાછાં આવી શક્યાં હોત, પરંતુ શારદાબહેને સાચી લાગણી દર્શાવી અને ખરું કામ કર્યું.

શારદાબહેનની ઉદારતા અને વ્યાપકતા બંને સામી વ્યક્તિને સ્પર્શી જાય. ઉત્તમભાઈ પણ અમુક નિર્ણયમાં તો શારદાબહેનની સલાહ લઈને આગળ ચાલતા હતા. શારદાબહેન સાથે વર્ષોનો સંબંધ ધરાવતાં વસુમતીબહેન અમૃતલાલ શાહે એમ કહ્યું કે આ બંને વ્યક્તિઓએ સમાજનો અપ્રતિમ આદર મેળવ્યો હતો. ગમે તેવી મહત્ત્વની કે અગ્રણી વ્યક્તિઓને વિશે પણ સમાજમાં ક્યાંક તો કોઈક ઘસાતું બોલતું હોય, જ્યારે ઉત્તમભાઈ અને શારદાબહેને સહુનો પૂર્ણ આદર મેળવ્યો હતો. કોઈ પણ વ્યક્તિ એમને વિશે એક શબ્દ પણ ઘસાતો બોલતો સાંભળવા મળે નહીં.

શારદાબહેનના અમદાવાદના જીવનની શરૂઆત ધનાસુથારની પોળથી થઈ. એ પછી મણિનગરની દક્ષિણી સોસાયટીમાં રહ્યાં. ત્યારબાદ ઝાટકણની પોળમાં રહ્યાં. એ પછી ૧૯૬૮માં કમલકુંજમાં રહ્યાં. કમલકુંજની નજીકમાં આવેલી જલારામ સોસાયટીમાં રહ્યાં. એ પછી આશિષ ફ્લૅટમાં અને ત્યારબાદ નીલપર્ણા અને તાજેતરમાં 'અકલ્પ્ય'માં વસવાટ કર્યો. આમાં કમલકુંજથી આશિષ ફ્લૅટના પોતાના સમયને શારદાબહેન સુવર્ણકાળ કહે છે. શારદાબહેન ક્યારેય કુટુંબનું કોઈ કામ કરે તો "આ મેં કર્યું" તેમ ન કહે અને એમની આ ઉદારતા સમગ્ર કુટુંબને એકસૂત્રે ગૂંથી રાખવામાં કારણભૂત બની. ઉત્તમભાઈની વિદાય પછી શારદાબહેને કૌટુંબિક જવાબદારી બજાવવાની સાથોસાથ એમનાં સત્કાર્યોની પરંપરા જાળવી રાખી. આજે ધાર્મિક, સામાજિક અને માનવતાલક્ષી કાર્યોમાં શારદાબહેન મોખરે રહીને અનેકવિધ પ્રવૃત્તિ કરી રહ્યાં છે.

❑



પરિવારની વચ્ચે

# ૨૦

# પ્રેમભરી પરિવારકથા

જીવનની કપરી પરિસ્થિતિ સામે માનવીની સંઘર્ષપૂર્ણ મથામણ ચાલતી હોય છે, ત્યારે એ જ સમયે એનાં સંતાનોનું જીવન પણ ઘડાતું હોય છે. માતા-પિતાની પરિસ્થિતિ એનાં સંતાનો પર ઘેરી અને ગાઢ અસર કરે છે, આથી જ ક્વચિત્ પિતા મહાન હોય, પરંતુ સંતાન તરફના દુર્લક્ષને કારણે એનાં સંતાનો સામાન્ય નીવડે છે. નવલકથાકાર ગોવર્ધનરામે "સરસ્વતીચંદ્ર" મહાનવલમાં કહ્યું છે તેમ રાજ્યતંત્ર ચલાવનારના ઘરતંત્રમાં અંધારું હોય છે.

ઉત્તમભાઈના જીવનમાં અણધારી ઊથલપાથલો સતત આવતી હતી, ત્યારે શારદાબહેને પતિના સ્વાસ્થ્યની સાચવણીની સાથોસાથ સંતાનોના ઉછેરમાં એટલી જ ચીવટ દાખવી. નારીનું પત્ની અને માતા તરીકેનું બેવડું કામ એમણે સુપેરે બજાવ્યું.

ઉત્તમભાઈ અને શારદાબહેન એ બાબતે એકમત હતાં કે ગમે તે થાય, તો પણ સંતાનોને પૂરતું શિક્ષણ આપવું જ, કારણ કે શિક્ષણને કારણે વ્યક્તિ વિકાસ સાધે છે અને સારો વ્યવસાય મેળવી શકે છે. ખુદ ઉત્તમભાઈએ પણ એમના સમાજમાં આદર અપાવે તેવું શિક્ષણ મેળવ્યું હતું. શિક્ષણ દૃષ્ટિ આપે, પદવી આપે, આનંદ આપે અને આજીવિકા પણ આપે. તેઓ વિચારતા કે શિક્ષણના તે કેટકેટલા લાભ !

મીનાબહેનને જે રીતે પાલનપુર એકલા ભણવા મોકલતા તે પછી પોતાની પુત્રીને વ્યવસાય અંગે યુરોપ એકલા મોકલવાનો પ્રસંગ ઊભો થાય, તો પણ ચિંતા કરતા નથી. ઉત્તમભાઈ પોતાનાં સંતાનોને ઘણી વાર કહેતા હતા, "અમે તમને જીવન રૂપી સમુદ્રમાં તરવાની તાલીમ આપીએ, પરંતુ તરવાનું અને સામા કિનારે પહોંચવાનું તો તમારે જાતે જ શીખવાનું છે." આમાં એક બાજુ દીકરી પ્રત્યેની પૂર્ણ શ્રદ્ધા હતી તો બીજી બાજુ એનામાં આત્મવિશ્વાસ જગાડવાની યુક્તિ પણ હતી.

મીનાબહેન કૉલેજમાં આવ્યા પછી વહેલી સવારે ટ્રેન પકડીને છાપીથી પાલનપુર જતાં હતાં. ત્રણ વર્ષ સુધી બે જોડી કપડાંથી મીનાબહેને ચલાવ્યું હતું. ભણવાની ભારે ધગશ ધરાવતાં મીનાબહેને લગ્ન પછી પણ અભ્યાસ ચાલુ રાખ્યો. સૂરતમાં પરીક્ષા આપવા ગયાં ત્યારે ધર્મશાળામાં રહ્યાં હતાં. આ સમયે બપોરે એકલા બહાર જવાય નહીં, આથી ભૂખ્યા રહીને આખો દિવસ પસાર કરતાં હતાં. ધર્મશાળાની લાઇટની મેઇન સ્વિચ રાત્રે નવ વાગે બંધ કરી દેવામાં આવતી. આથી ઘણી વાર દિનેશભાઈ આવે ત્યારે એમને લઈને મીનાબહેન સૂરત સ્ટેશનના પ્લૅટફૉર્મ પર વાંચવા જતા હતા. આટલી તકલીફ વચ્ચે છેક સૂરત જઈને એમણે બી.એ.ની પરીક્ષા આપી. એ જ મીનાબહેનને ઉત્તમભાઈએ સમય જતાં પોતાના ઔદ્યોગિક સામ્રાજ્યમાં સામેલ કરીને પરચેઝ તથા બીજા મહત્ત્વના વિભાગોની જવાબદારી સોંપી.

પોતાની પુત્રીને ઉત્તમભાઈએ વ્યવસાયની આચારસંહિતા પણ શીખવી હતી. એમણે મીનાબહેનને સમજાવ્યું કે કોઈને પણ રકમ ચૂકવવાનો વાયદો આપ્યો હોય તો તે બરાબર પાળવો. એક લાખથી ઓછી રકમ હોય તેવા વેપારીને ફરી ધક્કો ન ખવડાવવો, કારણ કે એ વેપારી કદાચ વેપારમાં એકલો જ ઝઝૂમતો હશે ! આવા માનવીને બને તેટલી ઓછી તકલીફ આપવી. ઉત્તમભાઈની શિખામણમાં એમના પોતાના જીવનના વાસ્તવિક અનુભવોનું પ્રતિબિંબ પ્રગટ થતું હતું.

ઉત્તમભાઈ અને શારદાબહેને પોતાના બંને પુત્રોના અભ્યાસમાં અને વિકાસમાં પણ એટલો જ રસ લીધો.

સંઘર્ષ એક હોય, પણ એના પડઘા અનેક હોય છે. ઉત્તમભાઈના જીવનસંઘર્ષના પડઘાઓ એમના સમગ્ર પરિવાર પર પડતા રહ્યા હતા. શારદાબહેનને વિપરીત આર્થિક સંજોગો વચ્ચે જીવવું પડ્યું. પુત્રીઓને કરકસરથી જીવવું પડ્યું અને પુત્રોને આ મંથનકાળમાં ઘણી મહેનત કરવી પડી. કપરા કાળના એ અનુભવો એવા હોય છે કે જ્યારે પરિચિતો તદ્દન અપરિચિત હોય તેમ મુખ ફેરવી લે છે. જાણીતા અજાણ્યા થવાની કોશિશ કરે છે. આર્થિક મૂંઝવણ અંગે શાબ્દિક સહાનુભૂતિ મળે છે, પરંતુ સાચો સાથ સાંપડતો નથી.

ઉત્તમભાઈની ઇચ્છા એવી હતી કે એમના મોટા પુત્ર સુધીરભાઈ ફાર્મસીમાં જાય, પરંતુ આ સમયે સુધીરભાઈને ઉત્તમભાઈની અસ્વસ્થ તબિયતને કારણે દવાના વ્યવસાયમાં ખૂબ ધ્યાન આપવું પડતું હતું. સુધીરભાઈએ કુટુંબના કપરા દિવસોમાં બસ અને સ્કૂટર પર બેસીને દવાઓનો ઑર્ડર પહોંચતો કર્યો હતો. ઉત્તમભાઈનું સૌજન્ય અને શારદાબહેનની સૂઝ એમને વારસામાં મળ્યાં.

અમદાવાદના ડૉ. સુધીર શાહે તો કહ્યું કે કોઈ વાર સુધીરભાઈ ઉત્તમભાઈનો મેડિકલ રિપૉર્ટ બતાવવા એમના ઘેર આવે, તો તેમના વર્તાવમાં સૌજન્ય છલોછલ છલકાય. બાજુમાં બેસીને આદરપૂર્વક વાત કરે. આ સમયે કલ્પના પણ ન આવે કે તેઓ કોઈ વિશાળ ઔદ્યોગિક ગૃહના વડા છે ! અથવા એમની પાસે અપાર ધનસંપત્તિ છે !

પુત્રી મીનાબહેન, નયનાબહેન અને મોટા પુત્ર સુધીરભાઈનું શિક્ષણ ઉત્તમભાઈના સ્વાસ્થ્યને કારણે અવરોધભર્યું બન્યું હતું, આથી સમીરભાઈને શિક્ષણની તમામ સુવિધા મળી રહે તેનો ઉત્તમભાઈએ પૂરો ખ્યાલ રાખ્યો હતો. નમ્ર અને વિવેકી સમીરભાઈ અભ્યાસમાં તેજસ્વી હતા. કાંકરિયાની દીવાન બલ્લુભાઈ શાળામાં અને ત્યારબાદ ૧૯૭૨થી '૭૮ સુધી પાલડીની દીવાન બલ્લુભાઈ માધ્યમિક શાળામાં અભ્યાસ કર્યો.

પોતાના બંને પુત્રો સાયન્સમાં જાય તે ઉત્તમભાઈને પસંદ નહોતું. ઘરની એકાદ વ્યક્તિ હિસાબની જાણકાર અને ફાઇનાન્સને સમજનાર હોવી જોઈએ એવું ઉત્તમભાઈને સતત લાગતું હતું. ઉત્તમભાઈને પોતાને વ્યવસાયી જીવનમાં આરંભથી જ એટલી બધી મથામણો કરવી પડી કે ઇચ્છા હોવા છતાં એકાઉન્ટિંગમાં તેઓ પાવરધા થઈ શક્યા નહોતા. આથી સી. એન. વિદ્યાલયમાં અગિયારમા ધોરણમાં સમીરભાઈને વાણિજ્ય-પ્રવાહ લેવડાવ્યો.

થોડા સમય બાદ ઉત્તમભાઈની વિચારશીલ પ્રકૃતિ વિમાસણમાં પડી કે સમીરને બી.ફાર્મ. બનાવવાને બદલે બી.કૉમ.માં મોકલીને પોતે ભૂલ તો કરી નથી ને ? એકાદ વર્ષ સુધી ગડમથલ ચાલી કે આ અગિયારમા ધોરણમાં કૉમર્સમાં અભ્યાસ કરતા પુત્રને ઉઠાડી લઈએ તો કેવું ? પણ શારદાબહેને આવી રીતે એક વર્ષ બગડે તેમાં અનિચ્છા બતાવી. પોતાની ગુણવત્તા પર સમીરભાઈએ અમદાવાદની પ્રતિષ્ઠિત એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સમાં પ્રવેશ મેળવ્યો.

ઉત્તમભાઈ મનમાં વિચારતા હતા કે માત્ર બી.કૉમ.ની પદવી મેળવવાનો શું અર્થ ? તો બીજી બાજુ એમ પણ થતું કે પોતાની કલ્પનાનું ઔદ્યોગિક સામ્રાજ્ય ઊભું થઈ રહ્યું છે ત્યારે ઘરની કોઈ વ્યક્તિ ફાઇનાન્સ સંભાળે તે આવશ્યક જ નહીં બલકે અનિવાર્ય છે. ૧૯૮૧માં સમીરભાઈ બી.કૉમ. થયા. એ પછી એમ.બી.એ.ની પદવી મેળવે તેવો વિચાર આવ્યો.

એમના મનમાં દ્વિધા એ હતી કે સમીરભાઈને એમ.બી.એ.ના અભ્યાસ માટે ક્યાં મોકલવા ? પહેલાં તો અમેરિકા મોકલવાનો વિચાર કર્યો. એ અંગેની કાર્યવાહી શરૂ કરી. અમેરિકાની યુનિવર્સિટી ઑફ સધર્ન કેલિફોર્નિયામાં ઍડમિશન પણ મળ્યું હતું, કિંતુ કોઈ પણ બાબતનો સર્વગ્રાહી વિચાર કરવાની ઉત્તમભાઈની પદ્ધતિને કારણે એમને એમ લાગ્યું કે અમેરિકામાં એમ.બી.એ. થયા પછી ભારતની આબોહવામાં ચાલતા ઉદ્યોગોમાં એ અમેરિકન શિક્ષણ એટલું ઉપયોગી નહીં થાય. ઉત્તમભાઈના મનમાં એક ખ્યાલ એવો પણ ખરો કે અમેરિકા અભ્યાસ કરવા જનાર ક્વચિત્ જ દેશમાં પાછા ફરે છે, જ્યારે એમને વ્યવસાયમાં સુધીરભાઈને મજબૂત સાથ આપે તે માટે સમીરભાઈની જરૂર હતી. વળી અમેરિકા અભ્યાસ કરીને આવે ત્યાં સુધી પાંચ વર્ષ રાહ જોવી, તેના કરતાં અહીં રહીને અભ્યાસની સાથે ધંધામાં પરોવાઈ પણ જાય. વળી ઉદ્યોગમાં ટોરેન્ટ હરણફાળ ભરતું હતું. આ સમયે ઉત્તમભાઈને એન્જાયનાનો દુઃખાવો પણ રહેતો હતો, આથી સમગ્રતયા વિચાર કરીને એમણે સમીરભાઈને ભારતમાં અને તેય અમદાવાદમાં એમ.બી.એ. કરાવવાનું નક્કી કર્યું. એમ.બી.એ. થઈને સમીરભાઈ પણ ટોરેન્ટમાં જોડાઈ ગયા.



દીનેશ મોદી, મીના મોદી, દુષ્યંત શાહ, નયના શાહ

ઉત્તમભાઈનાં સૌથી મોટાં પુત્રી મીનાબહેનનાં લગ્ન દિનેશભાઈ સાથે થયાં હતાં. દિનેશભાઈએ બી.એસસી. સુધી અભ્યાસ કર્યો અને પછી એ સમયે જેમ બીજા યુવાનો હીરાના ઉદ્યોગમાં જતા હતા એ રીતે દિનેશભાઈએ નવસારીમાં ૧૯૬૬માં પચીસમા વર્ષે હીરાનું કામ શરૂ કર્યું. અત્યંત સજ્જન અને ઉદાર એવા દિનેશભાઈનો હીરાનો વ્યવસાય પ્રમાણમાં ઠીક ઠીક ચાલતો હતો. કશાય પીઠબળ વગર દિનેશભાઈએ વ્યવસાયમાં પ્રગતિ સાધી, પણ એક પાર્ટી તૂટી પડતાં થોડી મુશ્કેલીમાં મુકાયા. બીજી બાજુ ઉત્તમભાઈના વેપારની પ્રગતિ એટલી બધી હતી કે એમને વિચાર આવ્યો કે મારા ઉત્કર્ષની સાથે મારી પુત્રીઓનો પણ ઉત્કર્ષ થવો જોઈએ. આથી એમણે પોતાના જમાઈઓને પોતાની સાથે વેપારમાં જોડાવાનું કહ્યું.

સામાન્ય રીતે કોઈ સસરા પોતાના જમાઈને વેપારમાં સાથે રાખતાં પહેલાં હજાર વાર વિચાર કરે, કારણ કે એના ઘણા પ્રત્યાઘાત પડતા હોય છે. એક અર્થમાં આ દુસ્સાહસ જ કહેવાય, પરંતુ ઉત્તમભાઈ પોતાની પુત્રીઓને સુખી અને સમૃદ્ધ કરવા ચાહતા હતા અને તેથી એમણે જૂની રૂઢિ ફગાવી દીધી. એમણે દિનેશભાઈને કહ્યું કે તમે મારી સાથે વેપારમાં જોડાઓ તો મને આનંદ થશે. પૂરેપૂરો વિચાર કરજો, તેમજ તમારી અપેક્ષા શી છે તે સ્પષ્ટપણે કહેજો.

દિનેશભાઈએ એકાદ વર્ષ વિચાર કર્યો અને પછી ૧૯૭૭માં ઉત્તમભાઈ સાથે એમના વ્યવસાયમાં જોડાયા. દિનેશભાઈ નવસારીથી અમદાવાદ આવ્યા અને અમદાવાદમાં ફ્લૅટ લઈને પોતાની કામગીરીની શરૂઆત કરી. આજે દિનેશભાઈ ટોરેન્ટ કેબલ નામની કંપની સંભાળે છે, જેનું વાર્ષિક ટર્નઓવર ૧૦૦ કરોડ રૂપિયાનું છે.

૧૯૭૬માં ઉત્તમભાઈના બીજી પુત્રી નયનાબહેનનાં લગ્ન થયાં. આ સમયે જૈન નગરમાં આવેલા એક ફ્લૅટમાં દુષ્યંતભાઈ રહેતા હતા. એમને કાપડની એજન્સી હતી. કાપડના વેપાર માટે બૅંગ્લોર ગયા. વેપાર ઠીક ઠીક ચાલે, પરંતુ બૅંગ્લોરની હવા દુષ્યંતભાઈને અનુકૂળ આવી નહીં. બીજી બાજુ ઉત્તમભાઈનું પોતાની સાથે જોડાવાનું નિમંત્રણ તો ઊભું જ હતું અને એ રીતે દુષ્યંતભાઈ પણ ટોરેન્ટમાં જોડાઈ ગયા. આજે દુષ્યંતભાઈ ટોરેલ કોસ્મેટિક્સ પ્રા. લિ. સંભાળે છે અને નયનાબહેન તેનો પરચેઝ તથા એડમિનિસ્ટ્રેશન વિભાગ સંભાળે છે.

ઉત્તમભાઈએ પોતાના પુત્રોની માફક જમાઈઓને પણ વ્યાપારમાં કામ કરવાની પૂરેપૂરી મોકળાશ અને સ્વતંત્રતા આપી. ઉત્તમભાઈ વ્યવસાયમાં શું કરવું અને શું ન કરવું એવી સતત શિખામણ આપવાને બદલે એમ કહેતાં કે કોઈ બાબતમાં તમને મારા અભિપ્રાયની જરૂર લાગે તો મને જરૂર મળજો, પણ એ સિવાય તમે તમારી રીતે વ્યવસાય કરતા રહેજો.

મીનાબહેન કહે છે તેમ એમણે 'ટોરેન્ટ'માં દરેકને એમનું ક્ષેત્ર જુદું પાડી આપ્યું. સાથે એવી સ્પષ્ટતા પણ કરી કે તમને કામ કરવાની ક્યારેય પ્રતિકૂળતા લાગે તો એક કલાકમાં છૂટા થઈ શકશો. મનથી કોચવાઈને કે સંબંધોના ભારથી દબાઈને વ્યવસાયમાં સાથે રહેવાની જરૂર નથી.

ઉત્તમભાઈને ખ્યાલ હતો કે સંબંધોને કારણે દબાઈ-ચંપાઈને રહેવાથી ઘણી વાર મન ઊંચાં થઈ જાય અને પારિવારિક સંબંધોમાં ક્લેશ જાગતો હોય છે. આથી જ પોતાના બંને જમાઈ દિનેશભાઈ અને દુષ્યંતભાઈને એમની સાથે જોડાવા અંગે પૂરતો વિચાર કરવા દીધો. ૧૯૭૯થી દુષ્યંતભાઈ ટોરેન્ટમાં જોડાવાનો વિચાર કરતા હતા તે છેક ૧૯૮૨ના મે મહિનામાં જોડાયા. આટલા સમયમાં એમને પૂરેપૂરી રીતે વિચારવાની તક આપી.

ઉત્તમભાઈ સહુના સ્વાસ્થ્યની ખૂબ ચિંતા રાખતા હતા. દુષ્યંતભાઈના પુત્ર જિનેશના જન્મ સમયે ફોરસેપ કરવા જતાં એને માથામાં વાગી ગયું હતું. એને ઑપરેશન કરાવવું પડે તેમ હતું. ઉત્તમભાઈને આવું ઑપરેશન ખૂબ જોખમી લાગતું હતું, આથી એમણે જુદા જુદા ડૉક્ટરો પાસે જઈને સલાહ માગી. નાના બાળકને ઍન્ટિબાયૉટિક દવા આપવામાં ખૂબ વિચાર કરવો જોઈએ તેમ કહેતા. આવા સમયે બધું કામ બાજુ પર મૂકીને ઉત્તમભાઈ દુષ્યંતભાઈ સાથે જુદા જુદા ડૉક્ટરો પાસે જતા હતા અને યોગ્ય સારવાર મળે તે માટે પ્રયત્ન કરતા હતા.

આ રીતે પોતાના પરિવારને પોતાના જ વ્યવસાયમાં રાખીને ઉદ્યોગોનો વિકાસ કરવાની આવડત ઉત્તમભાઈએ બતાવી. ઉત્તમભાઈ દાદાજી તરીકે એ બાળકો સાથે પત્તાં રમતા જોવા મળતા હતા. એમના અભ્યાસ અંગે પૂછપરછ કરતા જોવા મળતા અને એમની સાથે ક્રિકેટમૅચ માણતા પણ જોવા મળતા હતા.

એક કુટુંબવડલાના સર્જક એમના જીવનની નિવૃત્તિની પળે પરિવારની વિશેષ સંભાળ લેતા હતા.

❑

# ૨૧

# આવતીકાલનું ઉજ્જ્વળ ભારત

નિરાંતની પળોમાં વીતેલાં વર્ષોની જીવનકિતાબ પર ઉત્તમભાઈ નજર નાખતા ત્યારે એમને અનેરી, વિલક્ષણ અનુભૂતિ થતી હતી. ક્યારેક એમને પોતાના જીવનના ઉત્તરાર્ધ વિશે એમ લાગતું કે મુશ્કેલીઓની ઊંડી ખીણમાંથી આખરે તેઓ સફળતાના શિખર પર પહોંચ્યા ખરા અને એ શિખર પર સંતોષથી વિશ્રામ લઈ રહ્યા છે.

ક્યારેક એવો વિચાર કરતા કે અકલ્પ્ય એવી મુશ્કેલીઓ બાદ એમને અકલ્પ્ય એવું ઐશ્વર્ય સાંપડ્યું ! આથી પોતાના નવા મકાનનું નામ 'અકલ્પ્ય' રાખ્યું. સુધીરભાઈ અને સમીરભાઈ એ બંને પુત્રોએ ઉદ્યોગના ક્ષેત્રે પોતીકી આવડતથી આગવી નામના ઉપાર્જિત કરી હતી, એટલું જ નહીં પણ ઉદ્યોગપતિ તાતા જેવી ઘણી વ્યક્તિઓને નિઃસંતાન હોવાને કારણે ભવિષ્યના કારોબારની જવાબદારી અંગે અહર્નિશ ચિંતિત રહેવું પડતું હતું. જ્યારે જીવનમાં અનેક પ્રતિકૂળતાઓ પામનાર ઉત્તમભાઈ પોતાને આમાં અનુકૂળતા સાંપડી છે તેવો ભાવ સતત અનુભવતા હતા.

ઉત્તમભાઈના પુત્રોનો પિતાની વ્યવસાયપદ્ધતિ અંગે આગવો ખ્યાલ છે. વેપારમાં અનેક લીલી-સૂકી આવતી હોય અને એ સમયે પિતા અને પુત્ર એક જ કંપનીમાં સાથે કામ કરતા હોય ત્યારે ઘણા પ્રશ્નો સર્જાતા હોય છે. ક્યારેક બંનેની ભિન્ન વિચારસરણીને કારણે સંઘર્ષ જાગતો હોય છે તો ક્યારેક બે પેઢી વચ્ચેનું અંતર નિર્ણાયક બનતું હોય છે. ઉત્તમભાઈ સાથે પહેલેથી જ એમના મોટા પુત્ર સુધીરભાઈ વ્યવસાયમાં જોડાયેલા હતા.

સુધીરભાઈએ જોયું કે ઉત્તમભાઈ માર્કેટિંગ જાણતા નહોતા, પરંતુ જાતે બજારમાં ફરીને માર્કેટિંગની કુનેહ હાંસલ કરી હતી. સુધીરભાઈને પિતાની બીજી વિશેષતા એ લાગી કે તેઓ પોતાની સાથે કામ કરનાર દરેકને પૂરતી તક અને જરૂરી સ્વાતંત્ર્ય આપતા હતા. તેઓ સુધીરભાઈને કહેતા કે હું તમને ક્યારેય ટ્રેનિંગ આપવાનો પ્રયત્ન કરતો નથી અને કરીશ પણ નહીં, તમે જાતે આગળ વધો તેવી મારી ઇચ્છા છે અને એ રીતે એમને જાતે વ્યવસાય ખેડવાની પૂરી મોકળાશ આપી હતી.

સુધીરભાઈ રશિયામાં મોટો ઑર્ડર મેળવવાની કોશિશ કરતા હતા. પાચ-દસ વખત નહીં બલ્કે વીસેક વખત જઈ આવ્યા. પરંતુ કોઈ ફળદાયી પરિણામ આવ્યું નહીં. આટલી બધી વાર જવા છતાં સફળતા મળી નહોતી તેમ છતાં ઉત્તમભાઈએ એમને ક્યારેય અટકાવ્યા નહીં. આખરે મોટો ઑર્ડર મળ્યો ત્યારે એ જરૂર ખુશ થયા. સારું કામ થાય ત્યારે તેઓ એમનો આનંદ પ્રગટ કરતા હતા.




'જી-ટેક' પ્રોજેક્ટના શિલાન્યાસની ક્ષણો
ટોરેન્ટની સિદ્ધિના શિખરે એક વધુ અજવાળુ

વેપારમાં ભરતી-ઓટ આવ્યા કરે. ક્યારેક કોઈ મુશ્કેલી ઊભી થાય કે નુકસાન સહન કરવાની પરિસ્થિતિ ઊભી થાય, ત્યારે ઉત્તમભાઈ પોતાના પુત્રો અને સાથીઓ માટે મજબૂત આધારસ્તંભ બની રહેતા હતા. ક્યારેક કંપની પર કોઈ મોટી તકલીફ આવી જાય તો તેઓ હંમેશાં 'પૉઝિટિવ' વલણ અપનાવી, એનો સામનો કરી, એમાંથી માર્ગ કાઢવાનો પ્રયત્ન કરતા હતા.

ટોરેન્ટે રશિયામાં સારા એવા માલની નિકાસ કરી હતી. રશિયામાં અણધાર્યાં રાજકીય પરિવર્તનો આવ્યાં. ટોરેન્ટે રશિયામાં પોતાના ઉત્પાદનની નિકાસ માટેનું મોટું બજાર ઊભું કર્યું હતું. ટોરેન્ટ વિદેશમાં જે માલ મોકલતું હતું તેમાંનો ૯૯ ટકા માલ રશિયામાં જતો હતો. પોતાના ઉત્પાદન અંગે ટોરેન્ટે રશિયામાં ઘણી મોટી સફળતા હાંસલ કરી હતી અને ત્યાં ક્રેડિટ પર માલ આપવામાં આવતો હતો. રશિયામાં રાજકીય પરિવર્તન આવ્યું. રશિયાના પ્રમુખ મિખાઈલ ગોર્બાચોફે 'ગ્લાસનોસ્ટ' અને 'પેરેસ્ત્રોઇકા'ના સિદ્ધાંતનો પ્રચાર કર્યો. 'પેરેસ્ત્રોઇકા'ને પરિણામે સામ્યવાદી રશિયા રાતોરાત પલટાઈ ગયું. આ સમયે રાજકીય પરિવર્તને આર્થિક પરિસ્થિતિ પર ઘણો પ્રભાવ પાડ્યો. આવા સંક્રાંતિકાળની અંધાધૂંધીમાં ટોરેન્ટની ૧૫૦ કરોડથી વધુ રકમ ફસાઈ ગઈ હતી. આ રકમ એ માત્ર યુ. એન. મહેતાના પરિવારની જ રકમ હતી. આથી આ સઘળી રકમની ખોટ પરિવારને જાય તેમ હતી. એમાં કોઈ પાર્ટનર નહોતા કે કોઈ પાસેથી નાણાં ઉછીનાં લીધાં નહોતાં, આથી જો આમાં પાસાં અવળાં પડે તો સમગ્ર પરિવારની સઘળી મિલકત ચાલી જાય તેમ હતી. પંદર વર્ષના અથાગ પ્રયત્નોનું પરિણામ શૂન્યમાં આવે તેમ હતું.

શ્રી યુ. એન. મહેતાનું સ્વાસ્થ્ય બરાબર નહિ હોવાથી કોઈ એમને આ વાત કરતું નહિ, પરંતુ યુ. એન. મહેતાની નજર બહાર કશું રહેતું નહોતું.

એમણે આ કાર્ય સંભાળતા ટોરેન્ટના ઉચ્ચ અધિકારી શ્રી મુરલી રંગનાથનને બોલાવ્યા. પહેલાં તો શ્રી મુરલી રંગનાથને એમની અસ્વસ્થ તબિયતને કારણે એમની સમક્ષ વાત અપ્રગટ રહે, તે માટે સ્વાભાવિક રીતે પ્રયત્ન કર્યો, પણ યુ. એન. મહેતાએ કુશળતાથી વાત કઢાવી. આ સમયે મુરલી રંગનાથનની ધારણા એવી હતી કે આવી પરિસ્થિતિથી ઉત્તમભાઈ અકળાઈ જશે. "મને પૂછ્યા વિના આવું મોટું સાહસ કેમ કર્યું ?" એવો વળતો સવાલ પૂછશે. અથવા તો એમ પણ પૂછે કે આટલું મોટું સાહસ થયું હોય ત્યારે તમે મને કેમ જાણ ન કરી ? પરંતુ ઉત્તમભાઈએ આઘાત દર્શાવવાને બદલે સાંત્વના આપતાં કહ્યું, "જો ભાઈ ! રોડ પરથી આવ્યા હતા. રોડ પર જવા તૈયાર છીએ. આથી સહેજે ચિંતા કર્યા વગર તું મુશ્કેલીમાં માર્ગ કાઢવા પ્રયત્ન કરતો રહેજે."

આમ જ્યારે આફત આવી હોય ત્યારે ઉત્તમભાઈ સાંત્વના કે સધિયારો તો આપતા હતા, પણ એથીયે વિશેષ સથવારો આપતા હતા. કદાચ નિષ્ફળ જવું પડે તો પણ સહેજે મૂંઝાવું નહિ, એવું એમનું વલણ એમના સાથીઓ અને કર્મચારીઓને સફળતા મેળવવા માટે કટિબદ્ધ કરતું હતું. આથી જ ટોરેન્ટ લિ. અને ગુજરાત ટોરેન્ટ એનર્જી કૉર્પોરેશન (જીટેક) લિ.ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી માર્કંડ ભટ્ટને લાગતું કે જેટલી મોટી કટોકટી આવતી  તેટલો એનો સામનો કરવાનું વિશેષ ધૈર્ય ઉત્તમભાઈમાં જોવા મળતું હતું. અણધારી રીતે કે અસાધારણ વ્યાવસાયિક પરિસ્થિતિ ઊભી થાય ત્યારે પોતે વધુ શાંત અને સ્વસ્થ લાગતા હતા, એટલું જ નહીં પણ બીજાઓને એટલી જ હિંમત આપતા હતા. રશિયાની ઊથલપાથલ સાથે વ્યાવસાયિક પરિસ્થિતિમાં મુશ્કેલી સર્જાતાં સુધીરભાઈ ચિંતાતુર લાગતા હતા, ત્યારે ઉત્તમભાઈએ એમને કહ્યું કે આનાથી સહેજે ગભરાઈશ નહીં.

ઉત્તમભાઈએ એમને હિંમત આપતાં કહેતા કે, "છાપીથી અમદાવાદ આવ્યા ત્યારે આપણી પાસે શું હતું ?" આ રીતે ઉત્તમભાઈએ હંમેશાં પોતાના પુત્રો અને સહકાર્યકરોને જીવંત અને મજબૂત સાથ આપ્યો હતો.

ઉત્તમભાઈના ઉદ્યોગના સંચાલનના વિશિષ્ટ ગુણ તરીકે એમના પુત્ર સમીરભાઈ એમના 'પૉઝિટિવ સ્પિરિટ'ને ગણાવે છે. કોઈ પણ બાબતમાં અને કોઈ પણ પરિસ્થિતિ વિશે વિધેયાત્મક અભિગમ અપનાવવો. કોઈએ વેપારમાં ભૂલ કરી હોય, અથવા તો મોટી ખોટ ખાધી હોય તો પણ ઉત્તમભાઈ એને ક્યારેય ઠપકો આપતા નહીં કે કટુ વચનો કહેતા નહીં. એને બદલે ભવિષ્યમાં આવી ભૂલ ન થાય તે માટે કેવી તકેદારી રાખવી જોઈએ તેનો પદાર્થપાઠ શીખવતા.

તેઓ સતત એ વાત પર ભાર મૂકતા કે, "ઉદ્યોગમાં સાહસિકતા આવકાર્ય ગણાય, પણ સફળ સંચાલન તો અનિવાર્ય ગણાય." પરિણામે કોઈએ ભૂલ કરી હોય કે નુકસાન કર્યું હોય, તો પણ એ નિઃસંકોચ ઉત્તમભાઈને કહી શકતા હતા. આ બાબતને સમીરભાઈ એમના વ્યવસાયનું સૌથી સબળ અને પ્રબળ પાસું ગણાવે છે.

એવી જ રીતે છોકરાને પકડી-પકડીને ચલાવવા કરતાં એને પાણીમાં નાંખો તો તરતા શીખશે એવો ઉત્તમભાઈનો અભિગમ હતો. આથી સોંપેલા કામમાં ક્યારેય કોઈના કાર્યનું 'સુપરવિઝન' કરતા નહીં.

ઉત્તમભાઈના આ વિધેયાત્મક અભિગમ(પૉઝિટિવ સ્પિરિટ)ને  દર્શાવતાં અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કંપની લિમિટેડના વાઇસ પ્રેસિડન્ટ શ્રી મુરલી રંગનાથને ટોરેન્ટ ગૃહે ચીનમાં કરેલા વ્યાપારનો ખ્યાલ આપ્યો. ઉદ્યોગપતિ એ

કહેવાય કે જે પ્રશ્નો વિચારીને કામ મુલતવી ન રાખે, પરંતુ પ્રશ્નોનો ઉત્તર શોધીને કાર્યસિદ્ધિ હાંસલ કરે. વેપારની સાચી કુનેહ જ એ છે કે જેમાં તમે ગંભીર પડકારને સુવર્ણતકમાં ફેરવી નાખો.

ઉત્તમભાઈના વ્યવસાયકેન્દ્રી વ્યક્તિત્વમાં આવું સાહસ હતું. ટોરેન્ટે ચીનમાં નિકાસ કરવાનો વિચાર કર્યો. ઉત્તમભાઈએ શ્રી મુરલી રંગનાથનને પૂછ્યું કે ચીનમાં ભારતની કોઈ કંપનીનો માલ ઊપડતો નથી તેનું કારણ શું ? શ્રી મુરલી રંગનાથને કહ્યું કે ચીનમાં ભારતનો માલ હલકો ગણવામાં આવે છે અને પશ્ચિમનો માલ ગુણવત્તાવાળો ગણાય છે અને તેથી ભારતનો માલ કોઈ લેતું નથી. ઉત્તમભાઈએ કહ્યું કે, "આવા પ્રદેશમાં સફળતા મેળવવા માટે તમે તમામ પ્રયાસ કરો."

ઉદ્યોગના ક્ષેત્રમાં અભિગમની બાબતમાં એમ કહેવાય છે કે ધારો કે આફ્રિકામાં કોઈ વ્યક્તિ પગમાં બૂટ પહેરતાં ન હોય તો કોઈ એવું વિચારે કે આફ્રિકામાં બૂટના વેચાણની કોઈ શક્યતા જ નથી. બીજી બાજુ કોઈ એવું પણ વિચારે કે કોઈ પણ વ્યક્તિ બૂટ વાપરતી નથી તેથી જો બરાબર વેચાણ કરવામાં આવે તો ખૂબ માલ ખપશે. ઉત્તમભાઈ એ બીજા પ્રકારની વિચારસરણીમાં માનનારા હોવાથી છ-છ મહિના સુધી ચીનમાં માલ વેચવાનો પ્રયાસ કરવા છતાં નિષ્ફળતા મળી તો પણ તેમણે આ પ્રયાસોને સદૈવ પ્રોત્સાહન જ આપ્યું.

એક વર્ષના અવિરત પુરુષાર્થ બાદ ચીનમાં સફળતાનો સૂર્ય ઊગ્યો. ટોરેન્ટની 'સીસાપ્રાઇડ' દવાની ભારે માંગ નીકળી અને ચાર કરોડ જેટલું વેચાણ થયું.

ઔદ્યોગિક ગૃહોમાં નેતૃત્વના ત્રણ પ્રકાર જોવા મળે. કેટલીક વ્યક્તિઓ પોતાના ઉદાહરણથી કંપનીને પ્રેરણા આપતી હોય છે. પોતાની સૂઝ અને સાહસથી એ સિદ્ધિ મેળવે છે અને એ સિદ્ધિ એમના સાથીઓને માટે માર્ગદર્શક પગદંડી બને છે. બીજી પદ્ધતિ તે સાથીઓને સતત પ્રોત્સાહન આપવાની છે. એમને 'મોટિવેટ' કરવાની છે. તમે આગળ પ્રગતિ કરતાં જાઓ. એમાં કાંઈ તકલીફ આવશે તો અમે બેઠા છીએ. ત્રીજો પ્રકાર તે કુશળ દ્રષ્ટાની માફક ઉદ્યોગોનું આયોજન અને એના વ્યૂહ (સ્ટ્રેટેજી) ઘડીને આગળ વધતાં રહેવાનો છે.

ઉત્તમભાઈ પાસે ઔદ્યોગિક નેતૃત્વના આ ત્રણેય ગુણ હતા. એમની સાહસિકતા દૃષ્ટાંતરૂપ હતી. તો બીજી બાજુ મુશ્કેલી કે નિષ્ફળતાના સમયે કોઈને ધમકાવી કાઢવાના બદલે નિશ્ચિંત બનીને આગળ વધવાનું કહેતા હતા. બહુ ઓછી વ્યક્તિઓ આવે સમયે હતાશા કે નિરાશાથી અળગી રહીને પોતાના

સહકાર્યકરોને હિંમત આપી શકતી હોય છે અને એને પરિણામે જ ઔદ્યોગિક સાહસ ખેડવાની ઉત્તમભાઈની શક્તિ ઘણી હતી. સંપત્તિ વધુ ને વધુ સમૃદ્ધિમાં પલટાય તે માટે ઉદ્યોગ કરનાર પાસે સાહસિકતા હોવી જોઈએ. ટોરેન્ટ સંકુલે સામે તક જોઈને લીધેલાં સાહસો પાછળ ઉત્તમભાઈની દૃષ્ટિ અને કુનેહ કારણભૂત હતી.

ટોરેન્ટમાં 'ફાઉન્ડર્સ ડે' ઊજવવાનો રિવાજ હતો. અને આ દિવસે નાના-મોટા સહુ કર્મચારીઓ પ્રેમથી અને મુક્ત મનથી એકબીજાને મળતા હતા. ઉત્તમભાઈ આ સમયે જૂના કર્મચારીઓને યાદ કરતા હતા. અમુક વ્યક્તિ ક્યાં છે, એની જાણકારી મેળવતા હતા. ઘણા યુવાન કર્મચારી અને પ્રોફેશનલને એમના ચેરમેન સાથે ફોટો પડાવવાની ઇચ્છા હોય તો તે ઇચ્છા પણ પૂરી કરતા હતા. આ સમયે પરિવારના વડા તરીકેનો એમનો આનંદ એમના ચહેરા પર છલકાઈ ઊઠતો હતા. એ.ઇ.સી.ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સી. આર. શાહને એ વિશેષતા લાગી કે ગમે તેટલી નાદુરસ્ત તબિયત હોય કે કોઈ બીજી મુશ્કેલી હોય, પરંતુ ઉત્તમભાઈની વાતમાં ક્યારેય એમનું દુઃખ ડોકિયાં કરે નહીં.

ઉત્તમભાઈની કાર્યપદ્ધતિની એક આગવી વિશેષતા તે કોઈ પણ બાબતનો નિર્ણય લેતા પૂર્વે એનો સર્વગ્રાહી વિચાર કરવો તે હતી. એમની નિર્ણય લેવાની પ્રક્રિયામાં કશું તડ અને ફડ જોવા ન મળે. તેઓ પોતે જાતઅભ્યાસ કરે. એ વિષયના નિષ્ણાતો અને જાણકારોની સામે ચાલીને સલાહ લેતા હતા. બધાના અભિપ્રાય જાણ્યા બાદ પોતાનો નિર્ણય કરતા હતા. માત્ર વ્યવસાયમાં જ નહીં, બલ્કે સામાજિક અને શૈક્ષણિક કાર્યોમાં દાન આપવા અંગે એમનો આવો જ અભિગમ રહેતો હતો. એક અર્થમાં સુધીરભાઈ અને સમીરભાઈની ત્વરિત નિર્ણયશક્તિ અને ત્વરિત વિચારણાના પરિણામે એમના ઔદ્યોગિક ગૃહમાં એક પ્રકારનું સમતોલન સધાયું.

પોતાનાં પાછલાં વર્ષોમાં ઉત્તમભાઈ 'ટોરેન્ટ'ની પ્રગતિ જોઈને સંતોષનો ભાવ અનુભવતા હતા. તેઓ સુધીરભાઈ અને સમીરભાઈને કહેતા પણ ખરા કે જે મોટા ઉદ્યોગો સ્થાપવાની એમની ભાવના અપૂર્ણ રહી હતી, તે એમણે પૂર્ણ કરી બતાવી. એમાં પણ પાવર સેક્ટરમાં મેળવેલી સફળતાને તેઓ અભૂતપૂર્વ સિદ્ધિ તરીકે બિરદાવતા હતા.

ઉત્તમભાઈએ પોતાના ઉદ્યોગના આયોજન પાછળ એક સ્પષ્ટ અને ચોક્કસ નીતિ અને દૃષ્ટિ રાખી. આજના જગતમાં ઘણી વાર માનવી અપ્રમાણિક માર્ગો

અપનાવીને ધનવાન બનતા હોય છે. કોઈ બીજાના હકનું ઝૂંટવીને પોતે ધનિક બને છે. લક્ષ્મી માટેની આવી દોટને ઉત્તમભાઈ "આંધળી દોટ" તરીકે ઓળખાવતા હતા કે જ્યાં માનવી સઘળાં નીતિ-નિયમો, મૂલ્યો અને માનવતાને બાજુએ હડસેલીને માત્ર દ્રવ્યોપાર્જનની પાછળ ઘેલો બની જતો હોય છે. હેન્રી ડ્રમન્ડનું વાક્ય એમના ચિત્તમાં રમતું હતું,

"You will find, as you look back upon your life, that the moments that stand out are the moments that when you have done things for others."

ઉત્તમભાઈ મહત્ત્વાકાંક્ષા સિદ્ધ કરવા માટે મથતા હતા, પણ એમની એ મહત્ત્વાકાંક્ષા પર સદ્‌વિચારનું પ્રભુત્વ હતું. આથી વ્યવસાયમાં ઉત્તમભાઈએ પહેલેથી જ એવો સિદ્ધાંત અપનાવ્યો કે જે કંઈ મેળવવું છે તે નીતિ અને પ્રમાણિકતાથી મેળવવું. ઉત્તમભાઈની વેપારની પદ્ધતિ એવી કે જેટલું કરવું એટલું નક્કર કામ કરવું. કશું ઉછીનું લેવું નહીં. એમની સાથે સત્તર વર્ષની સ્નેહભરી મૈત્રી ધરાવનાર ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીના મુખ્ય સચિવ શ્રી પી. કે. લહેરીએ, ઉત્તમભાઈ વ્યવસાયમાં કોઈનો એક રૂપિયો વ્યાજે લઈને રાખવાની વૃત્તિ ધરાવતા નહોતા. ભલે વ્યવસાયનો ઓછો વિકાસ થાય, પણ એમાં સ્વનિર્ભર રહેવું એવી એમની વિચારસરણી હતી. અન્યના આધારે કોઈ વિકાસકાર્ય હાથ ધરવું નહીં. આથી પોતાના ગજા પ્રમાણેનો પ્રોજેક્ટ લેવો જોઈએ, એવી ઉત્તમભાઈની દૃઢ માન્યતા હતી. ઉધાર લઈને તો સહુ કોઈ આગળ વધે, આપણે આપણી રીતે કમાઈએ, તેમાં જ આપણી કુનેહ છે.

ઉત્તમભાઈ એમના જીવનનાં છેલ્લાં બે-ત્રણ વર્ષોમાં ટોરેન્ટની પ્રગતિ વિશે આગવું વલણ ધરાવતા હતા. જે ઝડપથી ટોરેન્ટ બીજાં ક્ષેત્રોમાં ફરી વળ્યું હતું. એ ઝડપ અંગે ક્વચિત્ નારાજગી પણ પ્રગટ કરતા હતા. આનું કારણ શું હશે ? જેણે જીવનમાં પ્રત્યેક મુશ્કેલીને સિદ્ધિમાં ફેરવી નાખી હતી તેઓ આવી ઝડપી પ્રગતિ અંગે શા માટે સાવધ રહેવાનું સૂચવતા હશે ? આ અંગે ટોરેન્ટ લિમિટેડ અને જીટેકના મેનેજિંગ ડિરેક્ટર શ્રી માર્કન્ડ ભટ્ટનું માનવું છે કે ઘણા ધંધાકીય, વ્યાવસાયિક જોખમો ઉઠાવ્યા પછી ઉત્તમભાઈએ સિદ્ધિ મેળવી હતી. સિદ્ધિના શિખરે આરામ કરવાની ક્ષણ આવી હતી. આ સમયે સુરક્ષિતતા, નિશ્ચિંતતા અને માનસિક શાંતિની સ્વાભાવિક રીતે જ ખેવના થાય. એક પ્રકારના 'રીલેક્સિંગ



'જી-ટેક'ના પ્રારંભે : વિકાસનું નવું ઉડ્ડયન

સ્ટેજ'માં તેઓ આવ્યા હતા અને તેથી જ ટોરેન્ટના બહુક્ષેત્રીય ઝડપી વિકાસ સામે ક્યારેક વિરોધનો સૂર વ્યક્ત કરતા હતા. વેપારની પરિસ્થિતિ એવી છે કે એમાં એક વાર પ્રવેશો એટલે ટકવા માટે સતત વિકાસ સાધવો પડે. એક અર્થમાં વ્યવસાયનો વિકાસ એ 'વન-વે સ્ટ્રીટ' જેવો છે. એમાં એક વાર દાખલ થાઓ એટલે વિકાસ સાધવો અનિવાર્ય બને છે. ટોરેન્ટની વિકાસકૂચ અંગે તેઓ પોતાની રીતે સાવચેતી દાખવતા હતા.

ઉત્તમભાઈનાં વાણી અને વ્યક્તિત્વમાં ક્યારેય દંભ કે આડંબર જોવા ન મળે. વિચારોની પારદર્શકતા એમના પરિચયમાં આવેલી વ્યક્તિને તરત જ સ્પર્શી જાય. ક્યારેય ગોળ-ગોળ વાત નહીં. બીજાને સારું લગાડવા માટે ક્યારેય કોઈ કૃતક પ્રયત્ન કરે નહીં.

આથી જ ૧૯૮૪માં ટોરેન્ટમાં જોડાયેલા શ્રી માર્કંડ ભટ્ટને ચેરમેનશ્રી ઉત્તમભાઈ મહેતાની મુલાકાત આજે પણ સ્મરણીય લાગે છે. કોઈ પણ પ્રકારના દેખાવ કે આડંબર વિના શ્રી યુ. એન. મહેતાએ એમની સાથે સીધેસીધી મૂળભૂત વાતો 'મોણ' નાખ્યા વગર કરી હતી. એ સમયે ઉત્તમભાઈએ એમને પૂછ્યું કે, "આજ-કાલ સારા પર્સનલ સેક્રેટરીની તકલીફ છે એવું તમને લાગે છે ખરું ?"

એ સમયે શ્રી માર્કંડ ભટ્ટને આ પ્રશ્ન બહુ પ્રભાવશાળી લાગ્યો નહીં. પ્રથમ મુલાકાતમાં સંસ્થાના ચેરમેન કેવી સામાન્ય વાત કરે છે ? ઉત્તમભાઈએ કહ્યું કે, "કોઈ પણ ઉદ્યોગગૃહ માટે સૌથી મહત્ત્વની બાબત સેક્રેટરીની છે." એ સમયે આ મુદ્દો શ્રી માર્કંડ ભટ્ટને સામાન્ય લાગ્યો હતો, પણ આજે એને વર્ષોથી વણઊકલ્યા પ્રશ્ન તરીકે જુએ છે. આમેય ઉત્તમભાઈની કાર્યશૈલીમાં કેટલીક બાબતો તરી આવતી હતી. કોઈ પણ બાબતનો નિર્ણય કરવા માટે તેઓ પૂરતો સમય લેતા. આજના ઝડપી નિર્ણયના જમાનામાં ઉત્તમભાઈની આ પદ્ધતિમાં કોઈને વિલંબ જોવા મળે, પરંતુ નિર્ણય કરતાં પહેલાં સાંગોપાંગ તપાસ કરતા હતા. જે કોઈ સ્થળેથી, વ્યક્તિ પાસેથી અથવા સાધન મારફતે માહિતી મળતી હોય તે મેળવવામાં સહેજે પાછી પાની કરે નહીં. સામાન્ય માનવીને કે કર્મચારીને આવી બાબત કઈ રીતે પૂછી શકાય એવી કોઈ ગ્રંથિ એમનામાં નહોતી. પરિણામે બધાં સ્રોતમાંથી માહિતી મેળવવી. આને પરિણામે એમના નિર્ણયની વિશ્વસનીયતા વધી જતી અને એ પછી જે કોઈ નિર્ણય કરે તેને દૃઢતાથી વળગી રહેતા હતા. આથી એમના જાહેર અને અંગત અભિપ્રાયમાં પણ નિખાલસતા અને પારદર્શકતા જોવા મળતી હતી અને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાની કુશળતા નોંધપાત્ર હતી. કોઈને કંઈ ઠપકો આપવો હોય તો એને એવી રીતે ઠપકો આપે કે જેથી એમની વાત સામી વ્યક્તિ સમજે અને છતાં એને સહેજે ખોટું ન લાગે.

ઉત્તમભાઈની અંગત સંબંધો જાળવવાની દૃષ્ટિ અસાધારણ ગણાય. ટોરેન્ટ દ્વારા અઢી હજારથી ત્રણ હજાર વ્યક્તિઓને ગિફ્ટ મોકલવામાં આવતી હતી. આથી આ ભેટ ફેરિયો છાપું નાખે તેમ માણસો મારફતે જે તે વ્યક્તિને પહોંચાડવામાં આવતી હતી. આમાં ઉત્તમભાઈની પદ્ધતિ તદ્દન ભિન્ન હતી. તેઓ પહેલાં ભેટ મોકલવાની હોય, તેઓની આખી યાદી ઝીણવટભરી રીતે તૈયાર કરે, પછી એને ભેટ આપવાનું આયોજન કરે અને પછી એમાંથી રોજ બે-ત્રણ વ્યક્તિઓને ભેટ સાથે મળવા જતા હતા. એને ત્યાં જઈને એક ઘૂંટડો ચા પીએ અને પછી ભેટ આપે. પછીના દિવસે એને ફોન કરીને પૂછે પણ ખરા કે ભેટ ગમી કે નહીં ?

આ રીતે ભેટ આપવાની આ સમગ્ર પ્રક્રિયામાં એમણે આત્મીયતાનો સ્પર્શ આણ્યો. માણસો દ્વારા મોકલાતી ત્રણસો રૂપિયાની કિંમત ધરાવતી ભેટની કિંમત આત્મીય સ્પર્શના અભાવે ત્રીસ રૂપિયાની થઈ જતી ! જ્યારે ઉત્તમભાઈ ત્રણસોની ભેટ ત્રણ હજારની કરી દેતા હતા. એમના જ અધિકારીઓ આવી ભેટ મોકલતા ત્યારે એમ માનતા હતા કે અમારી પાસે સમય છે જ ક્યાં ? પરંતુ ઉત્તમભાઈએ બતાવી આપ્યું કે યોગ્ય આયોજનથી સમય કાઢીને આ કામ કરવામાં આવે તો કશું મુશ્કેલ નથી. વળી ભેટ પણ ટોરેન્ટ ફાર્માસ્યૂટિકલના નામથી મોકલાવતા નહીં, કિંતુ શ્રી યુ. એન. મહેતા અને શારદાબહેન મહેતાના નામથી મોકલતા હતા. આ ભેટમાં ડાયરી, પતંગ, ફટાકડા, ચાંદીની ચીજવસ્તુ કે કૅલેન્ડર આપતા હતા અને તેય પોતાની મૌલિક પદ્ધતિ અને વિરલ આત્મીયતાથી.

ઉત્તમભાઈ જેમ ભેટ આપતી વખતે આત્મીયતા દાખવતા હતા તે જ રીતે કોઈ સંસ્થાને વિજ્ઞાપન (એડવર્ટાઇઝ) આપવાની એમની રીત વિશિષ્ટ હતી. સામાન્ય રીતે વ્યક્તિ જેમ ઉચ્ચ સ્થિતિએ પહોંચે તેમ એનામાં થોડો ઘમંડ આવી જતો હોય છે, આથી કોઈ વિજ્ઞાપન લેવા આવે તો બીજા લોકો કોઈ માગણને આપતા હોય તેમ જાહેરખબર આપી દેતા હોય છે, જ્યારે ઉત્તમભાઈ ગમે તેટલું કામ હોય તો પણ એ વ્યક્તિને બોલાવે, એની સંસ્થા અંગે પૂરી માહિતી મેળવે, એને ચા પણ પિવડાવે અને પછી જેટલા રૂપિયાની જાહેરખબર આપવી હોય તેટલાની આપે. આથી જાહેરખબર લેનારનો સહેજે સ્વમાનભંગ ન થાય. વળી એની સંસ્થામાં ઉત્તમભાઈ ઊંડો રસ લે છે, તેવી પ્રતીતિ થતી. કોઈ ભિખારીને ટુકડો આપતા હોય એ રીતે વિજ્ઞાપન આપી એવો ભાવ લેનારને થાય નહીં. આથી લેનારના વ્યક્તિત્વને એના ગૌરવને કે એના ચિત્તને સહેજે ક્ષોભ થતો નહીં.

ઉત્તમભાઈના આવા સત્યનિષ્ઠ અને પ્રભાવશાળી વ્યક્તિત્વનું આજેય નયનાબહેનને સતત સ્મરણ થતું રહે છે. એમને લાગે છે કે વેપાર અને જીવનમાં સાચેસાચી વાત કહેવાની ઉત્તમભાઈની હિંમત અને વિશેષતા વિરલ ગણાય. એમનો જીવનમાં નિર્ધાર હતો કે ગમે તેવા સંજોગો હશે, તો પણ હું મારા ઉદ્યોગોને સમૃદ્ધ બનાવીને જ જંપીશ તથા મારાં સંતાનોને સંસ્કાર અને વ્યવસાયની ઉચિત તાલીમ આપીશ. ઉત્તમભાઈ સાથે સંજોગો સતત સંતાકૂકડી ખેલતા રહ્યા. એમના જીવનમાં વારંવાર એવું બન્યું કે ચાનો પ્યાલો છેક હોઠ સુધી આવ્યો હોય અને એકાએક ઢળી પડે. વખતોવખત હૈયું કોરી નાખે તેવા દારુણ અનુભવો થયા.

*"સુખમાં સાથી સૌ જડે, દુઃખના સાથી ન કોય;*
*ચંદરવો બાંધે બધા, છોડી જાય ન કોય."*

એક સમય એવો પણ હતો કે કેટલાક લોકો ઉત્તમભાઈની માનસિક શક્તિ વિશે શંકાશીલ હતા. એ જ લોકોએ ઉત્તમભાઈની માનસિક રોગોની દવાઓનું વિશિષ્ટ ઉત્પાદન જોઈને સ્વીકાર કર્યો કે ઉત્તમભાઈ જેવું ભેજું જોયું નથી. કેવી સરસ, સસ્તી અને સરળ દવાઓ બનાવી છે !

ઉત્તમભાઈ દવાની ગુણવત્તાનો આગ્રહ રાખતા હતા. ગુણવત્તાના ભોગે સસ્તી કે ઊતરતી કક્ષાની દવા બનાવવામાં માનતા નહીં. હંમેશાં એમની નજર 'એફોર્ડેબલ પ્રાઇસ' પર રહેતી. સામાન્ય માનવી પણ એ દવા ખરીદી શકે એવી કિંમત રાખતા હતા. આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં પણ એમની આ જ વિચારધારા રહી.

પાલનપુરના શ્રી પરેશ જી. શાહને એમના પ્રામાણિકતા, વ્યાવહારિકતા અને ચીવટના ગુણો સ્પર્શી ગયા હતા. એમના ધંધામાં ક્યાંય બનાવટ કે છેતરામણી હોય નહીં. વ્યવહારમાં સહુ કોઈને મદદરૂપ થવાની અને નાનામાં નાના માણસને પણ સ્નેહ અને સૌજન્ય આપવાની ભાવના રાખતા હતા.

ટોરેન્ટ કેબલ કંપની લીધી અને તેને વધુ નફાકારક બનાવવાનો પ્રયાસ શરૂ કર્યો. આ કંપનીમાં કર્મચારીઓને વિના મૂલ્યે બે વખત ચા આપવામાં આવતી હતી. કરકસરનાં પગલાં રૂપે આ રીતે ચા આપવાનું બંધ કર્યું. ઉત્તમભાઈને આની જાણ થઈ એટલે એમણે તરત જ તાકીદ કરી કે ચા બંધ કરવાથી કંપની વધુ નફો કરશે એમ માનશો નહીં. આમ કરવાથી કંપનીની સ્થિતિમાં કોઈ નોંધપાત્ર સુધારો નહીં થાય. પરિણામે કંપની તરફથી ચા ફરી શરૂ કરવામાં આવી.



"બિઝનેસમેન ઑફ ધ ઇયર"

ઉત્તમભાઈની કામની ચીવટ તો અત્યંત ઉદાહરણીય. એક વાર એમની જ્ઞાતિએ શ્રી સમેતશિખર તીર્થનો યાત્રાપ્રવાસ યોજ્યો હતો, ત્યારે ડૉ. પી. જી. મહેતાએ એમને માનપત્ર અર્પણ કર્યું હતું, અને એ સમયે એમનાં વર્ષોના પરિચય પર દૃષ્ટિપાત કરીને ડૉ. પી. જી. શાહે કહ્યું કે, "ઉત્તમભાઈ પહેલેથી જ 'ઇન્ટેલિજન્ટ' હતા અને એમને વ્યાવસાયિક સૂઝની કુદરતી બક્ષિસ મળી છે." જીવનની હતાશા સાથે સર્જનાત્મક શક્તિને સંબંધ હોય છે. શું ઉત્તમભાઈની 'ક્રીએટિવિટી' આવી પરિસ્થિતિમાંથી જન્મી હશે !

ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં પ્રશંસનીય પ્રદાન કરવા માટે ગુજરાત ચેમ્બર ઑફ કૉમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શ્રી યુ. એન. મહેતાને ૧લી જુલાઈ ૧૯૯૭ના રોજ 'ગુજરાત બિઝનેસમેન ઑફ ધ ઇયર' એવૉર્ડ ૧૯૯૬-'૯૭ અર્પણ કરવામાં આવ્યો. એક ભવ્ય સમારંભમાં માનનીય કેન્દ્રીય નાણામંત્રી શ્રી પી. ચિદમ્બરમે શ્રી યુ. એન. મહેતાને આ એવૉર્ડ એનાયત કર્યો. ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલા આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે હતા.

આ સમારંભમાં એકત્રિત થયેલા ઉદ્યોગપતિઓને સંબોધતાં શ્રી ચિદમ્બરમે શ્રી યુ. એન. મહેતાની સાહસિક વૃત્તિ અને ઉદ્યોગમાં એમણે આપેલા પ્રદાનને બિરદાવ્યાં હતાં. તેમણે કહ્યું,

"હું શ્રી ઉત્તમભાઈની કુનેહ અને દૃઢ નિશ્ચયશક્તિને બિરદાવું છું કે જેમણે એક પગારદાર કર્મચારીમાંથી એક વૈવિધ્યપૂર્ણ બિઝનેસ હાઉસનું નિર્માણ કરવા સુધીની યાત્રા કરી. તેમણે જે ઔદાર્યથી આ એવૉર્ડ સ્વીકાર્યો છે તેની પણ હું પ્રશંસા કરું છું. ગુજરાત અને ગુજરાતના લોકો પ્રત્યેની તેમની ઋણભાવના પણ પ્રશંસનીય છે. હું તેમને તંદુરસ્ત દીર્ઘાયુ ઇચ્છું છું જેથી સમગ્ર ગુજરાત અને ભારતને પણ તેમના જ્ઞાનનો લાભ મળતો રહે."

ગુજરાતને શ્રી યુ. એન. મહેતાએ કરેલા પ્રદાનને યાદ કરાવતાં અતિથિવિશેષ એવા મુખ્યમંત્રીશ્રી શંકરસિંહ વાઘેલાએ કહ્યું, "ગુજરાતના ઔદ્યોગિક સમાજનો આભાર માનવો જ પડે, કારણ કે તેમણે માત્ર ઔદ્યોગિક વિકાસમાં જ નહીં, પરંતુ સમાજ અને શૈક્ષણિક ક્ષેત્રે પણ પ્રદાન કર્યું છે. આવા પ્રદાનમાં સૌથી આગળ પડતા છે શ્રી યુ. એન. મહેતા. તેમણે સામાજિક સંસ્થાઓના વિકાસ અને જરૂરતમંદોને સેવા આપવામાં ખુલ્લા દિલે ફાળો આપ્યો છે. ભવિષ્યમાં એમને આથી પણ વધુ સફળતા મળે તે માટે શુભેચ્છાઓ આપું છું. માત્ર એમના માટે નહીં, સમગ્ર ગુજરાત માટે પણ." આંતરમાળખાકીય ક્ષેત્ર વિશે અભિપ્રાય આપતાં શ્રી શંકરસિંહ વાઘેલાએ કહ્યું, "કહેવાતા ફાસ્ટ ટ્રૅક પાવર પ્રોજેક્ટ્સમાંથી ખરેખર કોઈ પણ પ્રોજેક્ટ ફાસ્ટ ટ્રૅક પર નથી, પરંતુ ગુજરાત

ટોરેન્ટ એનર્જી કૉર્પોરેશન એ એક ફાસ્ટ ટ્રેક પાવર પ્રૉજેક્ટ ન હોવા છતાં અત્યંત ઝડપભેર ગતિ કરી રહ્યો છે અને રાજ્યમાં તે અત્યંત ઝડપથી વિકાસ કરી રહેલો પ્રાઇવેટ પાવર પ્રોજેક્ટ છે."

શ્રી યુ. એન. મહેતાએ એમના જીવનકાળમાં વ્યવસાયને લગતા અનેક એવૉર્ડ મેળવ્યા હતા અને ગુજરાતની વ્યાપાર ક્ષેત્રની સાહસિકતાનું પ્રતીક બની રહ્યા હતા. માત્ર વ્યાપાર ક્ષેત્રે જ નહીં, પરંતુ જીવનના ક્ષેત્રે પણ એમની સિદ્ધિઓ સ્મરણીય બની રહી. એમણે શૂન્યમાંથી શરૂઆત કરી અને વ્યવસાયની ઘણી ક્ષિતિજો ઉઘાડી આપી હતી. ઉત્તમભાઈ આ ક્ષણે જીવનસાફલ્યનો અનુભવ કરતા હતા અને તેથી એવૉર્ડ સ્વીકારતી વખતે આપેલા અત્યંત ભાવવાહી વક્તવ્યમાં શ્રી યુ. એન. મહેતાએ કહ્યું હતું, "હું મારા સહકર્મચારીઓ વતી આ એવૉર્ડ સ્વીકારું છું. આવી સૌજન્યપૂર્ણ સંસ્થા પાસેથી આ એવૉર્ડ મેળવતાં હું ખરેખર માનની લાગણી અનુભવું છું. આ ધરતીએ મને જે આપ્યું છે તેમાંથી થોડું હું માનવતાવાદી કાર્યો પાછળ ફાળવીને પાછું આપવા કોશિશ કરું છું."

પ્રારંભના દિવસો યાદ કરીને, તેમણે પોતાનું સ્વપ્ન નિમંત્રિતો સમક્ષ રજૂ કર્યું, "મેં વિચાર્યું કે જો મલ્ટિનૅશનલ કંપનીઓ પોતાનું સામ્રાજ્ય ઊભું કરી શકે, તો આપણે શા માટે નહીં ? પરંતુ આ કોઈ સહેલું કાર્ય નહોતું."

એ પછી શ્રી યુ. એન. મહેતાએ પોતાના જીવનનો ચિતાર આપ્યો હતો. એમણે કહ્યું, "૧૯૪૪માં સરકારમાં પાર્ટ-ટાઇમ ક્લાર્ક તરીકે કામ આરંભ્યું, પરંતુ સાહસવૃત્તિ લાંબા સમય સુધી દબાયેલી નહીં. મેં મુંબઈમાં કાર્યરત એવી કેટલીક મોટી મલ્ટિનૅશનલ કંપનીઓનો સંપર્ક કર્યો. એ દિવસોમાં ગોરા સાહેબોનો પ્રભાવ બહુ હતો અને આ કંપનીઓમાં અરજી કરવા માટે પણ મારે બધી હિંમત કામે લગાડવી પડતી. પણ મારી આ પહેલવૃત્તિનો મને સારો બદલો મળ્યો અને વિશાળ મલ્ટિનૅશનલ ડ્રગ કંપની – સેન્ડોઝ – માં મને મેડિકલ રીપ્રેઝન્ટેટિવની નોકરી મળી અને અહીંથી ભારતના ફાર્માસ્યૂટિકલ ઉદ્યોગની સિકલ બદલનારી યાત્રાની શરૂઆત થઈ." એ પછી પોતાના જીવનમાં આવેલી વિષમ શારીરિક અને માનસિક પરિસ્થિતિઓનો એમણે ખ્યાલ આપ્યો હતો.

અથાગ સંઘર્ષ પછી શ્રી યુ. એન. મહેતાએ મેળવેલી ઔદ્યોગિક પ્રગતિ પર જરા નજર કરી લઈએ.

શ્રી યુ. એન. મહેતાએ પોતાની સ્વતંત્ર કારકિર્દીની શરૂઆત ૧૯૫૯માં ટ્રિનિટી લૅબોરેટરીઝ સ્થાપીને કરી હતી. તેમને સૌપ્રથમ મહત્ત્વની સફળતા

૧૯૭૪માં ટ્રિનિકામ નામની દવા બજારમાં મૂકી ત્યારે મળી હતી. ટ્રિનિટી લૅબોરેટરીઝનું નામ બદલીને ટોરેન્ટ ફાર્માસ્યૂટિકલ્સ રાખવામાં આવ્યું.

૧૯૮૦માં ટોરેન્ટ ફાર્માસ્યૂટિકલ્સ લિ.ની વટવા ખાતે અદ્યતન ફેક્ટરી શરૂ કરવામાં આવી અને શ્રી ઉત્તમભાઈની સફળતા સાચા સ્વરૂપમાં ચાલુ થઈ. ધંધાની વધતી કમાણી સાથે શ્રી ઉત્તમભાઈએ સમાજ માટે કાંઈ કરી છૂટવાની ભાવનાથી ૧૯૮૨માં યુ. એન. મહેતા ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી. આ પછી નિકાસની પ્રવૃત્તિઓ ઉપર સવિશેષ ધ્યાન આપવા માટે ટોરેન્ટ ઍક્સપોર્ટ્સ લિ. નામની નવી કંપની સ્થાપવામાં આવી અને ૧૯૮૩ના વર્ષમાં તેને નિકાસનો પ્રથમ મોટો ઑર્ડર મળ્યો.

૧૯૮૪-'૮૫માં ટોરેન્ટને સર્વપ્રથમ વખત નિકાસક્ષેત્રે સફળતા માટે કેમેક્ષિલનો ઍક્સપોર્ટ ઑર્ડર પ્રાપ્ત થયો. એવૉર્ડોની આ પરંપરા ૮૫-૮૬, ૮૬-૮૭ અને ૮૭-૮૮નાં વર્ષો દરમિયાન સતત ચાલુ રહી.

૧૯૮૯માં ટોરેન્ટ ફાર્માસ્યૂટિકલ્સ લિમિટેડની અતિ અદ્યતન એવી નવી ફેક્ટરીએ છત્રાલ ખાતે ઉત્પાદનપ્રક્રિયા આરંભી. ફાર્માસ્યૂટિકલ્સ ક્ષેત્રમાં સુંદર પ્રગતિ પછી ૧૯૮૯ના વર્ષમાં ટોરેન્ટ દ્વારા નડિયાદ ખાતેની મહેન્દ્ર ઇલેક્ટ્રિકલ્સ લિમિટેડ કંપની હસ્તગત કરવામાં આવી. હાલ આ ફૅક્ટરીમાં પી. વી. સી. અને એક્સ. એલ. પી. ઈ. કેબલ્સ બનાવવામાં આવે છે.

૧૯૮૯-'૯૦, '૯૦-'૯૧ અને '૯૧-'૯૨ – આ તમામ વર્ષો દરમિયાન રાજ્ય તથા રાષ્ટ્રીય કક્ષાએ ગુણવત્તા માટે તથા નિકાસક્ષેત્રે સુંદર કામગીરી માટે ટોરેન્ટને વિવિધ એવૉર્ડો મળતા રહ્યા. ૧૯૯૧માં પેનિસિલીનના ઉત્પાદનક્ષેત્રે પ્રવૃત્ત થવા માટે ટોરેન્ટ ગુજરાત બાયોટેક લિમિટેડ નામની નવી કંપની શરૂ કરવામાં આવી અને તેને પ્રોજેક્ટ નાખવા અંગેની કામગીરીનો પ્રારંભ થયો.

૧૯૯૨ના વર્ષમાં ગુજરાત ટોરેન્ટ એનર્જી કૉર્પોરેશન (જીટેક) નામની નવી કંપની પાવરક્ષેત્રે મોટો પ્રોજેક્ટ નાખવાના શુભ આશયથી શરૂ કરવામાં આવી. '૯૨-'૯૩ના વર્ષ દરમિયાન એક તરફ પેનિસિલીન પ્રોજેક્ટ સ્થાપવાનું કાર્ય ચાલી રહ્યું હતું જ્યારે બીજી તરફ જીટેકના જંગી પ્રોજેક્ટ માટે એક પછી એક સરકારી મંજૂરીઓ મેળવવામાં આવી રહી હતી.

નાણાં સેવાઓના ક્ષેત્રમાં પ્રવેશવાના હેતુથી ટોરેન્ટ જૂથે ૧૯૯૪માં ગુજરાત લીઝ ફાઇનાન્સ લિમિટેડ નામની ખૂબ પ્રસિદ્ધ નાણા કંપનીમાં મોટું રોકાણ કરીને

તેનો વહીવટ પોતાને હસ્તક લીધો.

૧૯૯૫માં ટોરેન્ટ ગુજરાત બાયોટેકનો પેનિસિલીન પ્લાન્ટ કાર્યરત થયો. '૯૪-'૯૫ અને '૯૫-'૯૬નાં વર્ષો દરમિયાન જીટેકના પ્રોજેક્ટની એક પછી એક કામગીરીઓ આગળ વધતી ગઈ જેમાં ગુજરાત ઇલેક્ટ્રિસિટી બોર્ડ્ઝ સાથે પાવર ખરીદી અંગેનો કરાર, સીમેન્સ સાથેનો ઇપીસી કોન્ટ્રેક્ટ અને પાવરજેન સાથેનો ઓ ઍન્ડ એમ કરાર મુખ્ય હતા.

૧૯૯૧થી શરૂ કરીને ટોરેન્ટે અમદાવાદ અને સુરત ઇલેક્ટ્રિસિટી કંપનીના શેરોમાં રોકાણ કરવાની શરૂઆત કરી હતી જે છેવટે ૧૯૯૭માં ટોરેન્ટ દ્વારા સુરત ઇલેક્ટ્રિસિટી કંપનીના મેનેજમેન્ટ કંટ્રોલમાં પરિણમી. ૧૯૯૭ના વર્ષમાં દેશભરમાં પ્રસિદ્ધ એવા ટોરેન્ટના આર ઍન્ડ ડી સેન્ટરની શરૂઆત થઈ. આજ વર્ષમાં ઇકૉનોમિક ટાઇમ્સના સર્વેક્ષણ પ્રમાણે ટોરેન્ટ ફાર્માસ્યૂટિકલ્સ લિમિટેડને એક સન્માનનીય કંપની તરીકેનું મૂલ્યાંકન પ્રાપ્ત થયું. ૧૯૯૬-'૯૭ના વર્ષની એક ખૂબ મહત્ત્વની ઘટના એ હતી કે ગુજરાત ચેમ્બર ઑફ કૉમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રીઝે સ્થાપિત કરેલો "બિઝનેસમેન ઑફ ધ ઇયર" એવૉર્ડ શ્રી ઉત્તમભાઈ મહેતાને આપવામાં આવ્યો.

૧૯૯૭માં ડેટ્રોઇટ યુ.એસ.એ.ની એક મોટી કંપની એમ.સી.એન. કૉર્પોરેશન સાથે ટોરેન્ટ જૂથે સમજૂતી કરી અને ટોરેન્ટ પાવર લિમિટેડ નામની નવી કંપની સંયુક્ત સાહસ રૂપે સ્થાપવામાં આવી. આ જ વર્ષોમાં શ્રી યુ. એન. મહેતા ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી અમદાવાદની સિવિલ હૉસ્પિટલ ખાતે શ્રી યુ. એન. મહેતા કાર્ડિયૉલોજી ઍન્ડ રિસર્ચ સેન્ટરની શરૂઆત થઈ. ત્યાર પછીના થોડાક જ દિવસોમાં જીટેકના પાવર પ્રોજેક્ટના પહેલા વિભાગની કામગીરી શરૂ થઈ. જી-ટેક પાવર પ્રોજેક્ટના કમર્શિયલ ઉત્પાદનનો ૧૯૯૭ની દસમી ડિસેમ્બરે પ્રારંભ થયો.આ અરસામાં ફ્રાન્સની વિશ્વવિખ્યાત કંપની સનોફી સાથે ટોરેન્ટે સમજૂતી કરીને સનોફી ટોરેન્ટ નામના નવા સંયુક્ત સાહસની શરૂઆત કરી.

૧૯૯૭-'૯૮માં હાથ ધરવામાં આવેલા 'બિઝનેસ ટૂ ડે' નામના પ્રતિષ્ઠિત સામયિકના સર્વે મુજબ સમગ્ર દેશના અગ્રણી પચાસ ઔદ્યોગિક જૂથોમાં ટોરેન્ટને એકવીસમું સ્થાન પ્રાપ્ત થયું. ૧૯૯૮ના ફેબ્રુઆરીમાં ટોરેન્ટ દ્વારા અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કંપની લિ.ની મેનેજમેન્ટ પણ હસ્તગત કરવામાં આવી અને એ દિવસોમાં ગુજરાત સ્ટેટ સર્જન્સ એસોસિએશન દ્વારા શ્રી યુ. એન. મહેતાનું બહુમાન કરવામાં આવ્યું. ૧૯૯૮ના વર્ષમાં જ ઇન્ડો-અમેરિકન ચેમ્બર ઑફ કૉમર્સ દ્વારા ભારત તથા જર્મની વચ્ચેના આર્થિક સંબંધો સુધારવામાં અદ્વિતીય ફાળો આપવા માટે જીટેકને વિશિષ્ટ એવૉર્ડ આપવામાં આવ્યો.

આ વૈવિધ્યપૂર્ણ સાહસોમાં જ વણાયેલું હતું શ્રી યુ. એન. મહેતાનું 'આવતીકાલનું ઉજ્જ્વળ ભારત' ઘડવાનું સ્વપ્ન. તેમના ઉમદા નેતૃત્વ હેઠળ ટૉરેન્ટ પ્રગતિ, સમૃદ્ધિ અને વિકાસ – એ ત્રણેય બાબતો પૂરી પાડવા કાર્યરત બની હતી.

બજારમાં નવી દવા મૂકતી વખતે ઉત્તમભાઈનો જુસ્સો જોવા જેવો રહેતો. ટૉરેન્ટની દવા બીજી કંપનીઓ કરતાં પહેલાં બજારમાં આવે તેની ખાસ ચીવટ રાખતા હતા. સરકાર તો દવા માટે ઘણી કંપનીઓને લાઇસન્સ આપતી હતી, આથી એ દવા બજારમાં પહેલી મુકાય તો જ એનો પૂરો લાભ લઈ શકાય. નવી દવા બજારમાં મૂક્યા પછી તેઓ એના વેચાણ પર સતત ધ્યાન રાખતા હતા. એ વિશે ડૉક્ટરોનો અને વેચાણકર્તાઓનો સંપર્ક સાધતા અને એમના પ્રતિભાવો પણ મેળવતા હતા. એમાં સફળતા મળે ત્યારે એમના ચહેરા પર આનંદ તરવરતો હતો.

મેડિકલ વિદ્યાશાખાનાં જુદાં જુદાં સામયિકો વાંચતા હતા અને અમુક પ્રોડક્ટ ઉપયોગી હોય તો એની 'ટ્રાયલ' માટે એના 'સેમ્પલ' મંગાવતા હતા. એની 'ટ્રાયલ' લેવડાવતા હતા. ઘણી વાર વિદેશી દવા અને ભારતીય દવાઓની સરખામણી પણ કરતા હતા. ટૉરેન્ટની દવા વધુ ગુણવત્તાવાળી કઈ રીતે બને તેના પર સતત ધ્યાન આપતા હતા અને જરૂર પડે તે અંગે રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ વિભાગને માર્ગદર્શન આપતા હતા.

ઉત્તમભાઈ દરેક દવાનો ફાર્મોકોપિયા શોધે. એમાં પણ ખાસ કરીને એની આડઅસરનો વિચાર કરે. તેઓ પોતાની પ્રકૃતિને જાણતા હતા. એવી જ રીતે એ કોઈ પણ દવા બનાવતા ત્યારે પણ એની આડઅસરનો વિચાર કરતા હતા.

ટૉરેન્ટની પ્રગતિમાં સતત રસ લેતા ઉત્તમભાઈએ જિંદગીનાં છેલ્લાં વર્ષો સુધી એના માર્કેટિંગ પર ધ્યાન રાખ્યું હતું. કોઈ પણ પ્રોડક્ટનું સતત વેચાણ થતું રહે એ એમનું લક્ષ રહેતું હતું. એના વેચાણમાં આવતા અવરોધો જાણવા ઉત્સુક રહેતા હતા. તેઓ એમ માનતા પણ હતા કે ઘણી વાર ઉચ્ચ અધિકારીઓ અમુક વાત ખખડીને કરતા નથી. કશુંક ઢાંકતા પણ હોય છે. આથી કોઈ પણ પરિસ્થિતિનું પૂર્ણ ચિત્ર મેળવવા માટેના એમના પ્રયાસમાં મોટી વ્યક્તિ કે નાની વ્યક્તિ એવો કોઈ ભેદ નહોતો. દરેક વિભાગમાં દર મહિને કેટલી નવી વ્યક્તિઓ જોડાઈ, કેટલી વ્યક્તિ રાજીનામું આપીને છૂટી થઈ એની વિગતો મંગાવતા હતા. એ જ રીતે દર મહિને ફાઇનાન્સ વિભાગમાંથી રિપૉર્ટ મેળવતા હતા અને જરૂર પડ્યે માર્કેટિંગ વિભાગ અને ફાઇનાન્સ વિભાગને સાથે બોલાવીને ચર્ચા કરતા હતા.



ટોરેન્ટ પરિવારના અભિવાદનનો આત્મીય સ્વીકાર

ઉત્તમભાઈ માર્કેટિંગ, ફાઇનાન્સ અને એક્સપોર્ટ એ ત્રણે મહત્ત્વના વિભાગોનું નિયમિતપણે ફોલોઅપ કરતા હતા. દર મહિને કેટલો માલ એક્સપોર્ટ થયો તેની વિગત મંગાવતા હતા. એમની ઝીણવટ તો એવી કે એમાં થયેલા ટેલિફોન અને ફેક્સના ખર્ચને પણ જોતા હતા. વળી આ વિભાગ સંભાળનાર એક્ઝિક્યુટિવ વિદેશથી આવે ત્યારે એની સાથે ખાસ મિટિંગ રાખતા હતા.

પાછળના સમયમાં નાદુરસ્ત તબિયતને કારણે ઉત્તમભાઈ બોર્ડની મિટિંગમાં હાજર રહી શકતા નહોતા, પરંતુ પછીના અઠવાડિયે એના મેનેજિંગ ડિરેક્ટર કે કંપની સેક્રેટરીને બોલાવતા અને એકેએક વિગત પૂછતા હતા. આને પરિણામે મિટિંગમાં અનુપસ્થિત હોય તો પણ એમાં થયેલી કાર્યવાહીથી એ પૂરેપૂરા વાકેફ હોય. વળી મિટિંગની મિનિટ્સ આવે ત્યારે એ અંગે કંઈ પૂછવાની જરૂર લાગે તો સંબંધિત વ્યક્તિને પૂછી લેતા હતા. ક્યારેક કોઈના જવાબથી સંતોષ ન થાય તો થોડી વાર અકળાઈ જતા હતા. પોતાનો અસંતોષ પારદર્શક શબ્દોથી વ્યક્ત કરતા, પણ પછી તરત જ શાંત થઈને એને સમજાવતા અને પ્રતીતિ પણ કરાવતા કે એની ગફલત એવી છે કે જેથી જરૂર અકળાઈ જવાય.

ઉત્તમભાઈની વ્યવસાય વિશેની વિચારસરણી આગવી હતી. ટૉરેન્ટે પેનિસિલીનનો રોકાણની દૃષ્ટિએ ઘણો મોટો પ્રોજેક્ટ હાથ પર લીધો ત્યારે ઉત્તમભાઈ એ અંગે અવારનવાર સૂચનો આપતા હતા. આ કાર્ય બરાબર પાર પાડજો એમ કહેતા હતા. એક બાજુ ઉદારીકરણનો (લિબરાઇઝેશન) જુવાળ હતો તેમ છતાં ઉત્તમભાઈ એ જુવાળમાં તણાવાને બદલે પોતાની રીતે વિચારતા હતા.

એક વાર પેનિસિલીન ઉત્પાદન અંગેની ક્ષમતાનું બમણું વિસ્તરણ કરવાનું સૂચન આવ્યું. બમણું ઉત્પાદન કરવામાં માત્ર પંદર ટકા ખર્ચ વધુ આવે તેમ હતું. આ સૂચન વિચારણા હેઠળ આવ્યું ત્યારે ઉત્તમભાઈએ સ્પષ્ટપણે કહ્યું કે પહેલાં જે ઊભું કર્યું છે તેને બરાબર ચલાવો. એનું બરાબર વેચાણ કરો અને પછી એના બમણા ઉત્પાદનનો વિચાર કરો. આમ ઉત્તમભાઈ ઔદ્યોગિક સ્પર્ધામાં આપણે કેટલા ઊભા રહી શકીએ તેમ છીએ તે દૃષ્ટિએ વિચારણા કરતા હતા. પાવર પ્રોજેક્ટ સારો હોય, પણ તે કેટલા સમયમાં પૂરો થશે તેના પર ભાર મૂકતા હતા. ઉત્તમભાઈની આ વિચારધારા એ 'નેગેટિવ' વિચારધારા નહોતી, પરંતુ એમનો આશય આ બાબતો અંગે શાંત ચિત્તે પુનઃવિચાર કરવાનો હતો. આજે ઉત્તમભાઈના એ પ્રશ્નો પ્રસ્તુત લાગે છે. આમ પ્રત્યેક આયોજનમાં જોખમ અને વળતરનો સર્વગ્રાહી ખ્યાલ એમના મનમાં રાખતા હતા.

❑



નાના-મોટા સહુ મળે, હેત ભરી વાતો કરે !

૨૨

# શત્રુ પણ બને મિત્ર

ગુજરાતના "બિઝનેસમેન ઑફ ધ ઇયર"નો એવૉર્ડ મેળવનાર ઉત્તમભાઈની ખાસિયત કઈ ? એમની સૌથી પહેલી વિશેષતા તો એમની આશ્ચર્ય પમાડે તેવી ચોકસાઈ. આને માટે ક્યારેક કોઈને કડક સ્વભાવના પણ લાગે. શ્રી સુમતિભાઈએ કહ્યું કે પોતે જેવા ચોક્કસ અને નિયમિત એટલી જ ચોકસાઈ અને નિયમિતતાનો તેઓ બીજા પાસે આગ્રહ રાખતા હતા. કામની ચીવટ એવી કે આગલી રાત્રે સૂતાં પહેલાં આવતી કાલે શું કરવાનું છે એની સંપૂર્ણ યાદી તૈયાર કરી લેતા હતા. કોને ફોન કરવાના છે અને કોને મળવા જવાનું છે તે બધું જ કાર્ય નક્કી કરી દેતા. એ પછી દિવસ દરમિયાન કોઈ કામ યાદ આવે તો પીળા રંગના ચપકાવેલા નોટપૅડમાં એની નોંધ કરતા હતા. બહારગામ જવાનું હોય તો ટિકિટ બરાબર જોઈ લે. ઘણી વાર તો ફૅક્ટરીનું સ્ટેટમેન્ટ જોતા હોય તો તેના મહત્ત્વના મુદ્દા કે આખું સ્ટેટમેન્ટ તેઓ જાતે જ ઉતારી લેતા હતા.

ઉત્તમભાઈ પોતાની પાસે અંગત ડાયરી રાખતા હતા અને એમાં પોતાનાં કામોની નોંધ રાખતા. લીધેલું કામ સમયસર પૂરું થાય ત્યારે તેઓ ખુશ થઈ જતા. કોઈ જૂઠું બોલીને વાત છાવરવાનો પ્રયાસ કરે અથવા દાવપેચ ખેલે ત્યારે ઉત્તમભાઈનો અણગમો તરત દેખાઈ આવતો હતો અને મોઢામોઢ સાચી વાત સંભળાવી દેતા હતા.

અમુક મિત્રોને તેઓ નિયમિતપણે ફોન કરતા હતા અને ખબરઅંતર પૂછતા હતા.

આજુબાજુ સહાયકો હોય તેમ છતાં ઉત્તમભાઈ જાતે જ ફોનનો નંબર લગાવીને વાત કરતા હતા. એમના સહાયકો કહે કે અમે તમારી પાસે છીએ તો અમને એ કામ કરવા દો ને ! પણ જીવનના આરંભકાળથી જ જાતમહેનતનો પાઠ શીખેલા ઉત્તમભાઈને બીજાની પાસે પોતાનું ઓછામાં ઓછું કામ કરાવવું ગમતું હતું.

પોતાના વ્યવસાયી જીવનની શરૂઆતમાં તો બે હાથમાં વજનદાર બૅગ લઈને જુદાં જુદાં ગામમાં ઘૂમતા હતા. વળી એ ગામમાં સાઇકલ પર બેસીને ડૉક્ટરોને મળવા જતા હતા. જે કંઈ પ્રાપ્ત કરવું હોય તેને માટે પુરુષાર્થ કરવામાં કશી કચાશ છોડતા નહોતા. ડૉ. નરેશભાઈ શાહે કહ્યું કે ઉત્તમભાઈનો છેક 'ટ્રિનિટી'ના કાર્યકાળથી એમને પરિચય હતો. તેઓએ જે સમય આપ્યો હોય બરાબર એ જ સમયે ડૉક્ટરોને મળવા આવતા હતા. પોતાના મિત્રોને ડૉ. નરેશ શાહ કહેતા, "પ્રારબ્ધ કરતાં પુરુષાર્થની મહત્તા જોવી હોય તો ઉત્તમભાઈમાં જોવા મળશે."

ઉત્તમભાઈને પહેલેથી જ ડાયરીમાં લખવાની ટેવ હતી. એકેએક વસ્તુની નોંધ

આમાં મળી આવે અને એ કામ પૂરું ન થાય ત્યાં સુધી શાંતિથી બેસે નહીં.

શ્રી કે. સી. શાહ કહે છે કે એમને જે કામ કરવાનું હોય, જે સિદ્ધિ મેળવવાની હોય, એ બધાંની નોંધ ઉત્તમભાઈની ડાયરીમાંથી ટપકાવેલી મળી રહેતી હતી. સિત્તેર વર્ષે નાદુરસ્ત તબિયતે પણ કોઈ નોંધ કરવાની હોય કે ટેલિફોન નંબર લખવાનો હોય તો જાતે જ લખતા હતા. આવું કરતા જોઈને એમના સહાયક શ્રી સુરેશભાઈ શાહ એમ કહેતા, "હું ઘરનો છું. આપ મને કહો. મારી પાસે જરૂર આ કામ કરાવાય." તેમ છતાં ઉત્તમભાઈ તો એમની રીત પ્રમાણે જાતે જ કામ કરતા હોય. એમને માથું દુઃખે અથવા તો પગ દુઃખતા હોય તો પણ કોઈને દબાવવાનું કહેતા નહીં. જો કોઈ કહે કે તમે થાક્યા છો, અમને માથું-પગ દબાવવા દો. તો ઉત્તમભાઈ સાફ શબ્દોમાં કહે, "મારે આવી ટેવ પાડવી નથી."

એમને વિશે પ્રતિભાવ આપતા પાટણના ડૉ. રાજેન્દ્ર આર. શાહે કહ્યું, "પુરુષાર્થનું પ્રતીક એટલે શ્રી ઉત્તમભાઈ મહેતા. તેઓ સેન્ડોઝમાં એમ.આર. તરીકે કામ કરતા હતા, ત્યારથી મારા પિતા ડૉ. રમણલાલભાઈ શાહને એમનો પરિચય હતો. સેન્ડોઝમાંથી નિવૃત્ત થયા બાદ એમણે જાતે નાના પાયે અમુક પ્રોડક્ટ્સ બનાવવાનું શરૂ કર્યું. તેઓ સખત મહેનત, લગન અને દવાની ગુણવત્તા જાળવી ધીમે ધીમે પોતાના કામમાં આગળ વધ્યા."

પ્રારંભના એ દિવસોની સ્મૃતિ પિતા પાસેથી કઢાવીને ડૉ. રાજેન્દ્ર શાહે કહ્યું, "શરૂઆતમાં તેઓ જાતે એમ.આર. તરીકે દરેક ગામ અને શહેરમાં પગપાળા કે સાઇકલ પર ફરતા હતા. દરેક ડૉક્ટરને એમના અનુકૂળ સમયે મળવા જઈ પોતાની પ્રોડક્ટની વ્યવસ્થિત રજૂઆત કરી તેઓ આગળ આવ્યા. આજે એ અથાગ મહેનત, લગન અને પ્રામાણિકતાનું પ્રતીક એટલે 'ટોરેન્ટ ફાર્માસ્યૂટિકલ્સ'. "

ઉત્તમભાઈની નમ્રતા અને વ્યવહારકુશળતા વિશે ક્યાંય કોઈની પાસે બેમત જોવા ન મળે. આ નમ્રતા એ દેખાવની નમ્રતા નથી, બલકે હૃદયની સાહજિક નમ્રતા છે. ગ્રીસના મહાન તત્ત્વચિંતક સૉક્રેટીસે યોગ્ય જ કહ્યું છે, "આ જગતમાં માનભેર જીવવાનો ટૂંકામાં ટૂંકો અને સૌથી વધુ ખાતરીદાયક માર્ગ આપણે જેવા દેખાવા માગતા હોઈએ, તેવા ખરેખર બનવાનો છે." આ જગતમાં ઘણા માનવીઓ દંભનો અંચળો ઓઢીને જીવતા હોય છે. પોતે હોય તે કરતાં જુદી રીતે વર્તતા હોય છે. આવો બાહ્યાડંબર દીર્ઘકાળ સુધી ટકતો નથી.

સિસેરો કહે છે તેમ સાચી કીર્તિ જમીનમાં મૂળ નાંખે છે અને ફૂલતી-ફાલતી રહે છે, ત્યારે ખોટો દંભ તો ફૂલની પેઠે ખરી જાય છે. કોઈ ઢોંગ કાયમી બની શકે નહીં.

આવી નમ્રતાને શ્રી ચુનીલાલભાઈ જોશીએ માર્મિક રીતે પ્રગટ કરતાં દર્શાવ્યું કે લક્ષ્મી આવે એટલે પાછળથી લાત મારે અને માણસ અહંકારથી ટટ્ટાર થઈ જાય. જાય ત્યારે આગળથી એવી લાત મારે કે એ સાવ નમી પડે. પરંતુ ઉત્તમભાઈમાં એવી નમ્રતા છે કે ઘણી વાર સામી વ્યક્તિને ફોન કર્યો હોય અને તે ફોનનો વળતો જવાબ ન આપે તો પણ તેઓ એને ફોન કરતા હતા. ઉત્તમભાઈના આચરણમાંથી એમનાં પરિવારજનોએ નમ્રતા મેળવી. યોગીજી મહારાજે કહ્યું છે તેમ અહીં "વર્તન વાતું કરતું હતું." એમના વર્તનમાંથી જ નિખાલસતા અને નમ્રતા પ્રગટ થતી હતી. આને કારણે પોતાના પ્રારંભકાળમાં કોઈ સામાન્ય પ્રૅક્ટિસ કરતા ડૉક્ટરે ઉત્તમભાઈને મદદ કરી હોય તો પણ તેને ક્યારેય ભૂલતા નહીં. એમના દિવસભરના વર્તનમાં પણ આ જ નમ્રતા પ્રગટ થતી હતી. સમીરભાઈ માને છે કે સારા ગુણો સર્વ સ્થળેથી ગ્રહણ કરવા જોઈએ – એ જ ઉત્તમભાઈનો જીવંત સંદેશ (Living Message) છે.

૧૯૯૦ના ઑગસ્ટ મહિનામાં ડૉ. સુધીર શાહે ઉત્તમભાઈને એમને ઘેર જઈને તપાસ્યા અને લાગ્યું કે એમના મગજમાં પૂરતા પ્રમાણમાં લોહી ફરતું નથી. એ પછી ઉત્તમભાઈ એમના ક્લિનિક પર જાય ત્યારે શાંતિથી બહાર લાઇનમાં બેસી જતા હતા. પોતે આવ્યા છે અથવા તો એમને પહેલા જોઈ લે એવો કોઈ આગ્રહ એમનામાં ક્યારેય જોવા મળતો નહીં. એમની આ નમ્રતા વિશે ડૉ. સુધીર શાહનાં પત્ની ચેતનાબહેને હૃદયનો ઉમળકો વ્યક્ત કરતાં કહ્યું,

"શ્રી મહેતાસાહેબની નમ્રતા અજોડ છે. એમની વાત કરવાની ઢબમાંથી વર્ષો પૂર્વે કરેલા સંઘર્ષ અને એમાંથી સાંપડેલા અનુભવોનું અમૃત સતત છલકાયા કરતું હોય. એ ઇચ્છે ત્યારે ડૉક્ટરને ઘેર બોલાવી સલાહ અને સારવાર મેળવી શકે તેમ હતા, પરંતુ અનિવાર્ય સંજોગો ન હોય તો જાતે ક્લિનિક પર આવીને આમ આદમીની હરોળમાં બેસવાની નમ્રતા રાખતા હતા."

એમની આ નમ્રતા શારદાબહેનમાં પણ પ્રગટ થાય છે. શારદાબહેનનાં બહેનપણી વસુમતીબહેને કહ્યું કે, "મારા અને શારદાબહેન વચ્ચે 'વન-વે ટ્રાફિક' છે. શારદાબહેન સામેથી ફોન કરે, સામે ચાલીને મળવા આવે. આટલાં બધાં શ્રીમંત હોવા છતાં તેઓ ક્યારેય એમ ન કહે કે તમે ફોન કરતાં નથી અથવા તો આવતાં નથી. આ પરિસ્થિતિમાં તો માણસ આસમાનમાં ઊડે, પરંતુ એ હજી આ ધરતીનાં અને અમારાં જ રહ્યાં છે. એવી જ નમ્રતા શારદાબહેનના પરિવારમાં છે. એમને ત્યાં જઈએ એટલે ક્યારેય એવું ન લાગે કે કોઈ તવંગરને ઘેર ગયાં છીએ. મજાની વાત તો એ કે શારદાબહેનનાં પુત્ર, પુત્રવધૂઓ, પુત્રી અને જમાઈઓમાં પણ આવી નમ્રતા વારસામાં પ્રગટી છે." વસુમતીબહેને પોતાની

વાત પૂરી કરતાં કહ્યું કે "આવો નખશિખ સૌજન્યશીલ પરિવાર તો લાખમાં એક મળે."

*"જે જન પામે પૂર્ણતા, તે કદી ન ફુલાય;*
*પૂરો ઘટ છલકાય નહીં, અધૂરો ઘટ છલકાય !"*

નમ્રતાના મનોહર મેઘધનુષ્યનો એક રંગ છે સામાન્યમાં સામાન્ય વ્યક્તિને આદર આપવો. ઉત્તમભાઈએ પોતાના વ્યવસાયનો પ્રારંભ કર્યો ત્યારે મેથાણના શ્રી શર્માએ સારો એવો ઑર્ડર આપીને સાથ આપ્યો હતો. એ પછી જ્યારે શ્રી શર્મા અમદાવાદ આવે ત્યારે એમની ખૂબ આગતા-સ્વાગતા કરતા હતા, અમદાવાદમાં જેટલા દિવસ રહેવું અને ફરવું હોય તે માટે ડ્રાઇવર સાથે ગાડી આપતા અને એમની સાથે બેસીને ભાવથી ભોજન પણ કરતા હતા.

પાટણના ડૉ. વી. ડી. રાવળ કહે છે કે એમને ધન મળ્યું, પણ અભિમાન ન મળ્યું. એક વાર ઉત્તમભાઈ પાટણ આવેલા ત્યારે સામે ચાલીને જૈન મહારાજશ્રીને લઈને એમને ત્યાં પધરામણી કરાવી હતી. અમેરિકાથી આવ્યા બાદ ઉત્તમભાઈએ જે યાત્રાસંઘ કાઢ્યો હતો તેનું પણ એમણે ડૉ. રાવળને નિમંત્રણ આપ્યું હતું.

ડૉ. જીવણલાલભાઈના કહેવા પ્રમાણે પોતાના દરેક પ્રસંગે તેઓ એમને એમના સંઘર્ષના સમયે સાથ આપનારા સહુ કોઈને યાદ કરતા હતા. આથી જ ડૉ. એમ. સી. શાહે કહ્યું કે વીસ વર્ષ પછી પણ ઉત્તમભાઈ મળતા હોય, ત્યારે એટલી જ આત્મીયતાથી ભેટી પડતા હતા. આટલું ઊંચું સ્થાન મેળવ્યા પછી આટલી બધી આત્મીયતા અનોખી લાગતી હતી. નોબેલ પારિતોષિકવિજેતા મહાન માનવતાવાદી આલ્બર્ટ સ્વાઇત્ઝરના આ શબ્દો ઉત્તમભાઈના મનમાં સદાય ગુંજતા રહેતા –

"You must give time to your fellow men – even if it's a little thing, do something for others – something for which you get no pay but the privilege of doing it."

સામાન્ય રીતે વ્યક્તિ સંપત્તિ મેળવે તેમ તેમ ઘણી વાર એની સાથોસાથ ગર્વ અને ઘમંડ પણ મેળવતો હોય છે. ઉત્તમભાઈમાં આનાથી અવળી ગંગા ચાલી હતી. ઉત્તમભાઈના આંગણે ગયેલો માણસ ખાલી હાથે પાછો ફરતો નહીં.

કેટલીક ધનિક વ્યક્તિઓ પોતે સભાનપણે જનસમૂહ અને સમાજ સાથે એક પ્રકારનું અંતર રાખતી હોય છે, જ્યારે ઉત્તમભાઈ આવા સભાન અંતરને બદલે નિખાલસ આત્મીયતા રાખતા હતા. પોતાના સામાજિક પ્રસંગોમાં બીજા લોકોને

સ્નેહથી સામેલ કરતા હતા અને તેને પરિણામે સહુ કોઈનો સ્નેહ સરળતાથી સંપાદિત કરતા હતા.

ઉત્તમભાઈ કોઈ પણ પ્રસંગનું આયોજન કરે તો એમાં એકેએક બાબતની ખૂબ ચીવટ રાખતા હતા. તેઓ કહેતા કે પ્રસંગમાં કશું ખૂટવું જોઈએ નહીં. વળી માનતા કે આપણે જેમને બોલાવીએ તેમની આદરભેર પૂર્ણ સગવડ સાચવવી જોઈએ, આથી સ્વાસ્થ્ય નબળું હોય તો પણ પ્રસંગમાં આવેલી પ્રત્યેક વ્યક્તિને નિરાંતે મળતા હતા, એમનાં ખબરઅંતર પૂછતાં અને એમની સાથે ગપસપ પણ કરતા હતા.

પ્રસંગનું આયોજન કરે ત્યારે છેક છેલ્લી ઘડી સુધી નિમંત્રણપત્ર આપવાનું એમનું કામ ચાલતું હોય. આ પ્રસંગે જુદાં જુદાં સ્થળેથી અને વ્યક્તિઓ પાસેથી નામોની યાદી મંગાવતા, ભુલાઈ ગયા હોય એમને બોલાવતા. ફોલો-અપ કરતા. આમ ૨૦૦ માણસોને નિમંત્રણ આપવાનું નક્કી કર્યું હોય, ત્યારે ૮૦૦થી ૧૦૦૦ માણસો થઈ જતા. એ પછી કોઈ બહારગામથી આવતું હોય તો એને ઍરપૉર્ટ પર લેવા કોણ જશે, કયા સમયે જશે અને એ ક્યાં ઊતરશે એ બધાની ઝીણવટભરી વિગત તેઓ નોંધતા હતા. અમદાવાદમાં કોઈને બોલાવવા માટે મોટર મોકલવાની હોય તો તેને અગાઉથી કહી રાખતા હતા. મોટર મોકલતી વખતે વળી એને ફોનથી જાણ પણ કરતા હતા. એ રીતે આવેલા મહેમાન કઈ મોટરમાં પાછા જશે તે પણ નક્કી કરીને કહેતા. કઈ કઈ વાનગી બનાવવી તે માટે સુધીરભાઈનાં પત્ની અનિતાબહેનને પૂછતા, પરંતુ એમાં ખર્ચ કેટલું આવશે તે ક્યારેય પૂછતા નહીં. આને માટે તેઓ અતિ પરિશ્રમ લેતા હતા. આવા પરિશ્રમને કારણે ઘરના લોકો ચિંતિત રહેતા હતા. વળી આવો કાર્યક્રમ પૂરો થાય પછી ઘરનાં સહુને ભેગાં કરે અને થયેલા કાર્યક્રમની નાનામાં નાની બાબતની વિચારણા કરતા હતા.

સમીરભાઈએ નોંધ્યું છે તેમ કોઈ પણ પ્રસંગનું આયોજન કરવાની ઉત્તમભાઈ પાસે 'આર્ટ' હતી.

એમના જમાઈ દુષ્યંતભાઈ કહે છે કે, "આટલા બધા સંબંધો સર્જવા, સાચવવા અને તેમાં સતત હૂંફનો ભાવ મૂકવો તે અત્યંત કપરી બાબત છે. પણ એથીયે વિશેષ તો એને માટે હૃદયની ઉદારતા જોઈએ." શ્રી દુષ્યંતભાઈ શાહના કહેવા પ્રમાણે આ ઉદારતા અત્યંત વિરલ ગણાય. આથી ઉત્તમભાઈનું મિત્રવર્તુળ પણ અત્યંત વિશાળ હતું. એમાં માત્ર એમના ક્ષેત્રના જ અગ્રણી વ્યક્તિઓ નહીં, બલ્કે ભિન્ન ભિન્ન ક્ષેત્રની નામાંકિત વ્યક્તિઓ જોવા મળે. કોઈ ન્યાયમૂર્તિ હોય, કોઈ ખેલાડી હોય, કોઈ સાહિત્યકાર હોય કે કોઈ સમાજસેવક યા રાજકારણી હોય.

પહેલાં સમીરભાઈને આશ્ચર્ય થતું કે જેની સાથે કશીય નિસ્બત ન હોય, સાવ ભિન્ન ક્ષેત્રના હોવાના કારણે ક્યારેય કોઈ કામ પડવાનું ન હોય એની સાથે આવો ઘરોબો રાખવાનો અર્થ શો ? પછીથી સમીરભાઈને સમજાયું કે આ રીતે જુદા જુદા ક્ષેત્રની વ્યક્તિઓ પાસેથી ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુ મેળવતા હતા. એમની સાથે વિચારોનું આદાનપ્રદાન કરતા હતા અને એ દ્વારા પોતાની વિચારસૃષ્ટિ સમૃદ્ધ કરતા હતા.

એમનાં પુત્રવધૂ અનિતાબહેનને મોટું આશ્ચર્ય એ થતું કે આટલી બધી અસ્વસ્થ તબિયત હોવા છતાં કોઈને ત્યાં નાનામાં નાનો પ્રસંગ હોય તો પણ તેઓ ઉપસ્થિત રહેતા હતા. જેટલી કંકોતરીઓ આવી હોય, એટલાનાં કવર બનાવતા હતા. તબિયત અસ્વસ્થ હોય તો પણ બે મિનિટ માટે પણ એને ત્યાં જઈ આવતા હતા. આમાં તેઓ માત્ર ધંધાદારી સંબંધ જ સાચવતા નહીં, બલ્કે વ્યવસાય સિવાયનાં ક્ષેત્રોના સંબંધો પણ એટલી જ ચીવટથી જાળવતા હતા.

કોઈ સ્વજન સૂચન કરે કે એમને આટલા સહયોગની જરૂર છે, તો ઉત્તમભાઈ તરત જ એને મદદ કરવા માટે દોડી જતા હતા. એનો પ્રશ્ન એ પોતીકો પ્રશ્ન બનાવી દેતા હતા અને પછી એની જરૂરિયાત પૂરી કરવા માટે બધી જ કોશિશ કરી છૂટતા હતા. જયંતિભાઈ મહેતા ઉત્તમભાઈના ભત્રીજા થાય. તેઓ જ્યારે અમદાવાદ અભ્યાસાર્થે આવ્યા ત્યારે લલ્લુ રાયજી બોર્ડિંગમાં રહેવાની વ્યવસ્થા ઉત્તમભાઈએ કરી આપી હતી. ૧૯૫૮-'૫૯માં ઉત્તમભાઈની કંપની ટ્રિનિટીમાં જયંતિભાઈએ બે-ત્રણ મહિના કામ કર્યું હતું. કૉલેજમાં ભણતા શ્રી જયંતિભાઈને હૂંફ અને માર્ગદર્શન આપતા હતા, જયંતિભાઈએ કૉલેજના પહેલા વર્ષમાં કેટલો ખર્ચ કર્યો તેની વિગત પણ પૂછતા હતા. વળી જો વધારે ખર્ચ લાગે તો ઠપકો આપતા હતા. બીજી બાજુ કોઈ વાર ફીની રકમ થોડા સમય માટે આપવાની હોય તો તરત આપી દેતા હતા. કુટુંબના વડીલ તરીકે ઉત્તમભાઈ સગાં-સ્નેહીની ખબર પૂછે અને એના કામમાં મદદરૂપ થાય. સગાંવહાલાંઓનું આતિથ્ય અને સરભરા શારદાબહેન કરે. કુટુંબકથા કહેવાનો કે સાંભળવાનો ઉત્તમભાઈને સહેજે શોખ કે રુચિ નહોતાં, આથી જરૂર પડ્યે સલાહ આપતા હતા અને કોઈ સગાને મુશ્કેલી હોય તો એમાંથી માર્ગ કાઢી આપતા હતા.

ઉત્તમભાઈના મોટાભાઈ આંબાલાલભાઈના અવસાન પછી ઉત્તમભાઈએ એમના ત્રણે પુત્રો લલિતભાઈ, કમલેશભાઈ અને સુનીલભાઈને પિતાનો સ્નેહ આપ્યો હતો. પોતાના વ્યાવહારિક કે અન્ય પ્રસંગમાં એમને યાદ કરીને નિમંત્રણ આપતા હતા અને જ્યારે આવે ત્યારે ભાવથી ખબરઅંતર પૂછતાં હતાં.

લલિતભાઈને એમના લગ્નના સમયગાળામાં જ કમળો થયો ત્યારે

લલિતભાઈએ એમને કહ્યું કે તેઓ મુંબઈમાં રહે છે એટલે ત્યાં જ સારવાર કરાવશે. આ સમયે ઉત્તમભાઈએ આવા દર્દમાં દોડાદોડી કરવાની ના પાડી અને અમદાવાદ જ એમની ચિકિત્સાની સઘળી વ્યવસ્થા કરી આપી હતી. અંબાલાલભાઈના પુત્રો હીરાઉદ્યોગમાં કામ કરતા હતા, પણ ઉત્તમભાઈ એમને સતત કહેતા કે તમે કોઈ બીજો વ્યવસાય શોધો તો તમારે જે કંઈ જરૂર હશે તે બધી હું પૂરી પાડીશ.

ઘણા સામાજિક પ્રસંગો છાપીમાં ઊજવાતા હતા. આ સમયે 'મારું સ્વાસ્થ્ય બરાબર નથી' કે પછી 'ધૂળની એલર્જી છે' એવી સાચી વાત કરીનેય ઉત્તમભાઈ એ સામાજિક પ્રસંગો ટાળી શક્યા હોત. આમ કરે કે કહે તો એમના કોઈ સગાને સહેજે ખોટું પણ લાગ્યું ન હોત, પરંતુ ઉત્તમભાઈ અને શારદાબહેન બધા જ પ્રસંગોમાં હાજર રહેતાં હતાં અને કુટુંબીજનોના અંગત કામમાં પણ પૂરતો સાથ આપતાં હતાં.

સામાજિક પ્રસંગોમાં એમનો સૌજન્યપૂર્ણ વ્યવહાર જુદો તરી આવતો હતો. કોઈ પ્રસંગમાં મળે તો નિરાંતે ઊભા રાખીને વાત કરે. બીજી વ્યક્તિઓની માફક ક્યારેય ઉતાવળ ન કરે. કોઈનું સ્વાસ્થ્ય જોવા જાય કે પછી કોઈના પ્રસંગમાં જાય તો નિરાંતે એમની સાથે કે એમની પાસે બેસતા હતા.

ઉત્તમભાઈને જેમની સાથે વ્યાવસાયિક સંબંધો હોય, તેમની સાથે વ્યવસાયમાં વિચારભેદ હોઈ શકે, પરંતુ મનભેદ રાખતા નહીં. વળી વ્યવસાયના સંબંધમાં અને એની ઘટનાઓને પોતાના અંગત સંબંધોમાં ચંચૂપાત કરવા દેતા નહીં.

શ્રી મોરખિયાએ કહ્યું કે એમને સાયન્સ કૉલેજમાં પ્રવેશ મેળવવો હતો ત્યારે ફિઝિક્સના અધ્યાપક ડૉ. ટેઇલર દ્વારા શ્રી મોરખિયાને ઍડમિશન મળ્યું. હકીકતમાં ઉત્તમભાઈને ડૉ. ટેઇલર સાથે સારો સંબંધ હતો. આના પરિણામે શ્રી મોરખિયા પ્રવેશ મેળવી શક્યા.

ઉત્તમભાઈ કોઈને પણ કશું કહેતાં પૂર્વે દસ વાર વિચાર કરતા હતા. વ્યવસાયમાં એમની સાથે હોય એને પણ કશું કહેવું હોય તો એને ભાગ્યે જ ઠપકો આપતા હતા. કુશળતાથી સલાહ કે સૂચન મૂકીને પોતાની વાત એને સમજાવી દેતા હતા. ક્યારેય ગુસ્સે થાય નહીં.

સામાન્ય રીતે બીમારીથી માનવી ચીડિયો બની જતો હોય છે. બીમારીથી કંટાળીને અવારનવાર અકળાઈ જતો, ધૂંધવાતો કે ગુસ્સો કરતો જોવા મળતો હોય છે. ઉત્તમભાઈને વારંવાર બીમારી આવતી હોવા છતાં એ સમયે એમનો સ્વભાવ સહેજે ઉગ્ર બની જતો નહીં. વર્ષો પૂર્વે જોનારને પણ ઉત્તમભાઈ એવા જ

લાગતા હતા. ધીમેથી, શાંતિથી બોલવાનું. ક્યારેય પોતાની મોટાઈ બતાવે નહીં. ક્યારેય પણ તમારી સાથે કોઈ મોટી વ્યક્તિ સાથે વાત કરે છે તેવો અનુભવ થવા દેતા નહીં.

ઘરખર્ચની બાબતમાં ઉત્તમભાઈએ ક્યારેય કશું પૂછ્યું નથી, પરંતુ પોતાના અંગે થતા ખર્ચની ભારે તકેદારી રાખતા હતા. ક્યારેક સુધીરભાઈને પૂછતા પણ ખરા કે આ ફાઇવસ્ટાર હોટલમાં રહેવાનો શું ખર્ચ આવતો હોય છે ? એક વાર દિલ્હીની ફાઇવસ્ટાર હોટલમાં ઉત્તમભાઈને માટે રૂમ રિઝર્વ કરાવવામાં આવ્યો. એ જાણીને ઉત્તમભાઈ અકળાઈ ગયા. એમણે કહ્યું કે મારા માટે કેમ આવી મોંઘી હોટલ પસંદ કરી ?

ઉત્તમભાઈ એક વાર વિમાન દ્વારા મુંબઈથી અમદાવાદ આવતા હતા. એક ફ્લાઇટ કૅન્સલ થઈ. બીજી ફ્લાઇટમાં ઇકૉનોમી ક્લાસમાં જગા મળે તેમ હતી. ઉત્તમભાઈએ ઇકૉનોમી ક્લાસની ટિકિટ લઈ લીધી. એ જ ફ્લાઇટમાં એમની કંપનીના અધિકારી પણ અમદાવાદ આવતા હતા. એમને ઇકૉનોમી ક્લાસમાં બેસીને પ્રવાસ કરવો પસંદ પડ્યો નહીં, તેથી તેઓ પાછા ગયા.

આવી પરિસ્થિતિમાં સુધીરભાઈ કહેતા પણ ખરા કે જે કંપનીના તમે ચૅરમેન છો તેના અધિકારી ફાઇવસ્ટાર હોટલમાં ઊતરે, બિઝનેસ ક્લાસમાં મુસાફરી કરે, તો પછી તમે શા માટે એવું કરતા નથી ?

ઉત્તમભાઈએ જવાબ વાળ્યો, "આવા વધુ પૈસા વ્યર્થ શાના માટે વાપરી નાખવા ? એને બદલે બે છોકરાઓને ફીની મદદ ન કરીએ !"

ઉત્તમભાઈ દોઢેક મહિનો સ્વિટ્ઝર્લૅન્ડમાં ફરવા ગયા હતા. ત્યાં ફ્લૅટ રાખીને રહ્યા હતા. આ સમયે બીજા બધા ગાડીમાં મુસાફરી કરતા હતા ત્યારે ઉત્તમભાઈ ઝુરિકથી ઇન્ટરલેકનની ટ્રેઇનનો પાસ કઢાવીને ટ્રેઇનમાં મુસાફરી કરતા હતા. સુધીરભાઈ પાસે ટ્રેનનો ફર્સ્ટક્લાસમાં મુસાફરી કરવાનો 'પાસ' હતો, ત્યારે ઉત્તમભાઈએ પોતાના માટે સેકન્ડક્લાસનો પાસ લીધો હતો. સુધીરભાઈએ કહ્યું પણ ખરું કે તમે આવું શા માટે કર્યું ? ત્યારે સ્વજીવનમાં કરકસર અપનાવનારા ઉત્તમભાઈએ કહ્યું, "સેકન્ડક્લાસના ડબ્બા ઘણા હોય, તેથી તરત મળી જાય, જ્યારે ફર્સ્ટક્લાસનો ડબ્બો શોધવા દોડવું પડે."

ઉત્તમભાઈનો સ્વાદ-વિજય ઘણો નોંધપાત્ર કહેવાય. એમના સવાર-સાંજના ભોજનનો સમય નિશ્ચિત. માત્ર ચા એમને પસંદ, પરંતુ ચા લે ત્યારે માત્ર અર્ધો કપ જ પીએ. કોઈને ઘેર મળવા જાય કે કોઈ પ્રસંગ નિમિત્તે જાય ત્યારે બહુ આગ્રહ થાય તો ઉત્તમભાઈ ચા પીવાનું સ્વીકારતા હતા. દૂધ વગરની ચા પણ

એમને પસંદ હતી. બપોરે બરાબર એક વાગે ભોજન લઈ લેવાનું. સાંજે વર્ષોથી ખાખરા અને દૂધ કે દહીં જ લેતા હતા.

કેટલીક વ્યક્તિઓ સ્વાદની ગુલામ હોય છે અને તેને પરિણામે કેટલાય રોગોને નિમંત્રણ આપે છે. ઉત્તમભાઈની વિશેષતા સ્વાદ પરના વિજયની હતી. બહાર જાય ત્યારે પોતાનું પાણી અને ભોજન સાથે હોય. એમને માથે સતત ઇન્ફેક્શનનો ભય ઝળૂંબતો હતો અને ઉત્તમભાઈએ જીવનભર એની પૂરેપૂરી તકેદારી રાખી હતી. એમની આ સાચવણીને પરિણામે જ આપણા દેશમાં ચારેકોર ફેલાયેલા ઇન્ફેક્શનથી તેઓ ઘણાં વર્ષો સુધી બચી શક્યા. શરીરની મર્યાદા સ્વીકારીને જીવન જીવવાની અને જીવનનું આયોજન કરવાની કુનેહ અને પદ્ધતિ એમનામાં જોવા મળતી હતી.

ઉત્તમભાઈ સાદાઈ પાછળનો મુખ્ય આશય એ હતો કે વ્યક્તિએ જરૂર પૂરતો ખર્ચ કરવો જોઈએ. તેમને બે કલાકનું કામ હોય તો માત્ર બે કલાક માટે જ ટૅક્સી બોલાવતા હતા. તેઓ કહે કે આખા દિવસની ટૅક્સીની જરૂર શી છે ? મઝાની વાત એ કે તેઓ પોતાની જાત માટે કરકસર કરતા હતા અને શુભકાર્યમાં દાન આપવાનું હોય તો તેઓ સહેજે પાછી પાની કરતા નહીં. આવા વિરલ વ્યક્તિત્વને કારણે ઉત્તમભાઈ 'અજાતશત્રુ' બની રહ્યા. ભગવાન મહાવીરે જગતને એક જુદો જ રસ્તો બતાવ્યો. તેમણે દર્શાવ્યું કે તમારો કોઈ શત્રુ જ ન હોય. તમે શત્રુને મિત્ર બનાવી દો પછી શત્રુ રહે ક્યાંથી ? અને એવું પણ બન્યું કે ઉત્તમભાઈએ એમના સખત ટીકાકારને પણ પોતાના મિત્ર બનાવ્યા હતા.

❑




'હૃદય'ની ઇચ્છા, થઈ સાકાર

૨૩

# ઋણમુક્તિનો અવસર

સંપત્તિ મેળવવા માટે પ્રબળ પુરુષાર્થ કરવાનું ખમીર જોઈએ, તો એ જ રીતે સંચિત સંપત્તિને ત્યાગના માર્ગે વહેવડાવવા સંવેદનની વ્યાપકતા અને હૃદયની ઉદારતા જોઈએ. ઉત્તમભાઈએ અથાગ પુરુષાર્થ કરીને સંપત્તિ એકઠી કરી અને પછી એ જ સંપત્તિને સમાજમાં દાન રૂપે વહેવડાવી.

વ્યક્તિ પર એક પ્રકારનું સામાજિક ઋણ હોય છે. એ ઋણ ફેડે તે જ માનવી. નદી પોતે પાણી પીતી નથી. વૃક્ષો સ્વયં પોતાનાં ફળ આરોગતાં નથી. વાદળ પોતાને માટે વરસતાં નથી, એ જ રીતે સાચી સંપત્તિ સ્વાર્થ-સાધના માટે નહીં, કિંતુ પરોપકાર-આરાધના માટે છે. આથી જ કવિ કાલિદાસે કહ્યું છે કે ફળ આપતાં વૃક્ષો નમ્ર બને છે (નીચાં નમે છે), નવાં પાણીથી વાદળો નીચાં નમી જાય છે, તે જ રીતે સત્પુરુષો સમૃદ્ધિ આવતાં વિવેકી રહે છે અને પરોપકારી સ્વભાવવાળા બને છે. ઉત્તમભાઈ અને એમના પરિવારે આજે કરોડો રૂપિયાનું દાન આરોગ્ય, ધર્મઆરાધના અને શિક્ષણના ક્ષેત્રમાં કર્યું છે.

સમાજના કોઈ એક સીમિત ક્ષેત્રમાં દાનનો પ્રવાહ વહેવડાવવાને બદલે ઉત્તમભાઈએ સમાજનાં તમામ જરૂરી ક્ષેત્રોમાં દાન કર્યું.

ઉત્તમભાઈ એમના ફિઝિશિયન ડૉ. ધીરેન મહેતાને કહેતા કે મારે સમાજનાં કામો માટે વધુ જીવવું છે. જે કાર્યો કરવાનો વિચાર કર્યો છે, તે પૂર્ણ કરવાં છે. એમનાં કાર્યોની કલ્પનામાં ફાર્મસી કૉલેજની સ્થાપના, અમદાવાદની જીવરાજ મહેતા હૉસ્પિટલની બાજુમાં સાઇકિયાટ્રિક હૉસ્પિટલ, એલ. જી. હૉસ્પિટલ સાથે રહીને મેડિકલ કૉલેજ અને એઇડ્ઝની હૉસ્પિટલ – એવાં કેટલાંય સ્વપ્નો ઉત્તમભાઈના મનમાં ગુંજતા હતા. સિવિલ હૉસ્પિટલના ઓનરરી એસોસિએટ પ્રોફેસર ઑફ મૅડિસીન અને મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના સભ્ય ડૉ. આર. કે. પટેલના માનવા મુજબ છેલ્લાં વર્ષોમાં ઉત્તમભાઈના મનમાં સદ્કાર્યો કરવાની ભૂખ ઊઘડી હતી.

ઉત્તમભાઈનું એક સ્વપ્ન હતું કે અમદાવાદમાં એક હાર્ટ હૉસ્પિટલ બનાવવી. વર્ષોથી એમના ચિત્તમાં આ વાત ગુંજતી હતી. આનું કારણ એ કે સામાન્ય માનવીને છેક મુંબઈ કે મદ્રાસ જઈને એન્જિયોગ્રાફી, એન્જિયોપ્લાસ્ટી અને બાય-પાસ કરાવવી પડતી હતી.

તેઓ કહેતા કે હાર્ટ-ઍટેક માત્ર શ્રીમંતને જ થતો રોગ નથી. મધ્યમ વર્ગના અને સામાન્ય લોકો પણ એનો ભોગ બને છે. આવી એકાદ મુશ્કેલી આવે અને માણસની જિંદગીભરની આવક તણાઈ જાય અને વધારામાં કુટુંબને માથે દેવાનો ડુંગર ઊભો થઈ જાય.

આ બાબત અંગે તેઓ વર્ષોથી વિચાર કરતા હતા. હૉસ્પિટલ માટે જુદી જુદી જમીન જોતા હતા, યોજનાઓ ઘડતા હતા. એમને એવી હૉસ્પિટલ કરવી હતી કે ગરીબ માણસને રાહતના દરે અથવા તો વિના મૂલ્યે સારવાર મળે.

ગરીબાઈ અને આર્થિક મૂંઝવણનો ઉત્તમભાઈને સાક્ષાત્ અનુભવ હતો. અઢળક સમૃદ્ધિ પામ્યા તેમ છતાં ગરીબાઈની વાસ્તવિકતાને ભૂલ્યા નહોતા. આને કારણે એમણે અમદાવાદમાં શ્રી યુ. એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયૉલૉજી ઍન્ડ રિસર્ચ સેન્ટરની સ્થાપના માટે ભગીરથ પ્રયત્નો શરૂ કર્યા. ૧૯૯૭ની ૧૨મી ઑક્ટોબરે એના ભાગ રૂપે અમદાવાદની સિવિલ હૉસ્પિટલના પટાંગણમાં યુ. એન. મહેતા હાર્ટ હૉસ્પિટલનું ઉદ્‌ઘાટન થયું. બીજાં મહાનગરોના મુકાબલે મહાનગર અમદાવાદ સ્વાસ્થ્ય-સંભાળની સગવડોનો વિકાસ અને આધુનિકીકરણ સાથે તાલ મિલાવી શક્યું નહોતું. આને પરિણામે એક રિસર્ચ અને મેડિકલ ઇન્સ્ટિટ્યૂટની જરૂર હતી. એમાં પણ વિશેષે કાર્ડિયો-વાસ્ક્યુલર બીમારીઓ માટેની અદ્યતન સુવિધાઓ અને આધુનિક નિદાન પદ્ધતિથી સુસજ્જ એવી હાર્ટ હૉસ્પિટલની ખોટ હતી અને તે ખોટ શ્રી યુ. એન. મહેતાની સ્વપ્નસિદ્ધિ દ્વારા પુરાઈ.

આ ઇન્સ્ટિટ્યૂટમાં ઓપન હાર્ટ સર્જરી, કોન્જેનિટલ હાર્ટ ડિફેક્ટ્સ દૂર કરવી, હૃદયના વાલ્વ બદલવા, કોરોનરી આર્ટરી બાયપાસ સર્જરી અને ઇન્ટ્રાકાર્ડિયાક ટ્યૂમર્સ દૂર કરવી, કાર્ડિયાક કેથેટેરાઇઝેશન્સ, કોરોનરી એન્જિયોગ્રાફી, પેરિફેરલ એન્જિયોગ્રાફી, પેરિફેરલ એન્જિયોપ્લાસ્ટી, બલૂન વાલ્વૂલોપ્લાસ્ટી, કોરોનરી એન્જિયોપ્લાસ્ટી, કૉરોનરી સ્ટેન્ટ્સ, પર્મેનન્ટ કાર્ડિયાક પેસિંગ અને બીજા અનેક ઇલાજો / નિવારક વિધિઓ જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવી.

બલૂન મિટ્રલ વાલ્વૂલોપ્લાસ્ટી, પી.ટી.સી.એ. અને સ્ટેન્ટ્સ પ્રકારના ઇલાજો માટે આ ઇન્સ્ટિટ્યૂટ દેશનાં ઉત્તમ કેન્દ્રોમાંના એક તરીકે માન્ય બની છે. અન્ય આધુનિક સારવારો રોટેશનલ એથેરેક્ટોમી, પર્ક્યુટેનીયસ પી.ડી.એ. ક્લોજર વગેરેનો સમાવેશ થાય છે.

હૉસ્પિટલના ઉદ્‌ઘાટન સમારંભના પ્રમુખપદે આ સમયના ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલા હતા; તેમજ માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડૉ. અનિલ જોશિયારા તથા માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી શ્રી કે. સી. પટેલ તથા મુખ્ય સચિવ શ્રી એલ. એન. એસ. મુકુન્દન ઉપસ્થિત હતા.

આ હાર્ટ હૉસ્પિટલ સ્થાપવામાં શ્રી યુ. એન. મહેતા અને ગુજરાત ખનિજ

વિકાસ નિગમ લિમિટેડે કરેલા માનવતાવાદી પ્રયત્નોને બિરદાવતાં શ્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું કે રાજ્યના કલ્યાણ માટે સરકાર અને ખાનગી ક્ષેત્રના સંયોજનનું એક ઉત્તમ ઉદાહરણ આ હૉસ્પિટલ બની છે. હાર્ટ હૉસ્પિટલની સ્થાપના બાબતે પોતાનો સંતોષ વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે આ હૉસ્પિટલ રાજ્યના લોકોને હૃદય-સંભાળની ખૂબજ જરૂરી એવી સુવિધાઓ પૂરી પાડવામાં ખૂબ જ ઉપયોગી પુરવાર થઈ પડશે.

શ્રી યુ. એન. મહેતાએ આ હૉસ્પિટલને માટે માતબર રકમનું દાન કર્યું હતું. આમાં નોંધપાત્ર બાબત એ હતી કે જે સમયે આવી સંસ્થાઓને દાન આપીને મદદ કરવા ભાગ્યે જ કોઈ તૈયાર થતું એ સમયે શ્રી યુ. એન. મહેતા ચેરિટેબલ ટ્રસ્ટે આ પડકાર ઝીલી લીધો હતો, જેને એ પછી ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કૉર્પોરેશને પણ ઉદાર સખાવત આપી. આ પ્રસંગે નાદુરસ્ત તબિયત હોવા છતાં શ્રી યુ. એન. મહેતાએ આપેલું વક્તવ્ય ઘણું નોંધપાત્ર બની રહ્યું. એમણે સન્માન પ્રતિભાવમાં કહ્યું,

"આ ઇન્સ્ટિટ્યૂટ કે પછી કોઈ પણ સામાજિક પ્રવૃત્તિમાં મારો રસ નાણાં દાનમાં આપવા માત્રથી પૂરો નથી થઈ જતો, મારો રસ એથી પણ વિશેષ હોય છે. સંસ્થાનાં વિકાસ અને પ્રગતિમાં સહભાગી રહેવાનું અને તે અંગે પ્રતિબદ્ધ રહેવાનું મને ગમે છે. હું આ ઇન્સ્ટિટ્યૂટને ગુજરાતની કે પશ્ચિમ ભારતની મહત્ત્વની અગ્રણી ઇન્સ્ટિટ્યૂટ રૂપે જોવા માગું છું. અને તેથી પણ વધુ, કાર્ડિયૉલોજીમાં સારવાર અને સંશોધન એમ બંને રીતે આ ઇન્સ્ટિટ્યૂટ દુનિયાભરમાં ઉત્કૃષ્ટતા હાંસલ કરે તે જોવા હું ઇચ્છું છું. આ મારું સ્વપ્ન છે અને મને ખાતરી છે કે તમારું સ્વપ્ન પણ આ હશે જ. ઇન્સ્ટિટ્યૂટના ડૉક્ટરો, સ્ટાફ અને મેનેજમેન્ટની વ્યાવસાયિક પ્રતિબદ્ધતા અને સમર્પિતતાથી આ સપનું હકીકત બની શકે તેમ છે અને બનશે જ એવી મને ખાતરી છે. એક મહાન સંસ્થા ઘડવાના આ સાહસમાં જોડાવાનું અને તેમાં સહભાગી બનવાનું મને ગમશે."

એમણે આ સમયે પોતાની ભાવના પ્રગટ કરતાં કહ્યું, "મારી ઔદ્યોગિક કારકિર્દી દરમ્યાન બે બાબતોને મહત્ત્વની ગણી છે. એક તો એ કે એવો ઉદ્યોગ કરવો કે જે મારે માટે પડકારરૂપ હોય અને બીજી બાબત એ કે એ ઉદ્યોગ સમાજ માટે અતિ અગત્યનો હોય. મારી આજીવિકા માટે હું અન્ય ઉદ્યોગ પસંદ કરી શક્યો હોત પણ એ વિકલ્પોનાં દ્વાર મેં બંધ રાખ્યાં. આરોગ્યલક્ષી ઉદ્યોગો મારા માટે પડકારરૂપ અને ભારત જેવા વિકાસશીલ દેશને માટે અતિ અગત્યના ગણાય. આ ઉદ્યોગોએ મારા ધૈર્યની અને મારી શ્રદ્ધાની – બંનેની અગ્નિપરીક્ષા કરી છે. સમય જતાં આરોગ્યસંભાળના ઉદ્યોગોને કારણે મારા રસની ક્ષિતિજો

દવાના ઉત્પાદન અને વેચાણની પ્રવૃત્તિથી ઘણી વિશાળ અને વિસ્તૃત બની. ડૉક્ટરી સારવાર અને ફાર્મસીના શિક્ષણ સુધી એનો વ્યાપ થયો."

આ પ્રસંગે ઉત્તમભાઈએ ભૂતકાળમાં ડોકિયું કરતાં અને જીવનની ધન્યતા અનુભવતાં કહ્યું, "મારાં વીતેલાં વર્ષો પર નજર માંડું છું ત્યારે મારા વ્યવસાયમાં મળેલી તમામ સફળતાઓ માટે સમાજ પ્રત્યે ઋણભાવ અનુભવું છું. આ સમાજે આટલાં વર્ષો સુધી મને હૂંફ અને લાભ આપ્યાં છે, તેમાંથી ઋણમુક્ત થવાનો આજે મારા માટે સમય આવ્યો છે. પોતાની જાતને આવા ઋણમાંથી મુક્ત કરવાનો સરળ રસ્તો એ સમાજકલ્યાણનાં કાર્યોમાં દાન આપવાનો છે. વેપારમાં મેં ક્યારેય સરળ માર્ગ લીધો નથી. એ જ રીતે સામાજિક કાર્ય અને સામાજિક પ્રવૃત્તિઓમાં હું આવો માર્ગ લેવા ચાહતો નથી. સમાજોપયોગી સંસ્થાઓના વિકાસમાં મારે ભાગીદારી કરવી છે અને આજે યુ. એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયૉલોજી ઍન્ડ રિસર્ચ સેન્ટર દ્વારા સક્રિય ભાગીદારીની તક સાંપડી છે. મારું કુટુંબ અને ટોરેન્ટ પરિવાર પ્રતિબદ્ધતા, સમર્પણશીલતા અને જાત ખૂંપાવીને સામાજિક સંસ્થાઓની ઉત્કૃષ્ટતા સાધવાના કાર્યમાં મને સહયોગ આપશે."

આ રીતે શ્રી યુ. એન. મહેતાએ માત્ર દાન આપીને છૂટી જવાને બદલે એ દાન યોગ્ય રીતે ઊગી નીકળે તેવી તેમની વિશિષ્ટ ભાવના વ્યક્ત કરી. માત્ર સંસ્થાઓ સ્થાપીને એમાંથી વેગળા રહેવાને બદલે એ સંસ્થાને સર્વ પ્રકારે વધુ સમૃદ્ધ કરી સમાજોપયોગી બનાવવાની એમની આગવી ભાવના સહુના હૃદયમાં ગુંજવા લાગી.

તીર્થાધિરાજ શત્રુંજયના વિકાસ માટે, અમદાવાદ મૅનેજમેન્ટ એસોસિએશનના મકાન માટે અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ગ્રંથ પ્રકાશન માટે ઉદાર સખાવત કરી.

ઉત્તમભાઈએ એમના કૉલેજકાળમાં મુંબઈમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં રહીને અભ્યાસ કર્યો. એ સંસ્થાનું ઋણ કઈ રીતે અદા કરી શકાય ? આ સંસ્થા ન હોત તો મુંબઈમાં રહીને શ્રી ઉત્તમભાઈ અભ્યાસ કરી શક્યા ન હોત. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના પ્રેરક યુગદર્શી આચાર્ય વિજયવલ્લભસૂરિજીની એક કલ્પના હતી કે જેમ વિદ્યાર્થીઓ માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલય છે, એ જ રીતે વિદ્યાર્થિનીઓ માટે છાત્રાલયો હોવાં જોઈએ. તેઓશ્રી દૃઢપણે માનતા હતા કે કેળવણી પામેલા લોકો જ સમાજમાં મહત્ત્વનું યોગદાન કરી શકે.

યુગદર્શી આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિજીની પંચોતેર વર્ષ અગાઉ વ્યક્ત કરેલી એ ભાવના માત્ર કલ્પના રૂપે જ રહી હતી. અંતે એ ભાવનાને અમદાવાદમાં સૌપ્રથમ વાસ્તવિક આકાર સાંપડ્યો. ઉત્તમભાઈ અને શારદાબહેને અમદાવાદમાં

કન્યા છાત્રાલય માટે પહેલ કરી. આજે તો મહાવીર જૈન વિદ્યાલયનું અમદાવાદનું કન્યા છાત્રાલય કૉલેજમાં અભ્યાસ કરતી બહારની કન્યાઓ માટે સંસ્કારધામ બન્યું છે.

આજે ૭૫ વિદ્યાર્થિનીઓ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના કન્યા છાત્રાલયમાં અભ્યાસ કરી રહી છે. એની ઉપયોગિતા એટલી પુરવાર થઈ છે કે આવું એક બીજું છાત્રાલય અમદાવાદમાં થાય તો પૂરતી સંખ્યા મળી રહે. આ છાત્રાલયમાં બહેનોને ધાર્મિક સંસ્કાર સાથે જીવનઘડતરની તાલીમ આપવામાં આવે છે. અહીં અભ્યાસ કરતી બહેનો ચોવિહાર અને નૌકારશી કરતી હોય છે. અહીં ધાર્મિક પરીક્ષા લેવાય છે અને બહેનોને કોમ્પ્યૂટરની ખાસ તાલીમ પણ આપવામાં આવે છે. આજે એના પ્રમુખ તરીકે શ્રીમતી શારદાબહેન મહેતા સઘળી જવાબદારી સંભાળી રહ્યાં છે. ઉત્તમભાઈના પરમ મિત્ર શ્રી દીપચંદભાઈ ગાર્ડી અને ઉત્તમભાઈએ સાથે મળીને અનેક સેવાકાર્યોને સહાય આપી છે.

એમના દાનનો આરંભ શરૂઆતનાં વર્ષોમાં યોજાતી મેડિકલ કાઉન્સિલની કૉન્ફરન્સથી થયો. ૧૯૭૨માં પચીસમી ઑલ ઇન્ડિયા મેડિકલ કૉન્ફરન્સ યોજાવાની હતી. આ સમયે ડૉ. ઉમાકાન્ત પંડ્યાએ ઉત્તમભાઈને આર્થિક સહયોગ આપવા વિનંતી કરી અને ઉત્તમભાઈએ ઉમળકાભેર સાથ આપ્યો. શ્રીનગર અને કલકત્તા જેવાં શહેરોમાં યોજાયેલી મેડિકલ કૉન્ફરન્સના આયોજનમાં ઉત્તમભાઈએ ઉત્સાહભેર ભાગ લીધો, એટલું જ નહીં પણ આર્થિક સહયોગ પણ આપ્યો.

મેડિકલ સેમિનાર યોજવા માટે સ્પોન્સરશીપની જરૂર પડે. ઉત્તમભાઈએ આવા સેમિનાર યોજવામાં સદૈવ પીઠબળ અને આર્થિક બળ પૂરાં પાડ્યાં. માત્ર રકમ આપીને પોતાના કાર્યની ઇતિશ્રી માનતા નહીં, બલકે નિષ્ણાત અને નામાંકિત ડૉક્ટર પ્રવચન માટે આવે અને યોગ્ય આયોજન થાય, તેમાં પણ ઉત્સાહભેર ભાગ લેતા.

ઉત્તમભાઈની દાનવૃત્તિ વિશે શ્રી ચુનીલાલભાઈ જોશી કહે છે કે ઉત્તમભાઈએ દાન આપવામાં પાછું વળીને જોયું નથી. પોતાનું ગામ હોય કે સમાજ, સંસ્થા હોય કે હૉસ્પિટલ, ઉપાશ્રય હોય કે આરાધનાધામ – બધે જ એમણે સંપત્તિ વહાવી છે. ડૉ. ઉમાકાન્ત પંડ્યાને એમની દાનભાવનાની વિશેષતા એ જણાઈ કે સામાન્ય રીતે વ્યક્તિ ખૂબ કમાયા પછી ધીરે ધીરે થોડું થોડું દાન આપવાનો પ્રારંભ કરે છે. ઉત્તમભાઈએ તો પોતાની પાસે થોડીક સંપત્તિ એકત્રિત થઈ કે તરત જ પાલીતાણાનો છ દિવસનો ૧૮૦૦ ભાવિકો સાથેનો સંઘ કાઢ્યો હતો. મેમદપુરથી પાલીતાણાના છ દિવસના સંઘમાં ઉત્તમભાઈએ મોકળે મને સંપત્તિનો સદ્વ્યય




મેમદપુરમાં સામુહિક આરોગ્યકેન્દ્ર




છાપીમાં હાઇસ્કૂલ




આંબલિયાસણમાં આરાધનાભુવન




છાપીમાં કુમાર-છાત્રાલય

કર્યો. પાલનપુરથી વીસ બસ મારફતે સહુ આવ્યાં. અમદાવાદથી ત્રણ બસ મારફતે અન્ય સગાંઓ આવ્યાં. પાલીતાણાની બનાસકાંઠા ધર્મશાળામાં એમણે ઉતારો રાખ્યો હતો. એમણે સહુને પંચતીર્થી કરાવી હતી. એક વિશિષ્ટ પ્રકારની ધર્મભાવનાનો અનુભવ થયો. આ સંઘમાં એકે વસ્તુ ખૂટી નહીં. બીમાર પડવાની વાત તો દૂર રહી પણ કોઈનું માથું પણ દુખ્યું નહીં. આ તો એમના શરૂઆતના દિવસોની વાત છે.

એક વાર વડગામમાં ઉત્તમભાઈની શ્રી દોલતભાઈ પરમાર સાથે મુલાકાત થઈ. દોલતભાઈની ઇચ્છા વડગામના સરકારી દવાખાનાનો વિકાસ કરવાની હતી અને તે માટે સાતેક લાખ રૂપિયાના દાનની આવશ્યકતા હતી. તેઓ ઉત્તમભાઈને મળ્યા, ત્યારે ઉત્તમભાઈએ કહ્યું કે સાતના બદલે સત્તર લાખ આપું, પણ કાં તો એ સરકારી દવાખાનું આપ મારા જન્મસ્થળ મેમદપુરમાં બનાવો અથવા તો જીવનના પ્રારંભકાળમાં રહ્યો હતો એવા છાપીમાં બનાવો. પોતાની ધરતીની ધૂળ તરફ એમના દિલમાં ખૂબ મમત્વ હતું.

સામાન્ય રીતે એક સરકારી દવાખાનું હોય તેના પાંચ કિલોમીટરના વિસ્તારમાં બીજું સરકારી દવાખાનું ખોલવાની પરવાનગી મળતી નથી. ઉત્તમભાઈએ સરકાર સાથે લાંબી ચર્ચા કરીને મેમદપુરમાં દવાખાનું કરવાનું નક્કી કર્યું. આરોગ્ય મંત્રીશ્રી વલ્લભભાઈ પટેલ અને ગુજરાતના લોકલાડીલા નેતા શ્રી બાબુભાઈ વાસણવાળાએ આ આયોજનમાં સરકારપક્ષે પૂર્ણ સાથ આપ્યો. સારું એવું દાન આપીને અનેક પ્રકારની ચિકિત્સા આપતી ત્રીસ 'બેડ' ધરાવતી હૉસ્પિટલ મેમદપુરમાં કરી આપી. 'માતુશ્રી કંકુબહેન નાથાભાઈ અને શ્રીમતી શારદાબહેન મહેતા સામૂહિક આરોગ્ય કેન્દ્ર' એવું નામાભિધાન કર્યું. આ પ્રસંગે ઘરદીઠ થાળી, વાડકો, લોટો જેવાં ઉપયોગી વાસણ અને મીઠાઈ આપ્યાં હતાં.

મેમદપુરમાં ધાર્મિક પ્રસંગે તપસ્વીઓને પ્રભાવના રૂપે સોનાનો અછોડો અને ગૃહઉપયોગી વસ્તુઓ આપી હતી. સામાન્ય રીતે આવા પ્રસંગોએ એક વાર સાધર્મિક વાત્સલ્ય યોજીને જમાડવામાં આવે છે, પણ તેને બદલે ઉત્તમભાઈ અને શારદાબહેને સિદ્ધિતપના તપસ્વીઓના તપની આ રીતે અનુમોદના કરી હતી.

બનાસકાંઠાની પ્રજા પ્રત્યેની ઉત્તમભાઈની ઊંડી ચાહનાનો અનુભવ પાલનપુરના ડૉ. પ્રવીણભાઈ મણિલાલ મહેતાને સદૈવ થતો રહ્યો છે. તેઓ કહે છે કે બનાસકાંઠા જિલ્લા અંગેની કોઈ પણ યોજના વ્યવસ્થિત ઢંગથી ઉત્તમભાઈ પાસે મૂકવામાં આવે, તો તેઓ સહાયમાં પાછી પાની કરતા નહીં.

મેમદપુરની પાઠશાળાના મકાનમાં મકાનની મરામત માટે તેમજ મેમદપુરની મુક્તિવિહાર વાડીમાં ઉત્તમભાઈએ દાન આપ્યું. છાપીમાં હાઈસ્કૂલ, છાત્રાલય

અને ઉપાશ્રયમાં માતબર રકમનો આર્થિક સહયોગ આપ્યો. છાપીના સ્મશાનમાં મૃતદેહને ખુલ્લામાં બાળવામાં આવતા હતા. આને કારણે ચોમાસામાં પારાવાર મુશ્કેલી પડતી હતી. એમણે સ્મશાનગૃહમાં ઓરડી બંધાવી આપી અને બળતણ માટેનાં લાકડાંની વ્યવસ્થા પણ કરી આપી.

પાલનપુરમાં ઝવેરી મંગળજી વિમળશી ડિસ્પેન્સરી સેન્ટરમાં મોટી રકમનું દાન કર્યું. લાંભામાં આર્થિક રીતે સંકડામણ ભોગવતી વ્યક્તિઓ માટે ઉત્તમભાઈએ સદ્‌ભાવના ચૅરિટેબલ ટ્રસ્ટને પાંચ લાખ રૂપિયા જેટલી રકમ આપી.

આજથી ૨૫ વર્ષ પહેલાં એક ભાડાના મકાનમાં અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન કાર્ય કરતી હતી. ૧૯૮૯-'૯૦માં અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનનું પોતાનું મકાન કરવાની વાત થઈ. આ સમયે એ.ઈ.સી.ના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી ચીનુભાઈ શાહ, બિલ્ડિંગ કમિટીના ચેરમેન હતા. એમણે સંસ્થાના મકાનને માટે પાંચથી સાત લાખ રૂપિયાનું ડોનેશન લાવી આપવાની વાત કરી. શ્રી ચીનુભાઈ શાહ ઉત્તમભાઈને મળ્યા અને અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનના મકાન અંગે વાત કરી. ઉત્તમભાઈએ સ્વીકાર્યું કે આ સંસ્થા સારું કામ કરે છે અને એને દાન આપવામાં પોતે રાજી છે. એમના મનમાં વાત બરાબર ઠસી ગઈ હતી, આથી એમણે ૧૯૮૯માં સારી એવી રકમ દાનમાં આપી.

એ સમયે આવા કાર્ય માટે આટલી મોટી રકમ આપનારી વ્યક્તિઓ મળવી મુશ્કેલ હતી. ઉત્તમભાઈએ આની પહેલ કરી. એના ભૂમિપૂજનના કાર્યક્રમમાં ગુજરાતના રાજ્યપાલશ્રીએ ઉત્તમભાઈની ઉદારતાની પ્રશંસા કરતાં કહ્યું કે આ સંસ્થાને હજી થોડી વધુ મદદની જરૂર છે. ત્યારે ઉત્તમભાઈએ એના પ્રત્યુત્તરમાં વધુ રકમ આપવાનું જાહેર કર્યું હતું. સમય જતાં ટોરેન્ટ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન સેન્ટરનો વિકાસ થયો. ઘણી વ્યક્તિઓનું માનવું છે કે આની પાછળ ઉત્તમભાઈનો પુણ્યશાળી હાથ અડ્યો હોવાથી એનો ભાગ્યોદય થયો છે. આવી જ માન્યતા અમદાવાદ ધરણીધર દેરાસર બાબત અંગે પણ જોવા મળે છે. એનું ખાતમુહૂર્ત ઉત્તમભાઈ જેવી પુણ્યશાળી વ્યક્તિએ કર્યું હતું અને એથી જ આ જિનાલય અત્યંત જાણીતું દેરાસર બન્યું તેમ કેટલાક માને છે. એક સમયે ઉત્તમભાઈ દિવાળીએ એમને મળવા આવનારને કવરમાં અગિયાર રૂપિયા આપતા હતા. આજે ઉત્તમભાઈ પાસેથી આશીર્વાદ રૂપે મળેલું લીલા રંગનું કવર શ્રી ચીનુભાઈ શાહે જાળવી રાખ્યું છે.

ઉત્તમભાઈએ અજેટા (એસોસિએશન ઑફ ગવર્નમેન્ટ એમ્પ્લોઇઝ)ને ટેનિસની






દાનનું સમર્પણ, આવાસનું અર્પણ

રમત માટે મદદ કરી હતી. એ પછી તેઓ આ સંસ્થા આયોજિત ટેનિસ સ્પર્ધામાં રસ પણ લેતા હતા અને આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા હોય તો તે જોવા પણ જતા હતા.

નવસારીમાં "સમર્પણ ફ્લૅટ"ના સર્જન દ્વારા સમાજસેવાનો નવો ચીલો ચાતરી આપ્યો. નવસારીમાં ઘરભાડાં ઘણાં મોંઘાં હતાં. એક હજાર રૂપિયાનું ભાડું ભરવાની સામાન્ય માણસની શક્તિ ક્યાંથી હોય ? આથી સારી એવી રકમ આપીને નવસારી શહેરના સુઘડ વિસ્તારમાં બે મોટા પ્લૉટ ખરીદી લીધા. અને આર્થિક સંકાડામણ અનુભવતાં કુટુંબોને આવાસ આપવાનું આયોજન કર્યું. માનવીને રોટલો મળવો સરળ હતો, પણ ઓટલાનો સવાલ મૂંઝવનારો હતો. આ સમયે ફ્લૅટ બનાવીને માનવસહાય કરવાની નવીન પ્રણાલિકા સર્જવાનું ઉત્તમભાઈએ નક્કી કર્યું. આ માટે જગા લેવાઈ ગઈ. ત્રીસ ફ્લૅટોનું બાંધકામ કરવાનું નક્કી થયું.

એવામાં એવું સૂચન થયું કે ફ્લૅટના મકાન પર ટાંકી બાંધવાની છે. આ ટાંકી બંધાઈ ગયા પછી એના પર માળ નહીં બાંધી શકાય. અત્યારે એક માળ બાંધી દો તો દસ રૂમ વધી જશે. ઉત્તમભાઈ અને શારદાબહેન આ સૂચન સાથે સંમત થયાં અને આમ કુલ ચાલીસ ફ્લૅટ બાંધવામાં આવ્યા. આ ફ્લૅટમાં ઉત્તમભાઈ ઝીણામાં ઝીણી વિગતનો ખ્યાલ રાખતા હતા. રેતીનો ભાવ તથા ઈંટનો ભાવ શું ચાલે છે તે ઉત્તમભાઈ ચકાસતા હતા. કોઈ પણ જાતનું ભાડું લીધા વિના એ વ્યક્તિ સુખી ન થાય ત્યાં સુધી એને આ ફ્લૅટ આપવામાં આવ્યા. માત્ર અનાજ, કપડાં કે જમણ આપીને સામાન્ય ગરીબ માનવીઓને સહાય કરવાની ઇતિશ્રી માની લેતા સમાજને દર્શાવ્યું કે માનવીના જીવનને સદાય ટેકો આપે તેવી સહાયની જરૂર છે. જીવનના સૌંદર્ય વિશે એક અંગ્રેજી કાવ્યમાં કહ્યું છે :

Beautiful faces are they that wear
The light of a pleasant spirit there;
Beautiful hands are they that do
Deeds that are noble, good and true;
Beautiful feet are they that go
Swiftly to lighten another's woe.

દાન આપતી વખતે ઉત્તમભાઈ પૂર્ણપણે વિચાર કરતા હતા. એકાએક નિર્ણય કરતા નહીં. એનાં બધાં પાસાંની તપાસ કરતા જરૂર લાગે ચર્ચા કરતા. પહેલે ધડાકે 'હા' કે 'ના' કહે નહીં. એમના સ્નેહી ડૉ. કે. એચ. મહેતાએ એમની દાનવૃત્તિ વિશે કહ્યું –

"દાનનું તો તેમને વ્યસન થઈ પડ્યું હતું. યોગ્ય જગાએ તેમના દાનનો અવિરત પ્રવાહ વહેતો રહ્યો છે."

ઉદાર સખાવત એ એમના જીવનનું શ્રેષ્ઠ કાર્ય ગણાય, પરંતુ સખાવત આપતાં પહેલાં તેની પૂરેપૂરી ચકાસણી કરવી અને પછી જ દાન આપવું એ એમની આગવી લાક્ષણિકતા ગણાય.

દસ રૂપિયાનું દાન આપવાનું હોય કે દસ લાખ રૂપિયાનું – પરંતુ સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ દાન આપવું એ બાબત એ એમના બુદ્ધિચાતુર્યમાં એક પીંછું ઉમેરતી લાગે છે.

એમની મહત્ત્વની સખાવતોની એક ઝલક જોઈએ. યુ. એન. મહેતા પરિવાર દ્વારા થયેલા દાન પર દૃષ્ટિપાત કરીએ.

● અમદાવાદમાં સિવિલ હૉસ્પિટલમાં સ્થપાયેલું યુ. એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયૉલોજી ઍન્ડ રિસર્ચ સેન્ટર માટે માતબર રકમનું દાન.

● પોતાના જન્મસ્થાન મેમદપુરમાં કંકુબહેન નાથાલાલ મહેતા અને શારદાબહેન ઉત્તમભાઈ મહેતા કોમ્યુનિટી હેલ્થ સેન્ટર માટે માતબર રકમનું દાન. આ દાન જમીન, મકાન અને આરોગ્યકેન્દ્ર માટેનાં સાધનો ઉપરાંત સમાજના નબળા વર્ગોને રાહતદરે આરોગ્ય સુવિધા સાંપડે તે માટે અપાયેલું છે.

● જીવરાજ મહેતા સ્મારક હેલ્થ ફાઉન્ડેશનને દાન.

● અમદાવાદના કિડની ઍન્ડ રિસર્ચ સેન્ટર, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, જેમાં અમદાવાદના શ્રી મહાવીર જૈન કન્યા-છાત્રાલયનો પણ સમાવેશ થાય છે.

● નવસારીમાં સમર્પણ ફ્લૅટના બાંધકામ અને જાળવણી માટે માતબર રકમનું દાન.

● શ્રી આણંદજી કલ્યાણજી પેઢીને દાન.

● પાલનપુરના ઝવેરી મંગલજી વિમળશી ડિસ્પેન્સરી સેન્ટરમાં વિસ્તારના લોકોને માટે આરોગ્યની સુવિધાઓ પૂરી પાડવા દાન.

● અમદાવાદમાં મેનેજમેન્ટ એસોસિએશનને મેનેજમેન્ટ ક્ષેત્રે વિકાસ સાધવા માટે નવા મેનેજમેન્ટ સેન્ટરના મકાન માટે દાન.





તીર્થાધિરાજ શ્રી શત્રુંજયનો સંઘ





છાપીમાં ધજાદંડ ચડાવવાનો ધર્મોત્સવ





અમદાવાદના ધરણીધર જિનાલયના ખાતમુહૂર્ત પ્રસંગે

● તપોવન સંસ્કારપીઠ માટે માતબર રકમનું દાન.

● ટોરેન્ટ દ્વારા દત્તક લેવાયેલો પરિમલ ગાર્ડન.

● નજીકના ભવિષ્યમાં યુ. એન. મહેતા કૉલેજ ઑફ ફાર્મસી ઍન્ડ રિસર્ચ સેન્ટરના અન્વયે અમદાવાદમાં સાઠ વિદ્યાર્થીઓની ક્ષમતા ધરાવતી ફાર્મસી કૉલેજ કરવી. સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓને લક્ષમાં લેતાં ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓને શૈક્ષણિક સુવિધા પ્રાપ્ત થશે અને એમાં હૉસ્ટેલનું પણ આયોજન થશે.

ઉત્તમભાઈએ જીવનની ગુણગાથાને માનવીય કરુણામાં પરિવર્તિત કરી દીધી. પોતાની વેદનાના અનુભવોનો ઉપયોગ બીજાની આંખનાં આંસુ દૂર કરવામાં કર્યો. ખલિલ જિબ્રાનની એક પંક્તિ છે કે પરમાત્માની નજીક જવું હોય તો માનવીની નજીક આવો.

આવા માનવીની જરૂરિયાતો સંતોષવાનું મહાકાર્ય ઉત્તમભાઈએ કર્યું અને એ રીતે પોતાના સામાજિક ઋણમાંથી મુક્ત બન્યા. એમના સામાજિક કાર્યોમાં શ્રી રમણીકભાઈ અને શ્રીમતી સુશીલાબહેન સાથેનો સંબંધ ફળીભૂત થયો. બંને પરસ્પરનાં સેવાકાર્યોમાં એકબીજાને સાથ આપતાં હતાં.

ઉત્તમભાઈના દાનપ્રવાહનું સ્મરણ કરીએ ત્યારે એમના બે નિકટના મિત્રો યાદ આવે. તે છે શ્રી દીપચંદભાઈ ગાર્ડી અને શ્રી મફતભાઈ મહેતા. આ બંને સાથે પાછળનાં થોડાં વર્ષોમાં જ તેઓને ગાઢ ઓળખાણ થઈ હતી, પરંતુ આ બંને જાણે વર્ષોથી પરિચિત હોય એવો ઉત્તમભાઈનો અનુભવ હતો. આ બંનેની મૈત્રી વ્યવસાયી સંબંધને કારણે નહીં, પરંતુ માત્ર સમાજનાં શુભ કાર્યો કરવા માટે થઈ હતી.

શ્રી દીપચંદભાઈએ એમની મૌલિક કુનેહથી ઉત્તમભાઈને વધુ ને વધુ દાન કરવા માટે પ્રેરણા પણ આપી હતી. બીજા લોકો એમ કહે કે અમારાં આ સામાજિક કાર્યોમાં તેને આર્થિક સહાય આપો, ત્યારે શ્રી દીપચંદભાઈ ગાર્ડીની રીત સાવ ભિન્ન છે. તેઓ કહે કે મેં આ શુભ કાર્યમાં આટલી રકમ આપી છે તમને યોગ્ય લાગે તો એમાં આટલી રકમ આપો અને એમની સાથે ઉત્તમભાઈએ અનેક ક્ષેત્રોમાં દાન કર્યું. બંને મળે એટલે નવાં નવાં સામાજિક કાર્યો હાથ ધરે. છેલ્લાં બે વર્ષમાં તો એક દસકામાં થાય એટલાં સેવાકાર્યો ઉત્તમભાઈએ કર્યાં. આને પરિણામે શ્રી મહાવીર જૈન વિદ્યાલયનું કન્યાછાત્રાલય થયું અને બીજી



સત્કર્મોની આનંદભરી મૈત્રી શ્રી દીપચંદભાઈ ગાર્ડી સાથે

અનેક પ્રવૃત્તિઓ ખીલી ઊઠી. પોતાના પ્રસંગોમાં ઉત્તમભાઈ દીપચંદભાઈ અને મફતભાઈને હંમેશાં સાથે જ રાખે. શ્રી મફતલાલ મહેતા(મફતકાકા)ની કાર્યશક્તિ અને પત્રનો તત્કાળ પ્રત્યુત્તર આપવાની કુનેહ જોઈને ઉત્તમભાઈને હંમેશાં આશ્ચર્ય થતું. શ્રી મફતકાકા પણ એમને પાલનપુર સમાજના "હીરા" તરીકે ઓળખાવતા હતા.

❑

## ૨૪

# એ મરદોને રંગ

If I can stop one heart from breaking,
I shall not live in vain;
If I can ease one life the aching,
Or cool one pain;
Or help one fainting robin
Unto his nest again;
I shall not live in vain.

**એ**મિલી ડિકિન્સ(૧૮૭૦-૧૮૮૬)ની આ ભાવનાનો ગુંજારવ ઉત્તમભાઈના હૃદયમાં સતત ગુંજતો હતો. જીવનના ઉષાકાળમાં કારમી ગરીબીનો અનુભવ કરનાર માનવીની અમીરાઈ ત્રણ પ્રકારના ઘાટ ધારણ કરે છે. આર્થિક ગરીબી અળગી થઈ હોવા છતાં એ જ ઓથાર હેઠળ કેટલાક જીવતા હોય છે. કેટલાક અમીર થયા પછી ગરીબ અને ગરીબાઈ તરફ ઘૃણા અને કટુતા ધરાવતા હોય છે. કેટલીક વ્યક્તિઓ પોતે અનુભવેલી દરિદ્રતાની વેદના હૃદયમાં સતત સંઘરીને આસપાસની દરિદ્રતા દૂર કરવા પ્રયાસ કરતા હોય છે.

જીવનમાં પોતે આકરી ગરીબીનો અનુભવ કર્યો હતો, તેથી ઉત્તમભાઈમાં ગરીબો તરફ જન્મજાત હમદર્દી જોવા મળતી હતી. પોતાનાં સેવાકાર્યોમાં પણ સામાન્ય માનવીઓને આર્થિક કે આરોગ્યલક્ષી સહાય મળે, તે ભાવના એમણે કેન્દ્રમાં રાખી હતી.

૧૯૮૮માં એમની સાથે કૌટુંબિક સંબંધ ધરાવતા શ્રી સુરેશભાઈ શાહના પિતાશ્રી ગુજરી ગયા. એમના પિતાનું બેસણું શરૂ થયું ત્યારથી માંડીને છેક અંત સુધી તેઓ બેઠા. એ સમયે એમણે સુરેશભાઈને હૂંફ આપી હતી કે તું ચિંતા કરીશ નહીં, તારી અમે બરાબર સંભાળ રાખીશું. એ દિવસથી આરંભીને જીવનપર્યંત ઉત્તમભાઈએ સુરેશભાઈને પોતાની પાસે જ રાખ્યા હતા. એમને કોઈ પણ જાતની આર્થિક મુશ્કેલી આવે નહીં એની પૂરેપૂરી ખેવના કરી હતી. તેમને માટે કામની ગોઠવણ કરી આપી હતી.

એક વાર ઉત્તમભાઈને ત્યાં રસોઈનું કામ કરતા મહારાજ ભોપાલસિંગની માતાને હૃદયની ગંભીર તકલીફ ઊભી થઈ. એમના પર હૃદયરોગનો હુમલો થયો હતો. ઉત્તમભાઈએ મહારાજની માતાને હૉસ્પિટલમાં દાખલ કરાવ્યાં. જરૂર લાગતાં બીજા કાર્ડિયોલૉજિસ્ટની સલાહ પણ લીધી. એટલું જ નહીં, પણ એનો સઘળો ખર્ચો પોતે ઉપાડી લીધો હતો. આ વાત ડૉ. રસિકલાલ પરીખ ક્યારેય ભૂલ્યા નહોતા.



'અકલ્પ્ય' જીવનયાત્રા

ક્યારેક કોઈ વ્યક્તિને ઠપકો આપવાનો પ્રસંગ ઊભો થતો, તો આ અઘરી સમસ્યા ઉકેલવાની ઉત્તમભાઈની આગવી પદ્ધતિ હતી. પહેલાં જે કહેવાનું હોય તે આડકતરી રીતે કહી દેતા હતા. પછી જો સામી વ્યક્તિ એ સમજે નહીં, તો સાવ સ્પષ્ટપણે વાત કરી દેતા હતા. સામી વ્યક્તિને નીચાપણાનો કે હલકા પડ્યાનો અનુભવ ન થાય તે રીતે પોતાની વાત કહેવાની ખૂબી ઉત્તમભાઈ પાસે હતી. બીજી બાજુ કશું ખોટું થતું હોય કે કોઈ લુચ્ચાઈ યા કુટિલતા દાખવતું હોય તો ઉત્તમભાઈનો પુણ્યપ્રકોપ પ્રજ્વળી ઊઠે. એ પુણ્યપ્રકોપ ડૉક્ટર સામે હોય, નેતા સામે હોય, વખત આવે પોતાના પરિવારનાં પરિચિતજનો સામે પણ હોય.

લોકોને સમજવાની ઉત્તમભાઈ પાસે વેધક દૃષ્ટિ હતી. તેઓ જનસામાન્ય વિશે હૂંફાળો આદર ધરાવતા હતા, એમની વાત સમજતા અને વિચારતા પણ ખરા. બધી જ વસ્તુને સર્વગ્રાહી રીતે જોયા, જાણ્યા અને વિચાર્યા પછી જ તેઓ નિર્ણય બાંધતા હતા.

ડૉ. ચંદ્રકાન્ત વકીલે કહ્યું, "ઉત્તમભાઈ બધાનું સાંભળે ખરા, પણ અંતે નિર્ણય તો પોતે જ લે. કોઈએ કોઈ વ્યક્તિ વિશે ભલામણ કરી હોય, તો પણ ઉત્તમભાઈ પોતાનું ધાર્યું જ કરે. એમાં ખાસ કરીને પોતાના વ્યવસાયની બાબતમાં તો એમણે નિષ્પક્ષ નીતિ-રીતિ અપનાવી હતી. જો કોઈ વ્યક્તિ એમની પાસે સ્વાર્થવૃત્તિ સાથે આવે તો કદાચ નિરાશ થાય. સંબંધોને તેઓ સ્વાર્થથી પર રાખતા હતા."

શ્રી કે. ડી. બુધ અઢાર વર્ષ સુધી ગુજરાત સરકારમાં ઘણો ઉચ્ચ હોદ્દો ધરાવતા હતા. ઉત્તમભાઈ સાથે એમને ઘણાં વર્ષોની મૈત્રી હતી, પરંતુ ક્યારેય શ્રી કે. ડી. બુધના સરકારી હોદ્દાનો લાભ લેવાનો વિચાર સુધ્ધાં એમણે કર્યો નહોતો. સવારે ફરવા નીકળે ત્યારે તેઓ સાથે ચાલતા હોય, પરંતુ 'ટોરેન્ટ'ની વાતનો કોઈ ઉલ્લેખ હોય નહીં. લાભ ખાટવાની કોઈ વૃત્તિ જ નહીં.

ઉત્તમભાઈના વ્યક્તિત્વનો સત્તર વર્ષથી પણ વધુ સમય સુધી અનુભવ કરનાર શ્રી પી. કે. લહેરીએ કહ્યું કે પહેલેથી જ એમની ઇચ્છા ટોરેન્ટનું ઔદ્યોગિક સામ્રાજ્ય કરવાની હતી. તેઓ સતત વિચારતા કે પરદેશથી જે દવાઓ આયાત કરવી પડે છે તેવી જ દવાઓ બનાવવી. એમના આચાર, વિચારમાં ધર્મનિષ્ઠા હતી, પણ અંધશ્રદ્ધા ક્યારેય જોવા ન મળે. સામી વ્યક્તિના ગુણની સારપ ઓળખીને એની યોગ્ય કદર કરતા હતા. વ્યક્તિ તરીકે ઉત્તમભાઈ શ્રી પી. કે. લહેરીને દૃઢાગ્રહી લાગ્યા. પોતે જે નક્કી કરે એમાં સહેજે બાંધછોડ કરતા નહીં કે એમાં કોઈ લાગણીને અવકાશ આપતા નહીં. એથીય વિશેષ અંગત સંબંધ અને અંગત હિતને સાવ જુદા રાખી શકતા. આના કારણે જ એમણે ક્યારેય ઉચ્ચ સરકારી હોદ્દો ધરાવનાર મૈત્રીનો પોતાના અંગત કાર્ય માટે ઉપયોગ કર્યો નથી.

એક વાર શ્રી પી. કે. લહેરી ઉદ્યોગ કમિશનર હતા ત્યારે એમને એમની કચેરીમાં શ્રી સમીરભાઈ મળી ગયા. સમીરભાઈને પૂછ્યું કે તેઓ શા કારણે આવ્યા છે, પણ સમીરભાઈએ કામ કહ્યું નહીં. કારણ કે ઉત્તમભાઈએ એમને જાતે જ કામ કરવા કહ્યું હતું. અને ખાસ તો અંગત સંબંધનો ઉપયોગ ન થાય એની તકેદારી રાખતા. પણ એ જ ઉત્તમભાઈ મિત્રો સાથે એટલી બધી આત્મીયતા ધરાવતા કે એક વર્ષ માટે શ્રી પી. કે. લહેરી લંડનમાં હતા તો લંડનમાં એમને ડાયરી અને કૅલેન્ડર મોકલ્યાં હતાં. એક વાર ઉત્તમભાઈ જેની સાથે લાગણીનો તંતુ બાંધતા એ પછી તેઓ ક્યારેય વિચારતા નહીં કે એ વ્યક્તિના સંબંધથી ફાયદો થાય એવું છે કે નહીં ? એ હોદ્દા પર હોય કે ન હોય પણ ઉત્તમભાઈનો સ્નેહ એવો જ રહેતો. આથી જ એક કરોડના ટર્નઓવરમાંથી કંપની ૨૦૦૦ કરોડના ટર્નઓવરે પહોંચી તેમ છતાં ઉત્તમભાઈની વૃત્તિ, પ્રવૃત્તિ કે વિચારધારામાં ક્યારેય કોઈ ફરક જોઈ શકાતો નહીં.

છેક અભ્યાસકાળથી ઉત્તમભાઈને વાચનમાં ઊંડો રસ હતો. કોઈ પણ વિષયમાં ઊંડા ઊતરવાની જિજ્ઞાસા એમના જીવનમાં પ્રતિબિંબિત થતી હતી. પોતાના વિષયોનો ઊંડો અભ્યાસ કરતા, ડૉક્ટરોને જરૂરી પુસ્તકો આપતા, મેડિકલ સાયન્સના અદ્યતન, મોંઘી કિંમતવાળાં સામયિકો મંગાવીને તેઓ અભ્યાસ કરતા હતા. બસ, ટ્રેન કે પ્લેનમાં મુસાફરી કરતા હોય, ત્યારે એમનું વાચન ચાલુ જ હોય. એમના વાચનના વિષયોમાં મુખ્યત્વે એમના વ્યવસાયના વિષયોનું વાચન હોય, તે પછી ધાર્મિક વાચન હોય. પોતાની કંપનીમાં એમણે સમૃદ્ધ પુસ્તકાલય ઊભું કર્યું હતું. અમદાવાદના ડૉ. સુમન શાહ જેવા નિષ્ણાત અને અભ્યાસી ડૉક્ટરોને પણ પોતાની પાસે આવેલાં ખૂબ મોંઘાં સામયિકો સ્નેહથી મોકલી આપતા હતા, જુદી જુદી શાખાના ડૉક્ટરોને એમના વિષયની જે છેલ્લામાં છેલ્લી માહિતી પોતાને મળી હોય તે પહોંચતી કરતા હતા.

પોતાના વ્યવસાયનો જ વિચાર કરવાની સંકુચિત મર્યાદામાં ઉત્તમભાઈ રહ્યા નહોતા. એમણે વ્યવસાયના વિકાસની સાથોસાથ એ વ્યવસાયની આસપાસ સંકળાયેલા સહુ કોઈનો વિચાર કર્યો હતો. એમણે મેડિકલ લાઇનના જુદા જુદા સેમિનારોમાં આર્થિક સહયોગ આપ્યો, તો બીજી બાજુ ડૉક્ટરોને એમના વિષય અંગે મદદરૂપ થવાનો પણ પ્રયાસ કર્યો. ઑલ ઇન્ડિયા સાઇકિયાટ્રિસ્ટ કૉન્ફરન્સમાં તેઓ જાતે હાજર રહેતા હતા. આ કૉન્ફરન્સમાં હાજર રહેવા છેક કલકત્તા સુધી ગયા હતા. તેઓની કંપની દ્વારા કોઈ કૉન્ફરન્સનું આયોજન થતું, ત્યારે એની ઝીણામાં ઝીણી વિગતોનો વિચાર કરતા હતા. એક અર્થમાં કહીએ તો આવી કોઈ કૉન્ફરન્સ હોય અથવા ઘેર કોઈ પ્રસંગ હોય, ઉત્તમભાઈ એના આયોજનમાં કોઈ કચાશ રાખે નહીં.

એમના જન્મદિનની ઉજવણી પ્રસંગે પાકિસ્તાનના વિખ્યાત ગઝલસમ્રાટ ગુલામઅલીનો કાર્યક્રમ રાખ્યો હતો. આ કાર્યક્રમમાં અનેક ક્ષેત્રના અગ્રણીઓની ઉપસ્થિતિ અજાતશત્રુ ઉત્તમભાઈના વિશાળ મિત્રવર્તુળ અને ઉદાર સ્નેહભાવનાનો પરિચય કરાવતી હતી.

અમદાવાદમાં ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનૉલૉજીના સમારોહ વખતે બ્રિટન ખાતેના ભારતીય હાઇકમિશનર અને જૈનદર્શનના ઊંડા અભ્યાસી ડૉ. એલ. એમ. સિંઘવી આવ્યા હતા, ત્યારે એમણે એમના અભિવાદનમાં ભવ્ય રીતે ભોજનસમારંભનું આયોજન કર્યું. અમેરિકાના પાંત્રીસ જેટલા જૈન-સેન્ટરોના ફેડરેશન 'જૈના'ના ભૂતપૂર્વ પ્રમુખ અને એમના સ્નેહી ડૉ. મણિલાલ મહેતા આવ્યા હોય કે પછી ચંદરયા ગ્રુપના ચૅરમેન શ્રી રતિભાઈ ચંદરયા આવ્યા હોય – એ બધા ઉત્તમભાઈનું આતિથ્ય અને એમની આત્મીયતા માણ્યા વિના રહે નહીં.

ઉત્તમભાઈના અંગત જીવનની ઘટનાઓમાં એમનાં બહેન ચંદનબહેનનું સ્મરણ કરવું પડે. ઉત્તમભાઈ પાલનપુરમાં અભ્યાસ કરતા હતા, ત્યારે પોતાનાં આ બહેનના ઘેર રહીને અભ્યાસ કર્યો હતો. ચંદનબહેન નાની વયે વિધવા થયાં. ઉત્તમભાઈએ પોતાનાં બહેનને જીવનભર જતનથી જાળવ્યાં. આમ છતાં ઉત્તમભાઈ કે શારદાબહેનના મુખેથી ક્યારેય એવા શબ્દો નીકળે નહીં કે, "અમે એમને જીવનભર જાળવ્યાં છે."

ઘરના કારોબારમાં ઉત્તમભાઈની વાતને જેટલું મહત્ત્વ અપાતું હતું એટલું જ મહત્ત્વ ચંદનબહેનને આપવામાં આવતું હતું. ઉત્તમભાઈ અહર્નિશ ધ્યાન રાખતા હતા કે બહેનને કોઈ તકલીફ ન પડે. ચંદનબહેનને ઇચ્છા થાય ત્યાં જઈને રહેવાની મોકળાશ હતી. ચંદનબહેન ક્યારેક અમદાવાદમાં રહેતા હતા તો ક્યારેક છાપી રહેવા જતા હતા. એમાંય વિશેષ તો ઉનાળાના વેકેશનમાં બહારથી બધા છોકરાઓ છાપી આવ્યા હોય એટલે ચંદનબહેન પણ છાપી રહેવા જતા. આ સમયે મહિનામાં બે-ત્રણ વખત એમને મળવા માટે ઉત્તમભાઈ છાપી જતા હતા. ઉત્તમભાઈ સ્વિટ્ઝર્લૅન્ડ હતા અને ચંદનબહેનનું ૧૯૯૪ની ૨૬મી મેના રોજ અણધાર્યું અવસાન થયું.

ઉત્તમભાઈને પોતાની બહેનના અવસાનનો ઊંડો આઘાત લાગ્યો હતો. એ સમયે જ્યારે કોઈ એમને ચંદનબહેનના અવસાન નિમિત્તે મળવા આવે ત્યારે એમની આંખમાંથી આંસુ સરી પડતાં હતાં. જીવનભર જે બહેનને જતનથી જાળવી હતી, એ જ બહેન પોતાની ગેરહાજરીમાં ચાલી ગઈ, એની ઉત્તમભાઈને



ભગિનીપ્રેમની ચંદનસુવાસ

અપાર વેદના થઈ હતી. પોતાની બહેનની પુણ્યસ્મૃતિમાં એમણે પૂજા ભણાવી અને એક ધાર્મિક પુસ્તક પણ પ્રગટ કર્યું હતું.

ઉત્તમભાઈની ધર્મભાવના એ આડંબર નહીં, પણ અંતરની ચીજ હતી. તેઓ ઓપેરા જૈન સંઘ અને જૈનનગર સંઘ બંનેના પ્રમુખ હતા. ઉત્તમભાઈ ઓપેરાના કે જૈનનગરના ? – એવો મીઠો વિવાદ પણ ક્યારેક થતો હતો. સ્વાસ્થ્ય સારું હતું ત્યાં સુધી ઉત્તમભાઈ રોજ સવારે નિયમિત દેરાસર, ઉપાશ્રય જતા હતા. જે મહારાજસાહેબ બિરાજમાન હોય તેમને વંદન કરતા હતા.

ઉત્તમભાઈમાં ધર્મનિષ્ઠા હતી, પરંતુ એમની દૃષ્ટિમર્યાદા સ્વધર્મની સીમામાં બંધાયેલી નહોતી. કોઈપણ ધર્મના સાધુ-સંતો એમને ત્યાં આવતા, તો એમનો હૃદયપૂર્વક આદર-સત્કાર કરતા હતા. અન્ય ધર્મનાં ટ્રસ્ટોમાં પણ દાન આપવાની એટલી જ ઉત્સુકતા દાખવતા હતા. શાહીબાગની અક્ષર પુરુષોત્તમ સંસ્થા અને એના જેવી અન્ય કેટલીય ધાર્મિક સંસ્થાઓને એમણે મદદ કરી હતી.

શારદાબહેનમાં પણ એટલા જ ઊંડા ધર્મસંસ્કાર આજે જોવા મળે છે. તેઓ નિયમિતપણે વ્યાખ્યાન સાંભળે અને સામાયિક પણ કરે છે. આમ બંનેમાં ઊંડી ધર્મભાવના હોવાથી દેરાસર હોય કે ઉપાશ્રય, સાધર્મિક વાત્સલ્ય હોય કે સાધર્મિકની સારવારની વાત હોય – એ બધાં ધર્મકાર્યોમાં મોખરે રહ્યાં હતાં.

ઉત્તમભાઈના વ્યક્તિત્વનાં આવાં અનેકવિધ પાસાંઓ હોવાને કારણે પાટણના ડૉ. અનિલભાઈ પટેલ એમને "આદર્શ માનવી" તરીકે ગણતા હતા. તેઓ કહે છે કે "બીજો કોઈ પણ માણસ છ મહિનામાં માનસિક રીતે ભાંગી પડ્યો હોય, ત્યારે ઉત્તમભાઈએ જીવલેણ બીમારીઓ પાર કરીને વિશાળ ઔદ્યોગિક સામ્રાજ્ય રચ્યું." ડૉ. અનિલભાઈએ કહ્યું કે, "અમારા જીવનમાં નાની-મોટી બીમારી આવે અને થોડી ચિંતા જાગે ત્યારે અમે મોટી બીમારીઓ સામે યુદ્ધ કરનારા ઉત્તમભાઈને યાદ કરીએ છીએ." એ અર્થમાં તેઓ આજે પણ ઉત્તમભાઈને પોતાના પ્રેરણામૂર્તિ માને છે.

જીવનની છેક ટોચ પર બેઠા પછી ઉત્તમભાઈને કેવો અનુભવ થતો હશે ? આટલું બધું સુખ અને સમૃદ્ધિ હોવા છતાં ઉત્તમભાઈને ક્યારેક જીવનમાં શૂન્યતા લાગતી હતી. પર્વત પર આરોહણ કરતી વખતે તો આખી દુનિયા આસપાસ ઘૂમતી હોય, પરંતુ પર્વતના શિખર પર એક પ્રકારની શૂન્યતા અને એકલવાયાપણું હોય છે. આવું એકલવાયાપણું ઉત્તમભાઈને સતાવતું હતું ખરું?

ક્યારેક ઉત્તમભાઈના મનમાં એક વિચાર પણ જાગતો હતો. એમણે પહેલી નોકરી મુંબઈમાં રૅશનિંગની ઑફિસમાં કરી હતી. થોડા જ સમયમાં એ સરકારી





દાદાજી, તમે તો વહાલનો વડલો

ઑફિસર બની ગયા હોત અને નિરાંતે ખુરશીમાં બેઠા બેઠા ટેબલ પર કામ કરીને આરામની જિંદગી વ્યતીત કરી હોત ! શું એ જિંદગી સારી કે આ યાતના, સંઘર્ષ અને મથામણભરી મહત્ત્વાકાંક્ષી જિંદગી સારી ?

જો સરકારી નોકરી સ્વીકારી હોત તો આટલી બધી મુસાફરી આવી ન હોત, પેટનું દર્દ વકર્યું ન હોત, અને સુસ્તી અને બેચેનીને દૂર કરવા માટે એમ્ફેટેમિન લેવાની જરૂર ન પડી હોત. જીવનની કેટલીય યાતનાની બાદબાકી થઈ ગઈ હોત. ભૂતકાળ તરફનો દૃષ્ટિપાત આવા ભાવ એમના ચિત્તમાં આવતા હતા.

***"એકલ દેતા દાન જે, એકલ ઝૂઝતા જંગ,***
***એકલ જગનિંદા સહે, એ મરદોને રંગ !"***

ક્યારેક ઉત્તમભાઈ આખાય વિશ્વથી એકલા પડીને આત્મચિંતન કરતા પણ જોવા મળતા હતા. આત્મચિંતન અને આત્મ-અભિવ્યક્તિ એ બે આમેય એમના જીવનની વિશેષતા રહ્યાં હતાં. એમને જ્યારે ભારત સરકારના નાણામંત્રી શ્રી ચિદમ્બરમ્, મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલા અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં "બિઝનેસમેન ઑફ ધ ઇયર"નો ખિતાબ મળ્યો ત્યારે એમણે પોતાના પ્રારંભના મુશ્કેલીના દિવસોમાં એમનાં પત્ની શારદાબહેને આપેલા મજબૂત સાથનો અને શ્રી કસ્તુરભાઈ લાલભાઈ, શ્રી અમૃતલાલ હરગોવિંદદાસ અને મહાન વિજ્ઞાની વિક્રમ સારાભાઈ પાસેથી પોતાને મળેલી પ્રેરણાનો નિખાલસપણે સ્વીકાર કર્યો હતો. એ જ ઉત્તમ પરંપરાનું એમણે શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ અને કરસનભાઈ પટેલમાં અનુસંધાન જોવાનો આનંદ વ્યક્ત કર્યો હતો.

❑



તમારાં પુરુષાર્થનાં પદચિહ્નો, બનશે અમારાં પ્રેરણાસ્થાનો

# ૨૫

કેટલાય વાંકાચૂંકા અને ખરબચડા માર્ગો પરથી પસાર થતી યુ. એન. મહેતાના જીવનની રફતાર ક્યારે, કેવો વળાંક લેશે એનો ખુદ એમનેય અંદાજ નહોતો. તેઓ વર્ષોથી મૃત્યુ સામેનો જંગ ખેલતા હતા અને ભીષણ સંઘર્ષ બાદ જીવનની મંઝિલ પર આગળ કદમ ભરતા હતા.

૧૯૯૭ના મે મહિનામાં ઉત્તમભાઈ પોતાની પૌત્રી પાયલને મળવા માટે એન્ટવર્પ ગયા હતા ત્યારે એમના પર હૃદયરોગનો હુમલો થયો. દસ દિવસ સુધી તેઓ એન્ટવર્પની હૉસ્પિટલમાં રહ્યા. ૧૯૯૭ની ૨૨મી જુલાઈએ અમદાવાદના ગાંધીનગર-સરખેજ હાઇવે પર આવેલા 'અકલ્પ્ય' બંગલામાં આવ્યા. અહીં પ્રમાણમાં લોકોનો ધસારો ઓછો રહેતો હતો. વાતાવરણ પણ ખુલ્લું અને પ્રદૂષણરહિત હતું, આથી એમના સ્વાસ્થ્યમાં થોડો સુધારો થયો.

ઉત્તમભાઈ 'અકલ્પ્ય'માં રહેવા આવ્યા ત્યારે એમના નિવાસની નજીક એ વિસ્તારના કોઈ જનરલ ફિઝિશિયન હોય તો તાત્કાલિક સારવારની અનુકૂળતા રહે તેમ વિચાર્યું. આથી ડૉ. ધીરેન મહેતાનો સંપર્ક કરવામાં આવ્યો અને સમય જતા એ સંપર્ક પરસ્પરના અંગત સ્નેહમાં પલટાઈ ગયો. રોજ સવારે નવ વાગે ડૉ. ધીરેન મહેતા એમની પાસે આવતા હતા. જો એમાં કોઈ કારણસર મોડું થાય તો સમયપાલનના ચુસ્ત આગ્રહી શ્રી યુ. એન. મહેતા એમની રાહ જોઈને બેઠા હોય. ઉત્તમભાઈની તબિયત તો જુએ, પણ પછી બંને વચ્ચે સંગીત, ક્રિકેટ અને સામાજિક પરિસ્થિતિ વિશે તરેહ તરેહની વાતો થતી હતી. બંને એકબીજાની મશ્કરી કરે. ઉત્તમભાઈ તેમની સાથે ખડખડાટ હસતા જોવા મળે. ઉત્તમભાઈને ભાગ્યે જ કોઈએ આવી રીતે મુક્ત હાસ્ય કરતા જોયા હશે.

એક વાર ઘરમાં બાળકો અવાજ કરતાં હતાં, ત્યારે ધીરેનભાઈએ એક સાંકડા પુલ પરથી બે બકરી પસાર થઈ હતી તેની વાત કરી. પુલ પર એક જ બકરી જઈ શકે તેટલી જગા હતી. કોણ સામે જાય એનો ઝઘડો થાય તો બેય નદીમાં પડે તેમ હતું. આથી એક બકરી નીચે બેસી ગઈ અને બીજી બકરીને જવા દીધી. આ વાતનો મર્મ પ્રગટ કરતાં ડૉ. ધીરેન મહેતાએ કહ્યું, "જુઓ, બંને 'શાઉટ' કરે તો ઝઘડો થાય. એક 'શાઉટ' કરે તો બીજાએ મૌન રાખવું જોઈએ." એ દિવસે ઉત્તમભાઈને આ દૃષ્ટાંતનો મર્મ ખૂબ ગમી ગયો હતો.

ઉત્તમભાઈને જમતા જમતા કન્વર્ઝન આવ્યા હતા અને તેઓ લગભગ બેભાન બની ગયા હતા. ડૉક્ટરને બોલાવવામાં આવ્યા અને એમ.આર.આઈ. કરાવવામાં આવ્યો. એમ.આર.આઈ.નો રિપૉર્ટ નોર્મલ આવ્યો પણ એમને સાવચેતી રૂપે ડૉક્ટરોએ સારવારની સુવિધા મળી રહે તે માટે ડૉક્ટર હાઉસમાં રાખ્યા. એ વખતે જાતે ચાલીને ડૉક્ટર હાઉસમાં ગયા હતા. દસ-પંદર દિવસ ડૉક્ટર હાઉસમાં રહ્યા હતા.

ઉત્તમભાઈ સ્વભાવથી જ ઓછાબોલા. જરૂર પૂરતા જ શબ્દો વાપરે. પરંતુ એમને વેપાર અને ઘરની એકેએક બાબતોનો ખ્યાલ હોય. આથી જ અનિતાબહેનને આશ્ચર્ય થતું કે ઘરની કોઈ પણ બાબતમાં સીધે સીધો રસ નહીં દાખવનારા ઉત્તમભાઈની નજરમાં ઘરની રજેરજ માહિતી કેવી રીતે રહેતી હશે !

ઉત્તમભાઈને પાછલાં વર્ષોમાં ઘરમાં રહેવું પડ્યું અને એ સમયના ઉત્તમભાઈનું સ્નેહાળ ચિત્ર એમનાં પુત્રવધૂ સપનાબહેન પાસેથી મળે છે. તેઓ રોજ સવારે થોડું ફરતા. ભોજનની બાબતમાં ઉત્તમભાઈની ચીવટ ઘણી. સવારમાં બે ખાખરા અને દહીં-દૂધ લેતા હતા. બપોરે બરાબર એકના ટકોરે રોટલી, શાક, સલાડ, પાપડ, દાળ અને ભાત લેતા હતા. સાંજના ભોજનમાં બે તીખા અને બે મોળા એમ ચાર ખાખરા હોય, પાપડ હોય. એક કપ દૂધ અને ફ્રૂટજ્યુસ હોય. જોકે છેલ્લાં ત્રણ વર્ષથી સાંજના ભોજનમાં બે નાની ભાખરી લેતા હતા.

ઘરમાં પણ ઉત્તમભાઈની વાચનયાત્રા સતત ચાલુ જ રહેતી. બાળકો સાથે એ બુખારો નામની પત્તાની રમત રમતા હોય. ક્યારેય કોઈ બાળકોને ધમકાવતા હોય તો ઉત્તમભાઈ કહે કે આવી રીતે એને જોરથી કશું કહેવું નહીં. બાળકોને ગમે તેવું કરવું. એ માગે તે આપવું. આવી બાબતોમાં આપણે બહુ આગ્રહ રાખવો નહીં.

ઘરમાં કોઈ બીમાર પડે એટલે ઉત્તમભાઈ એમની સઘળી સારવારમાં લાગી જતા. એના મેડિકલ રિપૉર્ટ ભેગા કરે, ડૉક્ટરોને ફોન કરી એમને બોલાવે. ઉત્તમભાઈના પૌત્ર અમનનું હર્નિયાનું સાવ સામાન્ય ઑપરેશન હતું, પણ તેઓ સવારથી બપોર સુધી હૉસ્પિટલમાં બેઠા હતા. વળી સાંજે પણ આવીને આંટો મારી ગયા હતા. આવી જ રીતે એમનો પૌત્ર વરુણ થોડો લાંબો સમય બીમાર રહ્યો ત્યારે ઉત્તમભાઈ રોજ એક નવા ડૉક્ટરને લઈ આવતા હતા.

અંતિમ વર્ષોમાં પણ તેઓ વ્યવસાયની માહિતી મેળવતા રહ્યા. ઘેર બેઠા બેઠા પણ વ્યવસાયના રિપૉર્ટ મંગાવતા રહેતા, એનો અભ્યાસ કરતા. જરૂર લાગે તો જે તે વિભાગના અધિકારીઓને પૂછતા પણ ખરા. સપનાબહેનની ટ્રાવેલ સંસ્થા 'વોયેજર'ના દર મહિને રિપૉર્ટ મંગાવતા. કઈ ઍરલાઇન્સમાં કેવી ડિસ્કાઉન્ટની સ્કીમ ચાલે છે તેની પણ માહિતી પૂછતા. આ રીતે માત્ર પોતાનામાં સીમિત રહેવાને બદલે ઉત્તમભાઈ પરિવારની વ્યક્તિ બની રહેતા હતા.

છેલ્લા સમયમાં ટોરેન્ટ દ્વારા માનસિક રોગની ડિપ્રેશન માટેની એક નવી દવા 'લોઝાપિન' (Lozapin) બજારમાં મૂકવામાં આવી. આ એમના રસનો વિષય હતો, આથી રોજ ત્રણ વખત ઘેર હોય તો પણ એ દવાના વેચાણ અંગે પૃચ્છા કરતા. એને માટે એમણે ઘણાં લોકોને દોડતા કરી દીધા હતા.

ઉત્તમભાઈની પચાસમી લગ્નતિથિ હતી. એમને વીંટી આપી અને એમના પુત્રોએ કહ્યું કે મમ્મીને ગિફ્ટ આપો. ઉત્તમભાઈએ પહેલાં એની કિંમત પૂછી અને પછી હસતાં હસતાં એ વીંટી આપતાં શારદાબહેનને કહ્યું કે આટલી મોંઘી વીંટી કઈ રીતે પહેરશો ?

૧૯૯૭ની બારમી ઑક્ટોબરે શ્રી યુ. એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયૉલોજીનો ભવ્ય સમારોહ સિવિલ હૉસ્પિટલના પ્રાંગણમાં યોજાયો. અસ્વસ્થ તબિયતે શ્રી યુ. એન. મહેતા આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા અને એમણે એમની મનોભાવના વ્યક્ત કરતું પ્રવચન આપ્યું હતું. આ પ્રવચન બાદ એમની તબિયત થોડી અસ્વસ્થ બની ગઈ. જે હૉસ્પિટલનું એમણે સર્જન કર્યું હતું, એમાં જ ત્રણેક દિવસ બાદ દાખલ થવાનું આવ્યું. એમને હાર્ટએટૅક આવ્યો હતો. ડૉક્ટરે એમને એક મહિના સુધી સંપૂર્ણ આરામ લેવાની તાકીદ કરી.

રોજ વહેલી સવારે સાડાઆઠ વાગ્યે ડૉ. સિંઘ ઉત્તમભાઈના સ્વાસ્થ્યની તપાસ માટે આવતા હતા. જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે ડૉ. આર. કે. પટેલ દોડી આવતા હતા. સુધીરભાઈના સહાધ્યાયી ડૉ. ધીરેન મહેતા આવે ત્યારે ઉત્તમભાઈ એમની સાથે આનંદભેર વાતો કરતા હતા. આ સમયે સાંજે 'અકલ્પ્ય' બંગલાની આસપાસ ઉત્તમભાઈ લટાર મારતા હતા. એમના અવસાન પૂર્વે ત્રણેક મહિના અગાઉ ઉત્તમભાઈએ કહ્યું હતું કે, "હવે ક્યાં વધુ જીવવાનું છે ?"

સુધીરભાઈએ હળવાશથી કહ્યું, "૨૦૦૦ની સાલ તો આવવા દો." ઉત્તમભાઈએ કહ્યું, "મારે ક્યાં એ વર્ષ જોવું છે ?"

ડૉક્ટર હાઉસમાં દાખલ કર્યા તે દિવસે ઉત્તમભાઈને તપાસવા માટે ડૉ. સુમન શાહને બોલાવવામાં આવ્યા. એ દિવસે સુમનભાઈએ ફી લેવાની ના પાડી. ઉત્તમભાઈએ કહ્યું, "આ તો તમને છેલ્લી ફી આપું છું. હવે ફરી ક્યાં આપવાની છે !"

પલંગ પાસે ઊભેલાં મીનાબહેને કહ્યું, "પપ્પાજી, કેમ આવું બોલો છો ?" ઉત્તમભાઈએ કહ્યું, "તમે બધા સંપથી રહેજો."

એ દિવસે સાડાબાર વાગ્યે તેઓ કોમામાં જતા રહ્યા. ક્યારેક થોડીક જાગૃતિ આવતી અને પાછી ચાલી જતી. નજીકમાં રહેતા ઉપાશ્રયમાંથી મહારાજસાહેબને પધારવા વિનંતી કરી. મહારાજસાહેબે માંગલિક સંભળાવ્યું.

ઉત્તમભાઈએ એમને પૂછ્યું, "સાહેબજી, હું અમેરિકા ઑપરેશન કરાવવા ગયો હતો ત્યારે હેમખેમ પાછો આવીશ તેવું આચાર્યશ્રી કૈલાસસાગરજીએ કહ્યું હતું. અત્યારે હૉસ્પિટલમાં જાઉં છું તો હેમખેમ પાછો આવીશ કે નહીં ? તમે શું કહો છો ?" મહારાજસાહેબ મૌન રહ્યા.

ઉત્તમભાઈને ડૉક્ટર હાઉસમાં દાખલ કરવામાં આવ્યા. એમની તબિયત ક્યારેક થોડી સારી થતી અને ક્યારેક બગડી જતી. પચીસમી માર્ચને બુધવારે એમની તબિયત વધારે બગડી. શારદાબહેન સતત એમની સાથે જ રહેતાં હતાં. ઘણા દિવસથી હૉસ્પિટલમાં હોવાથી થોડી વાર સ્નાનાદિ માટે શારદાબહેન ઘેર ગયાં હતાં. ઉત્તમભાઈએ જોયું તો શારદાબહેન ન દેખાયાં. એમણે તરત ઘેર ફોન કર્યો અને કહ્યું, "સહેજે ચિંતા નહીં કરવાની, આ તો જીવન છે. તું જાય કે હું જાઉં ! સાચવીને રહેવાનું."

ઉત્તમભાઈ ડૉક્ટર હાઉસમાં હતા ત્યારે એમના અવસાન પૂર્વે બે દિવસ અગાઉ દાંતના ડેન્ચરમાં તકલીફ ઊભી થઈ. નયનાબહેને કહ્યું, "ડેન્ચર આપો. અહીં નીચે જ રિપૅર થાય છે. હું રિપૅર કરાવી આવું."

ઉત્તમભાઈએ કહ્યું, "ના ! રિપૅર કરાવવું નથી, કારણ કે હવે એની જરૂર પડવાની નથી."

અમદાવાદના વિખ્યાત ડૉક્ટર આર. કે. પટેલ એમને સારવાર આપતા હતા. ડૉ. આર. કે. પટેલને કહ્યું "જુઓ સાહેબ ! અમારા મહારાજસાહેબ પગમાં કશું પહેર્યા વિના પગપાળા વિહાર કરતા હોય છે, તપપૂર્ણ જીવન જીવતા હોય છે. આથી તેમને ક્લિનિક પર બોલાવશો નહીં. એને બદલે તમે સાધુ, સાધ્વી પાસે જજો."

ડૉ. આર. કે. પટેલે કહ્યું, "જરૂર જઈશ."

ઉત્તમભાઈએ કહ્યું, "એમ નહીં, તમે મને વચન આપો."

ડૉ. આર. કે. પટેલે કહ્યું, "ભલે, વચનબદ્ધ છું."

આ વચન ઉત્તમભાઈએ એમના અવસાનના ૧૪ કલાક પૂર્વે માગ્યું હતું !

ઉત્તમભાઈના મનમાં આ સમયે પણ એક જ ભાવના ઘોળાતી હતી. સેવાકાર્ય માટે હજી બે વર્ષ મળી જાય, તો ઘણાં શૈક્ષણિક અને સામાજિક કાર્યો કરવાં છે. શાસનની સેવા કરવી છે.

ઉત્તમભાઈની અંતિમ બીમારીમાં પ્રથમ કારણ બાયપાસ કરાવેલા હૃદયમાં 'બ્લોકેજ' થતાં થયેલો 'એન્જાયના' ગણાય. આને ડૉક્ટરી પરિભાષામાં પોસ્ટ સી. એ. બી. જી. એંજાઇના કહેવામાં આવે છે. એ પછી બ્લડપ્રેશર અને એનિમિયા ઘેરી વળ્યા. નાના મગજમાં લોહી ઓછું ફરવાની (વી.બી.આઈ.) બીમારી તો હતી જ, જેને કારણે ચક્કર આવતા હતા અથવા ચાલતી વખતે સમતોલન ગુમાવી દેતા હતા. પરંતુ ખરી મુશ્કેલી તો ફરી થયેલા લિમ્ફોમાએ ઊભી કરી.

૧૯૮૪-'૮૫માં ઉત્તમભાઈને આ રોગ ઘેરી વળ્યો હતો. આમાં બહુ ટૂંકું આયુષ્ય હોય, એમ છતાં આશ્ચર્યજનક રીતે એ રોગ સુષુપ્ત બની ગયો. આને પરિણામે ઉત્તમભાઈને પંદર વર્ષનું વિશેષ આયુષ્ય મળ્યું. આ 'ચમત્કાર' જ ગણાય. કેટલાક ડૉક્ટરોના મતે આ ઘટના પાછળ એમની સદ્ભાવના કારણભૂત હોવી જોઈએ. આ લિમ્ફોમામાં શરીરની પ્રતિરોધક શક્તિ ખૂબ ઓછી થઈ જાય છે એટલે થોડું ઇન્ફેક્શન થાય તો તે તરત ફેલાઈ જાય અને તે દર્દીના જીવનના અંતનું કારણ બને છે.

ઉત્તમભાઈને આ જ વાત લૉસ ઍન્જલિસના ડૉક્ટરોએ કહી હતી. એમણે બતાવેલો ભય હવે વાસ્તવિક બન્યો હતો. એમની ડોકની પાછળ ગાંઠ દેખાતી હતી. આંખમાં પણ ગાંઠ હતી. આ કેન્સરની ગાંઠ દૂર કરવા માટે છેલ્લામાં છેલ્લી શોધાયેલી દવા આપવામાં આવી. દરમિયાનમાં એમને સેપ્ટિસીમીયા, કેન્ડીડીયાસીસ, ઇલેક્ટ્રોલાઇટ ડિસ્ટર્બન્સીસ થયા. રોગોની સામે એ બરાબર ઝઝૂમ્યા. જીવનભર મહારોગોની સામે લડનાર એમ કંઈ ઝૂકી જાય ખરા ? પણ એમાં એક નવી આફતનો ઉમેરો થયો અને એમની કિડની ફેઇલ થઈ. તેઓ ડાયાલિસિસ પર હતા ત્યારે જ ૧૯૯૮ની એકત્રીસમી માર્ચે આ પુરુષાર્થી પુરુષે જગતની વિદાય લીધી.

'અકલ્પ્ય' પર અકલ્પ્ય શોકની છાયા ઘેરાઈ વળી. ૧૯૯૮ની પહેલી એપ્રિલે વહેલી સવારથી જ માનવમહેરામણ ગુજરાતના પનોતા અને પુરુષાર્થી પુત્ર શ્રી યુ. એન. મહેતાને અંતિમ વિદાય આપવા માટે ઊમટવા લાગ્યો. શ્રી યુ. એન. મહેતાએ એમના સંઘર્ષભર્યા જીવનમાં સિદ્ધિનાં આશ્ચર્યો સર્જ્યાં હતાં. દસ હજાર રૂપિયાના દેવા સાથે અમદાવાદમાં આવનાર વ્યક્તિ દસ હજારથી વધુ કર્મચારીઓ ધરાવતા વિશાળ ઉદ્યોગગૃહના ચૅરમેન બને તે આશ્ચર્ય જ ગણાય. ત્રણ દાયકાથી પણ ઓછા સમયમાં એમણે હેલ્થ કેરના ક્ષેત્રમાં આગવી પ્રતિભા ઊભી કરી અને પાંચ વર્ષથી પણ ઓછા સમયમાં ઊર્જા ક્ષેત્રે મહત્ત્વની કામયાબી હાંસલ કરી.

ઉત્તમભાઈનો જીવનમંત્ર હતો – "નિશાન ચૂક માફ, નહીં માફ નીચું નિશાન." વારંવાર પ્રયત્નો કરવા છતાં જીવનમાં નિશાન સધાયું નહીં ત્યારે એમણે દૃઢ સંકલ્પબળથી આગળ વધવાનું ચાલુ રાખ્યું અને અંતે સિદ્ધિ હાંસલ કરી. સાહસિક ઉદ્યોગપતિ, નિખાલસ માનવી, અનોખા સમાજસેવક અને જીવનભર અજાતશત્રુ બની રહેલા ઉત્તમભાઈને ઘેર શહેરના અગ્રણીઓ દોડી આવ્યા.



અંતિમ વિદાય : અમર પંથ છે આત્માનો !

સહુના ચહેરા પર દુઃખ અને ગમગીની હતાં. એમના સાથીઓ અને કર્મચારીઓની આંખોમાં વારંવાર આંસુ ઊમટતાં હતાં. પહેલી એપ્રિલે સવારે આઠ વાગ્યે એમની સ્મશાનયાત્રા નીકળી ત્યારે એમને અંજલિ આપવા માટે અનેક ક્ષેત્રના આગેવાનો અને નામાંકિત વ્યક્તિઓ ઉપસ્થિત હતી. અનેક સંસ્થાઓના અગ્રણીઓ, જૈનસમાજના મહાનુભાવો એમની સ્મશાનયાત્રામાં હાજર હતા. શ્રી દીપચંદભાઈ ગાર્ડી અને શ્રી મફતલાલ મહેતા જેવા દાનવીરો પણ એક સમર્થ દાનવીરને અંતિમ વિદાય આપવા ઉપસ્થિત હતા.

કેટલીય વ્યક્તિઓની આંખોમાં આંસુ ઊભરાયા હતા. આજે તેઓ એવા માનવીને વિદાય આપી રહ્યા હતા કે જેને માથે મોત હોવા છતાં જીવન જીવી જાણ્યું હતું. પોતાની પાસે પૈસો કે પીઠબળ કશુંય નહોતું તેમ છતાં પુરુષાર્થથી સમૃદ્ધિનાં શિખરો સર્જ્યાં હતાં. પ્રારંભના જીવનમાં કટુતા, ઉપેક્ષા અને લાચારીનો અનુભવ કરનાર ઉત્તમભાઈના હૃદયમાંથી તો સદૈવ સ્નેહનું અમીઝરણું વહેતું રહ્યું હતું.

કોઈના એ મિત્ર હતા તો કોઈના એ માર્ગદર્શક હતા. કોઈના રાહબર હતા તો કોઈની છત્રછાયા હતા. સહુએ જીવનનો જંગ ભવ્ય રીતે ખેલનાર એ એકલવીર યોદ્ધાની યશસ્વી ગાથાઓનું સ્મરણ કરતાં કરતાં આખરી વિદાય આપી.

વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલ પાસેના સ્મશાનગૃહમાં ઉત્તમભાઈના પાર્થિવ દેહને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

મૃત્યુ તો દેહનાં હોય છે, અમરપંથ છે આત્માનો ! ઉત્તમભાઈના કુટુંબીજનો પર દેશવિદેશથી શોકસંદેશાઓ આવવા લાગ્યા.

ઉત્તમભાઈની વિદાય પછી એમનાં અંગત સ્વજનોનાં ચિત્તમાં એમનાં સ્નેહ, સૌજન્ય અને જીવનશૈલીનો ગાઢ પ્રભાવ જોવા મળે છે. વ્યક્તિ સાવ નિકટ હોય ત્યારે એની ઉપસ્થિતિનો ખ્યાલ આવતો નથી. વ્યક્તિની ગેરહાજરીમાં જ એની હાજરીનો અનુભવ થતો હોય છે. સુધીરભાઈ જ્યારે ઑફિસે જતા હોય ત્યારે ઉત્તમભાઈને મળીને જતા હતા. રોજના કામકાજની વાત કરતા અને એમની સલાહસૂચના મેળવતા હતા. સમીરભાઈને એમનો વ્યવસ્થિત, વૈજ્ઞાનિક ગણતરીપૂર્ણ અભિગમ સતત સ્મરણમાં આવે છે. એ જે કોઈ કામ હાથ પર લે તેમાં એકરૂપ બની જતા હતા. એની નાનામાં નાની વિગતોની જાણકારી મેળવતા હતા. આગવી કોઠાસૂઝથી આવનારી સમસ્યાઓનો ખ્યાલ મેળવી શકતા હતા. વળી વેપારના ઝડપથી બદલાતા સંજોગો સાથે તેઓ તાલ મેળવી શકતા હતા. ૧૯૯૨માં 'લિબરલાઇઝેશન' અને 'ગ્લોબલાઇઝેશન'નો વિશ્વભરમાં પવન

ફૂંકાયો. એની અસર ભારતમાં આવી અને વેપારને માટે આખી દુનિયાનું બજાર ખૂલ્યું. બહુરાષ્ટ્રીય કંપનીઓ દેશમાં આવવા લાગી. આ સમયે ઉત્તમભાઈની સૂઝ અને સમજ તેમજ આ બાબતની એમની વિચારસરણી માર્ગદર્શક બની રહી હતી.

૧૯૯૦ના દાયકામાં ટોરેન્ટે બીજા ઉદ્યોગો વિકસાવવા માંડ્યા. આ વ્યાપ અને વિસ્તારને કારણે કેટલાક ઉદ્યોગો પર થોડીક અસર પણ થઈ. છેલ્લા સમયમાં એમની એક ઇચ્છા ટોરેન્ટ ફાર્માસ્યૂટિકલને મોટા પાયા પર મૂકવાની હતી, એનો વિસ્તાર સાધવાની હતી. આ એમનો માનીતો વિષય હતો અને એમાં એમની સારી હથોટી હતી. તેઓ આને ટોરેન્ટની તાકાત ગણતા હતા અને એથી જ એમની વિદાય પછી એમના અનુગામીઓએ આ કાર્યને અગ્રતા આપી છે.

ઉત્તમભાઈની વ્યવસાયની ભાવનાઓ આજે પૂરી થઈ રહી છે. એ જ રીતે એમની સામાજિક ક્ષેત્રની મનોકામનાઓ પણ પૂર્ણ થઈ રહી છે.

ઉત્તમભાઈની વિદાય પછી એમના પરિવારજનોએ એમની પુણ્યસ્મૃતિમાં અનેકવિધ ક્ષેત્રોમાં દાનગંગા વહાવી. ઉપાશ્રયો અને જિનાલયો જેવાં ધર્મસ્થાનોનાં નિર્માણ માટે દાન આપ્યું. હૉસ્પિટલો અને માનવકલ્યાણ કરનારા આશ્રમોને આર્થિક મદદ કરી. પોતાના જ્ઞાતિજનોના કલ્યાણ માટે અને એમને શિક્ષણ, મૅડિકલ અને અન્ય સહાય પ્રાપ્ત થાય, તે માટે જ્ઞાતિસંસ્થામાં માતબર રકમનું દાન આપ્યું. અમદાવાદમાં કાર્ડિયૉલોજી ઇન્સ્ટિટ્યૂટ સ્થાપવાની એમની ઇચ્છા તો એમના જીવન દરમિયાન સાકાર થઈ. એમની બીજી ઇચ્છા હતી ફાર્મસી કૉલેજ સ્થાપવાની. આજે એ દિશામાં પણ ચક્રો ગતિમાન છે.

આજે દૃષ્ટિપાત કરીએ તો જણાશે કે જ્યાં સુધી માનવી સંઘર્ષનો સામનો કરતો રહેશે ત્યાં સુધી ઉત્તમભાઈનું સદાય સ્મરણ થતું રહેશે.

જ્યાં સુધી વ્યક્તિ શારીરિક અને માનસિક મુશ્કેલીઓને પાર કરવા મથતો રહેશે ત્યાં સુધી ઉત્તમભાઈને સહુ યાદ કરશે.

જીવનમાં સચ્ચાઈ, વેપારમાં પ્રામાણિકતા, સ્વભાવમાં નમ્રતા અને ભાવનામાં પરોપકારીપણું જ્યાં જ્યાં જોવા મળશે ત્યાં ત્યાં ઉત્તમભાઈની જીવનગાથાની સ્મૃતિઓ ગુંજતી રહેશે.

જીવનનું સાચું સાફલ્ય જ એમાં છે કે જ્યારે વ્યક્તિ આપણી વચ્ચે હોય નહીં ત્યારે એનું નામ અને એનું કામ સતત બોલતું-ગુંજતું હોય. ઉત્તમભાઈ દેહથી ભલે આપણી વચ્ચે ન હોય, પણ એમની ભાવનાઓથી તેઓ સદૈવ જીવંત છે.

❑

# શ્રી યુ. એન. મહેતાની જીવનરેખા

| | | |
|---|---|---|
| ૧૯૨૪ | : | ૧૪મી જાન્યુઆરી, વિ. સં. ૧૯૮૦<br>પોષ સુદ આઠમને દિવસે જન્મ |
| ૧૯૨૬ | : | માતા કંકુબહેનનું અવસાન |
| ૧૯૨૯ | : | મેમદપુરની પ્રાથમિક શાળામાં આભ્યાસનો પ્રારંભ |
| ૧૯૩૪ | : | પાલનપુરમાં હાઇસ્કૂલના અભ્યાસનો પ્રારંભ |
| ૧૯૪૧ | : | ભાવનગરની શામળદાસ કૉલેજમાંથી એફ. વાય. સાયન્સની પરીક્ષા પસાર કરી |
| | | — જૂન મહિનામાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના લોન-વિદ્યાર્થી તરીકે રહેવાનો અને મુંબઈની વિલ્સન કૉલેજમાં અભ્યાસનો પ્રારંભ |
| ૧૯૪૪ | : | મુંબઈમાં રેશનીંગ કચેરીમાં ૧૨૫ રૂપિયા મહિનાના પગારથી નોકરીનો પ્રારંભ |
| ૧૯૪૫ | : | સેન્ડોઝ કંપનીમાં નોકરી મળી અને તે અંગે લાંબી મુસાફરીનો પ્રારંભ |
| ૧૯૪૭ | : | શારદાબહેન સાથે લગ્ન |
| | | — અમદાવાદમાં ધનાસુથારની પોળમાં નિવાસસ્થાન |
| | | — અમેરિકા જવાનું નક્કી કર્યું પણ ઉપરાઉપરી ખર્ચને કારણે બંધ રાખ્યું |
| ૧૯૪૮ | : | મણિનગર દક્ષિણી સોસાયટીમાં રહેવા આવ્યા |
| ૧૯૪૯ | : | ૨૧મી મે એ પ્રથમ સંતાન મીનાબહેનનો જન્મ |
| ૧૯૫૨ | : | રાયપુર દરવાજા પાસે આવેલી ઝાટકણની પોળમાં રહેવા આવ્યા |
| | | — ૧૨મી એપ્રિલે નયનાબહેનનો જન્મ |
| ૧૯૫૪ | : | પિતા નાથાલાલભાઈનું અવસાન |
| | | — ૧૦મી એપ્રિલે સુધીરભાઈનો જન્મ |

| | | |
|---|---|---|
| ૧૯૫૮ | : | ઑગસ્ટ મહિનામાં સેન્ડોઝમાંથી રાજીનામું |
| | | — ૧૩ વર્ષની નોકરીના અંતે પચીસ હજારની મૂડી |
| | | — કુટુંબને વતનમાં મોકલી મુંબઈમાં વ્યવસાય કરવા ગયા, પરંતુ લોજના ખોરાકને કારણે તબીયત બગડતા અમદાવાદમાં |
| ૧૯૫૯ | : | ટ્રિનિટી લેબોરેટરીઝના નામે દવા બનાવવાનો પ્રારંભ |
| ૧૯૬૩ | : | ડિપ્રેશનનો ભયંકર ઉથલો |
| | | — સમીરભાઈનો જન્મ ૧૮ સપ્ટે. '૬૩ |
| ૧૯૬૫ | : | દવાઓ લઈ અને બનાસકાંઠાના ગામડાઓમાં જવાનું શરૂ કર્યું |
| ૧૯૬૮ | : | વ્યવસાય ચાલુ કરવા માટે અમદાવાદના મણિનગરમાં ફરી આવ્યા |
| ૧૯૭૦ | : | મણિનગર કમલકુંજમાંથી જલારામ સોસાયટીમાં |
| ૧૯૭૧ | : | ટ્રિનિટી લૅબોરેટરીને ટૉરેન્ટ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ એવું નવું નામાભિધાન |
| ૧૯૭૨ | : | ટ્રિનિકામ પ્લસ બજારમાં આવી |
| | | — પાલડી ન્યૂ આશિષ ફ્લેટમાં રહેવાનું શરું કર્યું |
| | | — મણિનગરમાં દવાનું ઉત્પાદન |
| ૧૯૭૪ | : | ટ્રિનિકામ અંગે મદ્રાસ કોર્ટમાં ધક્કા |
| ૧૯૭૭ | : | કૅન્સરનું નિદાન અને ડૉક્ટરો દ્વારા છ મહિના જેટલા આયુષ્યની વાત |
| ૧૯૭૮ | : | નીલપર્ણા સોસાયટીમાં પોતાની માલિકીના ઘરમાં નિવાસ |
| ૧૯૮૦ | : | વટવામાં ટૉરેન્ટ ફાર્માસ્યુટીકલ્સની ફેક્ટરી શરૂ કરી |
| ૧૯૮૨ | : | યુ. એન. મહેતા ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના |
| ૧૯૮૩ | : | ટૉરેન્ટ એક્સપોર્ટ લિમિટેડ (આજે ટૉરેન્ટ લિમિટેડના નામે ઓળખાય છે)ને પહેલો એક્સપોર્ટનો ઓર્ડર |

૧૯૮૪-'૮૫: કેમેક્ષીલ એક્સપોર્ટ ઍવોર્ડ

૧૯૮૫-'૮૬: કેમેક્ષીલ એક્સપોર્ટ ઍવોર્ડ

૧૯૮૬ : IDMA ક્વૉલિટી એક્સેલન્સ ઍવોર્ડ

— IMC ગોલ્ડન જ્યુબીલી એન્ડવમેન્ટ ઍવોર્ડ - એક્સપોર્ટ માટે

— હ્યુસ્ટનમાં બાયપાસ સર્જરી કરાવી

૧૯૮૬-'૮૭: ગુજરાત સરકારનો એક્સપોર્ટ ઍવોર્ડ

— કેમેક્ષીલ એક્સપોર્ટ ઍવોર્ડ

૧૯૮૭-'૮૮: કેમેક્ષીલ એક્સપોર્ટ ઍવોર્ડ

— ગુજરાત સરકારનો એક્સપોર્ટ ઍવોર્ડ

૧૯૮૮-'૮૯: કેમેક્ષીલ એક્સપોર્ટ ઍવોર્ડ

૧૯૮૯ : છત્રાલ પ્લાન્ટની શરૂઆત

— મહેન્દ્ર ઇલેક્ટ્રીકલ્સ લિમિટેડ હસ્તગત કરી

૧૯૮૯-'૯૦ : IDMA ક્વૉલિટી એક્સેલન્સ ઍવોર્ડ

૧૯૯૦ : પેરેલિસિસની અસર

૧૯૯૦-'૯૧: ગુજરાત સરકારનો એક્સપોર્ટ ઍવોર્ડ

૧૯૯૧ : એશિયા ઇન્ટરનેશનલ ઍવોર્ડ

૧૯૯૧-'૯૨: ગુજરાત સરકારનો એક્સપોર્ટ ઍવોર્ડ

— નેશનલ એક્સપોર્ટ ઍવોર્ડ

૧૯૯૨ : મલ્ટીપલ લિમ્ફનોડનું આક્રમણ

— ગુજરાત ટોરેન્ટ ઍનર્જી કોર્પોરેશન (જી-ટેક)નો પ્રારંભ

૧૯૯૨-'૯૩: IDMA ક્વૉલિટી એક્સપોર્ટ ઍવોર્ડ

૧૯૯૩ : GLFL મેનેજમેન્ટ સંભાળી

૧૯૯૫ : TGBL પ્લાન્ટમાં PEN-G ના ઉત્પાદનની શરૂઆત

— બ્રેઈન સરક્યુલેશનની તકલીફ

૧૯૯૬ : સુરત ઇલેક્ટ્રિસિટી કંપનીની મેનેજમેન્ટ હસ્તગત કરી

— ટોરેન્ટ ફાર્માસ્યુટિકલ્સ અને વિખ્યાત ઇન્ટરનેશનલ હૅલ્થ-કેર કંપની સનોફી ફાર્મા વચ્ચે સંયુક્ત ઔદ્યોગિક સાહસરૂપે સનોફી ટૉરેન્ટની રચના

— હાર્ટમાં લેફ્ટ સરકપ્લેસ પર બાયપાસ

— રાઈટ કોરોનરીમાં પૂર્ણ બ્લોક

— R & D સેન્ટરનું ઉદ્‌ઘાટન

— જી-ટેકની શિલાન્યાસવિધિ

— સમર્પણ ફ્લેટની યોજના - ૧૫-૩-૯૬

૧૯૯૭ : "બિઝનેસ મૅન ઑફ ધ ઇયર" ઍવોર્ડ

— જી-ટેક દ્વારા પાવર-ઉત્પાદનનો પ્રારંભ

— ટોરેન્ટ પાવર પ્રાયવેટ લિમિટેડ (TPPL)નો MCN ઍનર્જી ગ્રુપ (અમેરિકા)ના સહયોગથી પ્રારંભ

— યુ. એન. મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ કાર્ડિયોલોજી અને રિસર્ચ સેન્ટર દ્વારા યુ. એન. મહેતા હાર્ટ હૉસ્પિટલની શરૂઆત

૧૯૯૮ : અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કંપનીનું સંચાલન સંભાળ્યું.

— જી-ટેકનું કમ્બાઈન્ડ સાયકલ ઑપરેશન પુરું થયું

૩૧-૩-૧૯૯૮ અવસાન

# વંશાવળી

## (૧)

રાઘવજીભાઈ

↓

શકતાભાઈ

↓

ખુશાલભાઈ

↓

અમરાભાઈ

↓

લવજીભાઈ – ઉગરીબહેન

- ભીખાભાઈ
  - મંગળજીભાઈ
  - મણિલાલભાઈ
  - ગટુરભાઈ
- નાથાલાલ–કંકુબહેન
  - બબુબહેન–અંબાલાલ
    - સ્વ.કાંતાબહેન
  - અંબાલાલભાઈ–કાંતાબહેન
    - જ્યોત્સ્ના
    - રંજન
    - લલિત
    - કમલેશ
    - સુનિલ
  - ચંદનબેન–ન્યાલચંદભાઈ
  - **ઉત્તમભાઈ–શારદાબહેન**
- નહાલીબેન–મોહનલાલ

# વંશાવળી

## (૨)


ઉત્તમભાઈ – શારદાબહેન
મીના—દિનેશ
નયના—દુષ્યંત
સુધીર—અનીતા
સમીર—સપના
જીનેશ
વિહંગી
જિનલ
વરુણ
અમન
શાન
વૈશાલી—હેમંત
ટ્વિંકલ—દેવેન
પાયલ—દીપુ
રુચિર

# ઉત્તમભાઈનાં સ્મરણોની ઝાંખી મળી આ સહુની પાસેથી

**મુંબઈ :**

(૧) શ્રી દીપચંદભાઈ ગાર્ડી

(૨) શ્રી મફતલાલ મહેતા

(૩) શ્રી કે. સી. મહેતા

(૪) શ્રી જે. આર. શાહ

(૫) શ્રી કે. સી. શાહ

(૬) શ્રી લલિતભાઈ અંબાલાલ મહેતા

(૭) શ્રી જયંતિલાલ ગટુરદાસ મહેતા

**અમદાવાદ :**

(૮) સ્વ. એન. એચ. ભટ્ટ (નિવૃત્ત ન્યાયમૂર્તિ)

(૯) શ્રી છોટાલાલ શિવલાલ શાહ

(૧૦)શ્રી ઠાકોરભાઈ પટેલ

(૧૧)ડૉ. કાંતિલાલ પટેલ

(૧૨) ડૉ. વીરેન્દ્ર દલાલ

(૧૩) ડૉ. સુમન શાહ

(૧૪) શ્રી બચુભાઈ કેવળદાસ મહેતા

(૧૫) ડૉ. કે. એચ. મહેતા

(૧૬) શ્રી મફતલાલ કેશવલાલ શાહ

(૧૭) સુશીલાબહેન સુમનભાઈ મહેતા

(૧૮) વસુમતીબહેન અમૃતલાલ શાહ

(૧૯) જશવંતીબહેન શાંતિલાલ શાહ

(૨૦) શ્રી ચુનીલાલ ખુશાલદાસ જોશી

(૨૧) શ્રી સુરેશભાઈ શાહ

(૨૨) શ્રી કે. ડી. બુધ

(૨૩) ડૉ. સુધીરભાઈ શાહ

(૨૪) ચેતનાબહેન સુધીરભાઈ શાહ

(૨૫) ડૉ. રસિકલાલ પરીખ

(૨૬) ડૉ. ચંદ્રકાન્ત વકીલ

(૨૭) શ્રી મોરખિયા

(૨૮) ડૉ. અનિલ શાહ

(૨૯) શ્રી પી. કે. લહેરી

(૩૦) શ્રી પી. આઈ. પટેલ

(૩૧) ડૉ. ધીરેન મહેતા

(૩૨) શ્રી મુરલી રંગનાથન

(૩૩) શ્રી સી. આર. શાહ

(૩૪) શ્રી માર્કંડ ભટ્ટ

(૩૫) શ્રી રવીન્દ્ર ગાંધી

(૩૬) ડૉ. આર. કે. પટેલ

**પાલનપુર :**

(૩૭) ડૉ. પ્રવીણ મહેતા

(૩૮) ડૉ. હીરાભાઈ મહેતા

(૩૯) ડૉ. એમ. સી. શાહ

(૪૦) ડૉ. નરેશ શાહ

(૪૧) ડૉ. પી. ડી. બાવીસી

(૪૨) ડૉ. ઉમાકાન્ત પંડ્યા

(૪૩) શ્રી એમ. આર. શર્મા (મેથાણવાળા)

**સિદ્ધપુર :**

(૪૪) ડૉ. અમૃતલાલ મહેતા

**પાટણ :**

(૪૫) ડૉ. વી. ડી. રાવળ

(૪૬) ડૉ. જીવણલાલ શાહ

(૪૭) ડૉ. રાજેન્દ્ર આર. શાહ

(૪૮) ડૉ. અનિલ પટેલ

**છાપી :**

(૪૯) શ્રી ખૂબચંદ હીરાચંદ મહેતા

(૫૦) શ્રી સુમતિલાલ દેસાઈ

**વીસનગર :**

(૫૧) ડૉ. મોતીભાઈ ચૌધરી

**સૂરત :**

(૫૨) મહેન્દ્ર મણિલાલ દેસાઈ

**ચંડીસર :**

(૫૩) હજારીમલ સોમાણી

**ભાવનગર :**

(૫૪) વાડીલાલ વિઠ્ઠલદાસ શાહ

**લૉસ ઍન્જલિસ :**

(૫૫) શ્રી મણિભાઈ મહેતા

❑



**સા**હિત્ય, શિક્ષણ, પત્રકારત્વ અને ધર્મદર્શનના ક્ષેત્રે યશસ્વી કામગીરી કરનાર શ્રી કુમારપાળ દેસાઈએ સિત્તેર જેટલાં પુસ્તકોનું સર્જન કર્યું છે. એમનાં નવ પુસ્તકોને રાષ્ટ્રીય કે રાજ્યકક્ષાનાં પારિતોષિક મળ્યાં છે. ગુજરાત યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનના અધ્યાપક કુમારપાળ દેસાઈ 'ઈંટ અને ઇમારત', 'ઝાકળ બન્યું મોતી', 'પારિજાતનો પરિસંવાદ' અને 'આકાશની ઓળખ' જેવા લોકપ્રિય કૉલમોના લેખક છે. પચ્ચીસેક વાર વિદેશપ્રવાસ ખેડી સાહિત્ય, સંસ્કૃતિ અને ધર્મદર્શન વિશે પ્રવચનો આપ્યાં છે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનૉલોજીના કો-ઓર્ડિનેટર, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ટ્રસ્ટી તથા અન્ય સંસ્થાઓમાં કાર્યરત એવા કુમારપાળ દેસાઈને તાજેતરમાં માનવીય મૂલ્યો અને ભારતીય સંસ્કૃતિ માટે શ્રી દિવાળીબહેન મોહનલાલ મહેતા એવૉર્ડ એનાયત કરવામાં આવ્યો.



"નિશાન ચૂક માફ, નહીં માફ નીચું નિશાન"

hnmehta